# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 74 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ફાગણ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 March 2024, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૨૮ માર્ચ ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# અમદાવાદ શહેર - જિલ્લામાં ૧,૦૫,૫૬૯ મતદારો પ્રથમ વખત મતદાન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની સામાન્ય ચૂંટણી આગામી સમયમાં યોજાનાર છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સર્વગ્રાહી કામગીરી હાથ ધરાઈ છે. ચૂંટણી પ્રક્રિયામાં સૌથી મહત્ત્વનું પરિબળ એટલે મતદાર અને મતદાન. અમદાવાદ શહેર જિલ્લામાં મતદારોનું વૈવિધ્ય જોઈએ તો કુલ ૬૦,૩૯,૧૪૫ મતદારો પૈકી ૩૧,૩૩,૨૮૪ પુરુષ અને ૨૯,૦૫,૬૨૨ મહિલાઓ મતદારો છે, જ્યારે ૧,૦૫,૫૬૯ મતદારો એવા છે કે જેઓ પ્રથમ વખત મતદાન કરશે. ૧૮થી ૧૯ વર્ષની વય જૂથના આ મતદારોમાં મતદાનનો અનન્ય ઉત્સાહ છે.

અમદાવાદ શહેર અને જિલ્લાની કુલ ૨૧ વિધાનસભા બેઠક પૈકી અમદાવાદ પૂર્વમાં પાંચ વિધાનસભા બેઠકોનો, અમદાવાદ પશ્ચિમમાં સાત બેઠકોનો, ગાંધીનગર લોકસભા વિસ્તારમાં પાંચ બેઠકનો, સુરેન્દ્રનગર લોકસભા વિસ્તારમાં બે બેઠકનો અને ખેડા જિલ્લાની લોકસભા વિસ્તારમાં બે બેઠકનો સમાવેશ થાય છે. એ દૃષ્ટિએ અમદાવાદ શહેર અને જિલ્લાનો વિસ્તાર પાંચ લોકસભા બેઠકને સમાવે છે.

અમદાવાદ શહેર અને જિલ્લામાં પ્રથમ વખત મતદાન કરનારા ૧,૦૫,૫૬૯ મતદાર પૈકી ૬૪,૮૩૯ પુરુષ અને ૪૦,૭૨૭ મહિલાઓનો સમાવેશ થાય છે. જ્યારે વિરમગામ, સાણંદ અને વેજલપુર વિધાનસભા પૈકી પ્રત્યેકમાં એક એક એમ કુલ ૩ મતદાર થર્ડ જેન્ડર છે. દસક્રોઈ વિધાનસભા વિસ્તારમાં સૌથી વધુ ૮,૧૦૪ અને અસારવામાં સૌથી ઓછા ૨૮૪૨ મતદાર પ્રથમ વખત મતદાન કરનારા મતદારો છે.

દસક્રોઈ ઉપરાંત સાણંદ, ઘાટલોડિયા, વટવા અને ધોળકા વિધાનસભા વિસ્તારમાં સાત હજારથી વધુ મતદારો એવા છે કે જેઓ પ્રથમ વખત મતદાન કરશે. અન્ય વિધાનસભા વિસ્તારની વિગત જોઈએ તો વિરમગામ વિધાનસભા વિસ્તારમાં ૭,૫૫૧, સાણંદ વિધાનસભા વિસ્તારમાં ૭,૧૬૬, ઘાટલોડિયામાં ૭,૧૯૫, વેજલપુરમાં ૬,૬૯૫, વટવામાં ૭,૧૬૧, એલિસબ્રિજમાં ૩,૭૪૫, નારણપુરામાં ૩,૦૬૯, નિકોલમાં ૪,૦૬૪, નરોડામાં ૪,૨૮૬, ઠક્કર, બાપાનગરમાં ૩,૮૨૨, બાપુનગરમાં ૩,૪૩૫, અમરાઈવાડીમાં ૩,૯૦૭, દરિયાપુરમાં ૩,૬૫૧, જમાલપુર-ખાડિયામાં ૩,૪૦૯, મણિનગરમાં ૪,૧૮૬, દાણીલીમડામાં ૩,૮૩૭, સાબરમતીમાં ૪,૨૭૮, ધોળકામાં ૬,૧૫૮, અને ધંધુકા વિધાનસભા વિસ્તારમાં ૭,૦૦૮ યુવા મતદારો પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કરશે. અમદાવાદ જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણા ડી.કે.એ જણાવ્યું છે કે શહેર-જિલ્લામાં પ્રથમ વખત મતદાન કરનારા મતદારો તરફ પણ વિશેષ ધ્યાન અપાયું છે. ૧૮થી ૧૯ વર્ષની વયજૂથ ઉપરાંતના યુવા મતદારોમાં મતદાન એ 'ફરજ'નો ભાવ અને જુસ્સો ઊભો થાય, તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર કાર્યરત છે, એમ તેમણે ઉમેર્યું હતું. ■

# વડોદરાના પૂર્વ ક્રિકેટરે મંદિરના દાનમાં મળેલા બે કરોડ સગેવગે કરી દીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના પૂર્વ ક્રિકેટર ઋષિ અરોઠેના મકાનમાંથી રૂ. ૧.૩૯ કરોડની રોકડ મળવાના ચકચારી બનાવની તપાસમાં ચોંકાવાનારી હકીકતો ખૂલી છે. ઋષિએ કોટાના સ્વામિનારાયણ મંદિરના દાનના રૂ.૨ કરોડ રોકડા નાસિક મોકલવાનું કામ હાથમાં લઇ તમામ રકમ વગે કરી દીધી હતી.

વડોદરાના પ્રતાપગંજમાં જે-૧ ટાવર ખાતે રહેતા પૂર્વ ક્રિકેટર તુષાર અરોઠેને ત્યાં એસઓજીની ટીમે તાજેતરમાં દરોડો પાડી રોકડા ૧.૩૯ કરોડ કબજે કર્યા હતા.આ રકમ તુષારના પુત્ર ઋષિ અરોઠેએ નાસિકના એચએમ આંગડિયામાંથી મોકલી હોવાની વિગતો બહાર આવતાં પોલીસે ઇન્કમટેક્સ વિભાગને જાણ કરી હતી.

આ ઘટનાની તપાસ દરમિયાન કેટલીક ચોંકાવનારી વિગતો ખૂલી છે. જેમાં પૂર્વ ક્રિકેટર ઋષિ અરોઠેએ સાળંગપુરના કષ્ટભંજન દેવ મંદિરે નવેમ્બર-૨૦૨૩માં યોજાયેલા શતામૃત મહોત્સવ માટે રાજસ્થાનના કોટા સ્થિત વડતાલ સ્વામિનારાયણ મંદિરે આવેલી ૨ કરોડના દાનની રકમ કોટાથી નાસિક સ્વામિનારાયણ મંદિરમાં ટ્રાન્સફર કરવાનું કામ હાથમાં લઇ તમામ રકમ વગે કરી હોવાનું બહાર આવ્યું છે.

કોટાસ્થિત સ્વામિનારાયણ મંદિરમાં સાળંગપુર મહોત્સવ માટે એકત્રિત થયેલી દાનની રકમ કમિટીના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે એક મિત્રના માધ્યમથી ઋષિ અરોઠે મારફતે નાસિક મોકલવાનું કામ સોંપ્યું હતું. જેથી પોલીસ સીએ તેમ જ અન્ય લોકોની પૂછપરછ કરશે. ૨ કરોડના દાનની રકમમાંથી ઋષિ અરોઠેએ રૂ. ૧.૪૦ કરોડની રોકડ તેના ઘેર મોકલી હતી, જેમાંથી આંગડિયાના ખર્ચની રકમ કપાતાં ૧.૩૯ કરોડ તેના પિતા તુષાર અરોઠેના હાથમાં આવ્યા હતા. ■

# જામનગર લોકસભા બેઠકઃ ભાજપની સાત અને કૉંગ્રેસની પાંચ વખત જીત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં જામનગર લોકસભા બેઠક પર અત્યાર સુધી ભાજપનો દબદબો રહ્યો છે. ભાજપ આ બેઠક પર સાત વાર જીત મેળવી ચૂક્યું છે. જામનગર લોકસભા બેઠક પર છેલ્લી બે ચૂંટણીમાં હારનો સામનો કરનાર કૉંગ્રેસે આ વખતે પાટીદાર કાર્ડ ખેલ્યું છે. કૉંગ્રેસ તરફથી જે.પી. મારવિયાને ટિકિટ આપવામાં આવી છે. આ બેઠક પર છેલ્લી બે ટર્મથી ભાજપના ઉમેદવાર પૂનમ માંડમ જીત મેળવતા રહ્યા છે. આ વખતે પણ ભાજપે પૂનમ માંડમને રિપીટ કર્યા છે.

જામનગર લોકસભા બેઠક પર આહિર અને પાટીદાર અને ક્ષત્રિય સમાજનું પ્રભુત્વ રહ્યું છે. આ બેઠક પર મોટા ભાગે પાટીદાર, ક્ષત્રિય અને આહિર સમાજમાંથી આવતા ઉમેદવારની જીત થઇ હતી. જામનગર લોકસભા બેઠકમાં આહીર અને પાટીદાર મતદારો નિર્ણાયક માનવામાં આવે છે. આ લોકસભા બેઠકમાં જામનગર ગ્રામીણ, કાલાવાડ, જામજોધપુર, ખંભાળિયા, દ્વારકા, જામનગર દક્ષિણ વિધાનસભા બેઠકનો સમાવેશ થાય છે. છેલ્લા બે ટર્મથી આ બેઠક પર આહિર સમાજમાંથી આવતા પૂનમબેન માડમ સાંસદ બન્યાં છે. સતત બે ટર્મથી જામનગર બેઠક પર જીતતા આવતાં પૂનમ માંડમને ભાજપે ત્રીજી વખતે પણ ટિકિટ આપી છે. પૂનમબેન માંડમ વર્ષ ૨૦૧૪માં તેમના કાકા વિક્રમ માંડમને અને વર્ષ ૨૦૧૯માં મુળુ કંડોરિયાને હાર આપી દિલ્હી પહોંચ્યાં હતાં. જેને ટક્કર આપવા માટે કૉંગ્રેસે ૨૦૨૪ના ચૂંટણીમાં પાટીદાર સમાજમાંથી આવતા યુવા ઉમેદવારને ટિકિટ આપી છે. આ વખતે જામનગર જિલ્લા પંચાયતના વિપક્ષી નેતા જે.પી. મારવિયાની ભાજપનાં પૂનમ માંડમ સામે સીધી ટક્કર રહેશે. જામનગર બેઠક પર કુલ ૧૮૧૩૯૧૩ મતદાતાઓ છે, જેમાંથી ૯૨૯૮૯૬ પુરુષ તો ૮૮૩૯૮૧ મહિલા મતદારો છે, જ્યારે ૩૬ ટ્રાન્સ જેન્ડર મતદાતાઓ છે. આ લોકસભા બેઠકમાં કુલ ૧૮૭૯ મતદાન મથકો છે, જેમાંથી ૩૮૬ મતદાન મથકો સંવેદનશીલ છે. ■

# નીતિન પટેલને હવે સલાહ ગમતી નથીઃ સંમેલનમાં શીખામણખોરોની કરી ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના માજી નાયબ મુખ્ય પ્રધાન અને ભાજપના જૂના નેતા નીતિન પટેલે મહેસાણા બેઠક પરથી ટિકિટ માગ્યા બાદ ઉમેદવાર જાહેર થવાના આગળના દિવસે જ ટ્વિટ કરીને ઉમેદવારીની રેસમાંથી ખસી ગયા હોવાની જાહેરાત કરી હતી, જોકે ત્યારબાદ કડીના ભાજપના ધારાસભ્ય સામે પણ તેમનો વિવાદ લાંબો ચાલ્યો હતો, પરંતુ ભાજપમાંથી કોરાણે મૂકાયા બાદ મહેસાણા જિલ્લાની સહકારી સંસ્થાઓનો આશરો લેનારા નીતિન પટેલે મહેસાણામાં પાટીદારોના એક કાર્યક્રમમાં શિખામણ અને સલાહ આપનારાઓ પર નિશાન સાધતા કહ્યું હતું કે, સલાહ તો અમને બધાને બહુ આપે. જેને ઘરે પત્ની પાણીનો ગ્લાસ ન આપતી હોય એ નવરો પડે એટલે અમને પકડે અને સલાહ આપે.

ઉમિયા માતાજીના દિવ્ય રથનું મહેસાણામાં પરિભ્રમણ કાર્યક્રમ દરમિયાન પૂર્વ ઉપમુખ્ય પ્રધાન નીતિન પટેલે જણાવ્યું હતું કે, બધા બધુ કરે એ જરૂરી નથી. પણ જેના ભાગમાં જે કામ આવ્યું હોય તે તેણે નિષ્ઠાપૂર્વક કરવું જોઇએ. પ્રામાણિકતાથી કરવું જોઇએ. આપણે ઉંચામાં ઊંચું મંદિર બનાવવા માટે કામ કરી રહ્યાં છીએ. સલાહ તો અમને બધાને બહુ આપે. હું સરકારમાં મંત્રી હતો, ઉપમુખ્યમંત્રી હતો, વિરોધપક્ષમાં હતો, ધારાસભ્ય હતો. જે હતો એ વખતે જે આવે એ સલાહ આપે. સલાહ આપવાનો દરેકને અધિકાર છે. અમે કંઇ સર્વજ્ઞ નથી. અમને બધી જ ખબર છે, અમે બધાજ કામના અનુભવી છીએ. અમે બધા જ કામમાં નિષ્ણાત છીએ એવું નથી. પણ સલાહ આપનારની કેપેસિટી કોઇક મોટો પ્રોફેસર હોય અને મને કંઇક લખવામાં સલાહ આપે તો બરોબર છે.

વિષ્ણુભાઈ જેવા ડૉક્ટર હોય અને હું આરોગ્યમંત્રી હોવ અને કોઇ સલાહ આપે કે નીતિનભાઈ આરોગ્ય વિભાગમાં આવું કરવું જોઇએ તો એ યોગ્ય ગણાય. કોઇ મોટો ઉદ્યોગપતિ હોય અને એ સરકારે ઉદ્યોગનીતિ આવી કરવી જોઇએ. આ લોકોની સલાહ આવકાર્ય છે. પણ ઘરે બેસીને પત્નીને એમ કહે કે પાણીનો ગ્લાસ લાવને તો પત્ની એમ કહે કે છાનામાના ઊભા થઇને પી લો. મારે આ કામ ચાલે છે. એવા અમને સલાહ આપવા આવતા હતા. આવા લોકો નવરા પડે એટલે અમારા જેવાને પકડે. આ લોકો સાંજ પડ્યે ૫-૧૦ લોકોને સલાહ ન આપી હોય તો તેમને ઊંઘ ન આવે. ઘણા લોકોને આવી ટેવ હોય છે. ■

# સુરેન્દ્રનગર બેઠક પર ચૂંવાળીયા કોળી ઉમેદવાર સામે તળપદા કોળી સમાજનો મોરચો ખૂલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા કૉંગ્રેસ અને આપના ધારાસભ્યો સહિત કૉંગ્રેસી નેતાઓના ભરતી મેળા સામે જૂના ભાજપી કાર્યકરોની નારાજગીનો કાયડો માંડ ઉકેલાયો હતો ત્યાં વડોદરા અને સાબરકાંઠા બેઠકના બે ઉમેદવારોને બદલવાની નોબત આવી પડી હતી. ભાજપના પ્રદેશ પ્રમુખ પક્ષમાં આંતિરક કલહને શાંત પાડીને આવી પડેલી નવી મુસીબત સામે ઝઝૂમી રહ્યાં છે, જ્યારે બીજી બાજુ હવે સુરેન્દ્રનગર લોકસભા બેઠક પર હળવદના મૂળ કૉંગ્રેસી અને ચૂંવાળીયા કોળી સમાજના નેતા ચંદુભાઇ શિહોરાને ભાજપે ઉમેદવાર તરીકે જાહેર કરતાં આ બેઠક પર બહુમતી ધરાવતા તળપદા કોળી સમાજના માજી ધારાસભ્યો અને સાંસદે વિરોધનો મોરચો ખોલ્યો છે. ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે ભાજપ-કૉંગ્રેસ સહિતના પક્ષોએ પોતાના ઉમેદવારના નામ પણ જાહેર કરી દીધાં છે. ગુજરાતમાં પણ ભાજપ-કૉંગ્રેસે પોતાના ઉમેદવારો જાહેર કર્યા છે. જોકે, કેટલીક બેઠકો પર ટિકિટને લઈ વિરોધ પણ થઈ રહ્યો છે. વડોદરા, વલસાડ, પોરબંદર, બનાસકાંઠા અને સાબરકાંઠા બેઠકના ઉમેદવારો સામે સુરેન્દ્રનગર લોકસભાની બેઠક પર ભાજપના ઉમેદવાર ચંદુ શિહોરા સામે વિરોધનો વંટોળ વકર્યો છે. સુરેન્દ્રનગર લોકસભા બેઠક સૌથી વધુ મતદારો તળપદા કોળી સમાજના છે, તેમ જ આ બેઠક પર વર્ષોથી તળપદા કોળી સમાજના ભાજપના ઉમેદવારો જીતતા રહ્યાં છે, પરંતુ ભાજપે આ વખતે તલપદા કોળી સમાજને પડતો મૂકીને ચૂંવાળીયા કોળી સમાજના નેતાને ઉમેદવાર બનાવતા તળપદા કોળી સમાજના અગ્રણી અને માજી સાંસદ સોમા ગાંડા પટેલ સહિતની અગ્રણીઓએ એક મહાસંમેલન બોલાવીને મોરચો ખોલ્યો છે. આ સંમેલનમાં એવી માગણી કરવામાં આવી હતી કે, આ બેઠકના ઉમેદવારને ભાજપ તત્કાળ બદલીને તળપદા કોળી સમાજના નેતાને ઉમેદવાર બનાવે જો એમ નહીં કરે તો તળપદા સમાજ એક સંપ થઇને ભાજપના વર્તમાન ઉમેદવાર સામે ઉમેદવાર મેદાનમાં ઉતારશે. આ સંમેલનમાં તળપદા કોળી સમાજના પૂર્વ ધારાસભ્યોએ સંમેલનમાં હાજરી આપી હતી અને ભાજપ પક્ષ તળપદા કોળી સમાજના ઉમેદવારને ટિકિટ આપે તેવી માગ કરી હતી. ■

# અમદાવાદ એરપોર્ટ પર યાત્રિકોની ૧૪ ટકાની વૃદ્ધિ

અમદાવાદઃ શહેરના એરપોર્ટ પર યાત્રિકોની ૧૪ ટકાની વૃદ્ધિ થઇ છે. જેમાં ગત વર્ષની સરખામણીએ યાત્રિકોમાં ૧૪ ટકાનો વધારો થયો છે. સૌથી વધુ મુસાફરોને સેવા પૂરી પાડવાનો એરપોર્ટનો રેકોર્ડ છે. વર્ષ ૨૩-૨૪માં સવા કરોડથી વધુ મુસાફરોનું આવાગમન થયું છે. ઉત્તમ સુવિધાઓના કારણે હવાઈ ટ્રાફિકમાં વધારો થયો છે, તેમ જ ૨૦૨૩-૨૪માં ૮૮,૩૦૫ ફ્લાઇટ્સનું આવાગમન થયું છે. ત્યારે અમદાવાદ એસવીપીઆઈ એરપોર્ટે સૌથી વધુ મુસાફરોને સેવા પૂરી પાડવાનો રેકોર્ડ સર્જ્યો છે. જેમાં ઉત્તમ સુવિધાઓને કારણે અમદાવાદ એરપોર્ટ પર હવાઈ ટ્રાફિકમાં વધારો નોંધાયો છે. ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૩-૨૪)માં ગયા વર્ષની સરખામણીએ મુસાફરોની સંખ્યામાં ૧૪ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે તથા ૨૦૨૩-૨૪માં ૧,૧૫,૮૭,૮૯૯ મુસાફરોને સેવા પૂરી પાડવાનો વિક્રમ એસવીપીઆઈ એરપોર્ટે સર્જ્યો છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની સરખામણીએ એરપોર્ટ પર ફ્લાઈટસની વૃદ્ધિ નોંધાઈ છે. ૨૦૨૩-૨૪માં અમદાવાદ એરપોર્ટ પર ૮૮,૩૦૫ ફ્લાઇટ્સનું આવાગમન નોંધાયું છે. વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ, જી-૨૦, યુ-૨૦ અને વર્લ્ડ કપ મેચ જેવી મુખ્ય ઘટનાઓને કારણે એરપોર્ટ પર મુસાફરોની સંખ્યા વધી છે. ■

# ચૂંટણી પહેલાં કરોડોનો દારૂ પકડાયોઃ મતદાનના દિવસે ડ્રાય ડે જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની પાંચ બેઠક પર પેટાચૂંટણીની આચારસંહિતાને પગલે ફ્લાઇંગ સ્કવૉડ દ્વારા અત્યાર સુધીમાં રૂ. ૧.૧૬ કરોડ રોકડ, રૂ. ૭.૩૭ કરોડની કિંમતનો ૧.૯૪ લાખ લિટર કરતાં વધુ દારૂ, રૂ. ૧૧.૪૪ કરોડની કિંમતનું ૧૮.૪૮ કિલો સોનું અને ચાંદી, રૂ.૧૪ લાખની કિંમતનું ૫૨.૨૬ કિલો ચરસ અને ગાંજો તથા મોટરકાર, મોટર સાઈકલ, સિગારેટ, લાઈટર અને અખાદ્ય ગોળ સહિતની રૂ.૨૨.૫૦ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂ.૪૨.૬૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની પાંચ બેઠક પર પેટાચૂંટણી યોજવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા તમામ તૈયારીઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. ૧૬ માર્ચથી અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાં નિયમાનુસારની કાર્યવાહી કરીને સરકારી મિલકતો પરથી કુલ ૧,૬૦,૭૧૮ તથા ખાનગી મિલકતો પરથી કુલ ૫૮,૬૯૭ રાજકીય પ્રચાર અર્થેના પોસ્ટર-બેનરો તથા પ્રચાર-પ્રસાર સંબંધી જાહેરાતો દૂર કરવામાં આવી છે. રાજ્યના સમગ્ર વિસ્તારમાં મતદાનનો સમય પૂરો થવાના કલાકની સાથે પૂરા થતા ૪૮ કલાકનો સમય અને મતગણતરીનો દિવસ એટલે કે તા.૦૪/૦૬/૨૦૨૪ના દિવસે ડ્રાય ડે જાહેર કરવા ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ તથા નશાબંધી અને આબકારી નિયામકને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે નક્કી કરવામાં આવેલી ખર્ચ મર્યાદા જળવાઈ રહે અને પ્રતિબંધિત વસ્તુઓની હેરફેર અટકે તે માટે ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં કાર્યરત ૭૫૬ ફ્લાઈંગ સ્કવોડ્સ દ્વારા ઠેર ઠેર ચકાસણી કરવામાં આવી રહી છે. રાજ્યમાં આચાર-સંહિતા ભંગ તેમજ ચૂંટણી ખર્ચ પર દેખરેખ માટે કંટ્રોલરૂમ શરૂ કરી દેવાયા છે. મતદારોને એપિક કાર્ડ સમયસર મળી જાય તે માટે જરૂરી સુચનાઓ આપી દેવામાં આવી છે. તેમજ કોઈપણ મતદારને મત આપવા માટે સમસ્યા ન સર્જાય તે માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશો આપી દેવામાં આવ્યા છે. મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ ઉમેર્યું હતું કે, એપિક કાર્ડ ન હોય તો પણ ચૂંટણી પંચ દ્વારા માન્ય કરાયેલા અન્ય ૧૨ દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજને આધારે મતદાન કરી શકાશે. પરંતુ, આ માટે મતદાર યાદીમાં નામ હોવું અનિવાર્ય છે. ■

# દરિયામાં બેટ દ્વારકાની બોટને પાકિસ્તાની કોસ્ટગાર્ડે ટક્કર મારતા એક ખલાસીનું મોતઃ પાંચનું અપહરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના દરિયામાં માછીમારી કરવા ગયેલી બેટ દ્વારકાની અલ હુસૈની નામની બોટને થોડા દિવસ પહેલા દરિયામાં પાકિસ્તાની કોસ્ટગાર્ડ દ્વારા ટક્કર મારવામાં આવતા બોટ દરિયામાં ડૂબી જતા એક ખલાસીનું મોત નીપજ્યું છે, જ્યારે એક ખલાસીની શોધખોળ કરવામાં આવી રહી છે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે, પાંચ માછીમારોને પાકિસ્તાની ચાંચિયા ઊઠાવી ગયા હોવાનું સામે આવ્યું છે.

અલ-હુસૈની નામની બોટ માછીમારી માટે ઓખાથી દરિયામાં ગઇ હતી. એ દરમિયાન પાકિસ્તાની કોસ્ટગાર્ડ દ્વારા ટક્કર મારવામાં આવતા ભારતીય બોટ દરિયામાં ડૂબી ગઇ હતી. બોટમાં સવાર બે ખલાસી દરિયામાં ગરકાવ થયા હતા, જ્યારે પાંચ માછીમારોનું પાકિસ્તાની કોસ્ટગાર્ડ દ્વારા અપહરણ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે.

આ બનાવમાં દરિયામાં ડૂબી ગયેલા બે ખલાસીઓમાંથી એક ખલાસીનો મૃતદેહ મળી આવ્યો છે. હાલ મૃતદેહને દ્વારકા ખાતે લાવવામાં આવ્યો છે. ત્યાંથી જામનગર ખાતે ખસેડવામાં આવશે અને ત્યાં પેનલ પીએમ કરવામાં આવશે, જ્યારે અન્ય એક ડૂબેલા ખલાસીની હાલ શોધખોળ ચાલુ હોવાનું જાણવા મળ્યું છે. ■

# એસ.પી. સંજીવ ભટ્ટ દોષી જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના તત્કાલીન એસ.પી. અને પૂર્વ આઇપીએસ અધિકારી સંજીવ ભટ્ટને એનડીપીએસ કેસમાં પાલનપુર કોર્ટમાં દોષિત જાહેર કરવામાં આવ્યા છે. હાલમાં સંજીવ ભટ્ટ પાલનપુર જેલમાં બંધ છે. જ્યારે બનાસકાંઠાના પાલનપુરમાં સંજીવ ભટ્ટ સામે ૨૫ વર્ષ જૂના કેસમાં ચુકાદો આપવામાં આવ્યો છે.

સંજીવ ભટ્ટે ૧૯૯૬માં પાલનપુરની હોટેલમાં રાજસ્થાનના વકીલની રૂમમાં ખોટી રીતે ડ્રગ્સ પ્લાન્ટ કર્યા હતા. જેના સાથે જ દુકાન ખાલી કરવા ધમકી આપી વકીલને ફસાવવાનો આરોપ લાગ્યો હતો.

આ કેસમાં ૫ સપ્ટેમ્બર ૨૦૧૮માં સંજીવ ભટ્ટની ધરપકડ થઈ હતી. જેના મામલે આખરે સેશન્સ કોર્ટે પૂર્વ આઇપીએસને દોષિત જાહેર કર્યા છે.

નોંધનીય છેકે, ૩૦ એપ્રિલ, ૧૯૯૬માં એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં પાલનપુરની લાજવંતી હોટેલમાં સુમેરસિંહ રાજપુરોહિત અફીણનો જથ્થો લઈ આવનાર છે તેવી બાતમીના પગલે પોલીસે રેડ કરી એક કિલો ૧૫ ગ્રામ અફીણ કબજે કર્યું હતું. જે પછી છેક ૨૦૧૮માં સંજીવ ભટ્ટની સીઆઇડી ક્રાઈમે ધરપકડ કરી હતી. પાલનપુરની એક હોટલના રૂમમાં અફીણનો જથ્થો મુકાવી રાજસ્થાન પાલીના એક વકીલને ખોટા કેસમાં ફસાવી દેવાના કેસમાં ધરપકડ કરી હતી. ઉપરાંત સીઆઇડી ક્રાઈમે પાલનપુરના તત્કાલીન પીઆઈ વ્યાસની પણ ધરપકડ કરી હતી.

સંજીવ ભટ્ટને ૨૦૧૧માં રાજ્ય સરકાર દ્વારા ફરજ પર ગેરહાજર અને સરકારી વાહનોની મંજૂરી લીધા વિના દૂરઉપયોગ બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ ૨૦૧૫માં કેન્દ્રીય ગૃહમંત્રાલયે તેમને સર્વિસ પરથી ફરજમુક્ત કરવાની ભલામણ કરી હતી જેને માન્ય રાખવામાં આવી હતી. ■

# અમદાવાદમાં સ્વાઈન ફ્લૂના પાંચ કેસ નોંધાયાઃ કોરોના કેસમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં સ્વાઈન ફ્લૂ સહિત કોરોના કેસમાં વધારો થયો છે. સિવિલ હાસ્પિટલમાં સ્વાઇન ફ્લૂના પાંચ કેસ નોંધાયા છે. તેમાં ૪ દર્દીઓ ૪૮થી ૬૩ વર્ષની ઉંમરના છે. તેમ જ એક દર્દીને રજા અપાઈ છે અને એક દર્દી વેન્ટિલેટર પર છે તથા કોવિડના પણ બે દર્દી સિવિલમાં દાખલ છે અને બંને દર્દીને ઓક્સિજન પર રખાયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યમાં સ્વાઇન ફ્લૂના પાંચ કેસમાં એક દર્દી સ્ટેબલ થતા રજા આપવામાં આવી છે. હાલ સિવિલ હૉસ્પિટલમાં ૪ દર્દી દાખલ છે. આ ૪ દર્દીઓ ૪૮ વર્ષથી ૬૩ વર્ષ સુધીના છે તથા ૩ દર્દી એવા છે જેને સિવિયર કો-મોરબિલિટીઝ છે તેમ જ ૩ દર્દી ગુજરાતના અને એક દર્દી મધ્ય પ્રદેશનું છે. ૪ દર્દીમાં ૧ દર્દી બાયપેપ પર અને ૧ દર્દી વેન્ટિલેટર પર છે. અન્ય ૨ દર્દી સામાન્ય ઓક્સિજન પર રખાયા છે. હાલ કોવિડના પણ ૨ દર્દી અસારવા સિવિલમાં દાખલ છે. ૧ દર્દી ૪૦ વર્ષના પુરુષ છે અને બીજો દર્દી ૭૫ વર્ષના મહિલા છે. બંને દર્દીને સામાન્ય ઓક્સિજન પર રખાયા છે. લાંબા સમય બાદ કોરોના દર્દીઓ ઑક્સિજનના સહારે આવ્યા છે. ■

# અમદાવાદમાં હવે પાલતું શ્વાન રાખવા માટે પણ લાઈસન્સ લેવું પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદમાં શ્વાન કરડવાના વધી રહેલા કિસ્સાઓને ધ્યાનમાં રાખીને હડકવા મુક્ત યોજના અમલમાં મૂકવામાં આવી છે જેમાં શ્વાન પાળવા માટે હવે લોકોને મનપાનું લાયસન્સ તેવું પડશે.

કૂતરા પાળવા માટે રૂપિયા ૫૦૦થી ૧ હજાર સુધીનું લાઈસન્સ લેવું પડશે, તેમ જ ગાયની જેમ કૂતરાને પણ ચિપ લગાવાશે તથા આગામી દિવસમાં આ નિયમ મનપા દ્વારા લાગુ કરાશે. મનપાનો મોનિટરિંગ કમિટીની રચના કરવાનો પ્લાન છે. જેમાં મનપાએ લીધેલા નિર્ણયનું પાલન કમિટીના સભ્યો કરાવશે. શેરીમાં ભટકતા કૂતરાંઓના ત્રાસની વ્યાપક સમસ્યાને મુદ્દે ફરિયાદો ઊઠી છે. આખરે મનપાએ રખડતાં કૂતરાંઓને અંકુશમાં રાખવા માટે પ્રયાસો હાથ ધર્યા છે. બી.પી.એમ.સી. એક્ટ- બોમ્બે પ્રોવિન્સનલ મ્યુનિસપિલ કોર્પોરેશન્સ એક્ટ ૧૯૪૯ની જોગવાઈ મુજબ પાલતું કૂતરાં રાખવા માટે પણ લાઇસન્સ લેવું ફરજિયાત છે અને જો કોઈએ લાયસન્સ ન લીધું હોય તો કૂતરાના માલિક સામે ૧૯૧-બી(૩-બી) એક્ટ હેઠળ પગલાં લઈ શકાય છે.

કૂતરાને સુધરાઈના કબજામાં લઈ લેવાની નોટિસ આપવામાં આવે છે. આ સિવાય કોઈ પગલાં લેવાની કડક જોગવાઈ નથી, જ્યારે આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯માં થયેલા એમેડમેન્ટ રૂલ્સની કલમ ૩૭૬ મુજબ કાયદાનો ભંગ કરનારી વ્યક્તિને રૂ. બે હજારથી માંડીને ૭ હજારનો દંડ થઈ શકે છે. તે જ રીતે બી.પી.એમ.સી. એક્ટની કલમ ૨૨ મુજબ લાઇસન્સ ઓથોરિટી મ્યુનિ. કોર્પોરેશન છે. તેના લાઇસન્સ બ્રાન્ચના ઇન્સ્પેક્ટર ઘરની રૂબરૂ મુલાકાત લઈને તે ઘર કૂતરાં માટે યોગ્ય છે કે નહીં તેની ચકાસણી કરે છે. આ સાથે જ કૂતરાની હિસ્ટ્રી ઉપરાંત તેની સામાન્ય વર્તણૂંક પણ જોવામાં આવે છે, તેમજ ઘરના માલિક પાસે તેમની મિલકતની ટેક્સ ભર્યાની રિસિપ્ટ ઉપરાંત રેસિડેન્ટ પ્રૂફની ખરાઈ કરવામાં આવે છે. તમામ પ્રકારની ચકાસણી બાદ લાઇસન્સ ઇશ્યુ કરવાની જોગવાઈ છે. ■

# જાફરાબાદમાં બચાવ કામગીરી દરમિયાન ઘાયલ થયેલી સિંહણનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજથી ત્રણ દિવસ પહેલા જાફરાબાદના લુણસાપુર ગામ નજીક ખાનગી કંપનીના સિક્યોરિટી ગાર્ડ ઉપર રાતે સિંહણે હુમલો કર્યો હતો. જે બાદ સવારે ફરી સિંહણ મિતિયાળા નજીક સીમ વિસ્તારમાં આક્રમક બની ગઈ હતી. જેથી વનવિભાગની ટીમે સિંહણને પકડવા માટે ખાસ ઓપરેશન શરૂ કર્યું હતું. જે દરમિયાન સિંહે બે ટ્રેકર્સ પર હુમલો કર્યો હતો, તેમ જ ગાડીના કાચ તોડી ડ્રાઈવરને બચકાં ભર્યાં હતાં. ૨૪ કલાકમાં ૪ લોકો પર હુમલો કરનાર સિંહણનું દિલધડક રેસ્ક્યૂ ઓપરેશન વનવિભાગની ટીમે કર્યું હતું. જે બાદ સિંહણને સારવાર માટે ખસેડવામાં આવી હતી. જોકે, આક્રમણ બનેલી સિંહણનું સારવાર દરમિયાન આજે મોત થયું છે. સિંહણે પ્રથમ લુણસાપુર ગામ નજીક આવેલી ખાનગી કંપનીના સિક્યુરિટી ગાર્ડ ઉપર હુમલો કર્યા બાદ બીજા જ દિવસે વનવિભાગના ટ્રેકર્સ અને ડ્રાઈવર ઉપર હુમલાઓ કર્યા હતા. પ્રથમ બે ટ્રેકર્સ ઉપર સિંહણ આક્રમક બની હુમલો કર્યો હતો. ત્યારબાદ સિંહણને પકડવા માટે પ્રથમ એસીએફ સહિત અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતા હતા ત્યારે સિંહણે આક્રમણ બનીને વનવિભાગની ગાડીના ડ્રાઈવર ઉપર હુમલો કરવા ગાડી અંદર કાચ ફોડી ઘુસી ગઈ હતી. જે બાદ વનવિભાગ દ્વારા સિંહણને બેભાન કરી તેને પકડી પાંજરે પૂરી એનિમલ કેર સેન્ટરમાં ખસેડાયા બાદ વેટનરી ડોક્ટરો મારફતે બ્લડ સેમ્પલ લેવાયા છે. તે સેમ્પલ લેબમાં મોકલવામાં આવ્યા છે તેના રિપોર્ટ બાદ સિંહણ કેમ હિંસક બની તેનું સાચું કારણ બહાર આવશે.

સિંહણની એનિમલ કેર સેન્ટરમાં સારવાર ચાલતી હતી. આ વચ્ચે સારવાર દરમિયાન આ સિંહણનું મોત થયું છે. વનવિભાગના ઈન્ચાર્જ એસીએફ જી.એલ.વાઘેલાએ જણાવ્યું કે, સિંહણ સારવારમાં હતી, તે દરમિયાન તેનું મોત થયું છે. અગાઉ તેના સેમ્પલ લઈ લીધા છે અને તેમને લેબમાં મોકલી આપવામાં આવ્યા છે. ■

દૈનિક મુંબઈ સમાચાર ★ R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 74 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ફાગણ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 March 2024, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૨૮ માર્ચ ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

celltone®
GAS LIGHTERS I KITCHENWARE HOUSEWARE

CORPORATE SALES ENQUIRY :+918879155057
E:- sales@celltone21.com

# મહારાષ્ટ્રમાં વિપક્ષોની યુતિમાં ભંગાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિપક્ષોની યુતિમાં ભંગાણ પડ્યું છે અને 'એક સાંધે ને તેર તૂટે' જેવી સ્થિતિ ઊભી થઈ છે. લોકસભાની ચૂંટણી માટે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી કે તુરત જ અસંતોષ વધ્યો હતો. કૉંગ્રેસે ઉદ્ધવ ઠાકરેને આ યાદી અંગે ફેરવિચારણા કરવાની સલાહ આપી હતી. પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન આઘાડીએ નારાજગી દાખવીને પોતાના પક્ષના નવ ઉમેદવારની યાદી જાહેર કરી દીધી છે. કૉંગ્રેસના નેતા સંજય નિરુપમે વાયવ્ય મુંબઈના ઉમેદવાર અમોલ કીર્તિકરની ઉમેદવારી સામે પોતાનો વિરોધ નોંધાવ્યો છે.

મહાવિકાસ આઘાડીમાં મોટા ભાઈ હોવાનું દર્શાવવા માટે શિવસેના દ્વારા બુધવારે મુંબઈના ત્રણ અને થાણેની એક સહિત ૧૬ નામની પહેલી યાદી જાહેર કરી નાખી છે. જોકે, મુંબઈની બે બેઠકો અને સાંગલીની બેઠકને મુદ્દે હવે વિવાદ થવાની શક્યતા જોવાઈ રહી છે. બીજી તરફ મહાવિકાસ આઘાડીમાં પ્રકાશ આંબેડકરની આઘાડીને સ્થાન મળશે કે નહીં તેની લાંબા સમયથી ચાલી રહેલી અટકળો પર પૂર્ણવિરામ મૂકતાં પ્રકાશ આંબેડકરે પોતે નવ ઉમેદવારની યાદી એકપક્ષી રીતે જાહેર કરી દેતાં મહાવિકાસ આઘાડીમાં

(જુઓ પાનું ૨) ▶▶

## કોને ક્યાંથી ઉમેદવારી?

અગાઉ જાહેર કર્યા અનુસાર દક્ષિણ મુંબઈની બેઠક વર્તમાન સાંસદ અરવિંદ સાવંતને ફરી આપવામાં આવી છે. આ બેઠક મામલે અગાઉ કૉંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ મિલિન્દ દેવરાએ દાવો કર્યો હતો અને આ શિવસેનાને મળવાની હોવાથી તેમણે એકનાથ શિંદેની શિવસેનામાં પ્રવેશ મેળવી રાજ્યસભાની બેઠક મેળવી લીધી હતી. હવે અહીં અરવિંદ સાવંત સામે ટક્કર લેવા મહાયુતિ કયા ઉમેદવારને પસંદ કરે છે તે જોવાનું રહ્યું. દક્ષિણ મુંબઈથી વરલી સુધીનો વ્યાપ ધરાવતી આ બેઠકમાં ગુજરાતી-મારવાડીની સાથે જ મરાઠી અને મુસ્લિમ મતદારો પણ નોંધપાત્ર સંખ્યામાં છે.

બીજી મુંબઈની જે બેઠક પર ઉમેદવાર જાહેર કરવામાં આવ્યો છે તે ઈશાન મુંબઈ. અહીંથી શિવસેનાએ સંજય દિના પાટીલને ટિકિટ આપી છે. સંજય દિના પાટીલ આ બેઠક પરથી એનસીપીના સાંસદ રહી ચૂક્યા છે. ત્યારબાદ તેમણે

(જુઓ પાનું ૨) ▶▶

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

બૅન્ક ગેરંટી દ્વારા છેતરપિંડી ૫

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 61,740/-
PER 10 GRAMS OF
22KT BIS HALLMARKED
JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## કૉંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેથી નારાજ શરદ પવાર

મુંબઈઃ શરદ પવાર કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની પાર્ટીના વર્તનથી નારાજ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર પાર્ટીના નેતાઓની બેઠકમાં શરદ પવારે કહ્યું કે મહાવિકાસ અઘાડીના સહયોગીઓ ગઠબંધન ધર્મનું પાલન નથી કરી રહ્યા. શિવસેના અને કોંગ્રેસ દ્વારા અલગ-અલગ સીટો પર ઉમેદવારો જાહેર કરવાથી પવાર નારાજ છે.

શિવસેનાએ બુધવારે (૨૭ માર્ચ) મહારાષ્ટ્રની ૧૭ સીટો માટે ઉમેદવારોની જાહેરાત કરી હતી. શિવસેના (યુબીટી)એ કહ્યું હતું કે તે મહારાષ્ટ્રમાં ૨૨ બેઠકો પર ચૂંટણી લડશે. તો કોંગ્રેસે પણ કેટલીક બેઠકો પર ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. શરદ પવારની પાર્ટીએ હજુ સુધી ઉમેદવારોની કોઈ જાહેરાત કરી નથી.

મહારાષ્ટ્રમાં સત્તાની વહેંચણીના કરારને લઈને અવિભાજિત શિવસેના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)થી અલગ થયા બાદ સાવંતે કેન્દ્રીય પ્રધાન પદ પરથી રાજીનામું આપી દીધું હતું. રાજન વિચારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના ગૃહ મતવિસ્તાર થાણેનું પ્રતિનિધિત્વ કરે છે. શિંદેના બળવાના કારણે ૧૯૬૬માં બાળ ઠાકરે દ્વારા સ્થાપિત શિવસેનામાં ભાગલા પડ્યા હતા.

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના રાજ્યમાં મહા વિકાસ અઘાડી (એમવીએ)નો ઘટક છે. કોંગ્રેસે માત્ર કેટલીક

(જુઓ પાનું ૨) ▶▶

f KokilabenHospital KDAHMumbai
www.kokilabenhospital.com
Kokilaben Dhirubhai Ambani
hospital & medical research institute
Every Life Matters

દર વર્ષે 10,000 થી વધુ બાળકો
થેલેસેમિયા સાથે જન્મ લે છે,
એક વારસાગત વિકાર જે ગંભીર એનેમિયાનું કારણ બને છે.

થેલેસેમિયાથી
મુક્તી મેળવવાનો
બોન મેરો ટ્રાન્સપ્લાંટ
એક માત્ર ઈલાજ છે

અમારો સામાજિક ઉપક્રમ
એક સમર્પિત થેલેસેમિયા ક્લિનિક.
10 બેડ ધરાવતું બોન મેરો ટ્રાન્સપ્લાંટ સેન્ટર,
અત્યંત સ્પેશ્યલાઈઝ્ડ ફુલ ટાઈમ ડૉક્ટરો, નર્સીસ,
OT અને અત્યાધુનિક સુવિધાઓ સાથે.
બાળકોને તેમનું બાળપણ
અને જીવન પાછું આપીએ

300
બોન મેરો
ટ્રાન્સપ્લાંટ્સ
સફળતા પૂર્વક પૂર્ણ કરેલ છે

અમારાં પરિણામો
શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ધોરણોને
સમકક્ષ (બેંચમાર્ક્ડ) છે.
નવીન એક દિવસ, નવી એક શરૂઆત.
Four Bungalows, Andheri (W), Mumbai 400 053
EMERGENCY +91 22 4269 9999
APPOINTMENTS +91 22 4269 6969
THE ONLY HOSPITAL IN MUMBAI HAVING FULL-TIME DOCTORS
AND ACCREDITED WITH JCI USA CAP USA NABL India NABH India

## સૌરાષ્ટ્ર-કચ્છમાં યલો એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ઉતરતા માર્ચ મહિને ઉનાળાએ તેનું અસલી રૂપ બતાવ્યું છે. છેલ્લા બે દિવસથી મોટા ભાગના જિલ્લાઓમાં મહત્તમ તાપમાનનો પારો ૩૫ થી ૪૦ વચ્ચે પહોંચ્યો છે, જ્યારે કેટલાક નગરોમાં ૪૧ ડિગ્રીની ઉપર પણ તાપમાન નોંધાયું છે. બીજી તરફ હવામાન વિભાગે આગામી ૫ દિવસ ગરમીના પ્રકોપની આગાહી કરી છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં હવામાન વિભાગનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. દરિયાઈ વિસ્તારોમાં ઉકળાટ અનુભવાશે તથા અમદાવાદ, ગાંધીનગરમાં તાપમાન ૪૦ ડિગ્રી રહેશે. રાજ્યમાં ગરમીનું હવે ધીમે ધીમે જોર વધશે. તથા રાજ્યના હવામાન વિભાગની આગાહી છે કે આગામી પાંચ દિવસ ગરમીનું જોર રહેશે. રાજયમાં આકરી

(જુઓ પાનું ૨) ▶▶

## ભુજમાં અંગ દઝાડતો તાપઃ ૪૨.૪ ડિગ્રી સાથે ગુજરાતનું ગરમ મથક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ માર્ચ મહિનાની શરૂઆતથી જ કાળઝાળ ગરમી વરસવાનું શરૂ થઇ ગયું છે અને આજે ભુજમાં મહત્તમ તાપમાનનો આંક ૪૨ ડિગ્રીને પાર પહોંચી જતાં આ કિલ્લેબંધ શહેર જાણે અગનભઠ્ઠામાં પરિવર્તિત થઇ ગયું છે. સવારના દસ વાગ્યા બાદ સૂર્યનારાયણે પોતાનો પ્રકોપ વર્તાવવો શરૂ કર્યો હતો અને બપોર સુધીમાં તાપમાન ૪૨-૪૩ ડિગ્રી સુધી પહોંચી જતાં જનજીવન જાણે મૂર્છિત બની ગયું હતું. અધૂરામાં પૂરું ભેજનું પ્રમાણ નહિવત્ થઇ જતાં હોલિકા દહન વખતે નીકળતી ગરમ ઝાળ જેવા ઉના વાયરાઓએ ભુજ શહેરને રીતસરનું બાનમાં લીધું હતું અને મુખ્ય માર્ગો બપોરના સમયે મજબૂરીમાં નિશાળે જતાં ભૂલકાઓની અવરજવર સિવાય સૂના ભાસતા હતા. ભુજ ઉપરાંત જિલ્લાના અંતરિયાળ વિસ્તારો અને

(જુઓ પાનું ૨) ▶▶

## અમદાવાદમાં ડેરી-હોટેલ જૂથ પર ઈન્કમટૅક્સના દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની ચૂંટણીના ધમધમાટ વચ્ચે પણ બુધવારે અમદાવાદમાં ઇન્કમટૅક્સ વિભાગે દરોડા ઓપરેશન હાથ ધરતા વેપાર-ઉદ્યોગકારોમાં ખળભળાટ સર્જાયો છે. ડેરી-હોટલ વ્યવસાય સાથે સંકળાયેલા જૂથ પર તવાઇ બોલાવાઇ છે. કરોડો રૂપિયાની કરચોરી ખૂલવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સૂત્રોએ જણાવ્યા અનુસાર અમદાવાદના આશ્રમ રોડ સહિતના વિસ્તારોમાં વ્યવસાયિક પ્રતિષ્ઠાનો ધરાવતા ગોપાલ ડેરી તથા રિવરવ્યૂ હોટલ ગ્રૂપ પર સવારથી દરોડા ઓપરેશન હાથ ધરાયું હતું. સંચાલકો નિશીત દેસાઇ-ગૌરાંગ દેસાઇ તથા અન્ય ભાગીદારોના નિવાસસ્થાન-ઓફિસ સહિત અંદાજિત ૧૫ સ્થળોએ અધિકારીઓના કાફલો ત્રાટક્યો હતો. ૭૫થી વધુ અધિકારીઓનો કાફલો તપાસમાં જોડાયો હતો. મોટી માત્રામાં બિનહિસાબી વ્યવહારો દર્શાવતા દસ્તાવેજો મળી આવતા કરોડો રૂપિયાની કરચોરી ખૂલવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.

દેશમાં લોકસભાની ચૂંટણી જાહેર થઇ છે તેવા સમયે આવકવેરા વિભાગે ઓપરેશન હાથ ધરતા વેપાર-ઉદ્યોગકારો સ્તબ્ધ બન્યા હતા અને આ ગ્રૂપ સાથે કનેકશન ધરાવનારાઓમાં દોડધામ થઇ પડી હતી. ચૂંટણી ઉપરાંત નાણાકીય વર્ષની સમાપ્તિને આડે માત્ર ચાર દિવસ બાકી છે તેવા સમયે ઇન્કમટૅક્સ ત્રાટકવાનું સૂચક

(જુઓ પાનું ૨) ▶▶

## સરકાર બજારમાંથી ૭.૫ લાખ કરોડ રૂપિયા ઉછીના લેશે

નવી દિલ્હીઃ આર્થિક વિકાસને વેગ આપવા અને આવકની ખાઈ પૂરવા કેન્દ્ર સરકાર એપ્રિલથી સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન બજારમાંથી સાડાસાત લાખ કરોડ રૂપિયા ઉછીના લેવાની યોજના બનાવી રહી છે, એમ નાણાં ખાતાએ બુધવારે કહ્યું હતું.

વર્ષ ૨૦૨૪-૨૫ માટે સરકાર બજારમાંથી અંદાજે રૂ. ૧૪.૧૩ લાખ કરોડ ઉછીના લેવાની યોજના બનાવી રહી છે જેમાંથી સાડાસાત લાખ કરોડ રૂપિયા એટલે કે અંદાજે ૫૩ ટકા રકમ પ્રથમ છમાસિક દરમિયાન ઉછીના લેવા માગતી હોવાનું સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આવનારાં નાણાકીય વર્ષમાં આવકની ઘટને પુરી કરવા ડૅટેડ સિક્યોરિટિસ મારફતે રૂ. ૧૪.૧૩ લાખ કરોડ ઉછીના લેવાનો નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે

(જુઓ પાનું ૨) ▶▶

## છત્તીસગઢમાં છ નક્સલવાદીઓ ઠાર

બીજાપુરઃ છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં બુધવારે સુરક્ષા જવાનો સાથેની અથડામણમાં બે મહિલા કેડર સહિત છ નક્સલવાદી માર્યા ગયા હતા, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આઈજી (બસ્તર રેન્જ) સુંદરરાજ પીએ જણાવ્યું હતું કે, બાસાગુડા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ચિપુરભટ્ટી ગામ નજીક તાલપેરુ નદીના કિનારે સ્થિત જંગલ વિસ્તારમાં જ્યારે સુરક્ષા કર્મચારીઓની સંયુક્ત ટીમ નક્સલ વિરોધી અભિયાનમાં હતી ત્યારે

(જુઓ પાનું ૨) ▶▶

## કેજરીવાલને કોર્ટે રાહત ન આપી

નવી દિલ્હીઃ એક્સાઈઝ પોલિસી કૌભાંડ સંબંધિત મનીલૉન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી) દ્વારા દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની કરવામાં આવેલી ધરપકડમાં દખલગીરી કરવાનું દિલ્હી હાઈ કોર્ટે બુધવારે નકારી કાઢ્યું હતું.

'આપ'ના નેતાની ધરપકડ અને ત્યાર બાદ ઈડી કસ્ટડી તેમ જ બે અપ્રિલ પહેલા જેલમાંથી મુક્ત કરવા વચગાળાની રાહત આપવાની માગણીને પડકારતી કેજરીવાલની અરજીને મામલે ન્યાયાધીશ સ્વર્ણ કાન્તાએ નૉટિસ બહાર પાડી ઈડીને પ્રતિક્રિયા આપવા જણાવ્યું હતું. ન્યાયાધીશે આપેલા ચુકાદામાં

(જુઓ પાનું ૨) ▶▶

## મુંબઈ આવતી ટ્રેનમાં આગ

પટણા અને આરા : બુધવારે મોડી રાત્રે બિહારના ભોજપુર જિલ્લામાં ટ્રેનના ખાલી ડબ્બામાં આગ લાગી હતી એવી માહિતી અધિકારીઓએ આપી હતી. અધિકારીના કહેવા મુજબ ધનપુર-મુંબઈ એલટીટી સુપરફાસ્ટ ટ્રેને રાતના સવાબાર વાગ્યે કારીસાથ રેલવે સ્ટેશન છોડ્યું કે એના ડબ્બામાં આગ લાગી હતી. રેલવેના સાબદા કર્મચારીઓએ કોચને અલગ કર્યો હતો અને આગ ફેલાય એ પહેલાં એનો ઓલવી નાખી હતી. અરા સ્ટેશન સુધી એ ડબ્બામાં કોઈ ઉતારુ નહોતા. એવી માહિતી ઈસ્ટર્ન રેલવેના સીપીઆરઓ બિરેન્દ્ર કુમારે આપી હતી. બીજું કોઈ નુકસાન થયું નથી અને કોઈ ઘાયલ થયું નથી. બનાવનું કારણ શોધવા તપાસનો આદેશ અપાયો છે. કુમારે કહ્યું હતું કે આ રૂટ પરનો પરિવહન ચાર કલાક માટે ખોરવાયો હતો. સુરક્ષા કવાયત બાદ ટ્રેન પણ મુંબઈ જવા રવાના થઈ હતી. (એજન્સી)■

## કેરળના મુખ્ય પ્રધાનની દીકરી વિરુદ્ધ કેસ

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટએ કેરળના મુખ્ય પ્રધાન પિનારાય વિજયનની પુત્રી વીણા વિજયન, તેની આઈટી કંપની તેમ જ અન્યો વિરુદ્ધ મનીલૉન્ડરિંગનો કેસ દાખલ કર્યો હતો, એમ સૂત્રોએ કહ્યું હતું. ખાનગી ખનિજ કંપની દ્વારા વીણા વિજયન તેમ જ તેની કંપનીને ગેરકાયદે કરવામાં આવેલા કથિત પેમેન્ટના કેસને મામલે તપાસ કરવા આ કેસ દાખલ કરવામાં આવ્યો હોવાનું સત્તાવાર સૂત્રોએ બુધવારે કહ્યું હતું.

પ્રિવેન્શન ઑફ મનીલૉન્ડરિંગ ઍક્ટ અંતર્ગત ઈડીએ કેસ દાખલ કર્યો હતો અને કેસમાં સંડોવાયેલા તમામ લોકોને ઈડી દ્વારા સમન્સ પાઠવવામાં આવે એવી શક્યતા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

યુનિયન કોર્પોરેટ અફેર્સ મિનિસ્ટ્રીની તપાસ શાખા સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટિગેશન ઑફિસ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદને ધ્યાન પર લીધા બાદ ઈડી દ્વારા આ કેસ દાખલ કરવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું. કોચિન મિનરલ્સ ઍન્ડ રુટાઈલ લિ. (સીએમઆરએલ) નામની ખાનગી કંપનીએ વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૧૯ દરમિયાન વીણા વિજયનની આઈટી કંપની એક્ઝાલોજિક સોલ્યૂસન્સને રૂ. ૧.૭૨ કરોડની ગેરકાયદે ચુકવણી કરી હતી. આઈટી કંપનીએ કોઈપણ પ્રકારની સેવા પૂરી પાડી ન હોવા છતાં આ ચુકવણી કરવામાં આવી હતી. આ મામલે એસએફઆઈઓ દ્વારા શરૂ કરવામાં આવેલી તપાસને પડકારતી એક્ઝાલોજિક સોલ્યૂસન્સની અરજીને કર્ણાટક હાઈ કોર્ટે ગયા મહિને નકારી કાઢી હતી. (એજન્સી)■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈઝરાયલ યુદ્ધવિરામ ના સ્વીકારે તો શું થાય?

**ઇઝરાયલ** અને હમાસ વચ્ચે છેલ્લા લગભગ છ મહિનાથી જંગ ચાલી રહ્યો છે ત્યારે છેવટે આ જંગ બંધ થશે કે નહીં એ ખબર નથી પણ તેના કારણે દુનિયાના બીજા દેશો અને ઈઝરાયલ સામસામે આવી જશે એવું ચોક્કસ લાગી રહ્યું છે. ઈઝરાયલે યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલના યુદ્ધવિરામના ઠરાવને ફગાવી દેતાં યુનાઈટેડ નેશન્સના મહત્ત્વ સામે પણ સવાલ ઊભો થઈ ગયો છે. ઈઝરાયલે યુનાઈટેડ નેશન્સને જ સીધો પડકાર ફેંકી દીધો છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

મુસ્લિમો માટે પવિત્ર મનાતા રમઝાન મહિનાને ધ્યાનમાં રાખીને ગાઝામાં તાત્કાલિક સીઝફાયર કરવા માટે સોમવારે યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (UNSC)માં મૂકાયેલા ઠરાવના સમર્થનમાં ૧૫માંથી ૧૪ દેશોના મત પડ્યા જ્યારે અમેરિકા મતદાનથી દૂર રહેતાં આ ઠરાવ પસાર થઈ ગયો. આ ઠરાવમા હમાસ દ્વારા બાનમાં લેવામાં આવેલા તમામ લોકોને કોઈ શરત વિના તાત્કાલિક મુક્ત કરવા અને ગાઝાને માનવતાવાદી સહાય પૂરી પાડવા માટેના તમામ અવરોધોને દૂર કરવા કહેવામાં આવ્યું છે.

યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ એટલે કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)એ યુદ્ધવિરામનો ઠરાવ પસાર કરતાં છેવટે યુદ્ધ રોકાય એવા અણસાર લાગી રહ્યા હતા પણ ઈઝરાયલે તેનો અસલ મિજાજ બતાવીને તડ ને ફડ કરીને કહી દીધું છે કે, તમારાથી થાય એ તોડી લો પણ યુદ્ધ તો નહીં જ રોકાય. ઇઝરાયલના વિદેશ પ્રધાન કાત્ઝે સાફ શબ્દોમાં કહી દીધું છે કે, અમે ગાઝામાં ફાયરિંગ બંધ નથી કરવાના. ઈઝરાયલ હમાસનો ખાતમો ના કરે અને જ્યાં સુધી બાનમા લેવામાં આવેલી દરેક વ્યક્તિને છોડવામાં નહીં આવે. આ લોકો સહીસલામત પોતપોતાનાં ઘરે પહોંચી ના જાય ત્યાં સુધી અમે યુદ્ધ ચાલુ રાખીશું. ઈઝરાયલ તો આ જંગ રોકવા રાજી જ નથી પણ યુનાઈટેડ નેશન્સના માધ્યમથી તેને યુદ્ધવિરામની ફરજ પાડવા મુસ્લિમ દેશો મથ્યા કરતા હતા તેમાં યુ.એન. ગયેલા પણ ઈઝરાયલે યુ.એન.ને જ એક, બે ને સાડા ત્રણ કરી નાંખ્યું છે.

ઈઝરાયલ હમાસનો ખાતમો કરવા પૂરી તાકાતથી મચી પડ્યું તેમાં ગાઝા ખંડિયેર બની ગયું છે અને હમાસની ફેં ફાટી ગઈ છે. હમાસમાં તો ઈઝરાયલને રોકવાની તાકાત નથી તેથી જંગને રોકવા માટે સાઉદી અરેબિયા અને યુએઈ સહિતના દેશોના પગ પકડ્યા છે. તેના પગલે સાઉદી અરેબિયા અને યુએઈ સહિતના દેશોએ ઈઝરાયલને હુમલો રોકવા વારંવાર વિનવણીઓ અને આજીજીએઓ કરી જોઈ પણ ઈઝરાયલ મચક જ નહોતું આપતું તેથી છેવટે સાઉદી અરેબિયા અને યુએઈ સહિતના દેશોએ યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં જવું પડેલું પણ ત્યાંય અમેરિકા ઈઝરાયલ સામે સુરક્ષા કવચ બનીને ઊભું રહી જતું તેથી યુદ્ધવિરામ થતો જ નહોતો.

યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં આ યુદ્ધને રોકવા માટે પહેલી વાર ઠરાવ માલ્ટાએ નવેમ્બર ૨૦૨૩માં રજૂ કરેલો જ્યારે બીજી વખત ડિસેમ્બર ૨૦૨૩માં યુએઈએ ઠરાવ મૂકેલો ત્રીજી વખત ફેબ્રુઆરી ૨૦૨૪માં ઉત્તર આફ્રિકન દેશ અલ્જેરિયાએ યુદ્ધવિરામનો ઠરાવ મૂકેલો પણ અમેરિકાએ તેને ત્રણેય વખત વીટો વાપરીને ઠરાવ પસાર નહોતો થવા દીધો. રમઝાનને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સીઝફાયર માટે સોમવારે મૂકાયેલા ઠરાવ પર મતદાનથી અમેરિકા દૂર રહ્યું તેમાં ઠરાવ પસાર થઈ ગયો.

યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવને આંતરરાષ્ટ્રીય સ્તરે કરાતું એક પ્રકારનું ફરમાન ગણવામાં આવે છે અને યુનાઈટેડ નેશન્સના સભ્ય દેશોએ તેનું પાલન કરવું જરૂરી છે. ઇઝરાયલ યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલનું કાયમી સભ્ય નથી પણ. યુનાઈટેડ નેશન્સમાં સભ્ય છે તેથી એ પણ આ ઠરાવને માનવા બંધાયેલું છે પણ ઈઝરાયલે ધરાર ઈન્કાર કરી દીધો છે તેથી યુનાઈટેડ નેશન્સ સલવાઈ ગયું છે કેમ કે યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવનો અમલ કરાવવાની તેની પાસે સત્તા નથી ને ઈઝરાયલ પ્રેમથી માને તેમ નથી તેથી બીજો કોઈ કોઈ રસ્તો નથી.

કોઈ દેશ આ ઠરાવ ના માને તો બહુ બહુ તો સભ્ય દેશોની સંમતિથી પ્રતિબંધો લાદી શકાય છે પણ ઈઝરાયલ પર પ્રતિબંધ માટેનો ઠરાવ લવાય તેને અમેરિકા પસાર ના થવા દે કેમ કે અમેરિકા પાસે તેને રોકવાનો વીટો છે. યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને ચીન આ પાંચ દેશો પાસે વીટો પાવર છે. સિક્યુરિટી કાઉન્સિલમાં કોઈ પણ ઠરાવ આ પાંચ દેશોની સંમતિ વિના પ્રસ્તાવ પસાર કરી શકાતો નથી કે લાગુ કરી શકતો નથી. આ પાંચ કાયમી સભ્યોમાંથી એક પણ દેશ વીટો વાપરે તો ઠરાવ પસાર થતો નથી. યુદ્ધવિરામના ઠરાવ પર મતદાનથી અમેરિકા દૂર રહ્યું પણ ઈઝરાયલ પર પ્રતિબંધોના ઠરાવ વખતે અમેરિકા ચૂપચાપ તમાશો જોયા કરે એ વાતમાં માલ નથી. અમેરિકા વીટો વાપરશે જ તેમાં શંકા નથી.

અમેરિકા યુદ્ધવિરામ પર મતદાન વખતે અળગું રહ્યું તેની સામે ઇઝરાયલે નારાજગી વ્યક્ત કરી છે. ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ઇઝરાયેલના પ્રતિનિધિમંડળની વોશિંગ્ટનની મુલાકાતને રદ કરી દીધી. તેના કારણે અમેરિકા અને ઈઝરાયલના સંબંધો તણાવપૂર્ણ બની ગયા હોવાની વાતો ચાલી છે પણ અમેરિકા અને ઇઝરાયલ એક જ છે તેથી અમેરિકા ઈઝરાયલને પડખે પાછું ઊભું જ રહેશે તેમાં બેમત નથી.

ઈઝરાયલે જે વલણ લીધું છે એ બિલકુલ યોગ્ય છે કેમ કે ઈઝરાયલે ગાઝા પર આક્રમણ નથી કર્યું પણ હમાસે ઈઝરાયલ પર આક્રમણ કરેલું. ઈઝરાયલે તો હુમલાનો બદલો લેવા ગાઝા પર હુમલો કર્યો છે. હમાસની ફેં ફાટી ગઈ તેમાં તેને હવે યુદ્ધવિરામ જોઈએ છે પણ યુદ્ધ હમાસે છેડ્યું તેથી તેને યુદ્ધવિરામનો અધિકાર જ નથી. હમાસે સાત ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ ઇઝરાયલ પરના હુમલો કરીને બે હજારથી વધારે લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. હમાસે ગાઝામાં લગભગ ૨૩૪ લોકોને બાનમાં પણ લીધા હતા.

ઈઝરાયલે ૨૪-૩૦ નવેમ્બર દરમિયાન એક વાર યુદ્ધ રોકેલું. સાત દિવસ સુધી ઈઝરાયલે ગાઝા પરના હુમલા રોકી દીધા ત્યારે હમાસ પાસે બાનમાં લીધેલા તમામ લોકોને છોડીને યુદ્ધ સમાપ્ત કરાવવાનો વિકલ્પ હતો પણ હમાસે ૧૦૭ બંધકોને મુક્ત કરતાં ઈઝરાયલે પાછા હુમલા શરૂ કરવા પડેલા. આ સંજોગોમાં ઈઝરાયલનો વાંક કઈ રીતે કાઢી શકાય? હમાસ અત્યારે પણ કોઈ પણ શરત વિના તમામ લોકોને મુક્ત કરી દે તો કદાચ યુદ્ધ રોકાઈ જાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), ગુરુવાર, તા. ૨૮-૩-૨૦૨૪
શ્રી શિવાજી મહારાજ જયંતી (તિથિ પ્રમાણે), સંકષ્ટ ચતુર્થી,

- ભારતીય દિનાંક ૮, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ વદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ વદ-૩
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર સ્વાતિ સાંજે ક. ૧૮-૩૭ સુધી, પછી વિશાખા.
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૭, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૨, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક.૧૩-૨૨, મધ્યરાત્રિ પછી ક.૦૧-૧૬(તા.૨૮)
- ઓટઃ સવારે ક.૬-૫૨, રાત્રે ક.૧૯-૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - તૃતીયા. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૨૭, કલ્પાદિ, શ્રી શિવાજી મહારાજ જયંતી (તિથિ પ્રમાણે), ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૮-૫૭.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સંકષ્ટી ઉપવાસ, વાયુદેવતાનું પૂજન, રાહુ-ગુરુ ગ્રહ દેવતાનું પૂજન, સંત-મહાત્મા-ગુરુ દર્શન-સત્સંગ, શ્રી ગુરુદત્તાત્રેય સ્થાનક દર્શન, પરદેશનું પસ્તાનું, પરગામ પ્રયાણ, તર્પણ શ્રાદ્ધ, અગાઉ વાસ્તુ પૂજા થયેલ ઘરમાં રહેવા જવું, શાંતિ પૌષ્ટિક પૂજા, સર્વ શાંતિ પૂજા, નવાં વસ્ત્રો-આભૂષણ, મહેંદી, વાહન, નવીન દુકાન-વેપાર, ખરીદ-વેચાણ, દસ્તાવેજ, શિક્ષણની પ્રવૃત્તિઓ. પશુ લે-વેચ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, વૃક્ષ રોપવા, ઉપવાટિકા બનાવવી. નવી તિજોરીની સ્થાપના, વિદ્યારંભ, હજામત. છત્રપતિ શિવાજી મહારાજ જયંતી ઉત્સવ, રાજકીય, સામાજિક પ્રવૃત્તિઓ, કળા-વિજ્ઞાનની પ્રવૃત્તિઓ.
- આચમનઃ ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, બુધ-મેષ, ગુરુ-મેષ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ઈન્સાનના આગમન પાછળ કુદરતનો એક ચોક્કસ હેતુ

**હઝરત** ઈમામ જાફરે સાદિક રદ્દિયતઆલા અન્હો પાસે એક શખસે ખજૂર ભરેલો થાળ મૂકયો અને અરજ ગુજારી કે આ ઘણા ઉમદા ખજૂર છે.

આપ ઈમામે ફરમાવ્યું કે બેશક! ખજૂર ઘણા દર્દોની દવા છે. ખજૂર ઝેરી અસરને દૂર કરે છે. ઉપરાંત ઘણી બીમારીને સાજા કરવા મદદરૂપ નિવડે છે. જો કોઈ શખસ રાતે સૂતા પહેલાં ખજૂરની સાત પેશી (દાણા) આરોગે તો પેટમાંના કીડાઓ અને એ કારણે થતા રોગથી મુક્તિ મળવા પામે છે. ખજૂર શરીરને ગરમી પ્રદાન કરી કાર્યશીલ બનાવે છે. લોહીના વિકાર દૂર કરે છે. શુદ્ધ લોહી પેદા કરે છે. ખજૂરને દૂધમાં પકાવીને તેનું શરબત (જ્યુસ) બનાવી પીવામાં આવે તો તેનાથી જાતીય શક્તિ વધે છે. આંતરડાની બીમારી, સૂકી ખાંસી વગેરે જેવી ઘણી બીમારીમાં ખજૂર એક અકસીર ઔષધની ગરજ પણ સારે છે.

આ તો થઈ પાકા ખજૂરની વાત પણ કાચા ખજૂર પણ અનેક વિશિષ્ટતાઓ ધરાવે છે. એવા રોગ જેમાં પેશાબ સાથે વિર્ય વહી જતું હોય તો તેમાં કાચા ખજૂરનું સેવન અકસીર બનવા પામે છે. ઉપરાંત લોહી અને દસ્ત (કબજિયાત)ની બીમારીમાં, દાંત અને પેઢાની તકલીફમાં કાચા ખજૂર અત્યંત ફાયદેમંદ (લાભકર્તા) છે. ખજૂરથી કેન્સર જેવી બીમારીમાં દર્દીને ઘણી રાહત મળે છે.

અંજીરના ગુણ વિશે આપ હઝરત ઈમામ જાફરે સાદિક (અ.સ.) ઉમ્મતિઓને જાણકારી આપે છે કે, અંજીર મોઢમાં આવતી દુર્ગંધને દૂર કરે છે. હોજરી અને આંતરડામાંથી ઉત્પન્ન થતા તાવને રોકે છે - મટાડે છે, હાડકાને મજબૂત બનાવે છે. ખરતા વાળ રોકે છે, નવા વાળ ઉગાડે છે, શરીરના દર્દને દૂર કરે છે. અંજીરથી પાચનશક્તિ વધે છે. આરોગેલો ખોરાક શરીરને ફાયદો પહોંચાડવા અંજીર સક્ષમ બની રહે છે. શરીરનો બાંધો મજબૂત અને ચહેરો સૌંદર્યવાન બનાવે છે. સાંજના સમયે અંજીર આરોગવાથી પાચનક્રિયા સુધરે છે. હોજરી મજબૂત બને છે. શરીરમાં નવી તાજગી - સ્ફૂર્તિનો સંચાર થાય છે. આ ઉપરાંત તે એક અતિ સ્વાદિષ્ટ ફળ પણ છે. અંજીર શરીરના નકામા પદાર્થને બહાર કાઢવામાં સહાયરૂપ બને છે. અંજીર યકૃત અને લોહીને શુદ્ધ બનાવે છે. પણ યાદ રહે કે અંજીરને સપ્રમાણ આરોગવામાં આવે કારણ કે તે વધારે પ્રમાણમાં તે ખાવાથી આંખ અને હોજરીને નુકસાન થાય છે. લીલા કે સૂકા! બંને પ્રકારના અંજીર આરોગ્યવર્ધક છે.

એજ પ્રમાણે આ દ્રાક્ષ સંબંધી ફરમાવો છો કે, દ્રાક્ષ સ્નાયુઓને મજબૂત કરે છે, દર્દને દૂર કરે છે. રૂહને શાંતિ આપે છે.

યાદ રહેવું ઘટે કે દીને ઈસ્લામમાં ઉમ્મતિઓને દીન અને દુનિયા સંબંધી માર્ગદર્શન આપવા અલ્લાહતઆલાએ આ ધરતી પર એક લાખ અને ચોવીસ હજાર જેલા પયગંબરો મોકલ્યા. તે તમામ નબીએ અંબિયાઓએ શરીરની પવિત્રતા અને રૂહની પાકિઝગી સાથે ઈન્સાનનું આગમન એક ચોક્કસ હેતુસર કરવામાં આવ્યું હોવાનો પરવરદિગારે આલમનો પયગામ લોકોને આપ્યો. હઝરત લુકમાન અલયહિસલ્લામ જ્યારે જંગલમાં જતા ત્યારે વનસ્પતિઓ સ્વયં પોતે આપ નબીને કહેતી કે તે આ બીમારી પર અક્સિર ઈલાજ છે. પવિત્ર કુરાનમાં ધરતી અને બ્રહ્માંડના રહસ્યોને ઉજાગર કરવામાં આવ્યા છે. આજનું વિજ્ઞાન જે શોધો કરી તારણ કાઢે છે તે ૧૪૦૦ વર્ષ પૂર્વે આખરી પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ દ્વારા અલ્લાહની દિવ્ય વાણી સ્વરૂપે નાઝિલ થયેલ કુરાને પાકમાં સ્પષ્ટ કરી દેવામાં આવ્યા છે. આપ હુઝુરે અનવર (સ.અ.વ.)મે ઉમ્મતિઓને પોતાના પેટને જનાવરોનું કબ્રસ્તાન ન બનાવવા હિદાયત આપી છે, તે શું સૂચવે છેઃ

આટલી સ્પષ્ટતા પછી આપણે દ્રાક્ષ વિશે એના ગુણ વિશે આગળ જાણીએઃ

પયગંબર હઝરત નુહ અલૈયહિસ્સલામે પરવરદિગારે આલમ (સૃષ્ટિના મહાન સર્જક) પાસે ગમ અને બેચેનીની ફરિયાદ કરી હતી, ત્યારે અલ્લાહતઆલાનો હુકમ થયો હતો કે દ્રાક્ષ ખાવ.

દ્રાક્ષના અનેક ગુણો પૈકી થોડા ગુણો જોઈએઃ દ્રાક્ષ કબજિયાતને દૂર કરનાર, લોહીના વિકારો મટાડી, શુદ્ધ કરનાર, શક્તિદાયક ફળ છે. દ્રાક્ષનો રસ શક્તિવર્ધક હોવા ઉપરાંત લોહીને ગતિ (વેગ) આપનારું, વજન વધારનારું, પેટની સમસ્યાને દૂર કરનારું છે. દ્રાક્ષથી વિવિધ પ્રકારના તાવ અને બદહજમી (અપચો) દૂર થાય છે. આ ઉપરાંત હૃદયરોગ, હેમોગ્લોબિન (લોહી)ની કમીને દૂર કરનાર એક અતિ ઉત્તમ ફળ છે. જાણકારો દ્રાક્ષનો ઉપયોગ કોઠાની ગરમી દૂર કરવા ઉપરાંત જુદી જુદી બીમારીઓમાં વિવિધ રીતે કરતા હોય છે.

ડૉક્ટરો અને વૈદો પોતાના અનુભવો અને પ્રયોગો પછી જુદી જુદી દવાઓ - ઔષધો, જુદા જુદા ફળો, શાકભાજી વગેરેના લાભ અને નુકસાનો બતાવે છે, જ્યારે પરવરદિગારે આલમ (જગતકર્તા) તરફથી આવેલા પ્રતિનિધિઓ, તેઓને મળેલા ઈલ્મોજ્ઞાનના આધારે ઉમ્મતિઓને તેના લાભ - ગેરલાભની માહિતી કુરાન કરીમ તેમજ હદીસ શરીફની રોશનીમાં આપે છે. તેઓને પ્રયોગો - સંશોધનો કરવાની જરૂર નથી.

**- અમર અલ્લાહવાલા**

* * *

### હિદાયતની મશાલ

વિચારતાં શરમ ન આવતી હોય એ વાત બીજાને કહેતા શરમાવું જોઈએ નહીં અને જે વાત બીજાને કહેતા સંકોચ થાય એ વાત વિચારતા પણ સંકોચ થવો જોઈએ.

* જેઓ કંઈ કરી શકતા નથી તેઓ નિંદા કરે છે.
* છરીનો ઘા રૂઝાઈ જતો હોય છે, જીભનો નહિ.
* સંજોગો પર કાબૂ મેળવવો શકય નથી પરંતુ વિચારો પર અવશ્ય છે.
* મોટી સમસ્યાઓમાં મોટી તક છુપાયેલી છે.
* દુનિયામાંથી તમને જે કાંઈ મળે તે લો અને જે કાંઈ જતું રહે તેનાથી મોઢું ફેરવો અને જો તમે એમ કરી શકતા ન હો તો તેને પામવામાં સારા સાધનો ધારણ કરો એટલે કોઈ નાજાએઝ (હરામ) સાધન વડે દુનિયાને ન મેળવો.
* દુનિયાના ફેરફારો અને તેના અકસ્માતોને જોવા છતાં તેના - દુનિયા ઉપર વિશ્વાસ રાખી બેસવું મુર્ખાઈ છે અને નેક (ભલા) કામો માટે સવાબ (પૂણ્ય) મળવાની ખાતરી હોવા છતાં તેનાથી ગફલત કરવી, એ ચોખ્ખું નુકસાન છે અને કોઈની પરીક્ષા - અજમાયશ કરી લીધા પહેલાં તેનો ભરોસો કરવો કમ અક્કલી - બેવકૂફી - નાદાનિયત છે.

**- અમિરૂલ મુઅમિન** ■

પહેલા પાનાનું ચાલુ

## મહારાષ્ટ્રમાં વિપક્ષોની

ભંગાણના પગરણ મંડાઈ ગયા હોવાનું જણાઈ રહ્યું છે.

ઠાકરે સેના દ્વારા એકપક્ષી રીતે લોકસભાના ૧૬ ઉમેદવારની પહેલી યાદી બહાર પાડી દેવામાં આવી છે અને તેને પગલે મહાવિકાસ આઘાડીમાં રહેલો આંતરિક વિખવાદને જગજાહેર થઈ ગયો છે. યાદીમાં સાંગલીની બેઠક પર પણ ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. આ બેઠક પર કોંગ્રેસ પોતાનો દાવો કરી રહી છે અને હજુ ચર્ચા ચાલી રહી છે. કોંગ્રેસના નેતા બાળાસાહેબ થોરાતે ઠાકરેને સંભળાવ્યું હતું કે તેમણે આઘાડી ધર્મ પાળવો જોઈએ અને યાદી પાછી ખેંચી લેવી જોઈએ. હજુ ચર્ચા ચાલી રહી છે અને ત્યારે યાદી બહાર પાડવી ન જોઈએ. તો બીજી બાજુ કોંગ્રેસના નેતા સંજય નિરુપમે આક્રમક તેવર બતાવ્યા હતા. તેમણે વાયવ્ય મુંબઈથી અમોલ કીર્તિકરની ઉમેદવારી સામે વાંધો નોંધાવ્યો છે.

ખીચડી ચોર માટે અમે પ્રચાર કરીશું નહીં એવું આક્રમક નિવેદન સંજય નિરુપમ દ્વારા કરવામાં આવ્યું છે. કોરોના દરમિયાન મુંબઈ મહાનગરપાલિકાએ ખિચડીનું વિતરણ કર્યું હતું. તેમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. આ કથિત ભ્રષ્ટાચારમાં અમોલનું નામ પણ સામેલ છે. આ સાથે દક્ષિણ-મધ્ય મુંબઈથી અનિલ દેસાઈને આપવામાં આવેલી ઉમેદવારી પણ બન્ને પક્ષ માટે વિખવાદનું કારણ બની શકે છે. આ બેઠક મુંબઈ કોંગ્રેસના અધ્યક્ષ વર્ષા ગાયકવાડના પિતા એકનાથ ગાયકવાડની છે.

ભાજપને હંફાવવા માટે મહાવિકાસ આઘાડીએ પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન આઘાડીને પોતાની સાથે લેવાની જાહેરાત કરી હતી અને બેઠકોની વહેંચણીના મુદ્દે અનેક વખત થયેલા વિવાદ બાદ પણ પ્રકાશ આંબેડકરને યોગ્ય સન્માન મળતું ન હોવાનું જણાતાં તેમણે પોતાના નવ ઉમેદવારની યાદી જાહેર કરીને નારાજગી જાહેર કરી દીધી છે અને આમ મહાવિકાસ આઘાડીમાં પહેલું ભંગાણ પડ્યું છે. ■

## કેજરીવાલને કોર્ટે

સ્પષ્ટતા કરી હતી કે ત્રણ એપ્રિલે આ કેસની અંતિમ સુનાવણી કરવામાં આવશે અને સુનાવણીની મોકુફીને મંજૂરી આપવામાં નહીં આવે. અરજકર્તાની મુખ્ય રિટ પિટીશન અને વચગાળાની રાહતની માગણી કરતી અરજી અંગે બે એપ્રિલ સુધીમાં પ્રતિક્રિયા તેમ જ ડિજિટલ તેમ જ હાર્ડ કોપી સ્વરૂપે તેની નકલ અરજકર્તાના વકીલને આપવાની ખાતરી કરવાનું કોર્ટે ઈડીને આપેલા આદેશમાં જણાવ્યું હતું. (એજન્સી) ■

## કોને ક્યાંથી ઉમેદવારી

શિવસેનામાં પ્રવેશ મેળવ્યો હતો. અહીં ભાજપ તરફથી ગુજરાતી ઉમેદવાર મિહીર કોટેચાને ભાજપે ટિકિટ આપી છે, જે મુલુન્ડના વિધાનસભ્ય રહી ચૂક્યા છે. આ બેઠક પર ગુજરાતી અને મરાઠી એમ બન્ને મતદારોનું વર્ચસ્વ છે. આ સાથેનો અહીંનો મુસ્લિમ સમાજ પણ નોંધપાત્ર મતદારવર્ગ ધરાવે છે.

ઉત્તર-પશ્ચિમ એટલે કે વાયવ્ય મુંબઈથી અમોલ કિર્તીકરને ઉમેદવારી આપવામાં આવી છે. તેમના પિતા ગજાનન કિર્તીકર અહીંથી વર્તમાન સાંસદ છે, પરંતુ તેઓ એકનાથ શિંદે જૂથમાં છે. સેનાએ આ બેઠક પર દિકરાની ટિકિટ આપી છે. આ જ બેઠકને લઈને શિવસેના (યુબીટી)ને મહાવિકાસ આઘાડીના સાથી પક્ષ કોંગ્રેસ સાથે સંઘર્ષ થવાના એંધાણ જોવા મળી રહ્યા છે, કેમ કે આ બેઠક ઉત્તર મુંબઈની અદલાબદલીમાં કોંગ્રેસે માગી હતી અને તેના પર ચર્ચા ચાલુ હતી અને ઉદ્ધવ ઠાકરેએ તેના પર એકપક્ષી ઉમેદવાર જાહેર કરી દીધો છે.

થાણેમાં શિવસેનાએ વર્તમાન સાંસદ રાજન વિચારેને ફરી ઉમેદવારી આપવામાં આવી છે.

આ ઉપરાંત બુલઢાણાથી નરેન્દ્ર ખેડેકર, યવતમાળ-વાશિમથી સંજય દેશમુખ, માવળથી સંજોગ વાઘેરે-પાટીલ, સાંગલી ચંદ્રહાર પાટીલ, હીંગોલીથી નાગેશ પાટીલ, સંભાજીનગરથી ચંદ્રકાંત ખેરે, ધારશિવથી ઓમરાજે નિંબાળકર, શિરડીમાં ભાઉસાહેબ વાઘચોરે, નાશિકમાં રાજાભાઇ વાજે, રાયગઢમાંથી અનંત ગીતે, સિંધુદુર્ગ-રત્નાગિરી વિનાયક રાઉત, પરભણીમાં સંજય જાદવને ઉમેદવારી આપી છે.

સાંગલીની બેઠક પર પણ વિવાદ થવાની શક્યતા છે, કેમ કે જ્યારે ઉદ્ધવ ઠાકરેએ પહેલવાન ચંદ્રહાર પાટીલને મૌખિક ઉમેદવારી જાહેર કરી હતી ત્યારે જ કોંગ્રેસે તેના પર વિરોધ નોંધાવ્યો હતો. આ બધાની વચ્ચે હવે કેવા વિવાદ થાય છે તે જોવાનું રહેશે. ■

## અમદાવાદમાં ડેરી-હોટેલ

છે. સૂત્રોના કહેવા પ્રમાણે ડેરી-હોટલ વ્યવસાયિક પરના આ ઓપરેશનમાં મોટા પ્રમાણમાં રિયલ એસ્ટેટ વ્યવહારો ખૂલવાના પણ નિર્દેશ છે. કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારો દર્શાવતા દસ્તાવેજ મળી આવ્યા હતા. આ કાર્યવાહીમાં નવા કનેકશન ખુલવાની પણ શક્યતા વ્યક્તકરવામાં આવી રહી છે. રાજકોટના અધિકારીઓને પણ તપાસમાં સામેલ કરવામાં આવ્યા છે. છેલ્લા કેટલાંક મહિનાઓથી ગુજરાતમાં ઇન્કમટૅક્સ દ્વારા શ્રેણીબદ્ધ દરોડા પાડીને કરોડો રૂપિયાની કરચોરી પકડવામાં આવી છે. ■

## કૉંગ્રેસ અને ઉદ્ધવ

બેઠકો પર પોતાના ઉમેદવારોની જાહેરાત કરી છે.

મહારાષ્ટ્રમાં લોકસભાની ૪૮ બેઠકો છે. ઉત્તર પ્રદેશ (૮૦ બેઠકો) પછી, મહારાષ્ટ્ર સૌથી વધુ લોકસભા બેઠકો ધરાવતું રાજ્ય છે. રાજ્યમાં ૧૯ એપ્રિલથી પાંચ તબક્કામાં મતદાન થશે.

શરદ પવારે પોતાની પાર્ટીના પદાધિકારીઓની બેઠકમાં એમ પણ કહ્યું હતું કે જ્યારે બેઠકોની વહેંચણી પર ચર્ચા ચાલી રહી હતી તો પછી એમવીએના ઘટક પક્ષો દ્વારા અલગ અલગ બેઠકો કેમ જાહેર કરવામાં આવી? પહેલા કોંગ્રેસ અને પછી ઉદ્ધવ ઠાકરે શિવસેનાએ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કર્યા બાદ હવે શરદ પવારની પાર્ટી એનસીપી પણ પોતાની સીટોની અલગથી જાહેરાત કરશે. શરૂઆતમાં એમવીએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં એકસાથે બેઠકોની જાહેરાત કરવાની હતી પરંતુ હવે તમામ પક્ષો અલગ-અલગ બેઠકો અને ઉમેદવારોની જાહેરાત કરી રહ્યા છે.

સંસદીય બેઠકો પર ૧૦ બેઠકો અંગે ચર્ચા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું અને એનસીપી (શરદચંદ્ર પવાર) પક્ષ દ્વારા પહેલા તબક્કામાં પાંચ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવશે, એવું જાણવા મળ્યું છે. ■

## સૌરાષ્ટ્ર-કચ્છમાં

ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હિટવેવની અસર કચ્છ જિલ્લામાં જોવા મળી રહી છે. આકરી ગરમીની અસર લોકોના જન જીવન પર પડી રહી છે.

અમદાવાદ સહિના મહાનગરોમાં બપોરના ૧૧ વાગ્યાથી કાળઝાળ ગરમી શરૂ થતાં જનજીવન ઠપ થયું છે. બપોર પડતાંની સાથે જ ભુજના રસ્તા પર લોકોની અવરજવર ઘટી જાય છે. ગરમી બચવા લોકો ઠંડા પાણીનો ઉપયોગ કરી ગરમીથી રાહત મળવે છે. ઉત્તર ગુજરાતના જિલ્લાઓ જેવા કે બનાસકાંઠા, સાબરકાંઠા અને મહિસાગર, અરવલ્લી અમદાવાદ, ગાંધીનગર વગેરે શહેરોમાં રાત્રિ દરમિયાન બફારાનો અનુભવ થશે. અમદાવાદ શહેરમાં ગતરાત્રિ દરમિયાન લઘુત્તમ તાપમાન ૨૬.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જેને કારણે રાત્રિ દરમિયાન પણ અમદાવાદ શહેરમાં રહેતા શહેરીજનોને બફરાનો અનુભવ થયો હતો. ■

## ભુજમાં અંગ દઝાડતો

રણકાંધીનાં ગામોમાં પણ ૪૦-૪૧ ડિગ્રીની આસપાસ રહેલી ગરમીની આણની વિશેષ અસર થઈ હતી.

મહત્ત્વનું છે કે, ભુજમાં માર્ચ મહિનાના અંતિમ સપ્તાહમાં સામાન્ય કરતાં છથી સાત ડિગ્રી તાપમાન વધુ છે. મહાબંદર કંડલામાં મહત્તમ ૪૦ ડિગ્રી, ગાંધીધામ વિસ્તારમાં પણ ૪૧.૬ ડિગ્રી, નલિયામાં ૩૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. લઘુતમ તાપમાન પણ જિલ્લામાં સરેરાશ ૨૫ ડિગ્રીને પાર કરી જતાં ગરમી રાત્રે પણ પીછો છોડતી નથી. હવામાન વિભાગે રાજ્યમાં હિટવેવનું મોજું ફરી વળશે તેવી આગાહી કરી છે. ■

## સરકાર બજારમાંથી

વચગાળાના બજેટમાં પ્રસ્તાવ મૂક્યો હતો. ગયા વરસે બજારમાંથી ઉછીના લીધેલા સર્વાધિક કુલ રૂ. ૧૫.૪૨ કરોડના ભંડોળની સરખામણીએ આ રકમ ઓછી છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ડૅટેડ સિક્ટોરિટિસ મારફતે ખાનગી ક્ષેત્ર માટે મોટાપાયે ધિરાણ ઊભું કરવા બજારમાંથી ઊભું કરવામાં આવનારું ભંડોળ અનુક્રમે રૂ. ૧૪.૧૩ લાખ કરોડ અને રૂ. ૧૧.૭૫ લાખ કરોડ હશે જે વર્ષ ૨૦૨૩-૨૪ની સરખામણીએ ઓછું હશે, એમ નિર્મલા સીતારમણે કહ્યું હતું.

સરકાર દ્વારા મોટાપાયે કરવામાં આવેલા મૂડી ખર્ચને કારણે સ્ટીલ અને સિમેન્ટ ક્ષેત્રમાં ખાનગી રોકાણમાં વધારો થઈ રહ્યો હોવાના સંકેત છે. વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજિત ૧૦ લાખ કરોડ રૂપિયાની સરખામણીએ સરકારે આવનારાં નાણાકીય વર્ષ માટે રૂ. ૧૧.૧૧ લાખ કરોડ ઊભા કરવાનો અંદાજ રાખ્યો છે. (એજન્સી) ■

## છત્તીસગઢમાં છ

ગોળીબાર થયો હતો. પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મીના નક્સલવાદીઓની હાજરી વિશેના ઇનપુટ્સના આધારે ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) અને તેના ચુનંદા એકમ કોબ્રા (રિઝોલ્યુટ એક્શન માટે કમાન્ડો બટાલિયન) ના જવાનોએ મળીને ઓપરેશન શરૂ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું. આઈજીએ જણાવ્યું હતું કે, 'ગોળીબાર બંધ થયા પછી, બે મહિલા સહિત છ નક્સલવાદીના મૃતદેહ અને શસ્ત્રો અને વિસ્ફોટકોનો વિશાળ જથ્થો સ્થળ પરથી મળી આવ્યો હતો.'

જોકે, આઈજીએ જણાવ્યું કે મૃત નક્સલવાદીઓમાં માત્ર એક મહિલાનો સમાવેશ થાય છે. મૃતક નક્સલવાદીઓની ઓળખ હજુ સુધી મળી નથી. ગોળીબારમાં અન્ય ઘણા નક્સલવાદીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે અને વિસ્તારમાં સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે. ■

# વિધાનસભ્ય ગણપત ગાયકવાડના ભાગેડુ પુત્રને વચગાળાના જામીન અદાલતે નકાર્યા

કલ્યાણ: કલ્યાણ પૂર્વના શિવસેના શહેર પ્રમુખ મહેશ ગાયકવાડના ગોળીબાર પ્રકરણમાં ભાજપના વિધાનસભ્ય ગણપત ગાયકવાડ સામેના ગુનાઇત પ્રકરણનો આરોપી અને છેલ્લા દોઢ મહિનાથી ફરાર વૈભવ ગણપત ગાયકવાડની અટકાયત પૂર્વેના વચગાળાના જામીન માટેની અરજી કલ્યાણ જિલ્લા અને સત્ર ન્યાયાલયના વધારાના જિલ્લા ન્યાયાધીશ જી. ઈનામદારે બુધવારે નકારી હતી.

અટક પૂર્વે જામીન અરજી અંગે મંગળવારે ફરિયાદી મહેશ ગાયકવાડ અને વૈભવ ગાયકવાડના વકીલે તેમજ સરકારી વકીલે ત્રણ કલાક સુધી અદાલતમાં દલીલો કરી હતી. દલીલો પૂર્ણ થયા પછી સાંજે અદાલતે ચુકાદો મોકૂફ રાખી નિર્ણય બુધવારે જાહેર કરવામાં આવશે એમ જણાવ્યું હતું.

ત્રણેય બાજુના વકીલોની દલીલો સાંભળ્યા પછી અદાલતે બુધવારે વૈભવ ગાયકવાડના અટક પૂર્વ જામીન નકાર્યા હતા. આ પરિસ્થિતિમાં કોઈ પણ ક્ષણે વૈભવની ધરપકડ થવાની સંભાવના છે. હવે જામીન મેળવવા તેમણે મુંબઈ હાઈ કોર્ટમાં અરજી કરવી પડશે. ■

# વિક્રોલી ફ્લાયઓવરના કામમાં ગતિ

## ગર્ડરો નાખવા માટે વિશાળ મશીન મંગાવાયું

મુંબઈ: વિક્રોલી ઈસ્ટ-વેસ્ટને જોડતા રેલવે ફ્લાયઓવરના ગર્ડર નાખવાની કામગીરી ઝડપી બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. રેલવે સ્ટેશનની પૂર્વ તરફ ગર્ડર નાખવા માટે વિશાળ મશીનો લાવવામાં આવ્યા છે.

રેલવે લાઇનના ઈસ્ટથી વેસ્ટ છેડા સુધી ચાર ગર્ડર નાખવાના બાકી છે, જેમાંથી બે ગર્ડર રેલવે લાઇન પર નાખવામાં આવશે. પહેલા ઈસ્ટમાં ગર્ડરની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. ત્યાર બાદ રેલવે લાઇન પરથી ગર્ડર નાખવા માટે મેગાબ્લોક લેવામાં આવશે.

આ પુલ માટે ડિઝાઈન ૨૦૧૨માં તૈયાર કરવામાં આવી હતી. ૨૦૨૪ સુધીમાં બ્રિજનું માત્ર ૭૫ થી ૮૦ ટકા જ કામ પૂર્ણ થયું છે. બ્રિજનું કામ ધીમી ગતિએ ચાલી રહ્યું હોવાથી રેલવે સ્ટેશનના પૂર્વ વિસ્તારનો વાહનવ્યવહાર ખોરવાઈ રહ્યો છે. પુલના નિર્માણ માટે ભારે ટ્રાફિકને કારણે ઈસ્ટર્ન એક્સપ્રેસ-વેથી રેલવે સ્ટેશન સુધીનો રસ્તો સમસ્યારૂપ બન્યો છે. ■

આચાર સંહિતા અમલમાં

# શરદ પવાર એનસીપીના ચૂંટણી ચિહ્ન તુતારી વાદકો ચિંતામાં

છત્રપતિ સંભાજી નગર: શરદ પવારના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી)ના જૂથને ચૂંટણી ચિહ્ન તરીકે તુતારી (તુરાઈ) વગાડતા માણસનું ચિહ્ન ફાળવવામાં આવ્યું છે, પણ પરંપરાગત મહત્ત્વ ધરાવતા આ વાદ્યના વાદકોને ચિંતા સતાવી રહી છે કે આ વર્ષે લોકસભાની ચૂંટણી લગ્નગાળામાં લેવાઈ રહી હોવાથી તેમના કામકાજને ફટકો પડશે. હાલ આચાર સંહિતા અમલમાં હોવાથી લગ્ન કે પછી અન્ય પ્રસંગોમાં તેમની સેવાનો લાભ લેવા માટે કહેણ નહીં આવે એવું તેમનું માનવું છે. પ્રસંગોપાત લોકોને આવકાર આપવા માટે તુતારી વગાડવામાં આવતી હોય છે. છત્રપતિ સંભાજી નગરમાં વિવિધ કાર્યક્રમોમાં તુતારી વાદકો પૂરા પાડતા જયસિંહ હોલીયેએ પીટીઆઈ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે 'તુતારી પરંપરાગત વાદ્ય છે અને લગ્ન સમારંભ કે અન્ય કાર્યક્રમોમાં એ વગાડવામાં આવે છે. આ વર્ષે લોકસભા ચૂંટણી અને લગનગાળો એક જ સમયે છે. અમને કામ નહીં મળે એવો ભય સતાવી રહ્યો છે.' એક તુતારી વાદકે શંકા વ્યક્ત કરતા કહ્યું હતું કે 'તુતારી પ્રતિષ્ઠિત રાજકારણીના પક્ષનું ચૂંટણી ચિહ્ન હોવાથી લગ્ન પ્રસંગે કે અન્ય કોઈ કાર્યક્રમમાં એ વગાડી શકાય કે નહીં એની અમને ખાતરી નથી. એટલે રાજકીય કાર્યક્રમમાં અમને કામ નહીં મળે. ચૂંટણીસભા કે રેલી વખતે તુતારી વાદકોને બોલાવવામાં આવતા હોય છે, પણ આ વખતે એ કોઈ એક પક્ષનું ચિહ્ન બની ગયું હોવાથી રાજકીય પક્ષો અમને નહીં બોલાવે એવો ભય છે.' (પીટીઆઈ) ■

# સાંગલીમાં ₹૨૪૫ કરોડનું એમડી જપ્ત

## બે વર્ષ અગાઉ ઉત્તર પ્રદેશમાં ડ્રગ્સ બનાવતા શીખ્યા બાદ ફેક્ટરી શરૂ કરી

મુંબઈ: કુર્લા અને સુરતથી ડ્રગ્સ સાથે પકડાયેલા ચાર જણની પૂછપરછ બાદ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે સાંગલીમાં કવઠે મહાંકાળ તાલુકાના ઇરળી ગામમાં ડ્રગ્સ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો. ફેક્ટરીમાંથી રૂ. ૨૪૫ કરોડની કિંમતનું જપ્ત કરી છ જણની ધરપકડ કરવામાં આવી હતી. આમાંનો મુખ્ય આરોપી બે વર્ષ અગાઉ ઉત્તર પ્રદેશમાં ડ્રગ્સ બનાવતા શીખ્યો હતો અને બાદમાં સાંગલીમાં તેણે ફેક્ટરી શરૂ કરી હતી. સાંગલીથી મુંબઈ લવાયા બાદ આરોપીઓને કોર્ટમાં હાજર કરાતાં તેમને ૩ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૭ના અધિકારીઓએ ૧૬ ફેબ્રુઆરીએ કુર્લા પશ્ચિમમાં સીએસટી રોડ ખાતેથી રૂ. ૧૨.૨૦ લાખના એમડી ડ્રગ્સ અને રૂ. દોઢ લાખના દાગીના સાથે પરવીનબાનો શેખની ધરપકડ કરી હતી. આ ડ્રગ્સ તેને વેચનારા સાજીદ આસિફ શેખને ઝડપી પાડીને રૂ. છ કરોડનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. સાજીદને ડ્રગ્સ સપ્લાય કરનારા સુરતના રહેવાસી ઇજાઝઅલી અન્સારી અને આદિલ બોહરાની બાદમાં ધરપકડ કરાઇ હતી.

ચારેય આરોપીઓની પૂછપરછ અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ પોલીસ ટીમે સોમવારે સાંગલી સ્થિત કવઠે મહાંકાળ તાલુકાના ઇરળી ગામમાં ડ્રગ્સ બનાવતી ફેક્ટરી પકડી પાડી હતી અને ત્યાંથી મોટા પ્રમાણમાં ડ્રગ્સ જપ્ત કરીને છ આરોપીઓની ધરપકડ કરી હતી, જેમની ઓળખ પ્રવીણ ઉર્ફે નાગેશ શિંદે, વાસુદેવ જાધવ, પ્રસાદ મોહિતે, વિકાસ મલમે, અવિનાશ મહાદેવ માળી અને લક્ષ્મણ બાળુ શિંદે તરીકે થઇ હતી.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૭ના સિનિયર ઇન્સ્પેક્ટર મહેશ તાવડેએ જણાવ્યું હતું કે પ્રવીણ ઉર્ફે નાગેશ શિંદે મુખ્ય આરોપી છે અને તે ઉત્તર પ્રદેશના બનારસમાં બે વર્ષ અગાઉ ડ્રગ્સ બનાવતા શીખ્યો હતો. બાદમાં સાત મહિના અગાઉ તેણે સાંગલીમાં આરોપી વાસુદેવ જાધવની જગ્યા ભાડા પર લઇ ત્યાં ડ્રગ્સની ફેક્ટરી શરૂ કરી હતી. પ્રવીણ ઉર્ફે નાગેશ વિરુદ્ધ થાણેના કાસારવડવલી, કલવા તથા સહકારનગરમાં ચાર ગુના નોંધાયેલા છે. જેલમાં તેની મુલાકાત અમુક લોકો સાથે થઇ હતી, જેમણે તેને ડ્રગ્સના રેકેટમાં સામેલ કર્યો હતો. ■

# મોબાઈલ પર મોટા અવાજે વાત કરવા પર વાંધો ઉઠાવનાર પુત્રની પિતાએ કરી હત્યા

*નાગપુર:* નાગપુર જિલ્લામાં મોબાઇલ પર મોટા અવાજે વાત કરવા પર વાંધો ઉઠાવનારા ૨૮ વર્ષના પુત્રીની પિતાએ હત્યા કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ નાગપુરના પિપરા ગામમાં સોમવારે આ ઘટના બની હતી, જેમાં ગંભીર રીતે ઘવાયેલા પુત્રનું બીજે દિવસે હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ પોલીસે આરોપી રામરાવ કાકડેની ધરપકડ કરી હતી. બેલા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે રામરાવ મોબાઇલ પર મોટા અવાજે વાતચીત કરતો હોવાથી પુત્ર સૂરજે આ સામે વાંધો ઉઠાવ્યો હતો, જેને કારણે તેમની વચ્ચે બોલાચાલી થતાં ઉશ્કેરાયેલા રામરાવે સ્ટીલના સળિયાથી સૂરજ પર હુમલો કર્યો હતો.

સૂરજને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો અને તેનું મંગળવારે મૃત્યુ થયું હતું. (પીટીઆઇ) ■

# લાતૂર જિલ્લાના કેટલાક વિસ્તારમાં ધરા ધ્રૂજી

છત્રપતિ સંભાજીનગર: મહારાષ્ટ્રના લાતૂર જિલ્લામાં આવેલા બે ગામોમાં બુધવારની બપોરે ધરતીકંપના હળવા આંચકા અનુભવાયા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, રિએક્ટર સ્કેલ પર આ આંચકો ૨.૬ મેગ્નિટ્યુડનો નોંધાયો હતો. જેમાં કોઈ જાનહાની નોંધાય નથી.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીની સત્તાવાર રિલીઝમાં જણાવ્યું હતું કે, સવારે અંદાજે ૧૧.૫૦થી ૧૨.૦૦ વાગ્યાની વચ્ચે ઔરડ શહાજણી ગામમાં ધરતીની સપાટી નીચેથી અવાજ સંભળાયો હતો.

અંદાજે ૧૨.૧૫ વાગે ધ્રૂજારી અનુભવાય હતી, જેનું એપિસેન્ટર ગંગાપુર અને પેથ ગામની વચ્ચે નોંધાયું હતું. ઔરાડ શહાજણી એ કિલ્લારી ગામથી ૫૨ કિમીના અંતરે આવેલું છે, જ્યાં ૧૯૯૩માં ૩૦ સપ્ટેમ્બરે ૬.૨ની તીવ્રતાના ધરતીકંપે કિલ્લારી ગામને ખૂબ જ ખરાબ રીતે ધ્રુજાવ્યું હતું.




ફોર્ટમાં હુક્કા પાર્લર પર પોલીસની રેઇડ

# 'બિગ બોસ'ના વિજેતા મુન્નવર ફારુકી સહિત ૧૪ જણ પકડાયા

મુંબઈ: દક્ષિણ મુંબઈના ફોર્ટ વિસ્તારમાં આવેલા હુક્કા પાર્લર પર પોલીસે રેઇડ પાડી હતી અને ત્યાં હુક્કાનું સેવન કરવા બદલ રિયાલિટી શો 'બિગ બોગ-૧૭'ના વિજેતા અને સ્ટેન્ડ-અપ કોમેડિયન મુન્નવર ફારુકી સહિત ૧૪ જણની અટકાયત કરી હતી.

મુંબઈ પોલીસની સમાજસેવા શાખાએ ફોર્ટ વિસ્તારમાં હેન્ડલુમ હાઉસ નજીક આવેલા હુક્કા પાર્લર પર મંગળવારે રાતે રેઇડ પાડી હતી અને બુધવારે વહેલી સવારના પાંચ વાગ્યા સુધી આ ઑપરેશન ચાલુ રહ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસની રેઇડ દરમિયાન સ્ટેન્ડ-અપ કોમેડિયન મુન્નવર ફારુકી તથા અન્યો હુક્કાનું સેવન કરતા મળી આવ્યા હતા, જેનો વીડિયો પોલીસ પાસે છે.

અમે ફારુકી સહિત ૧૪ જણને તાબામાં લીધા હતા, પણ તેમની સામે લગાવાયેલી કલમ જામીનપાત્ર હોવાથી તેમને બાદમાં જવા દેવામાં આવ્યા હતા.

પોલીસને માહિતી મળી હતી કે કેટલાક લોકો હુક્કા પાર્લરમાં હર્બલ હુક્કાની આડમાં તંબાકુજન્ય હુક્કાનું સેવન કરી રહ્યા છે. આથી ત્યાં રેઇડ પાડવામાં આવી હતી.

ફારુકી તથા અન્યો વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની સંબંધિત કલમ તથા સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

એમઆરએ માર્ગ પોલીસ દ્વારા ફારુકી તથા અન્યોને નોટિસ આપવામાં આવી હતી અને બાદમાં તેમને જવા દેવાયા હતા, એમ પણ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# દાઉદ ઈબ્રાહિમની જમીન ખરીદનાર વકીલને મળી ધમકી

મુંબઈ: મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લામાં મોસ્ટ વૉન્ટેડ દાઉદ ઈબ્રાહિમની સંપત્તિ ખરીદનાર વકીલ ભૂપેન્દ્ર કુમાર ભારદ્વાજે તાજેતરમાં એક એફઆરઆઈ નોંધાવી છે. એફઆરઆઈમાં તેણે કેટલાક ગ્રામજનોના નામ નોંધાવ્યા છે, જેમના પર આરોપ મૂકવામાં આવ્યો છે કે પોતાને ભૂમિપૂજન કરતા રોકવાની સાથે ધમકી આપી રહ્યા છે.

અહીંના વકીલ ભારદ્વાજે કેટલાક ગ્રામજનોની વિરુદ્ધ ચોરી, અતિક્રમણ અને ધમકી આપવાનો કેસ દાખલ કર્યો છે. ભારદ્વાજની ફરિયાદ મુજબ ૨૩ ફેબ્રુઆરીએ તેણે પોતાના સહયોગી નિરંજન રામદાસની સાથે તેની જમીન પર એક વૃક્ષની નીચે પૂજા કરી હતી. આ પૂજા અને અનુષ્ઠાન રાતના લગભગ નવ વાગ્યા સુધી ચાલ્યું હતું. જોકે બીજે જ દિવસે કેટલાક ગામવાળા ત્યાં પહોંચ્યા અને ધમાલ કરી હતી.

તેણે ગ્રામજનો પર આરોપ મૂક્યો હતો કે સામાનની ચોરી કરી લીધી હતી. જોકે, વકીલે પણ ફરિયાદ કરી હતી કે પહેલા તો સ્થાનિક પોલીસ એફઆરઆઈ નોંધવા તૈયાર નહોતી ત્યાર બાદ તેના દ્વારા ઘણા પ્રયાસોના અંતે તેની ફરિયાદ નોંધવામાં આવી હતી.

આખરે ૨૬ માર્ચે ફરિયાદી વકીલની એફઆરઆઈ નોંધ્યો હતો. ભારદ્વાજનો દાવો છે કે પોલીસે આઈપીસીની કલમ ૨૯૫ એ પણ દાખલ કરવાની હતી, જે જાણી જોઈને કોઈ વર્ગ અથવા ધર્મના લોકોના ધાર્મિક વિશ્વાસનું અપમાન કરીને તેની ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડવામાં આવી રહી છે. આ અગાઉ ભારદ્વાજે રિઝર્વ કરેલી કિંમત પર જમીનની ખરીદી કરી હતી. તેણે કહ્યું હતું કે તે આ જમીન પર એક આતંકવાદ વિરોધી રાષ્ટ્રીય મોરચો ખોલશે. ૨૦૨૦માં ગેંગસ્ટર દાઉદ ઈબ્રાહિમની છ જેટલી સંપત્તિનું ઓક્શન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત પ્રોપર્ટી ખરીદી હતી. ■

# બાન્દ્રામાં મહિલા વકીલની સતર્કતાને કારણે ૮૦ લાખ રૂપિયા બચી ગયા

મુંબઈ: પ્રતિષ્ઠિત લૉજિસ્ટિક્સ ફર્મના પ્રતિનિધિ અને પોલીસ અધિકારીના સ્વાંગમાં ઠગ ટોળકીએ મહિલા વકીલ પાસેથી ૮૦ લાખ રૂપિયા પડાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મહિલાની સતર્કતાને કારણે તે છેતરપિંડીનો ભોગ બનતાં બચી ગઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીએ સોમવારે બાન્દ્રામાં રહેતી ૩૦ વર્ષની મહિલા વકીલને ફોન કર્યો હતો અને તે જે પાર્સલ ઈરાન મોકલવાની હતી તેમાં સિન્થેટિક ડ્રગ એલએસડી હોવાનું કહ્યું હતું.

આરોપીએ મહિલાને કહ્યું હતું કે તેઓ પ્રતિષ્ઠિત લૉજિસ્ટિક કંપનીના પ્રતિનિધિ છે અને પાર્સલમાં ડ્રગ હોવાનું શોધી કાઢ્યું હોવાથી અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. મહિલા સામે એફઆઈઆર નોંધવામાં આવ્યો હોવાની જાણકારી આપી આરોપીએ કેસ દબાવી દેવા માટે આધાર અને પેન કાર્ડની વિગતો આપવાનું કહ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીએ બાદમાં કૉલ ટ્રાન્સફર કરવાનું નાટક કર્યું હતું. સામે છેડેથી વાત કરનારા બીજા શખસે પોતાની ઓળખ સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે આપી હતી. મુશ્કેલીમાંથી બચવું હોય તો બૅન્ક ખાતામાં ૮૦ લાખ રૂપિયાનો ચેક ડિપોઝિટ કરવાનું કહીને આરોપીએ એક બૅન્ક એકાઉન્ટ નંબર પણ આપ્યો હતો. આ બધો વ્યવહાર અધિકૃત હોવાનું દર્શાવવા આરોપીએ મહિલાને એગ્રિમેન્ટ કૉપી પણ મોકલાવી હતી. (પીટીઆઈ) ■

# પત્નીને 'સેકન્ડ હેન્ડ' કહેનારા પતિને, ૩ કરોડ દંડ અને મહિને ૧.૫ લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ

મુંબઈ: હનીમૂન પર પત્નીને 'સેકન્ડ હેન્ડ' કહેવી પતિ માટે મોંઘી સાબિત થઈ. હવે પતિએ પીડિત પત્નીને ૩ કરોડ રૂપિયાનું વળતર ચૂકવવું પડશે. ઉપરાંત પતિ તેની પીડિત પત્નીને દર મહિને ૧.૫ લાખ રૂપિયાનું ભરણપોષણ ભથ્થું પણ આપશે.

પીડિતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, બંનેના લગ્ન ૧૯૯૪માં થયા હતા. બંને હનીમૂન માટે નેપાળ ગયાં હતાં. આ દરમિયાન તેના પતિએ તેને 'સેકન્ડ હેન્ડ' કહી. પીડિતાની અગાઉની સગાઈ તૂટી ગઈ હતી. પીડિતાએ જણાવ્યું કે બાદમાં બંને પતિ-પત્ની અમેરિકા ગયાં હતાં. થોડા દિવસો પછી, આરોપી પતિએ પીડિતા પર મારપીટ કરવાનું શરૂ કર્યું. તેના ચારિત્ર્ય પર શંકા કરવા લાગ્યો અને ખોટા આરોપો લગાવવા લાગ્યો. દરમિયાન, બંને પતિ-પત્ની ૨૦૦૫માં મુંબઈ પરત ફર્યા અને સંયુક્ત માલિકીના મકાનમાં રહેવા લાગ્યા. વર્ષ ૨૦૦૮માં પત્ની તેની માતા સાથે રહેવા તેના પિયરે જતી રહી. વર્ષ ૨૦૧૪ માં, પતિ ફરીથી અમેરિકા ગયો. નિરાશ થઈને પીડિતાએ ૨૦૧૭માં મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. પીડિતા દ્વારા કરવામાં આવેલા આરોપોને તેની માતા, ભાઈ અને કાકાએ કોર્ટમાં સમર્થન આપ્યું હતું. કોર્ટે સ્વીકાર્યું કે પીડિતા ઘરેલુ હિંસાનો શિકાર હતી. જાન્યુઆરી ૨૦૨૩માં, કોર્ટે આરોપી પતિને વળતર તરીકે ૩ કરોડ ચૂકવવા, દાદરમાં ઘર શોધવા, વૈકલ્પિક રીતે ઘર માટે ૭૫ હજાર અને દર મહિને ૧.૫ લાખનું જાળવણી ભથ્થું આપવાનો આદેશ આપ્યો હતો.

ટ્રાયલ કોર્ટના આ આદેશ સામે આરોપી પતિએ હાઈ કોર્ટમાં રિવિઝન અરજી કરી હતી. હવે બોમ્બે હાઈ કોર્ટે ટ્રાયલ કોર્ટના આદેશને યથાવત રાખ્યો છે જેમાં તેણે પીડિત પત્નીને ૩ કરોડનું વળતર અને રૂ. ૧.૫ લાખનું ભરણપોષણ આપવાનો નિર્દેશ આપ્યો હતો. ■



# ક્લાસિફાઈડ

## ૪. ધાર્મીક સંબંધી

■ કથા, રાંદલ, લગ્ન, વાસ્તુ, મરન વિધિ માટે ફોન કરો - 9820718979. (બી-૧૪૦૩૩)

## ૧૪. નોકરી ખાલી છે

**''અદ્ભુત કમાણી''**

ભારતીય ગ્લોબલ ડાયરેક્ટ સેલિંગ કંપનીનાં, ક્રાંતિકારી ૩૦૦ રેડી પ્રોડક્ટસનું, પ્રમોશન/ભલામણનું કામકાજ, વગર રોકાણે, ઘરેથી, પાર્ટટાઈમમાં, મોબાઈલથી કરીને, આપના ઘરખર્ચમાં બચત, પરિવારની તંદુરસ્તી અને સાઈડમાં અદ્ભુત કમાણીનો લાભ લેવા, મહેનતુ મહિલાઓ, ભાઈઓ, વડીલો, ગૃહિણી કોલેજીયન, હેલ્થ મેનેજરો, બ્યુટીશીઅન. સંપર્કો. મુંબઈ, પુણે, વિરાર, વાપી, વલસાડ, સુરત, દુબઈ, આફ્રિકા, ગુજરાત. Whatsapp: 9158333250. (૧૪૨૯૬-એ)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે વેસ્ટ**

**એસ. વી. રોડ, લીવલાયસન્સથી 1600' અને 663' ફુલ્લી ફરનીશ્ડ ઓફિસ. એજન્ટ: અશ્વિન મર્ચન્ટ 9819874515. (એસડીબી-૧૮૨૧)**

## ૩૩. ધંધાદારી

**ડિસ્ટ્રીબ્યુટર - (દુકાન)**

મુંબઈના દરેક પરામાં સીંગ/ તલ/ કોપરેલ/ રાઈ/ એરંડીયું/ બદામ સનફલાવર કચ્છીધાણીનું (ફિલ્ટર વગરનું કોલ પ્રેસ) તેલ માટે નીમવાના. રવજીભાઈ 9820000473, શૈલેશ 9327755577. (૧૪૨૭૬-એ)

■ દર મહિને 6% -7% કમાઓ. પોતાના ટ્રેડિંગ એકાઉન્ટમાં પારદર્શક વ્યવહાર, અનુભવી બિઝનેસ પ્રોફેશનલ ટીમ ડેમો ફ્રી. ડૂ પ્રાયિમ- 9768546546. (બી-૧૩૯૫૮)

**મોટી કમાણી ઘેર બેઠાં**

૧ થી ૨ કલાક કામ કરી કમાઓ. પ્રખ્યાત કંપનીનાં લે-વેચની ટ્રેનીંગ આપશું. સંપર્ક: 9820112323. (૧૪૩૦૯/એ)

**GIFTS/STATIONERY PURses, Batwas, Diyas, Candles, Show Pieces, Envelopes, Sattin Ribbons etc. Contact Mihir Jhaveri 9322590819. (B-14022)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 /9821195720 (કાંદિવલી). (૧૪૨૨૨-સી)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૪૨૭૮-સી)

## ૫૨. કુરીઅર્સ

**એડવ્યુસીસી પ્રા. લિ.**

આંતરરાષ્ટ્રીય પાર્સલ સર્વિસ યુએઈ, યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા માટે ભરોસા પાત્ર, વ્યાજબી સર્વિસ 9892323723 / 02242764276. (બી-૧૪૦૩૧)

**ફોરેન પાર્સલ**

લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વાસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# છેલ્લા પાનાનું ચાલુ

## સાયન બ્રિજ તોડવાનું

દરમિયાન ચોમાસાનું આગમન થઈ જશે અને એ દરમિયાન કોઈ ડિમોલીશનનું કામ કરવામાં આવશે નહીં. એટલે હવે સાયન પુલનું કામ દિવાળી સુધી ખેંચાઈ જવાની શક્યતા છે.

મધ્ય રેલવેની પાંચમી અને છઠ્ઠી લાઈનનું કામ તેમ જ સાયન પુલ અત્યંત જૂનો હોવાથી તેને તોડી પાડીને નવો પુલ બાંધવામાં આવવાનો છે. મધ્ય રેલવે અને મુંબઈ મહાનગરપાલિકા સંયુક્ત રીતે આ કામ કરવાની છે. પુલને તોડી પાડવાનું કામ ગુરુવાર, ૨૮ માર્ચથી કરવામાં આવવાનું હતું, પરંતુ ફરી એક વખત તેને મોકુફ રાખવામાં આવ્યું છે. આ અગાઉ ૨૦ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ પુલને તોડી પાડવાનું કામ હાથમાં લેવામાં આવવાનું હતું. પરંતુ સ્થાનિક નાગરિકોને વિરોધને પગલે કામને આગળ ઢકેલવામાં આવ્યું હતું. ત્યારબાદ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ કામ ચાલુ કરવામાં આવશે એવું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ બોર્ડની પરીક્ષા હોવાનું કારણ આગળ કરીને નવેસરથી ૨૮ માર્ચની તારીખ જાહેર કરવામાં આવી હતી. જોકે હવે ૨૮ માર્ચની તારીખ પણ આગળ ઢકેલવામાં આવી છે.

રેલવે દ્વારા પુલને તોડી પાડવાનું કામ અનિશ્ચત સમય માટે આગળ ઢકેલવા પાછળ જોકે અંદરખાને એવું ચર્ચાઈ રહ્યું છે કે પુલ બંધ કરવાને કારણે સ્થાનિક નાગરિકોને ભારે હાલાકી વેઠવી પડવાની છે. ત્યારે આગામી દિવસમાં લોકસભાની ચૂંટણી હોવાથી પુલ બંધ કરવાને કારણે સ્થાનિક નાગરિકોની નારાજગીનો ભોગ લોકસભાની ચૂંટણીમાં સ્થાનિક ઉમેદવારને પડી શકે છે અને તેને કારણે જ રાજકીય સ્તરે આવેલા દબાણને કારણે રેલવેએ પુલને તોડી પાડવાનું હાલ પૂરતું મોકૂફ રાખ્યું છે.

## મોદી, યોગી અને શાહ

પક્ષો માટે આવશ્યક છે અને તેટલા માટે જ પ્રચાર માટે પણ મહારાષ્ટ્રમાં કોઇપણ પ્રકારની બાંધછોડ કરવા માગતું નથી. એટલે જ વડા પ્રધાન અને કેન્દ્રીય ગૃહ પ્રધાન ઉપરાંત પ્રખર હિંદુત્વનો ચહેરો મનાતા યોગી આદિત્યનાથ જેવા નેતાઓને મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર માટે લાવવાની તૈયારી ભાજપની છે.

આ ઉપરાંત ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા, સંરક્ષણ ખાતાના પ્રધાન રાજનાથ સિંહ, નીતિન ગડકરી જેવા નેતાઓ પણ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર કરશે. એમાં પણ તમિલનાડુના ભાજપ અધ્યક્ષ કે.અન્નામલાઇ પણ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર માટે આવશે.

## મોટો રાજકીય ભૂકંપ

બહુજન આઘાડી અને મહાવિકાસ આઘાડી વચ્ચે શું થયું? જોકે આ તેમની આંતરિક સમસ્યા છે અને મારે તેમાં કંઇ બોલવું નથી, એમ કહી ફડણવીસે વિપક્ષની ટીકા કરી હતી. ઉદ્ધવ ઠાકરેની ટીકા કરતા તેમણે કહ્યું હતું કે અમે ઉદ્ધવ ઠાકરેનો અનુભવ અનેક વર્ષો સુધી લીધો છે. અમને તેમની આદત છે. કૉંગ્રેસે તેમની સાથે રહેવું હોય તો તેમણે પણ આદત લગાવવી પડશે. કારણ કે તેઓ આ જ રીતનું વર્તન કરે છે.

## પાઘડી ભાડૂતોનો

હતી કે અમે સરકારને આ મુકદ્દમાનો જોરદાર બચાવ કરવા અને રેન્ટ કંટ્રોલ એક્ટને યથાવત રાખવાની ખાતરી આપીશું.''

મૂળ ભાડૂતો દ્વારા પ્રવર્તમાન બજાર દરો પર ચૂકવાતી પાઘડીની રકમને અવગણીને, મકાનમાલિકો મહારાષ્ટ્ર રેન્ટ કંટ્રોલ એક્ટ હેઠળ ભાડા નિયમનમાં રાજ્ય સરકારની સત્તા સામે લડવા માટે મિલકતના તેમના બંધારણીય અધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. તેઓએ ૧૯૮૬ના મ્હાડા કાયદાને પણ પડકાર્યો છે જે ૧૦૦ મહિનાના ભાડાની સમકક્ષ એક સામટી રકમ સાથે મકાનમાલિકોને વળતર આપીને ૧૯૪૦ પહેલાની ઉપકરવાળી ઇમારતોના સંપાદનની પરવાનગી આપે છે. આ મામલાની તાકીદ હોવા છતાં, મહારાષ્ટ્ર સરકારે હજુ સુધી આ કેસમાં તેની રજૂઆતો દાખલ કરવાની બાકી છે, જેની અંતિમ તારીખ ૪ ડિસેમ્બર, ૨૦૨૩ હતી. ૨૦ ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ સુપ્રીમ કોર્ટે નવ ન્યાયાધીશોની બેન્ચની સ્થાપના કરવાનો નિર્ણય લીધો ત્યારથી, પ્રયાસો ચાલુ છે. ઉપકરવાળી ઇમારતો અને મહારાષ્ટ્ર ભાડા નિયંત્રણ અધિનિયમ અંગેના પોતાના જ કાયદાકીય પગલાંનો બચાવ કરવા માટે સરકારને સમજાવવા માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.

પાઘડી ટેનન્ટ્સ એક્શન કમિટીનું પ્રતિનિધિત્વ કરી રહેલા એડવોકેટ પ્રેરક ચૌધરીએ જણાવ્યું હતું કે,રાજ્ય મુખ્ય પ્રતિવાદી હોવાથી, અમે તેને સર્વોચ્ચ અદાલતને પ્રભાવિત કરવા પગલાં લેવા વિનંતી કરીએ છીએ કે કાયદો બંધારણના માળખામાં છે. ભાડા નિયંત્રણ કાયદાથી ૩૦ લાખથી વધુ લોકો પ્રભાવિત છે, જેમાંથી મોટાભાગના લોકોએ પાઘડી ચૂકવી છે. જમીનમાલિકો પાઘડીની હકીકતને નકારે તે વાજબી નથી. અમને વિશ્વાસ છે કે રાજ્ય સરકાર તેનું કામ કરશે.

## દંડ વસૂલી બાંધકામ

માટે કે પછી તેના પર ગેરકાયદે બાંધકામ કરવું એ માથાના દુખાવા સમાન બની ગયું હોવાનું માત્ર નવી મુંબઈમાં જ નહીં, પણ રાજ્યના તમામ મહાપાલિકાનું બની ગયું છે. ગેરકાયદે બાંધકામ પર નજર રાખવા માટે ડિજિટલી તૈયારી રાખવી જોઇએ, એવું હાઈ કોર્ટની ખંડપીઠે જણાવ્યું હતું. અરજીકર્તાએ કયા અધિકાર હેઠળ અરજી કરી હતી એ સ્પષ્ટ ન કરતાં ખંડપીઠે સુઓમોટો કરી હતી.

સંબંધિત સોસાયટીમાં ૨૯ ફ્લેટ પૈકી ૨૩ ફ્લેટ વેચાઈ ગયા હોઈ પાંચ ફ્લેટ ખાલી પડ્યા હતા. હાઈ કોર્ટે તમામ ફ્લેટધારકોને નોટિસ મોકલાવી હતી અને ફ્લેટધારકોનું શું કહેવું છે એ સાંભળ્યું હતું, પણ હાઈ કોર્ટે તેઓને કોઇ પણ રાહત આપવાની સાફ ના પાડી દીધી હતી.

## ફ્લેટ ખાલી કરો અને બિલ્ડિંગ જમીનદોસ્ત કરો

ગેરકાયદે બાંધકામ કર્યું હોય કે પછી પરવાનગી નકારવામાં આવ્યા બાદ બાંધકામને નિયમિત કરવા માટે પરવાનગી માગી શકાય નહીં, એવું પણ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું. આ પ્રકરણે આખું બાંધકામ ગેરકાયદે છે. ફ્લેટધારકોને નોટિસ મોકલાવીને તેઓને છ અઠવાડિયાંમાં ફ્લેટ ખાલી કરવા માટેનો આદેશ આપવામાં આવ્યો હતો. ફ્લેટ ખાલી થયા બાદ બે અઠવાડિયાંમાં બિલ્ડિંગ ખાલી કરવાનો આદેશ હાઈ કોર્ટે પાલિકાને આપ્યો હતો.

## શિવાજી પાર્કમાં

યોજવાની પરવાનગી માટે મહાનગરપાલિકાના ઉત્તર વિભાગમાં અરજી કરી છે. સંબંધિત વિભાગના અધિકારીઓએ પણ આ વાતની પુષ્ટિ કરી હતી પરંતુ તારીખો વિશે વિગતો આપવાનો ઇનકાર કર્યો હતો. અધિકારીઓએ એ પણ સ્પષ્ટ કર્યું કે તમામ અરજીઓ રાજ્ય સરકાર અને ચૂંટણી પંચને મંજૂરી માટે મોકલવામાં આવશે.

શિવસેનાના ઠાકરે જૂથ અને મનસેએ એક જ દિવસે એટલે કે ૧૭ મેના રોજ બેઠક માટે અરજી કરી છે. જેથી હવે આ તારીખે કોને પરવાનગી મળશે તેના પર વિવાદ થવાના સંકેત દેખાઈ રહ્યા છે. બીજી તરફ, પક્ષોએ અન્ય તારીખો માટે પણ લાઇન લગાવી દીધી છે. શિંદે જૂથે ૧૬, ૧૯, ૨૧ એપ્રિલ અને ૩, ૫ અને ૭ મેના રોજ બેઠક યોજવા માટે અરજી કરી છે. અજિત પવાર જૂથે ૨૨, ૨૪, ૨૭ એપ્રિલે અને ભાજપે ૨૩, ૨૬, ૨૮ એપ્રિલે મેદાનમાં ઉતરવાની વિનંતી કરી છે.

## માત્ર ૫૦ ટકા

તેને કારણે પાલિકાની રેવેન્યુ કલેકશનમાં મોટો ઘટાડો રહ્યો છે. પાલિકાએ ૧૯ માર્ચ, ૨૦૨૪ સુધીમાં પ્રોપર્ટી ટેક્સના માત્ર ૧,૫૨૨ કરોડ રૂપિયા જ વસૂલ કર્યા હતા. તેથી પ્રોપર્ટી ટેક્સનો લક્ષ્યાંક પૂરો કરવા માટે કર ચૂકવણી અને વસૂલી ખાતાના અધિકારીઓને સાપ્તાહિક રજાના દિવસે પણ કામે લગાડવામાં આવ્યા છે. પ્રોપર્ટી ટેક્સ નહીં ભરનારા ડિફોલ્ટરોને રોજની રોજ નોટિસ મોકલવાની સાથે જ શુક્રવારના પબ્લિક હોલિડે સહિત શનિવાર અને રવિવારી જાહેર રજાના દિવસે પણ નાગરિકો પ્રોપર્ટી ટેક્સ ભરી શકે તે માટે પોતાના નાગરી સુવિધા કેન્દ્રને સવારના આઠ વાગ્યાથી મોડી રાતના ૧૨ વાગ્યા સુધી ચાલુ રાખ્યા છે.

બે અઠવાડિયા પહેલા પાલિકાએ ૧૪૨ ડિફોલ્ટરો તેમના ટેક્સ ભરવાની સૂચના આપી હતી. તો અગ્રણી રિયલ એસ્ટેટ ડેવલપર અને કોર્પોરેટ હાઉસ સહિત ટોચના ૧૦ ડિફોલ્ટરોની યાદી પણ પાલિકા દ્વારા બહાર પાડવામાં આવી હતી. તે પછી તેમાંથી અમુક ડિફોલ્ટરોએ બાકી રહેલી રકમ ભરવાનું વચન આપ્યું હતું. ડિફોલ્ટરો ચૂકવણી કરશે નહીં તો તેમની મિલકત સીલ કરવા સહિતની આકરી કાર્યવાહી કરવાની ચીમકી પણ પાલિકાએ આપી છે.

## ખીચડી કૌભાંડ

જમા કરવામાં આવી હોવાનો આરોપ છે. હાલમાં જ ઉદ્ધવ જૂથની શિવસેનાએ ઉત્તર-પશ્ચિમ મુંબઈની બેઠક ઉપરથી અમોલ કીર્તિકરને ઉમેદવાર જાહેર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે આ બેઠક ઉપરથી હાલ સાંસદ રહેલા અમોક કીર્તિકરના પિતા ગજાનન કીર્તિકર શિવસેનામાં તિરાડ પડી ત્યાર બાદ એકનાથ શિંદે જૂથમાં જોડાયા હતા. જોકે, અમોલ કીર્તિકરે પિતાના પગલે ચાલીને શિંદે જૂથમાં સામેલ થવાના બદલે ઉદ્ધવ ઠાકરે જૂથમાં રહેવાનું પસંદ કર્યું હતું. જેને પગલે તેમને ઉદ્ધવ ઠાકરેએ ઉમેદવારી પણ આપી હતી.

જોકે, ચૂંટણી બારણે છે ત્યારે ખીચડી કૌભાંડમાં કીર્તીકરનું નામ આવતા તેમની મુશ્કેલી વધી છે. હાલમાં જ ઇડીએ ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના સચિવ સૂરજ ચવ્હાણ વિરુદ્ધ આ કૌભાંડ મામલે ચાર્જશીટ દાખલ કરી હતી. ચવ્હાણ ઉદ્ધવના પુત્ર આદિત્ય ઠાકરેના ખૂબ જ નજીકના હોવાનું માનવામાં આવે છે. આ કૌભાંડ કોરોનાકાળ દરમિયાન આચરવામાં આવ્યું હોવાનો આરોપ છે. કોરાનાકાળમાં લૉકડાઉન દરમિયાન પાલિકાએ ગરીબો અને પરપ્રાંતીય મજૂરો માટે ખીચડી વિતરણની શરૂઆત કરી હતી અને તે માટે અમુક કોન્ટ્રાક્ટરો નિમ્યા હતા. આ કોન્ટ્રેક્ટરોએ પાલિકા અધિકારીઓ સાથે સાંઠગાંઠ કરીને મૂળ રકમ કરતાં વધુ રકમના બિલ બનાવીને કૌભાંડ આચર્યું હોવાનું ઇડીનું માનવું છે. આ કૌભાંડની અમુક રકમ કીર્તિકરના એકાઉન્ટમાં જમા કરવામાં આવી હોવાના કારણે તે પણ આ કૌભાંડમાં સામેલ હોવાનો ઇડીનો આરોપ છે.

## ઉમેદવારોએ

સહિત ઢોલ-નગારાનો ઉપયોગ પણ થાય છે. એટલા માટે જ ચૂંટણી પંચે તમામ વસ્તુની કિંમત નક્કી કરી છે. આ ઉપરાંત, ઉમેદવારો તરફથી રથ પણ ઉપયોગમાં લેવાય છે. ચૂંટણી પંચે રથના ભાડામાં બે કલાકના ૧૫,૫૫૦ અને ત્રણ કલાકના ૨૨,૦૦૦ રૂપિયા નક્કી કર્યા છે. આ પ્રમાણે જ ઢોલ અને તાશાના પણ ભાવ આપવામાં આવ્યા છે.

ચૂંટણી લડી રહેલા તમામ ઉમેદવારે પોત-પોતાનો ખર્ચ પંચ દ્વારા નક્કી કરાયેલી કિંમત અનુસાર ડાયરીમાં લખવા પડશે. આ વખતે રેલીઓમાં ઉપયોગમાં લેવાતા ઝંડાની કિંમત સાઈઝના આધારે નક્કી કરવામાં આવી છે. કપડાંનો નાનો ઝંડો સાત રૂપિયા, સિલ્ક ઝંડો ૪૦ રૂપિયા, જમ્બો ઝંડો ૭૦ રૂપિયા અને બિગ જંબો ઝંડાની કિંમત ૨૬૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે.

## એપ્રિલ મહારાષ્ટ્રના

થઇ હતી. એ સમયે નાર્વેકર સમક્ષ રજૂ કરવામાં આવેલા મૂળ દસ્તાવેજને માગવામાં આવ્યા હતા અને આગળની સુનાવણી ૮મી એપ્રિલના રોજ મોકૂફ રાખવામાં આવી હતી. આ પ્રકરણની સુનાવણી મુંબઈ હાઈ કોર્ટમાં થવી જોઇએ કે પછી સુપ્રીમ કોર્ટમાં એને ખુલ્લો રાખવામાં આવ્યો છે.

## કઈ સુનાવણી ક્યારે

૧૯મી એપ્રિલે શિવસેના પક્ષ અને ચિહ્ન પર સુનાવણી હાથ ધરાશે. ચૂંટણી પંચે શિવસેનાના નામ અને ચિહ્ન અંગે આપેલા ચુકાદાને પડકારતી અરજી પર ખંડપીઠ સમક્ષ ૧૯મી એપ્રિલના રોજ સુનાવણી હાથ ધરવામાં આવશે. ૧૬મી એપ્રિલના રોજ ઓબીસી આરક્ષણ માટે સુનાવણી હાથ ધરવામાં આવશે અને ૧લી એપ્રિલ બાદ નવનીત રાણા કાસ્ટ સર્ટિફિકેટ પ્રકરણે સુનાવણી હાથ ધરવામાં આવશે. ૮મી એપ્રિલના રોજ વિધાનસભ્ય અપાત્રતા પ્રકરણની સુનાવણી હાથ ધરવામાં આવશે.

## શરદ પવાર જૂથને સ્પષ્ટીકરણ માગવાની તક

સુપ્રીમ કોર્ટે એનસીપીના અજિત પવાર જૂથ તરફથી લેખિતમાં ખાતરી માગ્યા પછી પણ ચૂંટણીપ્રચારમાં શરદ પવારનો ફોટો અને તેમના નામનો ઉપયોગ કરવામાં આવતો હોવાને કારણે કોર્ટના આદેશનું ઉલ્લંઘન અને અપમાન કરવા બદલ શરદ પવાર જૂથને ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ કે.વી. વિશ્વનાથનની ખંડપીઠે પાસે સ્પષ્ટીકરણ માગવામાં આવશે.

# હિન્દુ મરણ

**સુરતી દશા પોરવાડ વણિક જ્ઞાતિ**

જુહુ સ્કીમ, વિલેપાર્લા નિવાસી, હર્ષા મહેતા (ઉં. વ. ૮૪) ૨૪-૩-૨૪ ને રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. સનતબેન તથા સ્વ. મંગલદાસભાઈના પુત્રવધૂ. સ્વ. મયંકભાઈના પત્નિ. હેમાબેન, કમલભાઈ તથા સ્વ. ચિત્તરંજનભાઈના બહેન. ઈલાબેનના ભાભી. કૌશલ, જનક, યયાતિ, નિયતિના માતુશ્રી. અમિતા, પૂર્વી, શાંભવી, પ્રયાગના સાસુ. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, ૨૯-૩-૨૪ના વિશ્વેશ્વર ભવન, પહેલે માળે, સાયન્સ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લા (વેસ્ટ.), ૫થી ૭.

**કચ્છી લોહાણા**

સ્વ. જમનાબેન પ્રેમજી અનમ (કચ્છ ગામ કોરીયાણી, હાલ મુલુન્ડ)ના પુત્રવધૂ. તે સ્વ. ભરતભાઈ પ્રેમજી અનમના ધર્મપત્ની ગં.સ્વ. રંજનબેન (ઉં. વ. ૬૨) ૨૦-૩-૨૪, બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. લક્ષ્મીદાસ રણછોડદાસ સોચર (ગામ નારાયણ સરોવર)ના પુત્રી. દિપાલી શૈલેષભાઈ દૈયા, અમિતના માતુશ્રી. હેમ અને મહેકના નાનીમા. વલભજી લાલજી ગામ કોરીયાણીના નાના ભાઈના પુત્રવધૂ. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સૂરતવાળા, હાલ મુંબઈ, શશીકાંત રતિલાલ મહેતા (ઉં. વ. ૯૩) તે સ્વ. સાવિત્રીના પતિ. અ.સૌ. વિભૂતિ હરેન્દ્ર નાયાણી, અ.સૌ. છાયા મુકેશ શાહ, ઉદય-જાગૃતિના પિતા. અ.સૌ. શ્વેતા મયુર ગોરડિયા, ચિ. અદિતી, અ.સૌ. રિધ્ધિ ધ્રુવ ઠક્કર, અ.સૌ. પ્રાચી હાર્દિક દેસાઈ, અ.સૌ. હેમાંશી ધવલ સાંગાણીના દાદા. સ્વ. ચંદ્રભાગાબેન શાંતિલાલ દોશી, સ્વ. પુષ્પાબેન મહેન્દ્ર જવેરીના ભાઈ તથા ડેડાણવાળા સ્વ. જેરામભાઈ વચ્છરાજ મહેતાના જમાઈ ૨૬-૩-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી દશા દિશાવળ વણિક જ્ઞાતિ**

હાથબ નિવાસી, હાલ ભાયંદર, સ્વ. રાજારામ શ્રોફના પુત્ર ગુણવંતરાય શ્રોફ (ઉં. વ. ૮૪) તે સ્વ. ગીતાબેનના પતિ. તે સૌ. નીલિમા રાકેશ ગાંધી, સ્વ. આરતી હિતેષ મહેતા, સૌ. બીના રાકેશ પારેખ, સૌ. વિણા પરેશ દામાણીના પિતા તથા સ્વ. લક્ષ્મીદાસ પિતાંબરદાસ પારેખના જમાઈ. સોમવાર, ૨૫-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની સાદડી ગુરુવાર, ૨૮-૩-૨૪ના ૪થી ૬. સ્થળ: દેવ વાટિકા હોલ, ૬૦ ફીટ રોડ, ભાયંદર (વે.)

**ઇડર દરજી સમાજ**

મૂળ ગામ સદાતપુરા (હાલ મલાડ) સ્વ. ઇશ્વરલાલ કસ્તુરભાઈ પરમારના ધર્મપત્ની ગં. સ્વ. ડાહીબેન ઈશ્વરલાલ પરમાર (ઉં. વ. ૯૦) તા. ૨૨-૩-૨૪ના શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે જયંતિભાઈ, ગુણવંતભાઈ, મીનાબેન, ભાવનાબેનના માતુશ્રી. તે કપિલાબેન, કોકિલાબેન, મનોજકુમાર, જયેશકુમારના સાસુ. તે મિત્તલ, ધર્મેશ, નીલ, શીતલ, રિંકુ, ટીના, પાયલ, રેશમા, પીહુ, ભૂમિકા, યશસ્વી, કુશના દાદી. પિયર પક્ષે ગુલાબચંદ (બરવાવ)ના દિકરી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૩૧-૩-૨૪ના ૨-૩ કલાકે સ્વામીનારાયણ અક્ષરધામ કોમ્પલેક્સ, નિલગીરી એપાર્ટમેન્ટની બાજુમાં, રિધ્ધિ-સિધ્ધિ ગણપતિ મંદિરની સામે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**ક્ષત્રિય દરબાર**

ગામ પંચાસર હાલ મુંબઈ નિવાસી અર્જૂનસિંહ ઝાલા (ઉં. વ. ૪૭) તા. ૨૬-૩-૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. દેવકુંવરબા લખુભા મોડજી ઝાલાના પુત્ર. તે જાગૃતિબાના પતિ. તે આદિત્ય, પ્રિતીકાના પિતાશ્રી. તે કૃષ્ણસિંહ, રઘુવીરસિંહના ભાઈ. તે ખુશ્બુ, હર્ષિતા, દિલીપ, ધ્રીતીના કાકા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૮-૩-૨૪ના ૫ થી ૭. સ્થળ: મુક્તિ કમલ હોલ, બીજે માળે, જૈન મંદિરની બાજુમાં, દહિસર (વેસ્ટ).

**વ્યારા વિશા લાડ વણિક**

મુંબઈ નિવાસી સ્વ. કિરીટભાઈ શાહ (ઉં. વ. ૭૮) તા. ૨૬-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. લીલાવતીબેન તથા સ્વ. ઝીણાભાઈ ગીરધરદાસ શાહના સુપુત્ર. તે સ્વ. વીરબાળાબેન તથા સ્વ. ચીમનલાલ નેજાવાલાના જમાઈ. તે સ્વ. રંજનબેનના પતિ. તે ઝરણાં અને કૃણાલના પિતાશ્રી. તે નિરેનના સસરા. તે મિહિરના નાના. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

પાનસડા નિવાસી હાલ કલ્યાણના સ્વ. રસિકભાઈ કાનજીભાઈ ચોલેરા તથા સ્વ. નલિનીબેન ચોલેરાના પુત્ર સમીર (ઉં. વ. ૪૬) ૨૪-૩-૨૪ના શ્રીચરણ પામ્યા છે. તે વૈશાલીના પતિ. તે ખુશીના પિતા. તે સ્વ. ભગવાનભાઈ, મગનભાઈના ભત્રીજા. તે દિનેશભાઈ ડાહ્યાલાલ મીરાણીના જમાઈ. તે મનીષાબેન પરેશ તન્ના, તે ભૂપતભાઈ, ગિરીશભાઈ, મનોજભાઈના ભાઈ. તેમની પ્રાર્થનાસભા ૨૮-૩-૨૪ના ૪ થી ૬, જલારામ હોલ, મહાજનવાડી, આગરા રોડ, કલ્યાણ-વેસ્ટમાં. લૌકિક પ્રથા બંધ છે.

**શ્રીમાળી સોની**

જામનગર નિવાસી, હાલ કાંદિવલી દિનેશભાઈ પારેખ (ઉં. વ. ૬૬). તે કલ્પનાબેનના પતિ. તે ગૌ.વા. રૂક્ષ્મણીબેન તથા ગૌ.વા. કાંતિલાલ લાલજીભાઈ પારેખના પુત્ર. તે વલ્લભદાસ પુરુષોત્તમદાસ ગુસાણીના જમાઈ. તે પ્રવિણભાઈ (મનુભાઈ), ભરતભાઈ, અ.સૌ. નયનાબેન પ્રકાશભાઈ સોની તથા અ.સૌ. ઈલાબેન વસંતભાઈ લાઠીગરાના ભાઈ. તે અ.સૌ. દક્ષાબેનના દિયર તથા અ.સૌ. રાધિકાબેનના જેઠ શુક્રવાર, ૨૨-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૮-૩-૨૪ ને ગુરુવારે ૫થી ૭. સ્થળ: લોહાણા મહાજન વાડી, પહેલા માળે, સ્વામી વિવેકાનંદ રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી (પશ્ચિમ).

**કપોળ**

ભાવનગરવાળા હાલ મુંબઈ નિવાસી સ્વ. લક્ષ્મીદાસ ભાણજી સંઘવીના પુત્ર સ્વ. રામદાસભાઈના ધર્મપત્ની ગં.સ્વ. ધ્રુમનબેન (ભાનુબેન ઉં.વ. ૮૬) તા. ૨૬.૩.૨૪ના મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. પૂર્ણિમા-આશિત પટેલ, બિંદુ, આકાંશા-દિવ્યાંગ શ્રોફના માતુશ્રી. તુલસીદાસ, સ્વ.કુસુમબેન, સ્વ.મધુબેન, કિસનદાસ, ભારતી, ઇંદુ, અરુણા, ગિરીશના બેન. મહુવાવાળા સ્વ. કમળાબેન કેશુરદાસ બાલુભાઇ પારેખના દીકરી. મોસાળપક્ષ સ્વ.જયંતીલાલ, સ્વ.અમરશીભાઇ, સ્વ. વ્રજલાલ દેવીદાસ પારેખના ભાણેજ. પ્રાર્થનાસભા તા. ૨૯.૩.૨૪ના શુક્રવાર ૫ થી ૭. સેવાસદન સોસાયટી, મલબારી હોલ, ગામદેવી પોલીસ સ્ટેશનની બાજુમાં, ગ્રાન્ટ રોડ (વેસ્ટ).

**નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ**

સ્વ. પુષ્પાબેન પ્રવિણચંદ્ર ભટ્ટ (ઉં.વ. ૭૫) તે ઘૂડિયા આગરીયા હાલ કાંદિવલી સંજય, સચિન, હિના અશોક ઓઝા, વર્ષા પ્રદીપ ઓઝાના માતુશ્રી. રિટા તથા નિશાના સાસુ. શ્રુતિ, જાનકી, સાનવીના દાદી. કાશીબેન કરશનજી દામોદર ઓઝાના દીકરી, ૨૫/૩/૨૪ના કૈલાશવાસી થયેલ છે. પ્રાર્થનાસભા ૨૮/૩/૨૪ના ૫ થી ૭. વર્ધમાન સ્થા જૈન સંઘ, પારેખ લેન કોર્નર, એસ.વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી સઇ સુથાર**

ચુડા નિવાસી હાલ કાંદિવલી સ્વ. જેઠાલાલ કુંવરજી વાઘેલાના ધર્મપત્ની ગં.સ્વ. લીલાવતી (લીલીબેન) વાઘેલા (ઉં.વ. ૮૨) તે ૨૪/૩/૨૪ના રામશરણ પામેલ છે. તે ભરત, પરેશ, ચેતના, દિપાલીના માતુશ્રી. પારૂલ, મિત્તલ, રાજકુમાર તથા જીગરકુમારના સાસુ. નિષ્ઠા, સમર્થ, મિસરીના બા. કાંતિલાલ જગજીવનદાસ કપૂરીયા, નારાયણભાઈ, જયશ્રી કૃષ્ણકાંત પાટડીયા, પલવી શૈલેષ ગોહિલના બહેન. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૯/૩/૨૪ના ૪ થી ૬. વર્ધમાન સ્થા.જૈન સંઘ, (સર્વોદય હોલ), ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

ભાવનગરવાળા (હાલ બોરીવલી) સ્વ. પ્રતાપરાય શાંતિલાલ મહેતાના પુત્ર સ્વ. શૈલેષ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. નીલમ મહેતા (ઉં.વ. ૬૬) તે સ્વ. અમિત-કૃપાલી તથા કુણાલ-ઉન્નતિના માતા. જયશ્રી સંઘવી, સ્વ. રંજનબેન, નયના ભુવા, જ્યોતિ ભુતા તથા રાજેશના ભાભી. ડુંગરવાળા સ્વ. જયંતીલાલ રામજી વોરાના દીકરી. કવિતાના જેઠાણી. તા.૨૬/૦૩/૨૪ના બોરીવલી શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર તા.૨૯/૦૩/૨૪ના ૫ થી ૭. લોહાણા મહાજન વાડી, એસ. વી. રોડ, કાંદીવલી (વેસ્ટ).

**દશા સોરઠીયા વણિક**

જામનગર નિવાસી દિલીપકુમાર પ્રાણલાલ કુરજી સાંગાણી (ઉં.વ. ૭૦) તે સરલાબેનના પતિ. હરેશભાઈ, દિવ્યા, મધુ, બીના, નયનાના મોટાભાઈ. તે સ્વ. નિર્મલાબેન જેચંદભાઈ ગોપાલજી આનંદપરાના જમાઈ. તે સ્વ. સૂર્યકાંત, સ્વ. નવીન, રમેશ, કિશોર, ભરત, સ્વ. રમાબેન કનૈયાલાલ ગાદોયા, રશ્મી મેહુલ શાહ, ચેતના ભરતકુમાર ચુડાસમાના બનેવી. તા ૨૫/૩/૨૪ના સોમવાર શ્રીજીચરણ પામેલ છે. સાદડી તથા લૌકીક પ્રથા બંધ છે

**શ્રીમાળી બ્રાહ્મણ**

ઉષાબેન ત્રિવેદી (ઉં.વ. ૭૧) તે ૨૨.૩.૨૪ શુક્રવારના હૈદરાબાદ ખાતે કૈલાસવાસી થયા છે. નરેન્દ્રભાઈના ધર્મપત્ની. તે નિલાંગ, દીપેનના માતૃશ્રી. અંજલિ, અંકિતાના સાસુ. ચી. તિવિશાના દાદી. સ્વ. મધુબેન, ગં.સ્વ. માયાબેન, જયશ્રીબેન, ગીતાબેનના મોટાભાભી. પિયરપક્ષે સ્વ.પુષ્પાબેન જનકભાઈના મોટીદીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા પ્રજાપતિ કુંભાર**

કલ્યાણ નિવાસી અ.સૌ. લલીતાબેન (ઉં.વ. ૭૫) તા. ૨૬-૩-૨૪ને મંગળવારના રામશરણ પામ્યા છે. તે જગદીશભાઈ દેવરાજભાઈ ભરડવાનાં ધર્મપત્ની. તે સ્વ. રામજીભાઈ લક્ષ્મણભાઈ ડાભીના દીકરી. તે શૈલેષભાઈ, નયનાબેન રાઠોડ અને મનીષાબેન પનવેલકરના માતોશ્રી. તે દક્ષાબેન ભરડવા, હરેશભાઈ રાઠોડ અને સંજયભાઈ પનવેલકરનાં સાસુ. તે રાણાભાઈ, કિરણભાઈ ભરડવા, મથુરાબેન કંસારા, પ્રેમિલાબેન ચૂઘડિયા, બેબીબેન દીગેના ભાભી. તે પ્રાપ્તિ, યુતિ, પ્રિશ, ક્રિયાંશ, હંશિતનાં દાદી. પ્રાર્થનાસભા તા. ૨૮-૩-૨૪ ગુરૂવારના ૩.૦૦ થી ૫.૦૦. લોહાણા મહાજનવાડી હૉલ, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કલ્યાણ પશ્ચિમ.

**બાલાસિનોર દશા નિમા વણિક**

શ્રીકાન્ત કાંતિલાલ ધારીઆ (ઉં.વ. ૮૯), તે સ્નેહલતાના પતિ. રાહુલ, પ્રેરણા, પ્રશાંતના પિતા. પરેશકુમાર, બેલા, રૂપલના સસરા. રોહન, અર્પિતના દાદા. અંકિતના નાના. શનાયા, જયવીર, સુધાબેન, અજીતભાઇ, દિનેશભાઇ, નલિનભાઇના ભાઇ ૨૫-૩-૨૪ને સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૨૯-૩-૨૪ને શુક્રવારના ૫ થી ૭. ખડાયતા ભુવન, વિષ્ણુપ્રસાદ સોસાયટી, ૩૨, હનુમાન રોડ, વિલેપાર્લે ઇસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

ગામ આગલોડ (હાલ મુંબઈ દહીંસર) શ્રીમતી જાગૃતિ રાકેશ ભટ્ટ (ઉં.વ. ૫૮) તે રાકેશ રતિલાલ ભટ્ટના ધર્મપત્ની. વિરલના માતુશ્રી. અલ્કેશના ભાભી. અમીના જેઠાણી. પૂજા અને શિવાનીના મોટા મમ્મી. વીરબાળા અને લલીતચંદ દુર્ગાશંકર વ્યાસની દીકરી. તા. ૨૨.૩.૨૪ના રોજ દેવલોક પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૮.૩.૨૪ના રોજ રાખેલ છે. ૫.૦૦થી ૭.૦૦. મુક્તિ કમલ હોલ, જૈન દેરાસરની બાજુમાં, એલ. ટી. રોડ, દહીંસર રેલવે સ્ટેશન પાસે, દહીંસર પશ્ચિમ.

**હાલાઇ લોહાણા**

નરેન્દ્ર તન્ના (ઉં.વ. ૮૮) ૨૬મી માર્ચ ૨૦૨૪ ને મંગળવારના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. લક્ષ્મીબેન અને સ્વ. દેવકરણ તન્નાના પુત્ર. નીતાના પતિ. સોનલ અને રાજના પિતાશ્રી. રચનાના સસરા. ઇલિશા અને આર્યનના દાદા. સ્વ. કાંતાબેન વર્મા, સ્વ. ચંદ્રિકાબેન સાયતા, સ્વ. રમણીકભાઈ, ઈન્દિરાબેન કોટક, મીનાબેન ઘેલાણી, સ્વ. ગીરીશભાઈ, દમયંતીબેન માખેચા, નીનાબેન બેંકર, લીનાબેન ઠક્કરના ભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી ભાટીયા**

કચ્છ માંડવી, હાલ અમદાવાદ ગં.સ્વ. કમળાબેન ભગવાનદાસ આશર (ઉં.વ. ૮૬) તે સ્વ. કરશનદાસ નારાણદાસ કલવાણી તથા સ્વ. કાંતાબેન ગોંદિયાવાળાની સુપુત્રી. તે સ્વ. વલ્લભદાસ રણછોડદાસ તથા સ્વ. મેનાબેન આશર (કચરાણી) નાગપુરવાળાના પુત્રવધૂ. તે ભાઈ રાજેન્દ્ર, ચિ. મનિષ, અ.સૌ. સંધ્યા, ગં.સ્વ. ભાવનાના માતુશ્રી. અમદાવાદ ખાતે તા. ૨૬-૩-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય ગોરવાલ બ્રાહ્મણ**

ઝાડોલી નિવાસી, હાલ મુંબઈ ગં.સ્વ. નલિનીબેન વોરા (ઉં.વ. ૬૮) તા. ૨૬-૩-૨૪ના દેવલોક પામ્યા છે. તે સ્વ. કૈલાશબેન શાંતિલાલજી વોરાના પુત્રવધૂ. સ્વ. ભૂપતભાઈ વોરાના ધર્મપત્ની. દેવાંગ, હેમાંગના માતુશ્રી. પ્રીતલ, મીતાના સાસુજી. દેવ અને કહાનના દાદી. ગોળ નિવાસી ભીખીબેન શાંતીલાલજી ત્રિવેદીના પુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૩-૨૪ના ૫.૩૦ થી ૭.૩૦. વિશ્વેશ્વર ભવન, ૧ માળો, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે-વેસ્ટ.

# પાયદસ્ત

ડૉ. નરગેશ દારાશાહ મોટાશાહ. તે મરહુમો જર તથા દારાશાહ મોટાશાહનાં દીકરી. તે મરહુમો રૂસી, મરેઝબાન, ગુલ તથા સામના બહેન. તે મેહેરનોશ, દારાશાહ, જર, જેહાન, સાયરસ, ફીરોઝ, ઝુબીન, મરઝી, દીના તથા મરહુમ દારાયસનાં ફુઈજી. (ઉં. વ. ૯૮) ઠે. ૩૮ સ્ટરલિંગ અપાર્ટમેન્ટ, ડૉ. ગોપાલ રાવ દેશમુખ રોડ, સોફીઆ કોલેજ લેન, પેડર રોડ, ખંબાલા હીલ, મુંબઈ-૨૬. પાયદસ્તઃ ૨૮-૩-૨૪એ બપોરના ૩.૪૫ વાગે, ઓલબ્લેસ બંગલીમાં છેજી. (ડુંગરવાડી-મુંબઈ) ઉઠમણાંની ક્રિયાઃ ૨૯-૩-૨૪ એ બપોરના ૩.૪૫ વાગે. ઓલબ્લેસ બંગલીમાં છેજી. (ડુંગરવાડી-મુંબઈ)

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ખાંભા નિવાસી, હાલ કાંદિવલી સ્વ. અનસુયા ચુનીલાલ ત્રંબકલાલ દોશીના પુત્ર ગુણવંતરાય દોશી (ઉં. વ. ૮૬) ૨૨-૩-૨૪ ને શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. ગં.સ્વ. અરુણાબેનના પતિ. વિભુતિ, દીપા સિદ્ધાર્થ ગોલેચાના પિતાશ્રી. તે શ્રીકાંત ગોલેચાના વેવાઈ. રસિકભાઈ, રમેશભાઈ, છબીલભાઈ, પ્રવીણભાઈ, મુકુંદભાઈ, વિજયાબેન ધીરજલાલ, હસુમતીબહેન કિરીટકુમારના ભાઈ. મોસાળપક્ષે મુકેશભાઈ, મનસુખભાઈ શાહ, અસ્મિતાબેન સંઘાણીના બનેવી. તેમની પ્રાર્થનાસભા ૩૦-૩-૨૪ ને શનિવારના ૩થી ૫ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, (મોટો ઉપાશ્રય), કાંદિવલી (વેસ્ટ).

**ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

ઝિંઝુવાડા નિવાસી હાલ અંધેરી રેણુકાબેન (ઉં. વ. ૭૪) તે રાજેન્દ્ર અમૃતલાલ કુબેરદાસ વોરાના ધર્મપત્ની. તે શ્રેણીક, પૂર્ણીમા અને હેતલ સમીરભાઈ શાહના માતુશ્રી. તે નીપાના સાસુ અને ધ્વની, પ્રથમના દાદી. તે સ્વ. રમેશભાઈ, તરૂણભાઈ, સ્વ. સતિષભાઈ, નરેન્દ્રભાઈ વોરા તથા સ્મિતાબેન નરેન્દ્રભાઈ મહેતાના ભાભી. તે અમદાવાદ નિવાસી સ્વ. હસમુખલાલ જીવણલાલ શાહ (ચોખાવાળા)ના દિકરી તા. ૨૭-૩-૨૪ને બુધવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

લીંબડી નિવાસી હાલ (ખાર) સ્વ. કાંતિલાલ હરીલાલ વકીલના ધર્મપત્ની ગં. સ્વ. શાંતાબેન વકીલ (ઉં. વ. ૯૯) શનિવાર, તા. ૨૩-૩-૨૪ના અવસાન પામેલ છે. તે રેખાબેન પિયુષભાઈ મહેતા, રાજેશભાઈ, જતીનભાઈ, સુજાતાબેન જયેશભાઈ ગાંધીના માતુશ્રી તથા વીણાબેન તથા સ્મીતાબેનના સાસુ તથા સુરેન્દ્રનગર નિવાસી ન્યાયલચંદ અંબાવીદાસ ઘડીયાડીના દીકરી. અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થા. વિશા શ્રીમાળી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી, હાલ મુલુંડ પ્રદીપભાઈ રતીલાલ વોરાના ધર્મપત્ની અ.સૌ. રીમાબેન (ઉં. વ. ૬૧) તે ચિ. ધવલ તથા અક્ષયના માતુશ્રી. અ.સૌ. માનસી તથા સીમાના સાસુ. ચિ. આશ્વીના દાદી તથા સ્વ. સવીતાબેન શાંતિલાલ ખંધારના સુપુત્રી અને સ્વ. રાજેશભાઈ, સ્વ. અતુલભાઈ અને સંદીપભાઈના બહેન મંગળવાર, ૨૬-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. એડ્રેસઃ હાર્મની ટાવર, બી/૧૦૧, દીન દયાલ ઉપાધ્યાય માર્ગ, મુલુંડ (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભીંસરા હાલ બોરીવલીના મુલચંદ શીવજી સાવલા (ઉં.વ. ૬૮) તા. ૨૫-૩-૨૪ના અવસાન પામ્યા છે. ગંગાબાઇ શીવજી દેવજીના પુત્ર. ભારતીના પતિ. મનિષ, પ્રિયાના પિતા. તારા, વસુ, લક્ષ્મીચંદ, પ્રવિણના ભાઇ. મંજલ (રે.)ના રતનબાઇ પદમશી આણંદજીના જમાઇ. પ્રાર્થનાઃ શ્રી વ.સ્થા.જૈ.શ્રા. સં.સં. કરસન લઘુ હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦.

પત્રીના દમયંતી (હેમલતા) યશવંત ગડા (ઉં.વ. ૭૧) તા. ૨૫-૩-૨૪ના અવસાન પામેલ છે. સ્વ. શાંતાબેન (સોનબાઇ) લાલજી આશારીયાના પુત્રવધૂ. યશવંત લાલજીના ધર્મપત્ની. જયશ્રી, પ્રીતી, ભાવના, જ્યોતિના માતુશ્રી. પત્રીના સ્વ. વેલબાઇ દામજી જેઠાભાઇ ધરોડના સુપુત્રી. હરીલાલ, જયંતીલાલ, લક્ષ્મીચંદ, રંજનના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રીતી ચૌહાણ, ૨૦૧, ૩ડી, હેરીટેજ કો.ઓ.હા., જી.જી. રોડ, મુલુંડ (વે.).

બેરાજાના હરખચંદ ખીમજી વીરા (ઉં.વ. ૭૧) તા. ૨૫-૩-૨૪ના અવસાન પામેલ છે. ભાનુમતી ખીમજીના પુત્ર. હેમલતાના પતિ. અર્પણ, આશિષ, કરણના પિતા. રમેશ, બારોઇ ભારતી જયંતિલાલ, નવીનાળ સરોજ ગાલા, ટુંડા પુષ્પા શાહના ભાઈ. ચંચળબેન (વિમળાબેન) નાનજી સંગોઇના જમાઈ. પ્રા : યોગી સભાગૃહ, દાદર (સે.રે.). સમયઃ ૪ થી ૫.૩૦.

ગોધરાના કિશોર વસનજી છેડા (ઉં.વ. ૫૯) તા. ૧૭-૩-૨૪ના કેનેડામાં અવસાન પામેલ છે. જમનાબેન વસનજીના પુત્ર. દર્શનાના પતિ. સાગરના પિતા. નિતીનના ભાઈ. ઝવેરબેન ઝંડુલાલના જમાઇ. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી વાડી, માટુંગા (સે.રે.), માટુંગા. સાંજે ૪ થી ૫.૩૦.

નાની ખાખરના પુષ્પાબેન વિનયચંદ દેઢિયા (ઉં.વ. ૭૩) ૨૫-૩ના અવસાન પામ્યા છે. સુંદરબેન/રતનબેન લાલજી ભાણજીના પુત્રવધૂ. વિનયચંદના પત્ની. શિલ્પા, ડિમ્પલ, ભાવિકાના માતુશ્રી. ના. ભાડીયા સોનબાઈ મગનલાલ ખીંયશીના પુત્રી. ફુલચંદ, મણીલાલ, નવીનાર લક્ષ્મીબેન શામજી ટોકરશી, બિદડા વર્ષાબેન જયંતિલાલ ખીમજી, ના. ભાડીયા કુસુમબેન મણીલાલ પ્રેમજીના બેન. ચક્ષુદાન- ત્વચાદાન કરેલ છે. પ્રા : શ્રી વ. સ્થા.જૈ. શ્રા.સં. કરશન લઘુ હોલ (દાદર), ટા. ૪ થી ૫.૩૦.

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ચી. કૃતિ (પિન્કી) (ઉં.વ. ૩૩) તે સ્વ. બંકીમભાઇ બાબુભાઇ શાહ ખાદીવાળા તથા હર્ષિકાબેનના સુપુત્રી. દિતીના મોટીબેન. સ્વ. કાંતિલાલ ચીમનલાલ શાહ ગ્વાલીઘરના દોહિત્રી. ૨૬/૩/૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. રૂમ નં ૪૪, પાંચમે માળે, મંગલ ભવન, મંગલવાડી ઠાકોરદ્વાર મુંબઈ.

**વિશા મેવાડા દિગંબર જૈન**

સુશીલાબેન પ્રવીણભાઈ શાહ (ઉં.વ. ૭૬) તે પ્રવીણભાઈ સાંકરલાલ શાહના ધર્મપત્ની ગામ વડોદરા હાલ વિલેપાર્લા તે લીમાબેન તથા રૂપેશભાઈના માતુશ્રી. દીપલના નાની. સંજયભાઈ ધામીના સાસુ. તે ૨૬/૩/૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# મુંબઈ હુમલા વખતના હીરો સદાનંદ દાતે એનઆઈએના વડા બન્યા

નવી દિલ્હી : લશ્કરે તોઈબાના આતંકવાદી અજમલ કસાબ અને તેના સાથીદાર અબુ ઈસ્માઈલ સામે લડનાર, ઘાયલ થનાર અને બેભાન થવા સુધી ઝઝૂમનાર સદાનંદ વસંત દાતે એ ઘટનાના ૧૬ વર્ષ બાદ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ના વડા બન્યા છે. રસપ્રદ વાત એ છે કે ૨૬ નવેમ્બરના આતંકવાદી હુમલા અને મુંબઈને ત્રણ દિવસ સુધી બાનમાં રખાયા બાદ આ સરકારી એજન્સીની રચના કરાઈ હતી.

૧૯૯૦ના મહારાષ્ટ્રની કેડરના આઈપીએસ ઓફિસર દાતેને ૨૬ નવેમ્બરના આતંકવાદી હુમલામાં લડત આપવા માટે બહાદુરીનો પ્રેસિડન્ટ પોલીસ મેડલ દેવાયો હતો. એ પણ યોગ્ય જ છે કે આવા જાંબાઝ ઓફિસરને હવે આતંકવાદના કેસની તપાસ કરતી એજન્સીના વડા બનાવવામાં આવ્યા છે.

૨૬ નવેમ્બર ૨૦૦૮ની બિહામણી રાત્રે દાતે પોલીસના મધ્ય રીજનના વધારાના પોલીસ કમિશનર હતા. તેમને ફોન પર માહિતી મળી હતી કે આતંકવાદીઓ છત્રપતિ શિવાજી ટર્મિનસની નજીક અંધાધૂંધ ગોળીબાર કરી રહ્યા છે. થોડી વાર પહેલાં જ ૧૦ આતંકવાદીઓ હોડી મારફતે મુંબઈમાં ઘૂસી ગયા હતા અને વિખેરાઈ ગયા હતા. દાતે અને તેમની ટીમ સીએસટી પહોંચી એટલી વારમાં કસાબ અને ઈસ્માઈલ ત્યાંથી રવાના થઈ ગયા હતા અને નજીકની કામા હૉસ્પિટલના છાપરા પર ચડી ગયા હતા. દાતેની ટીમે તેમનો પીછો કર્યો હતો.

પોલીસની ટીમ આતંકવાદીઓ વિશે અંધારામાં જ હતી. તેમને એટલી જ ખબર હતી કે બે આતંકવાદીઓ હુમલો કરી રહ્યા છે, પરંતુ તેમની પાસે કેવાં હથિયારો કે દારૂગોળો છે એ વિશે કોઈ માહિતી નહોતી. આમ છતાં દાતેએ તેમનો સામનો કરવાનું નક્કી કર્યું હતું. નજીક આવી રહેલી પોલીસ ટીમના ગોળીબારના જવાબમાં આતંકવાદીઓએ હાથગોળા ફેંક્યા હતા. તૂટીને ઊડેલી કરચને લીધે દાતે ઘાયલ થયા હતા. જોકે તેઓ વિચલિત થયા નહોતા અને બે આતંકવાદીઓ પર ગોળીબાર કરતા રહ્યા હતા. દાતેએ ટોચના અધિકારીઓને આતંકવાદીના લોકેશનની જાણ કરી હતી. એક કલાક સુધી ઝઝૂમ્યા બાદ ઘણું લોહી વહી જવાને લીધે તેઓ બેભાન થયા હતા. દાતેની ટીમની લડાઈને લીધે હૉસ્પિટલનો દરવાજો બંધ કરાયો હતો અને મહિલા, બાળક સહિતના દર્દીઓનો જાન બચી ગયો હતો. ૫૭ વર્ષના દાતે બુધવાર સુધી મહારાષ્ટ્ર એટીએસના વડા હતા. તેમણે પુણે યુનિવર્સિટીમાંથી આર્થિક ગુનાખોરીમાં એમ કોમ અને પીએચડી કર્યું છે. (એજન્સી)■

आयकर विभाग मुंबई
पैसों के लिए न बेचें वोट,
देश के लिए दें सच्चा वोट
नगदी और मूल्यवान वस्तुओं के लेन देन के बारे में कोई भी जानकारी नीचे दिए गये नम्बरों पर साझा की जा सकती है
टोल फ्री नम्बर
१८०० २२ १५१०
1800 22 1510
वॉट्स ऐप नम्बर्स
८९७६१७६२७६ | 8976176276
८९७६१७६७७६ | 8976176776
लोकसभा 2024
आयकर विभाग मुंबई द्वारा जनहित में जारी



**ગરમી:** આગરામાં ભારે ગરમી વચ્ચે પર્યટકોએ બુધવારે છત્રી હાથમાં લઈને તાજમહેલ સામે તસવીરો ખેંચાવી હતી. ઉત્તર પ્રદેશ, ગુજરાત, કર્ણાટક સહિતના અનેક રાજ્યમાં આગામી દિવસોમાં ગરમી વધવાની આગાહી કરાઈ છે. (એજન્સી)

# રામકૃષ્ણ મિશનના પ્રમુખ સ્વામી સ્મરણાનંદનું નિધન

કોલકાતાઃ રામકૃષ્ણ મિશનના પ્રમુખ સ્વામી સ્મરણાનંદનું મંગળવારે રાત્રે વૃદ્ધાવસ્થા સંબંધિત બિમારીઓને કારણે ૯૫ વર્ષની વયે નિધન થયું હતું. સ્મરણાનંદ ૨૦૧૭માં રામકૃષ્ણ મિશનના ૧૬માં પ્રમુખ બન્યા હતા, એમ આરકે મિશને એક નિવેદનમાં જણાવ્યું હતું.

પ્રમુખ સ્વામીને શ્રદ્ધાંજલિ આપતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે સ્મરણાનંદે અસંખ્ય હૃદય અને દિમાગ પર અમીટ છાપ છોડી છે અને તેમની કરુણા અને બુદ્ધિમત્તા પેઢીઓને પ્રેરણા પૂરી પાડતા રહેશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશનના પ્રમુખ શ્રીમત સ્વામી સ્મરણાનંદજી મહારાજે આજે રાત્રે ૮-૧૪ કલાકે મહાસમાધિ લીધી હતી. સ્વામીને પેશાબની નળીમાં સંક્રમણના કારણે ૨૯ જાન્યુઆરીએ રામકૃષ્ણ મિશન સેવા પ્રતિષ્ઠાનમાં દાખલ કરવામાં આવ્યા હતા. બાદમાં તેમને શ્વાસોશ્વાસની તકલીફ થતા ત્રણ માર્ચે વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા.

વડા પ્રધાન મોદીએ એક્સ પર શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે તેમણે પોતાનું જીવન આધ્યાત્મિકતા અને સેવા માટે સમર્પિત કર્યું હતું. વડા પ્રધાને કહ્યું કે વર્ષોથી તેમની સાથે ખૂબ ગાઢ સંબંધ રહ્યો છે.

તેમણે કહ્યું કે મને ૨૦૨૦માં બેલુર મઠની મારી મુલાકાત યાદ છે જ્યારે મેં તેમની સાથે વાતચીત કરી હતી. થોડા અઠવાડિયા પહેલા કોલકાતામાં મેં પણ હૉસ્પિટલની મુલાકાત લીધી હતી અને તેમના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી હતી. મારી સંવેદના બેલુર મઠના અસંખ્ય ભક્તો સાથે છે. ઓમ શાંતિ. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પણ સ્વામી સ્મરણાનંદજી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું હતું કે, તેમની ગેરહાજરી એક શૂન્યાવકાશ છોડે છે જે ભરવાનું મુશ્કેલ હશે. ■

# આરએસએસએ સ્વામી સ્મરણાનંદને શ્રદ્ધાંજલિ પાઠવી

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)એ બુધવારે રામકૃષ્ણ મિશનના પ્રમુખ સ્વામી સ્મરણાનંદને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું કે તેમણે સેવા અને આધ્યાત્મિકતા પ્રત્યેના તેમના અનુકરણીય સમર્પણ સાથે સંગઠનને ઉત્કૃષ્ટ નેતૃત્વ પ્રદાન કર્યું છે.

૯૪ વર્ષીય સ્વામી સ્મરણાનંદે મંગળવારે સાંજે કોલકાતામાં અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ રામકૃષ્ણ મિશનના ૧૬માં પ્રમુખ હતા. જેની સ્થાપના સ્વામી વિવેકાનંદ દ્વારા કરવામાં આવી હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત અને તેના મહાસચિવ દત્તાત્રે હોસાબલેએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે રામકૃષ્ણ મઠના અસંખ્ય ભક્તો અને શ્રી રામકૃષ્ણ અને સ્વામી વિવેકાનંદના અસંખ્ય અનુયાયીઓ શ્રીમત સ્વામી સ્મરણાનંદજીને બ્રહ્મલોકની પ્રાપ્તિની વાત સાંભળીને ખૂબ જ દુઃખી છે. શ્રીમત સંઘગુરુએ સેવા અને આધ્યાત્મિકતા પ્રત્યેના તેમના અનુકરણીય સમર્પણ સાથે તેમની મહાન અને પ્રેરણાદાયી પરંપરામાં રામકૃષ્ણ મિશન અને રામકૃષ્ણ મઠને ઉતકૃષ્ટ નેતૃત્વ પૂરું પાડ્યું હતું, એમ તેઓએ જણાવ્યું હતું.

આરએસએસ તમામ ભક્તોના દુઃખમાં સહભાગી થાય છે અને સ્વામીજીની પ્રેરણાદાયી સ્મૃતિને નમ્રતાપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. તેઓ મુક્તાત્મા હતા, એમ નિવેદનમાં જણાવ્યું હતું. અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે રામકૃષ્ણ મઠનું મહાન કાર્ય તેના સંકલ્પ અને ભાવના સાથે અવિરતપણે વધતું રહે, એમ તેઓએ કહ્યું હતું. ■

# પંજાબમાં ઈડીના ૩૧ સ્થળો પર દરોડા

ચંડીગઢઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) એ બુધવારે જામફળના બગીચાઓના વળતર સંબંધિત કથિત કૌભાંડ સંબંધિત મનીલોન્ડરિંગ કેસમાં પંજાબમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. સત્તાવાર સૂત્રોએ આ માહિતી આપી હતી.

પંજાબ વિજિલન્સ બ્યૂરો એફઆઈઆર નોંધ્યા બાદ ઇડીએ કેસ નોંધ્યો હતો જેમાં ગ્રેટર મોહાલી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા સંપાદિત જમીન પર જામફળના વાવેતર માટે વળતર તરીકે જાહેર કરવામાં આવેલા લગભગ ૧૩૭ કરોડ રૂપિયાની ઉચાપતનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે કેટલાક વરિષ્ઠ સરકારી અધિકારીઓ અને કેટલાક ખાનગી વ્યક્તિઓના પરિસરમાં સર્ચ કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે પંજાબ વિજિલન્સ બ્યૂરોએ આ મામલામાં બાગાયત વિભાગના કેટલાક અધિકારીઓ સહિત અનેક લોકોની ધરપકડ કરી છે.

ઇડી અગાઉ આ કેસમાં દરોડા પાડ્યા હતા. આ કેસમાં વિજિલન્સ બ્યૂરો દ્વારા ૧૦૬થી વધુ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો હતો. અનેક વળતરના દાવેદારોને કોર્ટે નોટિસ પણ પાઠવી છે. કોર્ટે ગ્રેટર મોહાલી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી પાસેથી લીધેલું વળતર પાછું જમા કરાવવાની શરતે જામીન મંજૂર કર્યા હતા. ઇડીએ કથિત જામફળના બગીચા વળતર કૌભાંડ સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસના સંબંધમાં પંજાબમાં અનેક સ્થળોએ સર્ચ હાથ ધર્યું હતું. ■

# ₹ ૧૬૮ કરોડની બૅન્ક ગેરન્ટી દ્વારા છેતરપિંડી

બેંગલૂરુ : રૂપિયા ૧૬૮ કરોડ રૂપિયાની બનાવટી ઈલેક્ટ્રોનિક બૅન્ક ગેરન્ટી દ્વારા ૧૧ ખાનગી કંપની સાથે કથિત છેતરપિંડી કરનાર ચાર્ટર્ડ એકાઉટન્ટની ધરપકડ કરાઈ છે એવી માહિતી બેંગલૂરુ પોલીસે બુધવારે આપી હતી. નોઈડા સ્થિત ૪૫ વર્ષના આરોપી આશિષ રોય ઉર્ફે આશિષ સકસેના કુવૈતથી દિલ્હીના ઈંદિરા ગાંધી આંતરરાષ્ટ્રીય હવાઈમથકે પાછા ફર્યા કે ઈમિગ્રેશનના સત્તાવાળાઓએ તેની ધરપકડ કરી હતી. બેંગલૂરુ પોલીસે ફેબ્રુઆરીમાં તેની સામે લૂકઆઉટ નોટિસ બહાર પાડી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર નેશનલ ઈ-ગર્વનન્સ સર્વિસીસ લિમિટેડના અધિકારીએ કેસ નોંધાવતાં આ બાબત પ્રકાશમાં આવી હતી. છેતરપિંડીના કેસમાં ખબર પડી હતી કે કંપનીઓએ આપેલી ઈલેક્ટ્રોનિક બૅન્ક ગેરન્ટી બનાવટી છે. (એજન્સી)■

પ્રાર્થનાસભા



ગં.સ્વ.ધ્રુમનબેન રામદાસભાઈ સંઘવી
૧૯.૦૮.૧૯૩૭ - ૨૬.૦૩.૨૦૨૪
પ્રાર્થનાસભા તારીખ : ૨૯ માર્ચ ૨૦૨૪
સમય : સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી
સ્થળ : સેવા સદન સોસાયટી, ગામદેવી, ગ્રાંટરોડ (વેસ્ટ) સ્થિત રાખેલ છે.
શોકાકુલ પરિવાર
સાસુ-સસરા
સ્વ. કસ્તુરબેન સ્વ. લક્ષ્મીદાસ સંઘવી
માતા-પિતા
સ્વ. કમલાબેન સ્વ.કેશુરદાસ પારેખ
પતિ : સ્વ. રામદાસભાઈ લક્ષ્મીદાસ સંઘવી
પુત્રી-જમાઈ : બિંદુ, પુર્ણિમા આશિત પટેલ
દોહિત્રી : આકાંશા દિવ્યાંગ શ્રોફ

# ગરીબોના લૂંટાયેલા નાણાં પાછા અપાવીશઃ મોદી

નવી દિલ્હી/કોલકાતાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જણાવ્યું હતું કે તેઓ પશ્ચિમ બંગાળમાં ગરીબો પાસેથી લૂંટવામાં આવેલા અને ઇડી દ્વારા જપ્ત કરાયેલા નાણાં લોકોને પરત કરવા માટે કામ કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ જણાવ્યું હતું કે મોદીએ કૃષ્ણનગર લોકસભા મતવિસ્તારમાં તૃણમૂલ કૉંગ્રેસના મહુઆ મોઇત્રા સામે પક્ષના ઉમેદવાર અને રાજવી પરિવારના ભૂતપૂર્વ સભ્ય અમૃતા રોય સાથે ટેલિફોન પર વાતચીતમાં આ વાત કહી હતી. બીજેપીના એક નેતાએ કહ્યું હતું કે ''વડા પ્રધાન મોદીએ 'રાજમાતા' અમૃતા રોયને કહ્યું હતું કે ભ્રષ્ટાચારીઓએ સામાન્ય જનતાના પૈસા લૂંટી લીધા છે અને ઇડીએ તે ભ્રષ્ટાચારીઓ પાસેથી જે પણ સંપત્તિ અને પૈસા જપ્ત કર્યા છે, તે ગરીબ લોકોને પરત કરવા જોઈએ. આવું થાય તે સુનિશ્ચિત કરવા માટે તે કાનૂની વિકલ્પોની શોધ કરી રહ્યા છે. ભાજપના નેતાઓના જણાવ્યા અનુસાર વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે એક તરફ વર્તમાન કેન્દ્ર સરકાર દેશમાંથી ભ્રષ્ટાચારને જડમૂળથી ઉખેડવા માટે પ્રતિબદ્ધ છે તો બીજી તરફ તમામ ભ્રષ્ટાચારીઓ એકબીજાને બચાવવા માટે ભેગા થયા છે. વડા પ્રધાન અને રોય વચ્ચેની વાતચીતની વિગતો આપતા પક્ષના નેતાઓએ જણાવ્યું હતું કે વડા પ્રધાનનો અંદાજ છે કે રાજ્યમાં નોકરીઓ મેળવવા માટે લાંચ તરીકે આપવામાં આવેલી રકમ લગભગ ૩,૦૦૦ કરોડ રૂપિયા હતી. ■

# ગરબાની વૈશ્વિક લોકપ્રિયતા વધી રહી છેઃ મોદી

નવી દિલ્હીઃ ગરબા એ જીવન, સંસ્કૃતિ અને ભક્તિનો ઉત્સવ છે અને તેની વૈશ્વિક લોકપ્રિયતા વધી રહી છે તેની નોંધ લેતા આનંદ થાય છે, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જણાવ્યું હતું.

ગુજરાતના પરંપરાગત નૃત્ય સ્વરૂપને ડિસેમ્બરમાં માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ સૂચિ પર અંકિત કરવામાં આવ્યું હતું. ગરબા એ જીવન, સંસ્કૃતિ અને ભક્તિનો ઉત્સવ છે. તે લોકોને એકસાથે પણ લાવે છે. એ નોંધવું આનંદદાયક છે કે ગરબાની વૈશ્વિક લોકપ્રિયતા વધી રહી છે. મોદીએ એક્સ પર પોસ્ટમાં જણાવ્યું હતું કે થોડા સમય પહેલા ગરબાને યુનેસ્કો ઇન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ લિસ્ટમાં સ્થાન મળ્યું હતું. મને આનંદ છે કે શિલાલેખનું પ્રમાણપત્ર થોડા દિવસો પહેલા પેરિસમાં રજૂ કરવામાં આવ્યું હતું. તે જ સમયે પેરિસમાં એક યાદગાર ગરબા નાઇટ પણ યોજવામાં આવી હતી. ■

# તૃણમૂલનાં નેતા મોઈત્રાને ઈડીનું તેડું

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઇડી) તૃણમૂલ કૉંગ્રેસના નેતા મહુઆ મોઇત્રા અને બિઝનેસમેન દર્શન હિરાનંદાનીને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) ઉલ્લંઘન કેસમાં પૂછપરછ માટે નવા સમન્સ જાહેર કરી પૂછપરછ માટે ૨૮ માર્ચે હાજર રહેવાનો આદેશ આપ્યો છે. સત્તાવાર સૂત્રોએ બુધવારે આ માહિતી આપી હતી. કેન્દ્રીય એજન્સીએ અગાઉ પણ તૃણમૂલ નેતાને બે વખત પૂછપરછ માટે બોલાવ્યા હતા પરંતુ તેમણે સત્તાવાર કામનું બહાનું બતાવી હાજર રહ્યા નહોતા અને નોટિસને ટાળવાની માંગ કરી હતી. ■

In everlasting memory.



JAYANT THAKKAR
(1949 - 2023)
The man with the tie whose to do list comprised only of people he had to help.
He was on duty 24 X 7
and made lives of countless people.
He lived with the YOLO philosophy
- You Only Live for Others
Lets take a bow on the first anniversary
as they dont make THEM
like that any more.
With lots of love & Gratitude
Nimish, Jyotshna, Moneka,
Thakkar Family
& Evercure Pharmaceuticals



સ્વ. નવીનચંદ્ર એસ. વકીલ (૯૨ વર્ષ)
સ્વ. તા. ૨૫-૦૩-૨૦૨૪
દુઃખદ અવસાન - બેસણું
એક દૈવી ચેતનાએ આપણને બીજું શરીર અને મન શોધવા માટે છોડી દીધું છે. તેમની ઈચ્છા હતી કે દરેક વ્યક્તિ હસતા રહે.
નવીનચંદ્ર એસ. વકીલ (૯૨ વર્ષ) ૨૫-૦૩-૨૦૨૪ના રોજ નવી સફર શરૂ કરવા માટે અમને છોડી ગયા. તેમણે અમારા અને અન્ય ઘણા લોકો પર ઘણો પ્રેમ વરસાવ્યો હોવાથી તે અમને ખૂબ જ યાદ કરશે. ૨૯-૦૩-૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ થી ૬.૦૦ વાગ્યા સુધી જુલેલાલ મંદિર, પ્લોટ નં. ૧૨૦, મેકર ટાવર 'એચ' ની સામે, કફ પરેડ, મુંબઈ ૪૦૦૦૦૫ ખાતે તેમને યાદ કરવા માટે એક મેળાવડો યોજવામાં આવશે.
લિ.
યોમેશ અને પાયલ વકીલ અંશ અને કારલા વકીલ
બિરેન અને માલિની વકીલ આહાના અને અલીશા વકીલ
અભિષેક અને ઓયશી વકીલ કવિર અને મટેઓ વકીલ

હાલાઇ લોહાણા



નરેન્દ્ર દેવકરણ તન્ના
૨૬ માર્ચ ૨૦૨૪ને મંગળવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે.
સ્વ.લક્ષ્મીબેન અને સ્વ.દેવકરણ તન્નાના પુત્ર
નીતાના પતિ,
સોનલ અને રાજના પિતાશ્રી,
રચનાના સસરા
ઇલિશા અને આર્યનના દાદા
સ્વ.કાંતાબેન વર્મા,
સ્વ.ચંદ્રિકાબેન સાયતા,
સ્વ.રમણીકભાઈ,
ઇન્દિરાબેન કોટક,
મીનાબેન ઘેલાણી,
સ્વ.ગીરીશભાઈ,
દમયંતીબેન માખેચા,
નીનાબેન બેંકર,
લીનાબેન ઠક્કરના ભાઈ.
અમે તમારી બધી પ્રાર્થનાઓ અને સંવેદનાઓને
ndt.condolence@gmail.com
પર સ્વીકારીએ છીએ
પ્રાર્થના સભા રાખેલ નથી
ઘરે મુલાકાત ન લેવા વિનંતી કરીએ છીએ.
શોકમાં, તન્ના, ઠક્કર અને સોનપાલ પરિવારો

# આસામમાં ૫૦૦ની નોટો સાથે પથારી પર સૂતેલા નેતાની તસવીર વાઈરલ

નવી દિલ્હીઃ યુનાઇટેડક પીપલ્સ પાર્ટી લિબરલ(યુપીપીએલ)ના સસ્પેન્ડેડ સભ્ય ચલણી નોટો સાથે સૂતા હોવાની વિવાદાસ્પદ વાયરલ તસ્વીરે લોકસભા ચૂંટણી પહેલા આસામમાં ભારે ચર્ચા જગાવી છે.

આ વાયરલ તસ્વીરમાં બેન્જામિન બાસુમતરી માત્ર ટુવાલ પહેરીને રૂા.૫૦૦ની નોટોના ઢગલા સાથે પથારી પર સૂતેલા જોવા મળે છે. બેન્જામિન યુપીપીએલના વિલેજ કાઉન્સિલ ડેવલપમેન્ટ કમિટી(વીસીડીસી)ના સભ્ય છે. બાસુમતરીના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર આ ફોટો ચૂંટણી દરમિયાન રાજકીય લાભ માટે પ્રસારિત કરવામાં આવેલો જૂનો ફોટો છે. યુપીપીએલ પક્ષે આ ઘટનાથી પોતાને દૂર રાખ્યું છે. સાથે બાસુમતરીને સસ્પેન્ડ અને વીસીડીસીના પદ પરથી હટાવવાની પુષ્ટિ કરી છે. યુપીપીએલના પ્રમુખ પ્રમોદ બોરોએ જણાવ્યું હતું કે હરિસિંગા બ્લોક કમિટી દ્વારા શિસ્તભંગના પગલાંની ભલામણ કરવામાં આવી હતી, જેના કારણે ૧૦ જાન્યુઆરીએ બાસુમતરીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમણે એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે બીટીસી સરકારે ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ તેમને વીસીડીસીના અધ્યક્ષ પદ પરથી હટાવી દીધા અને સસ્પેન્ડ કર્યા હતા. હું તમામ મીડિયા આઉટલેટ્સ અને સોશિયલ મીડિયા યુઝર્સને વિનંતી કરું છું કે તેઓ બાસુમતરીને યુપીપીએલ સાથે જોડવાથી દૂર રહે. તેમની અંગત વર્તણૂક માટે પક્ષ કોઇ જવાબદારી ધરાવતો નથી. ■

સત્વશિલ, સેવાપરાયણ, કરુણા વાત્સલ્ય સ્નેહી સ્વજનને
તેરમી પુષ્પાંજલી



સ્વ. શ્રી ચીમનલાલ ગીરધરલાલ મુળજી દોશી
સ્વર્ગવાસ તા. ૨૮.૦૩.૨૦૧૧
આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા,
આપનો લાગણીશીલ સ્વભાવ, કુટુંબભાવના,
ઉચ્ચ વિચારો અમો જીવનભર ભૂલીશું નહી,
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના
જય જીનેન્દ્ર જય જીનેન્દ્ર જય જીનેન્દ્ર
સ્નેહાધીન
સમસ્ત દોશી પરિવાર
વડોદરા મુંબઈ દુબઈ

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| कांगावा | કાગળ |
| कारंजे | કાચબો |
| काळोख | ફુવારો |
| कासव | રોદણાં |
| कागद | અંધારું |

## ઓળખાણ પડી?



ગયા વર્ષે બીજી વાર વિશ્વ ચેમ્પિયન્શિપનો ખિતાબ મેળવનારી બોક્સિંગ ચેમ્પિયનની ઓળખાણ પડી? તેણે ૫૦ કિલોગ્રામ કેટેગરીમાં સફળતા મેળવી હતી.

અ) નીતુ ગંઘાસ બ) સ્વીટી બુરા ક) મેરી કોમ ડ) નિખત ઝરીન

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મુ | સા | ૨ ફ | રી | | ૩ ધ | બ | ૪ ધ | બા | ૫ ટી |
| શ | | ત | | ૬ વા | રો | | ર | | પ્પ |
| ળ | | ૭ વો | ૮ ક | ળો | | ૯ ર | ણાં | ૯/અ ગ | ણ |
| ૧૦ ધા | ર | | ક્ષા | | ૧૧ ધા | બા | | તા | |
| ર | | ૧૨ મ | | ૧૩ ભ | મ | રી | | ૧૪ ગ | ૧૪અ ત |
| | ૧૫ ર | જા | ૧૬ ચિ | ઠ્ઠી | | | ૧૭ ક | મ | ર |
| ૧૭અ યા | | ૧૮ લ | ત્તો | | ૧૯ કુ | ક | ર્મ | | ફ |
| ૨૦ દ | ૨૧ શ | | | ૨૨ કા | લ | | બં | | દા |
| ૨૩ ગા | ર | | ૨૪ રા | | | ૨૫ ધો | ધ | ૨૬ મા | ર |
| ૨૭ ર | મ | તા | રા | મ | | ૨૮ વા | ન | ર | |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | ૫ | ૬ | |
| | | | | ૭ | | ૮ | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | ૧૨ | | | | ૧૩ |
| ૧૪ | | | ૧૫ | | | | ૧૬ | | |
| | ૧૭ | ૧૮ | | | | ૧૯ | | | |
| ૨૦ | | | | ૨૧ | | | ૨૨ | | |
| | | | | ૨૩ | | | | | |
| ૨૪ | | | ૨૫ | | | ૨૬ | ૨૭ | | |
| | | ૨૮ | | | | | | | ૨૯ |
| | ૩૦ | | | | ૩૧ | | | | |

### આડી ચાવી

૧. અખિલતા, અખંડતા (૪)
૩. ભાવના પ્રધાન (૫)
૮. હમણાં જ, તાત્કાલિક (૩)
૯. કેદ, બાંધનારી વસ્તુ, પ્રતિબંધ (૩)
૧૧. પાળવું તે (૩)
૧૪. માથાથી નીચેનો ભાગ (૨)
૧૫. ગુણેલું (૩)
૧૬. ગતિ (૩)
૧૭. ફૂલો--- વિના ના રહે (૪)
૧૯. સત્વ (૨)
૨૦. ઉપવાસ (૪)
૨૧. ---માં દુર્યોધને લાક્ષાગૃહ બનાવડાવ્યું (૫)
૨૩. તમે --- આવો તો સારું લાગે (૩)
૨૪. હંમેશાં (૨)
૨૫. કબીર, રહીમના --- જાણીતા છે (૨)
૨૬. ભૂંડી હાર (૩)
૨૮. અવ્યવસ્થા, ગરબડ (૪)
૩૦. કૃષ્ણે રાસ રચાવ્યો (૪)
૩૧. અમૂઝણ, અસમંજસ (૪)

### ઊભી ચાવી

૧. યથાવત્, હતું એવું જ (૪)
૨. કતાર, હાર, રેખા (૩)
૪. જન્મસ્થાન (૩)
૫. સ્ત્રી, માદા (૨)
૬. ઠૂંઠું (૨)
૭. પાણી વગરના (૪)
૧૦. હૃદયનો ધબકાર (૪)
૧૨. આદત, વ્યસન (૨)
૧૩. હાજર (૪)
૧૫. અભિમાન (૩)
૧૬. --- ની જેમ વહેતા રહો (૩)
૧૮. કંદોરો, દોરડું, રાશ (૩)
૧૯. માવજત, ઉપચાર (૪)
૨૦. આગળ પડતું (૪)
૨૧. સ્ત્રીઓ વધારે, પુરુષ કપાવે (૨)
૨૨. બાર મહિના (૩)
૨૩. મોટા માણસોની મંડળી (૪)
૨૫. 'દોરવું'નું પ્રેરણાર્થક રૂપ (૩)
૨૭. ગારો, કીચડ (૩)
૨૮. અભિનય, છટા (૨)
૨૯. જન્મારો, જીવન (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પુરુષના સગા ફુવાના સસરાની એકમાત્ર પુત્રવધૂની દીકરીનો પતિ પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) જમાઈ બ) સાળો ક) સાઢુભાઈ ડ) બનેવી

## જાણવા જેવું

ગુણાકાર એટલે એક સંખ્યાને બીજી સંખ્યાએ ગુણવાથી જવાબમાં મળતી રકમ. ખંડ ગુણાકાર એટલે એક જાતનો ગુણાકાર. આ પદ્ધતિમાં ગુણ્ય અથવા ગુણકમાં અમુક ઉમેરીને કે બાદ કરીને સહેલી રીતે થતો ગુણાકાર. જેમકે, ૧૩૫ X૧૨. સરળતા ખાતર ૨ બાદ કરી આ રીતે ગુણાકાર કરવામાં આવે છે: ૧૩૫X૧૦ =૧૩૫૦; ૧૩૫X૨=૨૭૦. ૧૩૫૦+૨૭૦=૧૬૨૦.

## સુડોકુ-૫૦૪૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૨ | ૪ | | | |
| ૫ | | ૬ | | | | ૨ | ૩ | |
| ૮ | ૨ | | ૩ | ૭ | ૬ | | | |
| ૬ | ૩ | | | ૪ | | ૧ | | |
| ૯ | ૫ | | | | | | ૨ | ૬ |
| | | ૨ | | ૬ | | | ૪ | ૫ |
| | | | ૬ | ૩ | ૭ | | ૧ | ૨ |
| | ૯ | ૭ | | | | ૪ | | ૩ |
| | | | ૪ | ૧ | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૪૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૫ | ૨ | ૩ | ૮ | ૪ | ૭ | ૧ |
| ૩ | ૨ | ૭ | ૬ | ૪ | ૧ | ૯ | ૫ | ૮ |
| ૪ | ૧ | ૮ | ૯ | ૫ | ૭ | ૩ | ૬ | ૨ |
| ૧ | ૫ | ૪ | ૩ | ૮ | ૯ | ૭ | ૨ | ૬ |
| ૭ | ૩ | ૬ | ૧ | ૨ | ૪ | ૮ | ૯ | ૫ |
| ૨ | ૮ | ૯ | ૭ | ૬ | ૫ | ૧ | ૪ | ૩ |
| ૯ | ૪ | ૨ | ૮ | ૧ | ૬ | ૫ | ૩ | ૭ |
| ૮ | ૭ | ૩ | ૫ | ૯ | ૨ | ૬ | ૧ | ૪ |
| ૫ | ૬ | ૧ | ૪ | ૭ | ૩ | ૨ | ૮ | ૯ |

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

આપેલા વાક્યમાં અવાજ સંતાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં.
નાનકડા કિશોરને એક સારા કાર્યક્રમમાં ગીત ગાવાની તક મળી ગઈ.

## નોંધી રાખો

વર્ષો સુધી જીવના જતનની જેમ ઉછેરી સાચવીને જાળવી રાખેલા સંબંધને ઘડીભરમાં વેરવિખેર કરી નાખતું વાવાઝોડું એટલે ગુસ્સો, ક્રોધ.

## માઈન્ડ ગેમ

૨૦૨૦માં ટોક્યોમાં આયોજિત કરવામાં આવેલા ઓલિમ્પિક રમતોત્સવની મહિલાઓ માટેની ૪૯ કિલોગ્રામ વેટલિફ્ટિંગ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવનાર ભારતીય સન્નારી કોણ?

અ) નીલમ લક્ષ્મી ૨) મીરાબાઈ ચાનુ ૩) કુંજરાની દેવી ૪) કરુણા વાઘમારે

## ગયા ગુરુવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| जड | વજનદાર |
| जंत | કૃમિ |
| जननी | માતા |
| जपणूक | સારસંભાળ |
| जपून | સાવધાનીપૂર્વક |

**ગુજરાત મોરી મોરી રે**
પતિ

**ઓળખાણ પડી?**
કોનેરુ હમ્પી

**માઈન્ડ ગેમ**
છત્તીસગઢ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો**
લક

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુળરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) નીતા દેસાઈ (૬) શ્રદ્ધા આશર (૭) ડૉ. પ્રકાશ કટકિયા (૮) ભારતી પ્રકાશ કટકિયા (૯) નિખિલ બંગાળી (૧૦) અમીષી બંગાળી (૧૧) ધીરેન્દ્ર ઉદેશી (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) શિલ્પા શ્રોફ (૧૫) શ્રધ્ધા અશાર (૧૬) જ્યોતી ખાંડવાલા (૧૭) મહેન્દ્ર લોઢાવીય (૧૮) મીનળ કાપડિયા (૧૯) જહર્ષા મહેતા (૨૦) પ્રવીણ વોરા (૨૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૨)તાહેર ઔરંગાબાદવાલા (૨૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) વિજય આશર (૨૬) મહેશ દોશી (૨૭) રજનીકાંત પટવા (૨૮) ભાવના કર્વે (૨૯) સુરેખા દેસાઈ (૩૦) મનીષ શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) વીણા સંપટ (૩૫) નિતીન જે. બજેરીયા (૩૬) પુષ્પા ખોના (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) દિલીપ પરીખ (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હીના દલાલ (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) અરવિંદ કામદાર (૪૫) જગદીશ ઠક્કર (૪૬) નંદકિશોર સંજાણવાળા (૪૭) અંજુ ટોલીયા (રસીક જુઠાણી- ટોરન્ટો-કેનેડા) (૪૮) અલકા વાણી (૪૯) હેમા હરીશ ભટ્ટ

## કથા કોલાજ (સાતમા પાનાનું ચાલુ)

એક રૂમ રસોડાનું એ નાનકડું ઘર. જેની બાલ્કની ખૂબ મોટી હતી, એમાં મારી મમ્મીએ નાનકડો પણ સુંદર બગીચો બનાવ્યો હતો. આછા આસમાની રંગની દીવાલો અને એક સોફા હતો. મર્ફી રેડિયો સેટ હતો જે મને ખૂબ ગમતો.

હજી સુધી મમ્મીને નાના-નાનીએ કે પપ્પાને દાદા-દાદીએ બોલાવ્યા નહોતા. સામાન્ય રીતે બાળક જન્મે પછી વડીલો મતભેદ ભૂલી જતા હોય છે, પરંતુ તરત એવું થયું નહીં. જોકે, આસ્માનાનીને મને જોવાની ખૂબ ઈચ્છા હતી. એમણે મેસેજ પણ મોકલ્યો કે, મારું નામ ઝુલેખા પાડશે તો એમને આનંદ થશે. ગોમતીદાદી મને જોયા વગર જ ગુજરી ગયાં. મારા દાદાજીનું હૃદય કદાચ, એને કારણે પીગળી ગયું. એમણે મને લઈને મમ્મી-પપ્પાને મળવા બોલાવ્યા. ક, છ, ઘ રાશિની આ દીકરીનું નામ કૃષ્ણા પાડવાનું નક્કી થયું, પરંતુ મારા માતા-પિતાએ મારું નામ 'આશા' પાડ્યું કારણ કે, હું એમના જીવનમાં હોપ-આશાનું કિરણ લઈને જન્મી હતી. હું મોટી થઈ ત્યારે મારા માતા-પિતા મજાક કરતા કે, ખરેખર તો મારું નામ 'ગંગુબાઈ' પાડવાનું હતું... હું ચીડાતી અને એ હસતા.

મમ્મીએ હિન્દુ ધર્મ અપનાવ્યો અને એનું નામ સલમાને બદલે સુધા પાડવામાં આવ્યું. જોકે, કોઈ ન જોતું હોય-ન સાંભળતું હોય ત્યારે મારા પિતા મારી મમ્મીને પ્રેમથી 'સલ્લુ' કહીને બોલાવતા. મારા માતા-પિતાનું દામ્પત્ય અત્યંત પ્રસન્ન અને પ્રેમાળ હતું. એ વખતે ઘરમાં બહુ પૈસા નહોતા, પણ અમે ખૂબ મજા કરતા. રવિવારે મારા પિતા અમને ચોપાટી લઈ જતા. જુહુના દરિયામાં પગ બોળતા અને ભેળ ખાતા. મારા નાનાનો કાચનાં વાસણોનો બહુ જ મોટો બિઝનેસ હતો અને દાદાજીનો પરિવાર પણ ખૂબ શ્રીમંત પરિવાર હતો. બંને જણાંએ મારા માતા-પિતાને અપનાવી લીધાં હતાં, પરંતુ આર્થિક મદદ બેમાંથી કોઈ પક્ષ તરફથી મળી નહીં, જ્યારે હું બે વર્ષની હતી ત્યારે પિતા જે કેમેસ્ટ સાથે કામ કરતા હતા એમણે મારા પપ્પાની બદલી દિલ્હી કરી નાખી. બે ઘરના ખર્ચાને લીધે એવી હાલત થઈ કે, એકવાર મમ્મી પાસે ઈલેક્ટ્રીકનું બિલ ભરવાના પણ પૈસા નહોતા. રાત્રે અમે કેન્ડલ લાઈટમાં જમી લેતા. દાદાજીને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે એમણે મારા કાકા સાથે દસ હજાર રૂપિયા મોકલેલા. જે એ સમયમાં બહુ મોટી રકમ કહેવાય.

મારા પિતાએ એમની દુકાનના માલિકને વિનંતી કરી કે, એમને મુંબઈ ટ્રાન્સફર કરવામાં આવે કારણ કે, પરિવાર વગર રહેવું શક્ય નહોતું. એમની ટ્રાન્સફર મુંબઈ કરી દેવામાં આવી. થોડો વખત એમણે નોકરી કરી, પછી મારા દાદાજીએ સી.પી. ટેન્ક પર આવેલી એમની પેઢીમાં પપ્પાને ભાગીદાર બનાવ્યા. હરજીવનદાસ મોહનદાસ એન્ડ કંપનીની ઓફિસ આજે પણ સી.પી. ટેન્ક પર છે. જોકે, મારી મમ્મી સ્વમાની હતી, મહેનતુ પણ ખૂબ. ઘરની આર્થિક હાલત સુધરી હોવા છતાં એ અંગ્રેજીના ટ્યુશન ભણાવતી. ઘરનું બધું કામ જાતે કરતી અને મારું પણ ખૂબ ધ્યાન રાખતી.

હું નાની હતી ત્યારે મને એક સપનું આવતું જેમાં હું મારી જાતને એક કઠિયારાની પત્ની તરીકે જોતી. ગરીબી અને ભૂખમરાને કારણે હું મરી ગઈ એવું સપનું મને વારેવારે આવતું એટલું જ નહીં, હું ક્યારેક મારી જાતને લાંબો એવો ઘૂંઘટો કાઢેલી, ઘાઘરા ચોળી પહેરેલી કઠિયારણ સ્વરૂપે જોતી. મારી મમ્મીને એ વાત બિલકુલ ગમતી નહીં. એ હંમેશાં મને કહેતી, 'આવું બધું વિચારે છે? તું હજી કેટલી નાની છે...'

બાળપણ ખૂબ ઝડપથી વિતી ગયું, હું એ સપનું પણ ભૂલી ગઈ. મને જે.બી. પેટિટ હાઈસ્કૂલ ફોર ગર્લ્સમાં દાખલ કરવામાં આવી. હું ભલે ગર્લ સ્કૂલમાં ભણતી હોઉં, પણ એક નંબરની ટોમ્બોય હતી. આસપાસના છોકરાંઓ સાથે ગેંગ બનાવીને રખડ્યા કરતી... રસ્તા પર લખોટી રમતી, ક્રિકેટ રમતી, ઢીંગલી તો હું કદી રમી જ નથી અને સૌથી મજાની વાત એ કે મમ્મી ન જોતી હોય ત્યારે એ જમાનામાં મળતી કેન્ડી સિગરેટ મારા હોઠ વચ્ચે દબાવીને હું સિગરેટ પીવાનો અભિનય બહુ જબરજસ્ત કરતી.

(ક્રમશઃ)

## ભારતની વીરાંગનાઓ (સાતમ પાનાનું ચાલુ)

બાગેશ્વરીએ દેશ ઉપરાંત વિદેશમાં પણ અનેક જાહેર કાર્યક્રમો કર્યા. ૧૯૮૮માં રશિયામાં બાગેશ્વરીએ ભારત મહોત્સવમાં ભારતનું પ્રતિનિધિત્વ કરેલું. છ કલાકારના વૃંદમાં બાગેશ્વરી એક માત્ર મહિલા હતી. રશિયાએ પણ પહેલી વાર કોઈ મહિલાને શરણાઈવાદન કરતાં જોયેલી. એ પછી ૧૯૯૬માં દુબઈમાં પણ આ જ પ્રકારનો કાર્યક્રમ કર્યો. એક વાર ચંડીગઢના કાર્યક્રમમાં શરણાઈ વગાડવાની હતી. એ પ્રસંગનું સ્મરણ કરતાં બાગેશ્વરીએ કહે છે : 'એક પ્રોફેસર પણ એ કાર્યક્રમ જોવા આવેલા. એમણે મને જોઈને એવી ટિપ્પણી કરી કે, આવી દૂબળી-પાતળી છોકરી શરણાઈ નહીં વગાડી શકે, પણ એમણે મને શરણાઈવાદન કરતાં જોઈ તો ખુશીથી ઝૂમી ઊઠ્યા. ચંડીગઢના એ કાર્યક્રમ પછી હું શહનાઈ ક્વીન- 'શરણાઈની રાણી' તરીકે પ્રખ્યાત થઈ ગઈ.'

શરણાઈની આ રાણીએ ૧૯૮૫માં નરેશકુમાર સાથે લગ્ન કર્યાં. બાગેશ્વરીની બે દીકરી છે. બન્નેનું નામ ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાને રાખ્યું : કુકુબ બિલાવલી અને ગમક. કુકુબ અને બિલાવલી, એ બન્ને રાગ છે. માતા અને દીકરીઓ-ત્રણેય સૂરીલાં.

બાગેશ્વરી કહે છે, સામાન્યપણે એવી માન્યતા છે કે 'સ્ત્રીમાં શરણાઈ વગાડવાની શારીરિક ક્ષમતા અને શક્તિ હોતી નથી, પણ હવે તો એવું સાબિત થઈ ચૂક્યું છે કે સ્ત્રીઓ શરણાઈ વગાડી શકે છે. અને એ પુરવાર કરનાર હું છું !'

બાગેશ્વરીએ મહિલા શરણાઈ વગાડી શકે છે એવું પુરવાર તો કર્યું છે, પણ એ દરેક ઠેકાણે શરણાઈ વાદન માટે જતી નથી. ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાને શીખવ્યું છે કે, સંગીત સાથે જોડાવાનો અર્થ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનો છે. સંગીત એ ઈશ્વરની ભક્તિ છે. એથી જ લગ્ન સમારંભોમાં બાગેશ્વરી શરણાઈ વગાડવાનું ટાળે છે. એ કહે છે, 'હું પૈસા માટે શરણાઈવાદન કરતી નથી. કળા માટે અને સાધના માટે જ મારી શરણાઈ છે !'

## ઉડાન (પાંચમા પાનાનું ચાલુ)

પોતાની અપેક્ષાઓ, ઈચ્છાઓ, સપનાઓ પૂરા ના થાય ત્યારે એના જીવનમાં અસંતુલન આવે છે માટેજ તરુણોએ પોતાની લાગણીઓને મજબૂત રાખવી અત્યંત જરૂરી છે. પોતાની અંદરની શાતા સાચવી રાખવી આવશ્યક છે, જેથી કરીને તકલીફમાંથી ઊભરી આવવાની ક્ષમતાને સાચવી જરૂર પડ્યે જાતને મુશ્કેલીમાંથી ઉગારી શકાય. એમાં પણ તારા જેવી તરુણી હકીકતથી ભાગતી જોવા મળે છે. એમને ખ્યાલ નથી હોતો કે ભાગવાનો કોઈ રસ્તો નથી. પોતાના જ વિચારોમાં ગોથે ચડીને અટવાયા કરે, જે આગળ જતાં એના માટે લાગણીઓનું વિષચક્ર બની જાય છે.

ટીનએજમાં જિંદગી તમને ક્યારેક ધીમી, ઉલઝનભરી કે ક્યારેક કંટાળો આપતી લાગે, પણ, જિંદગીની થપાટોથી તૂટ્યા પછી પણ તમારે જીવનનો સાથ ક્યારેય છોડવો જોઈએ નહીં-એવા નકારાત્મક વિચાર સુધ્ધાં કરવા ન જોઈએ પછી ભલેને ભૂત-ભાવિ ને વર્તમાન વચ્ચે ગોથા ખાવાનો વારો કેમ ના આવતો હોય. અહીં એક વાત યાદ રાખો કે ઊંચે આકાશને આંબતી પતંગ પણ શરૂઆતમાં ગોથા ખાતી જ હોય છે...

## વિશેષ (સાતમા પાનાનું ચાલુ)

છે કે ૭૦% મહિલાઓ માટે, કારકિર્દીની પ્રગતિમાં મુખ્ય પડકાર સંતોષકારક કાર્ય-જીવન સંતુલન હાંસલ કરવાનો હતો. મહિલા પ્રગતિની વાતો કરતી વખતે સંસ્થાઓએ આ અહેવાલોને ધ્યાનમાં લઈને પ્રોફેશનલ જવાબદારી અને અંગત જવાબદારીઓ વચ્ચે સંતુલન બની રહે તેવું વાતાવરણ નિર્માણ કરવાની જરૂરિયાત હોવાનો અહેસાસ કરાવ્યો છે. આ અહેવાલમાં માત્ર ૫૯% ઉત્તરદાતાઓએ કહ્યું કે તેઓ માને છે કે આજના કાર્યબળમાં મહિલાઓને પુરુષો જેટલી સમાન તકો છે. એટલે સમાનતાના ક્ષેત્રે હજી કેટલું કાર્ય કરવાનું બાકી છે તે પણ ધ્યાનમાં આવે છે. મહિલાઓને કારકિર્દીમાં આગળ વધવા પોતાના સ્કિલ્સ અપગ્રેડ કરવાનો સમય તેમની અંગત જવાબદારીઓને કારણે નથી મળતો અને તેઓ પાછળ રહી જાય છે. ૬૯% ઉત્તરદાતાઓએ ઉચ્ચ કૌશલ્યની તકોને પામવામાં પ્રાથમિક અવરોધ તરીકે સમયનો અભાવ દર્શાવ્યો છે.

ગર્ભાવસ્થા દરમિયાન કાર્યમાંથી બ્રેક લેનાર મહિલાઓને ફરીથી કામ શરૂ કરવામાં પણ મુશ્કેલીઓ ઓછી નથી હોતી. મુખ્ય અવરોધોમાં તકનીકી પ્રગતિથી ડિસ્કનેક્ટ થવાની લાગણી, કૌશલ્યના ઘટાડા અંગેની ચિંતા અને યોગ્ય નોકરીની તકો શોધવામાં મુશ્કેલીનો સમાવેશ થાય છે. તેમની કારકિર્દીમાં ફરી જોડાઈ જવાની અને આગળ વધવાની ઇચ્છા હોવા છતાં, આ પડકારો ઘણીવાર મહિલાઓને કાર્યસ્થળમાં તેમની સંભવિતતાનો સંપૂર્ણ લાભ લેવામાં અવરોધ ઊભો કરે છે.

પહેલા કરતાં મહિલાઓની સ્થિતિમાં, ખાસ કરીને શહેરોમાં બહેતર ચોક્કસ થઇ છે. તેમ છતાં સામાજિક કારણોસર રહેલા પડકારોમાં પરિવારનું પીઠબળ ન હોય તો ઊભી થતી સમસ્યાઓ, જેમની તેમ છે. આવા કિસ્સાઓમાં નિર્ણયો લેવાનું મહિલાઓ ઉપર ઢોળી દઈને તેમના માટે ધર્મસંકટ ઊભું કરી દેવામાં આવતું હોય છે. આ પરિસ્થિતિમાં પણ પરિવર્તનની અતિ આવશ્યકતા છે.

## સ્પોર્ટ્સમેન (નવ મા પાનાનું ચાલુ)

કરનાર ધોનીની આ વખતની આઇપીએલમાં હજી બૅટિંગ નથી આવી, પણ ફીલ્ડિંગમાં એવરગ્રીન રહ્યો છે.

ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં ધોનીએ કુલ ૬૩૪ કૅચ પકડ્યા છે અને ૧૯૫ સફળ સ્ટમ્પિંગ કરી છે. આઇપીએલની મૅચો સહિતની તમામ ટી-૨૦ મૅચીઝમાં ધોનીએ ૨૧૭ કૅચ પકડ્યા છે અને ૮૭ બૅટરને સ્ટમ્પ-આઉટ કર્યા છે.

આઇપીએલમાં પણ રેકૉર્ડ ધોનીના નામે છે. તેણે ૧૪૧ કૅચ પકડ્યા છે અને ૪૨ બૅટરને સ્ટમ્પ-આઉટ કર્યા છે. એ રીતે તેણે પોતાના બોલર્સને સ્ટમ્પ્સની પાછળથી ૧૮૩ વિકેટ અપાવી છે.

ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં સ્ટમ્પ્સની પાછળથી ધોનીએ જે કુલ ૮૨૯ શિકાર કર્યા છે એ વિશ્વવિક્રમ છે. ૦.૦૮ સેકન્ડનો તેનો ફાસ્ટેસ્ટ સ્ટમ્પિંગનો રેકૉર્ડ છે જેમાં તેણે ૨૦૧૮ની સાલમાં વેસ્ટ ઇન્ડિઝના કીમો પૉલને આઉટ કર્યો હતો. ક્રિકેટના ઇતિહાસમાં આ ફાસ્ટેસ્ટ સ્ટમ્પિંગનો રેકૉર્ડ હજી પણ અતૂટ છે. બીજી રીતે કહીએ તો ધોની વિશ્વનો ફાસ્ટેસ્ટ વિકેટકીપર છે.

લોકો ધોનીની સ્ફૂર્તિ અને ફિટનેસના વખાણ દિવાના છે અને સદા રહેશે. ધોની જેવો બીજો કૅપ્ટન, વિકેટકીપર, બૅટર ભારતને તો નથી જ મળવાનો, કોઈ પણ ક્રિકેટિંગ રાષ્ટ્રને એકસાથે આટલી બધી ખાસિયતો ધરાવતો ખેલાડી ક્યારેય નહીં મળે એ વાતને કોઈ જ નકારી ન શકે.

## વ્યંગ

# કાં, સરકારને એડવાન્સમાં ભૂલ કરવાનો પણ અધિકાર નહીં ?!

ભરત વૈષ્ણવ
feedback.ladki@bombaysamachar.com

કોઇ પણ રાશિના જાતક માટે માર્ચ મહિનો ખતરનાક હોય છે. કોઇ ગ્રહ અસ્ત થાય, કોઇ ગ્રહ માર્ગી ચાલે ચાલે, કોઇ ગ્રહ વક્રી ચાલે ચાલે, કોઇ ગ્રહની ડિગ્રી શૂન્ય હોય, શુભ ગ્રહ આપણા મહાપાલિકા જેવા ખાડામાં હોય,પાંચમા સ્થાનમાં ગુરુ ખર્ચના મૂડમાં હોય....

આ બધું વાંચવાની ઇચ્છા હોય તો આ લેખ આગળ ન વાંચવા ધમકી અમે આપીએ છીએ- રુક શકો તો રુક જાવ... બાકી આગે તુમ્હારી મરજી!

અમે બસ- ટ્રેન (કે ઇવન પ્લેનમાં!) ઊભા ઊભા મુસાફરી કરતા હોઈએ તો બેસવાની જગ્યા મેળવવા માટે કોઇનો હાથ તો શું ઇવન પગ પણ જોતા નથી! બેઠક માટે ટીડા જોશી કે વાંગો જ્યોતિષી બનવાની મતલબ કે શીરા માટે શ્રાવક બનવાની અમારી નજૂમીવૃત્તિ નથી.

આમેય માર્ચ મહિનો ટાર્ગેટ પૂરો કરવાનો મહિનો હોય છે. પ્રાઇવેટ જોબમાં સેલ્સનો ટાર્ગેટ એચિવ કરતા માણસ હાંફી જાય છે. ટાર્ગેટની સમીક્ષા કરવાની મિટિંગો સ્ટાફને લીંબુની જેમ નિચોડી દે છે. ટાર્ગેટ માત્ર પ્રાઇવેટ કંપની કે પેઢીને જ હેરાનપરેશાન કરે છે એવું નથી. સરકારને પણ સ્કિમના ટાર્ગેટ પૂરા કરવા માટે માત્ર કમર તો ઠીક, પણ આખી કાયા કસવી પડે છે. સરકાર જે યોજના ચલાવે છે તે યોજના પાછળ ખર્ચ કરવા માટેના પૈસા પબ્લિક પાસેથી મેળવવાના હોય છે.

એક તરફ, કેટલાક લોકો ટેક્સનું ફરફરિયું આવે એટલે ટેક્સ ભરવા દોડવા માંડે છે. એમની ઉતાવળ સમજી શકાય તેવી હોતી નથી. કદાચ એ પોતાની ચૂનરીમાં ડિફોલ્ટરનો દાગ પડવા દેવા માંગતા નથી. આ લોકો માને છે કે ટેક્સ ભરવામાં પોતે ઉતાવળ નહીં કરે તો દેશનાં અર્થતંત્રના પૈડાં ઠપ્પ થઇ જશે!

બીજી તરફ,કેટલાક તો એવા ટાઢા માટલા જેવા હોય છે. સરકાર ટેક્સ ભરવાની નોટિસ ઉપર નોટિસ ઠોકે, પરંતુ, આવા કાનુડાને મનમાં હોતું નથી! મૂળ ટેક્સ પર પેનલ્ટી, પેનલ્ટી પર ઇન્ટ્રેસ્ટ, ઇન્ટ્રેસ્ટ પર ચક્રવૃદ્ધિ વ્યાજની નોટિસ આપે એમાં મૂળ રકમ ડબલ કે ટ્રિપલ થઇ જાય! નળ,ગટર કે લાઇટ કનેક્શન કપાય પછી પણ આવા લોકોની શાન ઠેકાણે આવે એવું જરૂરી નથી હોતું કેમ કે, 'હમ નહીં સુધરેંગે' એ એમનો જીવનમંત્ર હોય છે. આવા લોકોને ટેક્સ ભરવાની જવાબદારીનો લાઇવ અહેસાસ કરાવવા એના ઘર કે ધંધાના સ્થળે ઢોલ વગડાવવામાં આવે છે- ફૂલેકા કાઢવામાં આવે છે, છતાંય.

સરકારમાં પણ બખડજંતર હોય છે એમ અમારો મિત્ર રાજુ રદી કહે છે. જે નાગરિકો નોટિસ વગર જવાબદારી સમજીને ટેક્સ આગોતરો કે લેણો થયેલો ટેક્સ ભરી દે તેવા નાગરિકોની પીઠ થાબડીને 'ટેક્સરત્ન' નો એવોર્ડ પણ આપે નહીં અને જે લોકો ટેક્સ ભરતા નથી તેવા ડાંડ લોકો માટે 'એમનેસ્ટી' -માફી યોજના બહાર પાડે છે. ટેક્સની મૂળ રકમ ભરવાની સરકાર પર કૃપા કરે તો દંડ, વ્યાજ, ચક્રવૃદ્ધિ વ્યાજ માફ કરવાની સરકાર ઉદારતા દાખવે. તેમાં સરકારે અબજો રૂપિયાનો રેવન્યુ લોસ સહન કરવો પડે.

હમણા દાહોદમાં એક હરિચંદ ભાટ નામની વ્યક્તિએ પત્ની માટે ૨૦૧૯માં નવું નકોર પેટીપેક એકટીવા ખરીદેલું .ત્રણ વરસ બાદ એ એકટીવા કોઇને વેંચ્યું. ટ્રાફિક પોલીસે જન્મ પહેલાં ઝભલાની ઉક્તિ સાચી ઠરાવવા ૨૦૧૯ નવા નકોર પેટીપેક ખરીદેલ બાઇકની મેઇક તારીખ પહેલા એટલે કે ૨૦૧૪ ની સાલમાં ટ્રાફિક રુલના ભંગ બદલ રૂપિયા તેર હજાર છસોનો ચાંદલો કરવા માટે મેમો ઇસ્યુ કરીને ઇતિહાસ સર્જી દીધો છે.હવે મૂળ માલિક મેમો રદ કરાવવા આરટીઓના આંટા ફેરા મારી રહ્યો છે. એના બેત્રણ જોડી ચપલ ઘસાઈ જશે. એ કદાચ આરટીઓ ઓફિસના કંપાઉન્ડમાં પાળિયો થઇ જશે, પરંતુ, દંડનો મેમો રદ નહીં થાય એમ અમારો રાજુ રદી કહે છે.

ભાઇલોગ જે ખંડણી કે વસૂલી કઢાવી ન શકે તેવા અશક્ય કેસમાં ઇન્કમટેક્સ કચેરી સફળતાપૂર્વક વસૂલી કરી બતાવે છે.

સુરતની આવી ટેક્સ કચેરીએ એડવાન્સ ટેક્સ ભરવા માટે લાગતાવળગતાને નોટીસો આપેલી. એમાં ઇન્કમટેક્સની સુરત ઓફિસે બફાટ કરી નાખ્યો.

એડવાન્સ ટેક્સ ભરવા માટે ઇન્કમટેક્સની સાઇટ પર લોગઇન થવાની પણ સૂચના આપેલ.સોફ્ટવેરની ખામી હોય કે ડિપાર્ટમેન્ટની કરામત હોય, જે લોકો લોગ ઇન કરે છે તેના એકાઉન્ટમાં કરોડો રૂપિયાના ટ્રાન્ઝેકશન દેખાય છે. લોકો દિંગ્મૂઢ થઇ ગયા છે. એમને ટેક્સ ભરવા માટે માત્ર ચોવીસ કલાકની મુદત પણ આપવામાં આવી છે. બોલો, સરકાર માઇબાપ દયાળુ, કૃપાળુ, માયાળુ છે કે નહીં?નહીંતર આ જમાનામાં મુદત કોણ આપે છે?

આમ છતાં , સરકાર કોઇ કામગીરી કરે તો ટીકા. કોઇ કામ ન કરે તો ટીકા. વહુ , વરસાદની જેમ સરકારને જશ જ નહીં આપવાનો?પોલીસ ઘટનાસ્થળે ન આવે તો ટીકા. પોલીસ મોડી આવે તો ટીકા.સરકાર ભૂલો કરે છે એમ વાંકા વિરોધીઓ કહે છે. આ વખતે સરકારે એડવાન્સમાં ભૂલ કરી છે તો કેમ સરકારને એડવાન્સમાં ભૂલ કરવાનો પણ અધિકાર નહીં?

શું કહો છો લહેરી સુરતી લાલાઓ?


# લાડકી

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@
bombaysamachar.com

કથા કોલાજ

ભાગ: ૧
નામ: આશા પારેખ
સ્થળ: જુહુ, મુંબઈ
સમય: ૨૦૨૪
ઉંમર: ૮૧ વર્ષ





## મારા માતા-પિતાએ ૧૯૪૦માં પ્રેમલગ્ન કરેલાં: સલમા-બચુભાઈ

મારું નામ આશા પારેખ. જન્મે ગુજરાતી, ઉછેર પણ ગુજરાતી... પરંતુ, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર રાજ કરનાર હું એક માત્ર સફળ ગુજરાતી નાયિકા છું. મેં બોલીવુડમાં પહેલી ફિલ્મ કરી ત્યારે અને આજે પણ બોલીવુડ ઉપર પંજાબીઓ અને ખાન'સનું રાજ રહ્યું છે. કોઈ ગુજરાતી છોકરી વૈષ્ણવ વેજિટેરિયન પરિવારમાંથી બોલીવુડમાં આવે, અને એ પણ ૧૯૫૨માં... આ એક અશક્ય જેવી બાબત હતી!

ફિલ્મી દુનિયાનો એ એવો સમય હતો જ્યારે અભિનેત્રી તરીકે કામ કરવું એ બહુ ગૌરવ કે ગર્વની બાબત માનવામાં આવતી નહીં. 'સારા ઘરની દીકરીઓ'ને સિનેમામાં કામ નહીં કરવાની સલાહ આપવામાં આવતી, પરંતુ મારે કહેવું જોઈએ કે મારી ૪૭ વર્ષની ફિલ્મી કારકિર્દી દરમિયાન મને ખૂબ સારા મિત્રો મળ્યા છે. આદર અને સન્માન મળ્યું છે-એથી આગળ વધીને કહું તો ખૂબ સારી ફિલ્મોની સાથે સાથે અનેક પુરસ્કાર મળ્યા છે. મને એકવાર પણ અફસોસ નથી થયો, કે હું ફિલ્મની હિરોઈન કેમ બની!

મારા જીવનની કથા-કોઈ ફિલ્મની કથાથી ઓછી રોમાંચક અને રસપ્રદ નથી! સાચું પૂછો તો મેં કોઈ દિવસ વિચાર્યું નહોતું કે, હું ફિલ્મોમાં કામ કરીશ. મારે તો ડોક્ટર બનવું હતું, પરંતુ એક દિવસ રેલવે સ્ટેશન ઉપર એક માણસનો અકસ્માત જોયો. એના શરીરને ટુકડાઓમાં કપાયેલું જોયા પછી ડોક્ટર બનવાનો વિચાર તો મારા મગજમાંથી નીકળી જ ગયો. હું સ્વભાવે સંવેદનશીલ છું, ઋજુ અને મૃદુભાષી. મારા પપ્પા જેવી. મારા પપ્પા ઓછું બોલતા, શાંત સ્વભાવના અને લાગણીશીલ વ્યક્તિ હતા, જ્યારે મારી મમ્મી એકદમ જુદી. વધુ બોલે, સ્પષ્ટ વક્તા અને પ્રમાણમાં કડક. હું મમ્મીથી ડરતી, જ્યારે પપ્પાનો રમૂજી સ્વભાવ મને ખૂબ ગમતો. હું શાળાએ જવાની આનાકાની કરું કે, મમ્મીના કંટ્રોલમાંથી જરાક છટકવાનો પ્રયત્ન કરું તો બરાબર વઢ પડતી, પણ પપ્પા મને ખૂબ લાડ કરતા. ચોકલેટ કે મેંગો બાર માગું (એ વખતે મેંગો બાર બધાં બાળકોનો પ્રિય હતો) તો બજારમાં જઈને લઈ આવતા. એ બપોરે ઊંઘી ગયા હોય તો હું એમને નાક પકડીને જગાડતી-ચીડાવાને બદલે એ હસી પડતા. મારો ઉછેર સ્વતંત્રતા અને શિસ્તના મિશ્ર વાતાવરણમાં થયો. કદાચ, એટલે જ... વસ્ત્રો અને વિચારોની બાબતોમાં હું સ્વતંત્ર રહી, પરંતુ સમય પાલન કે ચારિત્રની બાબતમાં શિસ્તબદ્ધ રહી શકી.

મારી મમ્મીનો જન્મ બોહરા મુસ્લિમ પરિવારમાં થયો. પિતા વૈષ્ણવ ગુજરાતી. મમ્મીનું નામ સલમા ઈબ્રાહીમ લાકડાવાલા અને પિતાનું નામ બચુભાઈ મોતીલાલ પારેખ. મારા પપ્પાએ મમ્મીને જોઈ ત્યારથી જ એના પ્રેમમાં પડી ગયેલા. મારી મમ્મીને બહેન-મારા માસી ફિઝા જોડે એ પત્રો મોકલતા. જોકે, મારા મમ્મી-પપ્પા એમના કોર્ટશિપના દિવસોની કે પ્રેમની વાતો ભાગ્યે જ મારી સામે કરતાં. એ રીતે બંને જણાં પ્રમાણમાં રૂઢિચુસ્ત ખરા! મુંબઈમાં બંને જણાં ક્યારેક મળતાં, મારી માસીની હાજરીમાં. એ પછી મારી મમ્મી-સલમા લાકડાવાલા ફર્ગ્યુસન કોલેજમાં ભણવા ગઈ, એ જમાનામાં લેન્ડલાઈનના ફોન પણ ભાગ્યે જ કોઈને ઘેર હોય-એસટીડીનો તો પ્રશ્ન જ નથી, પરંતુ પપ્પા રોજ એને ફોન કરતા. લગભગ દરેક ઓલ્ટરનેટિવ વીક એન્ડ ડેક્કન એક્સપ્રેસ પકડીને મમ્મીને મળવા જતા. પપ્પા ૨૧ના અને મમ્મી ૨૦ વર્ષની. પપ્પાનો પરિવાર જુનવાણી અને રૂઢિચુસ્ત. મમ્મીનો પરિવાર પણ હિન્દુ છોકરાને સ્વીકારવા તૈયાર નહીં. મારા નાની આસ્મા અને દાદી ગોમતીબેન સારા મિત્રો હતાં, પરંતુ એમની વચ્ચે આ સમાચાર જાણ્યા પછી ગાંઠ પડી ગઈ. મમ્મીને ઘરમાં બંધ કરી દેવામાં આવી. પપ્પાને લાગ્યું કે, હવે લગ્ન કરી જ લેવા પડશે ત્યારે પહેલી ઓગસ્ટ, ૧૯૪૧ના દિવસે એમણે સિવિલ રજિસ્ટાર ઓફિસમાં લગ્ન કરી લીધાં. પપ્પા ત્યારે એક કેમિસ્ટની દુકાનમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા હતા. પરેલમાં એક રૂમ ભાડે રાખવામાં આવી અને એમની પાસે જે હતું તેમાંથી નાનકડું ઘર વસાવ્યું.

થોડા વખતમાં 'શિરીન વિલા' - સાંતાક્રૂઝમાં આવેલા એક મકાનના પહેલા માળ પર એ લોકોએ ઘર ભાડે રાખ્યું. ગ્રાઉન્ડ ફ્લોર ઉપર એક કેરાલાનો પરિવાર રહેતો. મકાનના માલિક પારસી હતા, એટલે એક સરસ મજાના પરિવાર જેવું વાતાવરણ 'શિરીન વિલા'માં રહેતું. ૧૯૪૧ના સમયમાં જ્યારે હિન્દ છોડો ચળવળની શરૂઆત નહોતી થઈ ત્યારે ક્વિટ ઈન્ડિયા મુવમેન્ટમાં મારી મમ્મી સક્રિય ભાગ લેતી. એકવાર એની ધરપકડ થઈ ત્યાં સુધી એણે મારા પિતાને એ વિશે કહ્યું નહોતું. એ પ્રેગ્નેન્ટ હતી. એ વાત જ્યારે મારા પિતાને ખબર પડી ત્યારથી એમણે મારી મમ્મીની વધુ કાળજી લેવા માંડી.

બીજી ઓક્ટોબર, ૧૯૪૨ સવારે સાડા અગિયાર વાગ્યે મારો જન્મ થયો. એક મજાની ગોળમટોળ દીકરી સ્વરૂપે. મારી માએ મને કહેલું, 'તારો જન્મ બહુ મુશ્કેલીથી થયેલો. તારું વજન વધારે હતું ને મારી તબિયત એટલી સારી નહોતી, પણ જ્યારે તને હાથમાં ઊંચકી ત્યારે મારી બધી પીડા અને શારીરિક દુઃખો હું ભૂલી ગયેલી.' મમ્મીએ એ જ દિવસે હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ લીધો અને મને શિરીન વિલામાં લઈ આવ્યા. ખાસા વર્ષો સુધી અમે શિરીન વિલામાં જ રહ્યાં.

(જુઓ પાનું ૬) ▶▶

## મુગ્ધાવસ્થા- એક અસમતોલ ઉંમર

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@
bombaysamachar.com

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી





છેલ્લા બે દિવસથી વિહાનો મૂડ ખરાબે ચડેલો હતો, કેમ્પમાં સહુના ધ્યાને એ વાત ચડ્યા વગર રહી નહોતી. ગોવામાં ગેલ-ગમ્મત કરવા આવેલી વિહા અચાનક જ આમ બધાથી અળગી થઈ જાય એ વાત કોઈનાય ગળે ઊતરતી નહોતી. સવારે બ્રેકફાસ્ટ ટેબલ પર વિહાની ખાસ દોસ્ત એવી રીશા -ત્રિશા વચ્ચે વાત ચાલી.

આ વિહાને શું થયું છે? નાની-નાની વાતમાં ચિડાયા કરે છે, એવું કેમ?' ત્રિશાએ જ્યુસનો ઘૂંટડો ગળે ઉતારતા પૂછ્યું.

અરે, આ પેલી કોઈક તારા નામની છોકરી તે દિવસે સ્કૂબા ડાઈવિંગ વખતે મળેલીને એને લીધે...' રીશાએ મોં મચકોડતા જવાબ આપ્યો : 'વિહા સાથે કેટલીય વાતો કરી, સેલ્ફી પડાવી, ગળે વળગીને જાણે વર્ષો થયે જાણતી હોય એમ પોતાની અંગત વાતો કરવા લાગી ને પછી અચાનક ત્યાંથી કંઈ કહ્યા વિના જતી રહી . ત્યારબાદ સ્કૂબાના આખા સેશન દરમિયાન એ વિહા સાથે કશું જ બોલી નહીં એટલે વિહાનો મૂડ બગડ્યો છે. વચ્ચે એક રાત્રે સુજાતામેડમ એને સમજાવી, પણ વિહુડીને કંઈ ખાસ ફેર પડ્યો લાગતો નથી...'

ખેર, રીશા-ત્રિશા તો આવી વાતો કરતાં કરતાં ક્યારે બીજી ગપ્પાં-ગોષ્ઠિ કરવા લાગ્યા તેનો ખ્યાલ ના રહ્યો, પણ વિહાના મનમાંથી પોતાને કોઈ નિગલેક્ટ કરે- અવગણે એ વાત જ અવગણાતી નહોતી. એ દિવસે તારા નામની અજાણી છોકરીએ પહેલા ઘડીક આત્મિયતા બતાવી ને પછી અચાનક જ કેમ ઘૃણાભાવ સાથે ભાગી છૂટી એનો કોઈ જવાબ કે તાળો મળતો નહોતો એનો સળવળાટ વિહાને મિત્રમંડળી સાથે ગોવા જેવી જગ્યાએ કેમ્પના આનંદનો આસ્વાદ ચાખવા દેતો નહોતો.

જો કે, તારાની શું પરિસ્થિતિ છે તેનો વિહાને ક્યાંથી ખ્યાલ હોય? હકીકતમાં નાનપણથીજ માતા-પિતાના ઝઘડા તારાના જીવનમાં એક વણજોઈતો ખાલીપો ભરતા ગયેલા , જેની ઉદાસી અત્યારે તરુણાવસ્થામાં પણ તારાને કોરી ખાય છે. ખાલી ઝઘડાની વાત હોય તો ઠીક, પણ અહીં તો એની મા આજ કારણોસર એને છોડી સદા માટે ચાલી ગયેલી. એનું ખરું કારણ શું છે એ તારાને ખ્યાલ નથી, પરંતુ મમ્મી પોતાને છોડીને જતી રહી તેના આઘાતમાંથી તારા બહાર આવી નહોતી શકતી. વળી, ટીનએજર તારાને એવું લાગ્યા કરે છે કે, પોતાને સાચવવાની જવાબદારીને કારણે માને એની સફળ કારકિર્દી છોડવાનો વખત આવેલો,જેને કારણે કેરિયરમાં આગળ વધી શકી નહી એ અફસોસ અંતે મા-મમ્મીને ઘર-પરિવાર, દીકરીથી દૂર તાણી ગયો. પિતા પણ તારાને સતત મેણાં-ટોણા મારે કે, તારા જ લીધે મા ક્યાંક જતી રહી છે.... આ વિચારે આ વિચારે તારા અત્યંત ગિલ્ટ અનુભવ્યા કરે. એનું નાનકડું અણસમજું મન સંબંધોના અમુક તાણાવાણાને પચાવી શકતું નહીં. એ જાતને દુઃખ- ઉદાસીને હવાલે કરી દે છે. તારાના મનમાં એ વાત ઠસેલી છે કે જીવનમાં ફરી એક વખત માને મળી આ વાતનો ખુલાસો કરવો જ છે, પરંતુ એ જવાબ શોધવા મથતી તારાને એમ માગ્યે મા મળી નથી જતી, જેના લીધે એ સતત એક પ્રકારના અસંતુલનમાં જીવતી રહે છે. આનો પરચો એ દિવસે વિહાને મળેલો. એક ક્ષણે ખુશખુશાલ તારા બીજી ક્ષણે ઓજપાય જાય, ખૂબ વાતો કરતી તારા કોઈ કારણ વગર ચૂપ થઈ જાય, અઢળક આત્મિયતા દર્શાવતી તારા અચાનક અજાણી બની જાય. ટૂંકમાં એની કોઈ લાગણી-વિચાર કે વાત બેલેન્સમાં રહેતા નહીં.

તારાની અંદર બે તારા જીવી રહી છે. એક બંધનમુક્ત, બિન્ધાસ્ત, બોલ્ડ જીવન જીવતી તારા અને બીજી ઉદાસ, વિષાદથી ઘેરાયેલી સતત ગિલ્ટમાં જીવતી તારા.

એક તારા જે થઈ ગયું છે એ ભૂલીને આગળ વધવા દોડતી રહે છે તો બીજી એ બની ગયેલી ઘટનાઓનાં કૂંડાળામાં ફર્યા કરે છે. એકને ભાવિ જીવનની સંભાવના દેખાય છે તો બીજીને ભૂતકાળમાં માની શોધ... જો કે, તારાનું ટીનએજ દિમાગ આટલા બધા તણાવને સહી જવા તૈયાર નહોતું એટલે તારાને વારંવાર મરી જવાના વિચાર આવતા. એમાં પણ વળી, જીવન જીવવાની જડીબુટ્ટી સમજાવતા એક લોકપ્રિય મોટિવેશનલ ગુરુના લેકચરમાં ગયેલી તારાના મનમાં બરાબર ઠસી ગયેલુ કે જો સ્ટારફિશ માફક જાતને 'heal'- સાજું ના કરી શકીએ તો મૃત્યુના શરણે જવું ખોટું નથી...

સામાન્ય રીતે ઊગીને ઊભા થઈ રહેલા ટીનએજર્સ સંબંધોની પેચીદી વાતો સમજી નથી શકતા. દરેક વખતે સમાજના, સંબંધોના, નૈતિકતાના નિયમોને બાજુ પર રાખી મોટેરાઓ આવા નાસમજ, નાદાન તરુણીઓ માટે માયાજાળ રચતા હોય છે, જે એમની સામાન્ય તકલીફોને ક્ષણભરમાં વિષાદમાં ફેરવી નાખે છે. તરુણોને

(જુઓ પાનું ૬) ▶▶

## ગૃહિણી કે વર્કિંગ વુમન વચ્ચે મહિલાઓનું ધર્મસંકટ

કવિતા યાજ્ઞિક
feedback.ladki@
bombaysamachar.com

વિશેષ





તમે જો ઓફિસ અવર્સમાં નિયમિત મુંબઈ લોકલમાં ટ્રાવેલ કરતી મહિલાઓને જોઈ હશે તો કેટલાંક એવાં દ્રશ્યો જોયા હશે, જેને જોઈને તમને કદાચ હસવું આવી જતું હશે. જેમકે, લોકલમાં સીટ પકડવા સાડીનો કછેડો મારીને દોડીને અંદર જતી મહિલા હોય, કે સાંજે ઘરે જતી વખતે ટ્રેનમાં શાક સમારતી મહિલા હોય, અથવા લોકલમાં બેઠાબેઠા બાળકનું સ્વેટર બનાવતી મહિલા હોય.

ભારતમાં મહિલા એટલે પહેલા એક ''ગૃહિણી'' અને તે પછી બીજું બધું, તેવી એક પ્રથા ચાલી આવી છે, જેને મહિલાઓએ પણ સહર્ષ સ્વીકારી છે. તેમના માટે તેમનું ઘર, પતિ, બાળકો અને પતિનો પરિવાર પહેલી પ્રાથમિકતા હોય છે. તે પછી પોતાની કેરિયર અને શોખની વાત આવે. પણ સાથે એ પણ નકારી ન શકાય તેવું સત્ય છે કે મધ્યમ અને નિમ્ન મધ્યમ વર્ગની લાખો મહિલાઓ માટે નોકરી કરવી એ માત્ર શોખ નહીં, પણ જરૂરિયાત સુધ્ધાં હોય છે. તેવા સમયે વર્ક-લાઈફ બેલેન્સ બનાવી રાખવું એ તંગ દોરડા પર કસરત કરવાથી કમ નથી હોતું. ભારતમાં નોકરી કરતી મહિલાઓ માટે તેમના પુરુષ સમકક્ષોની સરખામણીમાં વર્ક-લાઇફ બેલેન્સ એ મોટી ચિંતા છે, તાજેતરમાં બહાર પાડવામાં આવેલા એક રિપોર્ટનાં તારણો પણ આ વાતની પુષ્ટિ કરે છે.

''વુમન ઇન ઇન્ડિયા ઇન્ક એચઆર મેનેજર્સ સર્વે રિપોર્ટ'' અનુસાર, ૩૪ ટકા મહિલાઓ વર્ક-લાઇફ બેલેન્સને કારણે નોકરી છોડી દે છે, પરંતુ પુરુષોના કિસ્સામાં માત્ર ૪ ટકા આ સમસ્યાનો સામનો કરે છે. ૨૦૦ વરિષ્ઠ હ્યુમન રિસોર્સ મેનેજર્સના સર્વેક્ષણના આધારે ગોદરેજ ડીઈઆઈ લેબ્સ, સેન્ટર ફોર ઇકોનોમિક ડેટા એન્ડ એનાલિસિસ, અશોકા યુનિવર્સિટી અને દસરાની ભાગીદારીમાં ધ ઉદૈતી ફાઉન્ડેશન દ્વારા આ અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર મહિલાઓ તેમની સંસ્થાઓ છોડવા માટેના ટોચનાં ત્રણ કારણો પગારની ચિંતા, કારકિર્દીની તકો અને કાર્ય-જીવન સંતુલન છે. અને જો ધ્યાનથી જોવામાં આવે તો પુરુષો કરતાં ઓછો પગાર, ઘણાં ક્ષેત્રોમાં કારકિર્દીમાં પુરુષોને વધુ તકો અને કાર્ય-જીવન સંતુલનમાં પુરુષો કરતાં અનેકગણો વધુ સંઘર્ષ મહિલાઓ માટે હોય છે. એવી કેટલીય મહિલાઓ છે જે સવારે નોકરી પર જતાં પહેલા ઘરેથી આખા પરિવારની રસોઈ કરીને નીકળે (ભલે તેને સવારનો નાસ્તો કરવાનો સમય પણ ન બચ્યો હોય!) અને નોકરી પરથી થાકીને ઘરે પાછા આવીને સીધા રસોડામાં રાત્રિભોજનની તૈયારી શરૂ કરી દે. જો તેને બાળક હોય તો બાળકની શાળાની તૈયારીઓ, તેના અભ્યાસની ચિંતા, પોતાની ગેરહાજરીમાં બાળકની સંભાળની ચિંતા, સાજે-માંદે પરિવારની સંભાળ લેવાની દરકાર પણ મહિલાઓના માથે હોય છે. તેવામાં તેનામાં પૂરતી પ્રતિભા અને હોશિયારી હોય તો પણ કારકિર્દીને તે આક્રમક રીતે લક્ષમાં લઇ શકતી નથી.

રિપોર્ટ એ વાત ઉપર પણ પ્રકાશ પાડે છે કે, નોકરી પર રાખનારા સંચાલકો નોકરી માટે વિચાર કરતી વખતે પુરુષો કરતાં, સ્ત્રી અરજદારની વૈવાહિક સ્થિતિ અને ઉંમર વિશે વિચારણા કરે તેવી શક્યતા વધુ હોય છે, જે વધુ મહિલાઓને નોકરીએ રાખવામાં અવરોધો ઊભી કરી શકે છે. સ્ત્રીઓમાં, મેનેજરો અનુક્રમે ૪૩ ટકા અને ૨૬ ટકા વય અને સ્થાનને ધ્યાનમાં લે તેવી શક્યતા છે, જેની સરખામણીમાં પુરુષો માટે આ ટકાવારી ૩૯ ટકા અને ૨૧ ટકા જેટલી જ નોંધાઈ હતી.

આવા જ એક અન્ય 'વૂમન ઇન મોડર્ન વર્કપ્લેસિસ ઇન ઇન્ડિયા' શીર્ષકવાળા તાજેતરના અહેવાલમાં મહિલાઓની કારકિર્દીની વૃદ્ધિ શા માટે અટકે છે તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ૨ લાખ મહિલાઓના સર્વેક્ષણમાંથી મેળવેલ માહિતી પર આધારિત અહેવાલમાં જાણવા મળ્યું

(જુઓ પાનું ૬) ▶▶

ટીના દોશી
feedback.ladki@
bombaysamachar.com

ભારતની વીરાંગનાઓ

## પ્રથમ મહિલા શરણાઈવાદક બાગેશ્વરી કમર

**એવી માન્યતા છે કે શરણાઈ વગાડવાની શારીરિક ક્ષમતા અને શક્તિ સ્ત્રીમાં હોતી નથી, પણ હવે તો આ નારીએ સાબિત કરી દીધું છે સ્ત્રીઓ પૂરી નિપુણતા સાથે શરણાઈ વગાડી શકે છે..!**



ગુંજે શરણાઈ ઢોલ ત્રાંબાળું વાગે... શરણાઈની ગુંજ તો તમે સાંભળી જ હશે. એની વિશિષ્ટતા એ છે કે

શરણાઈ માત્ર પુરુષોનું વાદ્ય ગણાય છે. શરણાઈ વાદનમાં ફેફસાંની તાકાતની જરૂર પડે છે. એથી સ્ત્રીઓ માટે શરણાઈ વગાડવી મુશ્કેલ ગણાય છે. પરંપરાગત રીતે પુરુષો જ શરણાઈ વગાડતા જોવા મળે છે, પરંતુ એક નારી નામે - બાગેશ્વરી કમરે આ પરંપરામાં પરિવર્તન આણ્યું. પિતા જગદીશપ્રસાદને પગલે ચાલીને બાગેશ્વરીએ શરણાઈ વાદનમાં મહારથ હાંસલ કર્યું. એટલું જ નહીં, એ ભારતની પહેલી મહિલા શરણાઈવાદક પણ બની. પરિણામે ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાનની શિષ્યા બાગેશ્વરીને ચંડીગઢમાં 'શરણાઈની રાણી'-શહનાઈ ક્વીનનો તાજ પહેરાવવામાં આવ્યો હતો.

આ બાગેશ્વરીને ગળથૂથીમાં જ સંગીતનો વારસો મળેલો. ત્રણ ત્રણ પેઢીથી એના પરિવારને સંગીતની સોગાદ મળેલી. એક એવો સમય હતો જયારે પુરાણી દિલ્હીના સદર બજાર વિસ્તારમાં ઇદગાહ માર્ગ પર ચંદ્ર કુટિરની આસપાસ સઘળે ઠેકાણે શરણાઈની ગુંજથી જ લોકોના દિવસની શરૂઆત થતી. આ મધુર ગુંજન 'મંગળ ધ્વનિ' તરીકે ઓળખાતો. દાદા દીપચંદ શરણાઈવાદક હતા. કાકા પણ શરણાઈ વગાડતા. પિતા જગદીશપ્રસાદ દિલ્હી ઘરાનાના ઉત્તમ શરણાઈવાદક હતા. જગદીશપ્રસાદ ૧૯૪૬માં માત્ર દસ વર્ષની ઉંમરે પારંપારિક ગુરુકુળ પરંપરા અનુસાર ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન સાથે જોડાયેલા. એ ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાનના પ્રિય શિષ્ય હતા. એમને રાષ્ટ્રપતિ પુરસ્કાર પણ મળેલો. જગદીશપ્રસાદ શાયર પણ હતા, એથી એમણે 'કમર' એવું તખલ્લુસ પોતાના નામ સાથે જોડેલું. એ રીતે બાગેશ્વરીના નામ સાથે પણ 'કમર' જોડાઈ ગયું.

બાગેશ્વરી બાળપણથી જ મંત્રમુગ્ધ થઈ પિતાને શરણાઈ વગાડતાં જોતી. પોતે પણ આ વાદ્ય શીખશે એવું વિચારતી. બાગેશ્વરી માત્ર છ-સાત વર્ષની હતી, ત્યારે માતા ચંદ્રાવતીને કહેતી કે મારા માટે પણ શરણાઈ બનાવી દે. હું પણ શરણાઈ વગાડીશ. આખરે બાળહઠ પાસે નમતું જોખીને ચંદ્રાવતીએ દીકરીને શરણાઈ બનાવી આપી, પણ પિતા જગદીશપ્રસાદે બાગેશ્વરીને શરણાઈ વગાડવાની બંધી ફરમાવી દીધી. સમજાવટના સ્વરે કહ્યું કે, શરણાઈ મહિલાઓનું સાજ નથી. આ વાદ્ય માત્ર પુરુષો જ વગાડી શકે છે, કારણ કે એને વગાડવામાં ખૂબ મહેનત અને તાકાતની જરૂર પડે છે.' પિતાની વાત સાંભળીને બાગેશ્વરીએ પડકાર ઝીલી લીધો. માતાની જાણમાં અને પિતાથી છુપાઈને એણે શરણાઈ વગાડવાનું જારી રાખ્યું.

લગભગ બે-ત્રણ વર્ષ સુધી જગદીશપ્રસાદને બાગેશ્વરીના શરણાઈવાદન વિશે ખબર ન પડી. પણ પછી એક દિવસ અચાનક એ ઘેર આવ્યા ત્યારે શરણાઈની ગૂંજ સાંભળી. એમણે ચંદ્રાવતીને પૂછ્યું : 'શરણાઈ કોણ વગાડે છે ?' ચંદ્રાવતીએ ડરતાં ડરતાં કહ્યું : 'એ તો આપણી બબ્બૂ છે...! '

બાગેશ્વરીનું લાડકું નામ બબ્બૂ હતું. જગદીશપ્રસાદને ખબર પડી કે, બાગેશ્વરી શરણાઈ વગાડવાનો રિયાઝ કરી રહી છે ત્યારે પિતા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા, કારણ કે યોગ્ય તાલીમ લીધા વિના પણ બાગેશ્વરીના સૂર અને તાલ એકદમ સ્પષ્ટ હતા. એથી જગદીશ પ્રસાદે કહ્યું કે, 'આમ તો હું તારા શરણાઈ વાદનના પક્ષે નથી. છતાં વગાડવી જ હોય તો વિધિસર વગાડ.'

આમ પિતા પાસેથી શરણાઈવાદનની પરવાનગી મળી ગઈ. દરમિયાન, ૧૯૭૯માં ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન દિલ્હી આવ્યા. ત્યારે જગદીશપ્રસાદે બાગેશ્વરીના શરણાઈ વાદનની વાત કરી. ઉસ્તાદને પણ અચરજ થયું. એમણે બાગેશ્વરીને શરણાઈવાદનના આશીર્વાદ આપ્યા. આમ બાગેશ્વરીની વિધિવત તાલીમનો આરંભ થયો. આરંભે જગદીશપ્રસાદે જ દીકરીને શરણાઈવાદનનું શિક્ષણ-તાલીમ આપ્યાં . એમણે દીકરીને પાનો ચડાવતા કહ્યું કે, 'લખનારા અને વાંચનારા તો ઘણા હશે, પણ શરણાઈ વગાડનારી એક જ છોકરી હશે. એ છોકરી એટલે તું-બાગેશ્વરી...! ' આમ પિતાના પ્રોત્સાહનથી બાગેશ્વરીનું પ્રશિક્ષણ ચાલ્યું. બારમા ધોરણ સુધી ભણીને બાગેશ્વરીએ ભણતર છોડી દીધું અને શરણાઈને સમર્પિત થઈ ગઈ.

કેટલાક સમય સુધી ઘેર પિતા પાસે બાગેશ્વરીએ પ્રશિક્ષણ લીધું. એ પછી જગદીશપ્રસાદે દીકરીને આગળની તાલીમ માટે બનારસ ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન પાસે મોકલી. બે-ત્રણ કલાકનો રિયાઝ તો સામાન્ય ગણાય. જો કે રિયાઝ દરમિયાન ગાવા-વગાડવા સિવાયની કોઈ વાત નહીં. ખાન સાહેબે બાગેશ્વરીને હંમેશાં પ્રોત્સાહિત કરી. એમણે શરણાઈ વાદનમાં છોકરાઓ સાથે બાગેશ્વરીની જુગલબંદી પણ કરાવી. બાગેશ્વરીનું શિક્ષણ પૂરું થયું ત્યારે ઉસ્તાદે એની હાથની બાજુ પર ગંડા તરીકે ઓળખાતો એક દોરો બાંધ્યો. એનો અર્થ એમ થાય કે એનું શિક્ષણ હવે સમાપ્ત થયું.

પારસમણિના સ્પર્શથી થતા પ્રભાવની જેમ બાગેશ્વરી શરણાઈવાદનમાં સુવર્ણ બનીને ઝળહળી. એ પછી બાગેશ્વરી એક પછી એક સોપાન સર કરવા લાગી. એને પહેલો જાહેર કાર્યક્રમ કરવાની તક મળી. બાગેશ્વરીના શબ્દોમાં કહીએ :

૨૭ ફેબ્રુઆરી ૧૯૮૩નો દિવસ મને યાદ છે. દિલ્હીના કામાણી ઓડિટોરિયમમાં મારો પહેલો સાર્વજનિક કાર્યક્રમ હતો. હું ત્યારે સત્તર વર્ષની. હું 'ઓલ વુમન મ્યુઝિક ફેસ્ટિવલ'માં સહભાગી થઈ હતી. એ સમયનાં પ્રખ્યાત કલાકાર શન્નો ખુરાનાએ મહિલાઓ માટે વિશેષ આયોજન કરેલું.

જો કે મારું આ પહેલું જાહેર શરણાઈવાદન જોવા મારા પિતા આવ્યા નહોતા. મારા મનમાં ડર હતો કે હું પ્રેક્ષકો સામે શરણાઈ વગાડી શકીશ કે નહીં, પણ બધું સરસ ગોઠવાઈ ગયું. મેં કોઈ પણ પ્રકારની મુશ્કેલી વિના 'મિયા કી ટોડી' રાગ વગાડ્યો. આખું ઓડિટોરિયમ તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠયું. એક મહિલાને શરણાઈ વાદન કરતી જોઈને લોકોને વિસ્મય થયું. ત્યારથી મારી શરણાઈવાદનની પરંપરા શરુ થઈ તે વણથંભી ચાલતી રહી.'

(જુઓ પાનું ૬) ▶▶

ગીતા ત્રિવેદી
feedback.ladki@bombaysamachar.com

## ટૂંકી વાર્તા

# મૂલ્યાંકન



અરીસા સામે ઊભેલી ગાર્ગી શાહ. બે ઘડી પોતાની જાતને એમ જ જોઇ રહી. ઉંમરની સુવર્ણજ્યંતીએ પહોંચેલી હોવા છતાં તે આજે પણ આકર્ષક લાગતી હતી. આજના ખાસ પ્રસંગે તેને વિશાળ જનસમુદાય સામે એક જુદી જ ઓળખ અપાવી હતી.

તે ખૂબ ચીવટથી તૈયાર થતી હતી. કેટકેટલી સાડીઓ કાઢી. સામાન્યપણે સલવાર કમીઝ તેને ગમતો પોષાક હોવા છતાં આજે તેણે સાડી પર પસંદગી ઉતારી. મોટી બોર્ડરવાળી ગુલાબી સાડી તેના સપ્રમાણ દેહ પર શોભી રહી. બિંદી લગાડીને તે અરીસામાં પોતાને જોઇ જુદા જ સ્વરૂપે નીરખી રહી.

સામે દેખાતી ગાર્ગીને જોતાં જ તેની અંદર ઊગેલી સ્મૃતિની અડીખમ દીવાલ પર લીલના જામી ગયેલા પોપડાં ઉખડવા માંડ્યા.

તેના જીવનની રિયાલીટી જાણે એક ફિલ્મ બની ગઇ. વાસ્તવિક જિંદગીના પાત્રો અને ઘટનાઓ ફિલ્મ કરતાં સાવ અનોખાં હતાં.

લગભગ અપરિચિત કહી શકાય તેવી વ્યક્તિ જોડે તે અજાણી સફરે નીકળી પડી. આપણો સમાજ જેને દાંપત્યજીવનની શરૂઆત કહે છે. આમ દિનેશ સાથે શરૂ થઇ તેના લગ્નજીવનની શરૂઆત.

માતા-પિતાએ વિદાય સમયે કહ્યું હતું કે બેટા, 'બધાને અપનાવીને રહેજે.'

તેને યાદ આવ્યું, લગ્નજીવનના શરૂઆતના એ દિવસો, કુટુંબના સભ્યોને કશી ખાસ વાત કરવી હોય તો તેઓ બીજા ઓરડામાં જઇને કરતા. રાત્રે દિનેશને પૂછતી, 'શું વાત હતી' 'તારે જાણીને શું કામ છે?' દિનેશ ચીડાઇને કહેતો ત્યારે જ સમજાતું કે ઘરની સભ્ય હતી કે પછી પારકી હતી. જો કે અવહેલનાનું દુઃખ અવશ્ય થતું. મન બોલી ઉઠતું. 'હું તો અપનાવવા જ આવી હતી ને! છતાં તેઓએ કેમ અપનાવી નહિ?'

દિનેશને આકર્ષણ ફક્ત તેના સૌંદર્યવાન દેહનું જ રહેતું. પાર્ટીમાંથી પાછા ફરતા રાત્રે તે અચૂક કહેતો, 'મારો ફ્રેન્ડ કહેતો હતો કે યાર તું લક્કી છે તારી વાઇફ બહુ જ સુંદર છે.'

'પસંદગી કોની?' તે ગર્વભેર વારંવાર કહેતો.

લગ્નજીવનના બે વર્ષ પૂરાં થયાં. સાસુ પાડોશણને કહેતા હતા તે કાને પડ્યું, 'કોને ખબર ક્યારે આપશે વારસ? હું તો પરણ્યાનાં પહેલાં વર્ષે જ મા બની ગઇ હતી.'

ચોથા વર્ષે રાહ જોવડાવીને એ ખુશી તેને પ્રાપ્ત થઇ. આજે પણ યાદ છે. તેના રિપોર્ટ પોઝિટીવ આવતા એક ખુશીની લહેર તેની ભીતર દોડી ગઇ હતી.

પુત્રની માતા બનતા ગાર્ગીનું માન વધ્યું. કારણ કે દિનેશને પુત્ર જ જોઇતો હતો. જો કે ગાર્ગી પુત્રીને જન્મ આપવા માગતી હતી.

સરકતા સમયની સાથે પુત્ર પણ પતિ જેવો થતો ચાલ્યો. એમાં એનો પણ શો વાંક? એણે ક્યાં દિવસ તેના પપ્પાને એની સાથે સારી રીતે વર્તતા જોયા હતા!

ઘરમાં કોઇ પણ વાતચીત દરમિયાન જો તે કંઇ કહેવા જાત તો 'તને પૂછ્યું છે?' તારી સાથે વાત કરીએ છીએ? આવા ધારદાર પ્રશ્નો વડે તે લોહીલુહાણ થતી. વારંવાર એની આસપાસ ઘટતી ઘટનાઓ તેને ઝંઝોડી નાખતી. ત્યારે જૂના ઝખમોમાંથી ફરીથી લોહી ટપકવા લાગતું.

તેણે તો પોતાનો વિશ્વાસ, થોડું પોતાપણું ને આદર, એ સિવાય ક્યાં કશું માગ્યું હતું! શું એ અજુગતું હતું.

તેની વ્યથા કે સંવેદના કાગળ પર ઉતરતાં વાર્તાઓનું સર્જન તેની જાણ બહાર થવા માડ્યું.

પહેલી ટૂંકી વાર્તા જાણીતા અખબારમાં પ્રકાશિત થઇ. તે ખૂબ ખુશ હતી. દિનેશના મિત્રએ એક પાર્ટીમાં મળતાં કહ્યું હતું. 'ભાભી અભિનંદન તમારી વાર્તા સરસ હતી. પણ તેમાં ખામી રહી ગઇ હતી.' તેણે પૂછ્યું હતું, 'શું ખામી રહી ગઇ કહો તો સમજાયને!'

તેણે હસતાં હસતાં જણાવ્યું હતું કે વાર્તાની લેખિકાના નામની પાછળ તેના મિત્રનું નામ નહોતું. પતિએ પણ સાથ પુરાવતા જણાવ્યું હતું કે આપણે ત્યાં તો પરંપરા છે સ્ત્રીના નામની પાછળ પિતા કે પતિનું નામ હોવું જ જોઇએ. 'વાંધો નહિ અટક તો મારી જ વાપરી છે ને?' એમ કહી ખસીયાણું હાસ્ય ફરકાવ્યું હતું દિનેશે.

તે સમયે મનમાં ગાર્ગીથી સહસા બોલાવ્યું હતું. 'ના અટક પણ વાપરવી ગમતી નથી. છતાં પણ લખું છું અથવા તો લખાય છે. સમયની સાથે કલમ દોડતી રહી. વાર્તાઓ પછી વાર્તાસંગ્રહ ને નવલકથા પ્રકાશિત થતાં તે સાહિત્યની દુનિયામાં થોડી જાણીતી થઇ. પોતાની સંવેદનાઓ વિવિધ પાત્રો દ્વારા કાગળ પર ઠલવાતી. તે સઘળા તેના સુખ-દુઃખના અંગત સાથી હતાં. મનના કોઇ ખૂણે પોતાનું અલગ અસ્તિત્વ છે. તેવો છાનો સંતોષ તે લઇ લેતી. તેનું સંવેદનશીલ હૈયું આત્મિયતા નીતરતું સહચર્ય ઝંખતું. જ્યારે પતિને તેના રૂપાળા દેહ સિવાય કોઇ નિસ્બત નહોતી. વ્યક્તિને વળતર જોઇએ છે. જરૂરી નથી કે ફક્ત રૂપિયાના રૂપમાં જ હોય. ક્યારેક પતિના વર્ચસ્વ કે અધિકારને કારણે સમાજમાં તેના જેવી કેટલીય પત્નીઓ આવું જ વળતર ચૂકવતી હોય છે.

દિનેશ ડાર્લિંગ કહેતો ત્યારે તે શબ્દ તેને ગંદી ગાળ જેવો લાગતો. લોકોની સામે સતત નીચા દેખાડવાની એક પણ તક જતી ન કરનાર પતિ પોતાની શારીરિક ઇચ્છાપૂર્તિ માટે આ સંબોધન વાપરતો. ગાર્ગી પણ પોતાને કોઇ વસ્તુની જેમ જ દિનેશને હવાલે થઇ જતી.

જીવનમાં ચારે દિશાએથી પરિસ્થિતિનો પવન જોરથી ફૂંકાતો હોય ત્યારે જે દિશામાં ન જવું હોય ત્યાં જ સંજોગોનું વાવાઝોડું ખેંચી જતું હોય છે. એક પ્રસંગ આવો જ ઊભો થયો ગાર્ગીના જીવનમાં.

'કાશ તને કહી દેત.' આ નવલકથા પરથી ફિલ્મનિર્માતા મુકેશ પારેખે ફિલ્મ બનાવવા માટે વાર્તાના હક્કની માગણી કરી. ફિલ્મી દુનિયામાં તેમનું નામ જાણીતું હોવાથી અને વળી તેઓ વાર્તાના સ્વરૂપને અકબંધ રાખશે તેવી બાંહેધરી આપ્યા બાદ ગાર્ગીને પરવાનગી આપી.

તેના આશ્ચર્ય વચ્ચે ફિલ્મ બની. જે સુપરડુપર હીટ નીવડી. ફિલ્મના અવૉર્ડમાં તેને પણ નામાંકન મળ્યું હતું.

આમંત્રણ પત્રિકા જોઇ તેના મુખ પર હાસ્યની હળવી લકીર ફરી વળી. જો કે જનસમુદાયમાં તે લોકપ્રિય તો હતી જ. કોઇ પણ સમારંભમાં જતી ત્યારે તેના પ્રશંસકો તેને ઘેરી વળતા.

'મમ્મી કેટલી વાર છે?' પુત્રએ બૂમ પાડી. તે બહાર આવી.

'સ્મૃતિપર પર ચાલતી ફિલ્મમાં ઇન્ટરવલ પડ્યો. તેઓ હોલ પર પહોંચ્યા. આ વખતે લેખકોને પણ નામાંકન આપવામાં આવ્યું હોવાથી તેની જેમ બીજા લેખકો પણ હાજર હતા. સૌના આશ્ચર્ય વચ્ચે તેનું નામ બોલાયું. તેને પોતાના કાનો પર વિશ્વાસ ન બેઠો. ઝાકઝમાળ ભર્યા સ્ટેજ પર રેટ કાર્પેટ પર મંથર ગતિએ ચાલીને નામાંકિન વ્યક્તિના હસ્તે તેણે અવૉર્ડ સ્વીકાર્યો. ગાર્ગીએ નિર્માતા ને દિગ્દર્શકનો આભાર માન્યો.

સહજ સ્વરૂપે સર્જાયેલું સર્જન તેને આટલી લોકપ્રિયતા અપાવશે તેવું તો ગાર્ગીએ કલપ્યું જ નહોતું.

સમારંભ પછી જમણવાર હતો. બધા તેને અભિનંદન આપતા હતા. જમ્યા પછી પ્લેટ મૂકવા ગઇ. ત્યાં તો તેને જાણીતો અવાજ સંભાળાયો. તેણે પાછળ ફરીને જોયું તો આછા ઉજાસમાં ફિલ્મ નિર્માતા મુકેશ પારેખ અવૉર્ડ ફકશનના આયોજકને કહી રહ્યા હતા. 'જોયું ને મારી વાત સાચી પડીને? બૈરાને તો થોડું માન સન્માન આપવાનું એટલે ખુશ, પુરુષો પાસે કામ લેવું તેના કરતા બૈરા જોડે કામ લેવું સહેલું. એક તો ઇમાનદાર ને વળી મહેનતી. જો જો ને આ અવૉર્ડને કારણે આગળની મારી ફિલ્મ માટે તેની પાસે સસ્તામાં કામ કઢાવી લઇશ. શું સમજ્યા? આટલું કહી બંને તાળી દઇને હસ્યા.

ગાર્ગીને નીચેથી ઉપર સુધી ઝાળ લાગી. ફિલ્મી દુનિયા એટલે પરફ્યુમ એને અત્તર સમજવાની ભૂલ તે કરી ચૂકી હતી. થોડીક ક્ષણોનો આનંદ ડહોળાઇ ગયો.

રાત્રે તન અને મનથી થાકેલી તેને સૂઇ જવું હતું. ત્યાં પતિદેવ પોતાની ઇચ્છાપૂર્તિ માટે આવ્યા. 'ડાલિંગ ચાલ.' ફરી પાછી એ જ અસહ્ય પરિસ્થિતિ. ન જાણે કેમ તેનાથી કહેવાઇ ગયું. 'ડોન્ટ ટચ મી' દિનેશનો અહંકાર ફૂફાડા મારીને બેઠો થયો. શબ્દ વાટે ઝેર ઓક્તા તેણે ઘૃણાથી કહ્યું. 'જા જા હવે તને તો શું તારી ડેડ બોડી સામે પડી હશે ને તો તેને પણ ટચ નહીં કરું. સાલા બૈરા.''
ફરી એ જ ગાળ સાંભળવી પડી.

પથારીમાં પડી પડી ખુલ્લી આંખે તે છતને તાકી રહી. દિનેશે તેના અસ્તિત્વને મૃત જાહેર કર્યું હતું. તો પછી પોતે જીવતી કેવી રીતે છે? આંસુ નહોતા આવતા કોરી આંખોમાં તેની સંવેદના સાચે જ મરી ચૂકી હતી. હા દિનેશની અપેક્ષામાં તે ઊણી ઊતરી હતી. તેણે તેની વાત માનવાનો ઇનકાર કર્યો હતો.

મન જે હજારો સવાલ એક સાથે પૂછતું હતું વેરવિખેર વાદળીઓની જેમ. તેને થતું કોની પાછળ દોડું. દોડીને પણ ક્યાં હાથ લાગવાનું હતું. વ્યર્થની મથામણ હતી કશુંક ક્ષુલ્લક પામવાની. વેગે ધસી આવતા સવાલોના જવાબ એમ ક્યાંથી જડે. હા પણ એટલું ચોક્કસપણે સમજાતું હતું કે આ ખોળિયું એ સત્ય નથી.

જો હોત તો એને નકારવાની કોઇની તાકાત નહોત. એને સુખ નહિ. આનંદની અપેક્ષા છે. શાશ્વત આનંદ જે ક્યાંક છે ઊંડે ઊંડે. પોતાના નાશવંત દેહથી પર એને કશુંક પામવું છે. 'કંઇ મંઝિલને આંબવી છે?' ક્યાં છે? જાત તપાસ કરતાં ઝાંખુ ઝાંખુ કશુંક કળાતું હતું. આનંદનો સ્ત્રોત તેની ભીતરથી ફૂટીને તેના રોમેરોમમાં પ્રસરતો જતો હતો.

તે ઊઠી, નવો સૂર્યોદય તેનું સ્વાગત કરી રહ્યો હતો. દુનિયા એ જ ઘટમાળ પ્રમાણે ચાલતી હતી. લોકો દોડતાં ને હાંફતા હતા. સૌ પોતાપોતાની દુનિયામાં વ્યસ્ત હતા. જ્યારે એ નિજ દુનિયામાં મસ્ત હતી. અખબારના એક ખૂણે સમાચાર હતાઃ 'લેખિકા ગાર્ગી શાહે અવૉર્ડ આયોજકોને પરત કર્યો.' ■

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

## ફેશન વર્લ્ડ

# ઉનાળો એટલે શોર્ટ્સ પહેરવાની સિઝન

શોર્ટ્સ પહેરવાની સિઝન એટલે સમર. શોર્ટ્સ પહેરવામાં કમ્ફર્ટેબલ તો છે જ સાથે સાથે એક સ્ટાઈલિશ લુક પણ આપે છે. શોર્ટ્સ એટલે જે ગારમેન્ટ કનીથી પેહલા અથવા કની સુધી પૂરું થાય તેને શોર્ટ્સ કહેવાય છે. શોર્ટ્સમાં ઘણી વેરાઈટી આવે છે અને લેન્થમાં પણ વેરાઈટી આવે છે. કોઈ મહિલા કેટલી ટૂંકી શોર્ટ્સ પહેરે કે ન પહેરે તે તેમની એક પર્સનલ ચોઈસ છે. ઘણી યુવતીઓ ફેશનમાં ટૂંકી શોર્ટ્સ પહેરે છે તો ઘણી યુવતીઓ પોતાના કમ્ફર્ટ માટે અથવા તો કોઈ ફિઝિકલ એકટીવીટી માટે શોર્ટ્સ પહેરે છે. શોર્ટ્સ પહેરતી વખતે એક વાત ધ્યાનમાં રાખવી તમારા પગ ચોખ્ખા હોવા જોઈએ.ચોખ્ખા એટલે પગ પર કોઈ વાગ્યાના નિશાન ન હોવા જોઈએ, ગોંઠણ અને એન્કલ કાળા ન હોવા જોઈએ.અને તમારું શરીર સુડોળ હોવું જોઈએ. આમ તો શોર્ટ્સમાં ઘણી વેરાઈટી આવે છે, પરંતુ અહીં આપણે બેઝિક શોર્ટ્સ જે વધારે પહેરાય છે તેની ચર્ચા કરીએ.

### લાઉન્જ



લાઉન્જ વેર એટલે કમ્ફર્ટેબલ કલોથસ કે જે કપડામાં આપણે રિલેક્સ કરી શકીયે. લાઉન્જ શોર્ટ્સ મોટા ભાગે યુવતીઓ ઘરમાં પહેરવાનું જ પ્રિફર કરે છે.લાઉન્જ શોર્ટ્સ ખાસ કરીને હોઝિયરી ફેબ્રિકમાં બનાવવામાં આવે છે. લાઉન્જ શોર્ટ્સની હેમલાઇન રાઉન્ડ શેપમાં હોય છે અને હેમલાઇન જો સ્ટ્રેટ હોય તો સાઈડમાં ૧ ઇંચની કટ હોય છે. લાઉન્જ શોર્ટ્સ હોઝિયરી મટિરિઅલમાં હોવાથી પહેરવાથી ખૂબ જ કમ્ફર્ટેબલ લાગે છે અને ગરમી પણ નથી થતી.આ શોર્ટ્સ સાથે તમે લોન્ગ અથવા શોર્ટ ઓવર સાઈઝ ટી-શર્ટ પહેરી શકો ,અથવા તો હોલ્ટર ટોપ કે સ્પેગેટી પણ પહેરી શકાય.

### ડેનિમ

ડેનિમ શોર્ટ્સ એ મોટા ભાગની યુવતીઓની ફેવરિટ શોર્ટ્સ હોય છે. જેઓ રેગ્યુલરલી શોર્ટ્સ પહેરતા હોય તેમની પાસે ડેનિમ શોર્ટ્સ હોય જ. ડેનિમ શોર્ટ્સમાં ઘણી વેરાઈટી આવે છે જેમકે ,લેન્થ વાઇસ,લુક વાઇસ અને સ્ટાઇલિંગ વાઇસ.ડેનિમ શોર્ટ્સ એક અલગ જ લુક આપે છે.ડેનિમ શોર્ટ્સ સાથે કોઈ પણ સ્ટાઇલનું ટી-શર્ટ,ફેંસી ટોપ અથવા શર્ટ્સ પહેરી શકાય. જો તમારે ડેનિમ શોર્ટ્સ ખરીદવી ન હોય તો તમારા કોઈ પણ જૂના ડેનિમને તમે ઘરે જ કટ કરી શકો છો. કટ કર્યા પછી તેને સિલાઈ મારવાની જરૂર નથી.આવી શોર્ટ્સ સાથે ઓવર સાઈઝ ટી-શર્ટ પહેરવું, ટી-શર્ટને ઈન ટક કરવું અને સ્લીવ્સને રોલ અપ કરવી. પગમાં સ્લીપર્સ અથવા કેનવાઝ શૂઝ પેહરી શકાય. ડેનિમમાં એમ્બ્રોઇડરી શોર્ટ્સ પણ આવે છે. આ શોર્ટ્સ તમે કોઈ બર્થ ડે પાર્ટી અથવા ગર્લ્સ આઉટિંગમાં પહેરી શકો અને તેની સાથે ક્રોપ ટોપ પહેરી એક અલગ લુક આપી શકાય.



બીજી ઘણી સ્ટાઈલની શોર્ટ્સ આવે છે જેમકે હાઈ વેસ્ટ એટલેકે જે કમરથી થોડી ઉપર પહેરવામાં આવે. આ શોર્ટ્સ ખાસ કરીને લાંબી પાતળી યુવતીઓ પર જ સારી લાગશે .જો તમારું શરીર ભરેલું હશે અને તમે હાઈ વેસ્ટ શોર્ટ્સ પહેરશો તો પેટ અને કમરનો ભાગ વધારે હાઈલાઈટ થશે. હાઈ વેસ્ટ શોર્ટ સાથે ફેન્સી ટોપ ઈન્ટક કરી પહેરી શકાય. કની લેન્થ શોર્ટ્સ એટલે કે જે શોર્ટ્સની લેન્થ કની સુધી અથવા કનીથી થોડી ઉપર હોય.કની લેન્થ શોર્ટ્સ ખાસ કરીને થિંક કોટન ફેબ્રિકમાં હોય છે અને મોટા ભાગે યુવતીઓ કની લેન્થ શોર્ટ્સ ટ્રાવેલિંગમાં પહેરવાનું પ્રિફર કરે છે.

### કોટન



કોટન શોર્ટ્સ મોટા ભાગે બધી જ યુવતીઓ પાસે હોય છે. કોટન શોર્ટ્સ પહેરવાથી ચોળાઈ જાય છે જેથી કોટન શોર્ટ્સ ઘરમાં પહેરવા માટે બેસ્ટ ઓપશન છે. કોર્ટન શોર્ટ્સમાં પણ લેન્થ વેરિએશન આવે છે. તમારા બોડી ટાઈપ મુજબ શોર્ટ્સના લેન્થની પસંદગી કરી શકાય. કોટનમાં રેયોન ફેબ્રિકમાં પણ શોર્ટ્સ આવે છે જે પહેરવાથી ખૂબ જ સુંવાળી લાગે છે. રેયોન અને પ્યોર કોટન શોર્ટ્સ અલગ અલગ પ્રિન્ટમાં આવે છે જેના પર તમે કોઈ પણ કલરનું ટી-શર્ટ મિક્સ એન્ડ મેચ કરી શકો.જે યુવતીઓનું શરીર ભરેલું છે તેઓને પણ રેયોન શોર્ટ્સ સારી લાગશે. પ્યોર કોટન શોર્ટ્સમાં ઘણી વખત ફેબ્રિક સોફ્ટ ન હોય તો ધોયા પછી ફેબ્રિક થોડું કડક લાગે છે. તેથી રેયોબ શોર્ટ્સ જ પહેરવી.

### પ્લીટેડ




પ્લીટેડ શોર્ટ્સ એટલે ,શોર્ટ્સમાં ૨ ઇંચ થી લઈને ૩ ઇંચ સુધી યોક એટલેકે પ્લેન પટ્ટો હોય છે , જેની પર બેલ્ટ લૂપ હોય છે . આ પટ્ટાની નીચે ફેબ્રિકની પ્લીટ લેવામાં આવે છે.પ્લીટ એટલે ફેબ્રિકને અમુક ઇંચના અંતરે ફેબ્રિક પર જ ફોલ્ડ કરવામાં આવે અને તેને ઉપરથી સીવી દેવામાં આવે તેને પ્લીટેડ શોર્ટ્સ કહેવાય.પ્લીટની સાઈઝ અને સ્ટાઇલમાં વેરિએશન હોય છે.આ શોર્ટ્સ થોડી લુઝ હોય છે એટલે કે,જે માપ કમર પર હોય તે જ માપ નીચે સુધી હોય. પ્લીટેડ શોર્ટ્સ મોટા ભાગે સોફ્ટ લિનનમાં બનાવવામાં આવે છે. પ્લીટેડ શોર્ટ્સમાં ૨ સાઈડ પોકેટ અને ૨ બેક પોકેટ હોય જ છે.પ્લીટેડ શોર્ટ્સ સાથે તમે ફેન્સી બેલ્ટ પહેરી શકો.અથવા શોર્ટ્સનું જે ફેબ્રિક છે તેનો સેલ્ફ ટુ સેલ્ફ બેલ્ટ પણ પહેરી શકાય. પ્લીટેડ શોર્ટ્સ લિનનમાં હોય છે જેથી ટોપનું સિલેક્શન પણ સરખી રીતે કરવું . સોફ્ટ લિનન શોર્ટ્સન કલર્સ ખૂબ જ અલગ હોય છે, જેમકે સની યેલ્લો,ખાખી,સી ગ્રીન, સી બ્લુ, ડીપ રેડ વગેરે. આ કલર્સ સાથે વાઈટ અથવા બ્લેક કલરના ટોપ તો સારા જ લાગશે પરંતુ કોન્ટ્રાસ્ટ કલરમાં પણ ટોપ્સ સારા લાગશે.પ્લીટેડ લિનન શોર્ટ્સ સાથે સોફ્ટ ક્રેપના ફ્રીલી ટોપ્સ પહેરી શકાય.આ લુક સાથે તમે પગમાં કોઈ ફ્લેટ્સ , બેલીઝ કે લોફર્સ પહેરી શકો ડીપેન્ડિંગ કે તમારે ક્યાં જવાનું છે. ■

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

## લાફ્ટર આફ્ટર

# તમે ખાઉધરા તો નથી ને?




'અધધધ લાડુ ખાનારાઓથી તો ભગવાન જ બચાવે!'

પોતે સારું એવું ઝાપટી શકે છે એમ માની કોલર ઊંચો કરનારાઓનો એક જમાનો હતો. પણ આજના આ મોંઘવારીના જમાનામાં વધારે ખાનારા, અર્થાત્ ખાઉધરા મહાશયો બ્લેક લિસ્ટમાં મુકાઈ જતા હોય છે.

એક જમાનામાં અમારા ગામમાં સૌથી વધુ લાડુ ખાનારાઓનું સન્માન થતું અને એવા યુવાનો તેમજ મોટી વયના મહાશયો ગામમાં છાતી કાઢીને ફરતા. સામૂહિક જમણવાર અને સોંઘવારીના જમાનામાં એવા પ્રયોગો અને સ્પર્ધા કારગત નીવડતી, પણ મોંઘવારીના આ યુગમાં આવી લાડુની સ્પર્ધામાં જીતનારાઓને કોઈ ભૂલેચૂકે પણ જમવાનું આમંત્રણ ના આપે. આજની આધુનિક યુવતી પણ આવા ખાઉધરા યુવકની લગ્ન માટે ઑફર આવી હોય તો તરત જ 'ના' કહીને મ્હોં મચકોડે. મેગી, પિઝા, બર્ગર બહારથી મંગાવીને ખાનારી, જીમ, યોગા કરનારી અને બોડી મેન્ટેઇન કરનારી યુવતીઓ ભલા કઈ રીતે લસલસતાં ઘીના લાડવા બનાવવા બેસવાની?

કેટલાક મહારથીઓ તો માત્ર ખાવા માટે જ જન્મ લીધો હોય એમ આખો દિવસ સવાર, બપોર, સાંજ અને કદાચ રાત્રે ભૂખ લાગે તો રાત્રે શું ફાકવું એનું આખા અઠવાડિયાનું લિસ્ટ બનાવીને પત્નીને થમાવી દે છે અને એ લિસ્ટની બે-ત્રણ ઝેરોક્ષ કઢાવી રસોડામાં, ડાઇનિંગ ટેબલ પર તેમજ બેડરૂમમાં સુધ્ધાં ચોંટાડી રાખે છે.

આવા મહાશયો ઊઠતાંની સાથે 'ૐ નમઃ શિવાય' કે પછી ગાયત્રી મંત્ર ઈત્યાદિનું સ્મરણ કરતા નથી, પણ આજના લિસ્ટમાં જે જે લખ્યું છે, એ એ ખાવાનું બનાવવાનું પત્ની ચૂકી તો નથી ગઈ ને? એ વારે વારે પેલા લિસ્ટમાં જોઈને ચેક કરતા રહે છે.

અમારા પડોશી જમનાદાસ તો ખુલ્લંખુલ્લા લોકોને કહેતા ફરે છે કે, 'મારે તો જીવન એટલે સારામાં સારું સ્વાદિષ્ટ ખાવું, પીવું તેમજ નિરાંતે ઊંઘી જવું! માનવજીવન એક જ વાર આપણને મળે છે, તો ખાઈ પીને મરવાનું! ખાવા-પીવામાં હું કોઈ બાંધછોડ કરતો નથી.'

જમનાદાસના ગયા પછી એના પત્ની પ્રલાપે છે : 'ભૂલેચૂકે પણ આવા ખાઉધરા પુરુષનો પનારો પડ્યો, તો તોબા તોબા! એથી જ અમે દીકરી માટે જે છોકરો પસંદ કરેલો, એનો પ્રથમ ઇન્ટરવ્યૂ મેં લીધેલો અને ખોરાક અંગે દસ પ્રશ્ન પૂછેલા..'

જમનાદાસની પત્ની અલકાબેન રાંધી રાંધીને અને પતિદેવને પીરસી પીરસીને સાવ હલકાં (સુકાઈ ગયાં) થઈ ગયાં છે.

જમનાદાસ લગ્ન બાદ પહેલીવાર સાસરે ગયેલા એ વાત અલકાબહેન (હલકાં થયા પછી) લગભગ દર અઠવાડિયે યાદ કરાવી હશે. એ પુરાણ કંઈક આ મુજબ છે:

'લગ્ન બાદ હું અને મારા એ (પતિ) મારાં પિયર ગયેલાં. મારી બાને નહોતી ખબર કે જમાઈનો જઠરાગ્નિ ખૂબ જ પ્રદિપ્ત છે! જમાઈરાજે જમણવાર શરૂ થતાં જ લાડુ ખૂટાડ્યા, પછી ભજિયાં ખૂટાડ્યાં અને એના ઉપર છેલ્લે વાડકે વાડકે દાળ પણ એવી પીધી કે મારી બાએ તાત્કાલિક કૂકર ચઢાવેલું. એ પછી મારી બાએ જમાઈને સાસરે પધારવાનો આગ્રહ ક્યારેય કર્યો નથી!'

કંઈ કેટલા તો પુષ્કળ પ્રમાણમાં ખાધા પછી પણ શરીરે એકવડા જ રહે છે એટલે એવા એકવડા શરીરવાળા મહાશયો તો ગર્વથી કહેતા ફરે છે કે, 'ખાધા પછી અમારી જેમ પચાવતાં આવડે એનું જ શરીર માપમાં રહે. બાકી બધા ફૂલીને ફુગ્ગો થઈ જાય છે.' (અવગુણને ગુણમાં ફેરવવાનો કેવો સરસ ગુણ!)

આવા ફુગ્ગાવાળા ગ્રાહકો માટે કેટલીક લોજમાં તો રીતસર લખવું પડે છે : 'અનાજ પારકું છે, પણ તમારું પેટ પારકું નથી' તો કેટલીક લોજમાં મોટા અક્ષરે લખવું પડે છે : 'વધારે રોટલી કે ફરસાણ, મીઠાઈ માગીને અમને શરમમાં પાડશો નહીં. વધારે ખાશો તો એનો ચાર્જ અલગથી આપવાનો રહેશે.'

આવા ખોરાકપ્રિય માણસો મફત ખાવાનું હોય ત્યાં ખૂબ જ બેકાબૂ બની જાય છે. એમાં પણ જો કોઈ પૈસાદાર પાર્ટીનાં લગ્નમાં ભવ્ય જમણવાર હોય, તો તો એકે એક વાનગીને ભરપેટ ન્યાય આપી, છેલ્લે બધા મુખવાસ, આઇસક્રીમ અને બાળકો સાથે છેલ્લે બુઢ્ઢી કા બાલ પણ ઓહિયા કરવાનું ચૂકતા નથી! અને જો ચૂકી ગયા હોય તો મુખવાસ ખાધા પછી પણ જે જે વાનગી બાકી હોય, તે તે વાનગી ઝાપટી આવવાનું પરમ કર્તવ્ય નિભાવી આવે છે. લગ્નમાં બોલાવનાર પાર્ટીને ખોટું લાગે તો ભલા કેમ પોસાય?


બસ, પછી તો આખે રસ્તે એની સાથે કારમાં ઘરે જનારને કાં તો એમના કાન ફાડી નાખે એવા ઓડકાર, અથવા તો ચાલુ કારના હિલોળે નસકોરાંની સંગતનો તાલ અન્ય કુટુંબીજનોએ સહન કરવો પડે છે.

આવા ખોરાક પ્રિય મુરબ્બીઓને જોઈને રસ્તો બદલનારા કે પછી એવાઓને દૂરથી જ નમસ્કાર કરવામાં ભલું છે એવું માનનારાઓની સંખ્યા વધી રહી છે.

જો...જો, તમને જોઈને તો કોઈ રસ્તો બદલતું નથી ને?! ■

# પુરુષ

# શબ્દની સાથે સમયને પણ પારખો...



## શબ્દ અને સમય એવાં બ્રહ્માસ્ત્ર છે કે તમે ધાર્યું નિશાન પાર પાડી શકો...

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

શબ્દ અને સમય

આ બન્ને અઢી અને ત્રણ અક્ષરના છે. આપણે શીખેલી અ..બ..ક..ડ .. બારાખડીના એવાં શબ્દ કે જો એનો આપણી રોજિંદી જિંદગીમાં ખરા સમયે ધાર્યો ઉપયોગ કરવામાં આવે તો રામબાણ જેવાં સચોટ, નહીંતર અણુ બોમ્બ જેવાં મહા વિનાશક પુરવાર થઈ શકે વાત ‘શબ્દ’ થી શરૂ કરીએ...

શબ્દ એક એવું શસ્ત્ર છે,જે વીરના હાથમાં અને એના ભાથામાં શોભે. જેમ એનો ઉપયોગ ઓછો તેમ એ વધુ અસરકારક. આ શબ્દ-શસ્ત્ર દુષ્ટ કે કોઈ કા-પુરુષના હાથમાં જાય તો એ હૈયાહોળીથી લઈને સાચુકલી હોળી સળગે અને શબ્દનો વેડફાટ થાય એ વધારામાં જાણીતા પ્રાધ્યાપક નિસર્ગ આહિરને ટાંકીએ તો શબ્દ માત્ર ચેતના નહીં, ઊર્જા પણ છે. બ્રહ્મની અદ્ભુત શક્તિ છે. સર્જનની અભિવ્યક્તિ છે. શબ્દ હકીકતમાં નિર્માયો નથી. હકીકતમાં અવતર્યો છે..!

શબ્દની વાત આવે એટલે સહેજે છે કે શબ્દથી પ્રગટતી વાણીની વાત નીકળે અને વાણીની વાત આપણે કાઢીએ એટલે મૌન પણ એની પાછળ પાછળ પ્રવેશે. આમ લખાતો -બોલાતો શબ્દ આખરે મૌનમાં વિરમે.

આપણી એક જાણીતી ઉક્તિ છે : ‘ભલે તમે તમારા ગુરુની વાણી ન સમજી શકો, પણ ગુરુના મૌનને વાંચતા-ઉકેલતા શીખી જશો તોય તમારો બેડો પાર થઈ જશે..!’

બીજી તરફ, જાણીતા વિચારક-લેખક ગુણવંત શાહ માને છે કે આ સૃષ્ટિ શબ્દની બનેલી છે અને શબ્દમાં એક પ્રકારનું ગુરુત્ત્વાકર્ષણ છે ને જ્યાં ગુરુત્ત્વાકર્ષણ હોય ત્યાં વજન તો રહેવાનું.આમ શબ્દ પણ વજનદાર હોય શકે એ લખાયેલા કે વાણીરૂપે રજૂ થયેલા વજનદાર - સચોટ શબ્દ ધાર્યું નિશાન પાડે છે. ચોક્ક્સ રીતે પ્રયોજાયેલા-ગોઠવાયેલા શબ્દ મંત્ર- તંત્રની સાધના બને છે, છતાં વિદ્વાનો કહે છે તેમ શબ્દોનો અંતિમ પડાવ તો મૌન જ છે, જે મોટાભાગે વજનદાર જ સાબિત થાય છે.

મૌનના બીજે છેડે આમ જુઓ તો વાણી શબ્દની બનેલી છે અને શબ્દનું મૂળ કાર્ય અભિવ્યક્તિનું છે. આપણી વાત-કથા-વ્યથા-લાગણી વ્યક્ત કરવા અનુરૂપ શબ્દોની જરૂર પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો શબ્દ તો હૃદયનો સાદ છે. એ એક્સ-રે જેવો છે.એનો યોગ્ય ઉપયોગ થાય તો તબીબી એક્સ-રેની જેમ એ પસાર થઈને મનઃસ્થિતિનું આબાદ નિદાન કરી શકે. એ જ રીતે કવિ પણ પોતાનાં શબ્દોના કામાતુર પ્રેમમાં પડીને અદ્ભુત સર્જન કરી શકે છે.

આમ છતાં, જેમ આહાર-વાનગી માટે આપણા શબ્દો ખોરાક ન બની શકે તેમ શબ્દો વિશે માત્ર શબ્દોમાં વાત કરવી એ તો ચિત્રકારના બ્રશ- પીંછીના ચિત્ર માટે ખુદ એ જ પીંછીને પોતાનું ચિત્ર બનાવવા કે સેલ્ફી લેવા કહેવા જેવું અશક્ય છે!

શબ્દ પછી હવે વાત કરીએ સમયની સમય પણ શબ્દ જેવો સાપેક્ષ - રિલેટિવ છે- બીજા પર આધાર રાખનારો છે. એને પણ આપણે કેટકેટલાં શબ્દોથી ઓળખીએ છીએ- ઓળખાવીએ છીએ : કાળ-કાલ- ઘડી-પળ-ક્ષણ-વેળા- અવસર- ટાઈમ - સમો-સમય-વક્ત વગેરે, વગેરે.

સમય સાપેક્ષ કેવી રીતે છે એ આ એક સાદા ઉદાહરણથી સમજી શકાય ધારો કે તમે તમારી પ્રેયસીને મળવા ગયા છો . નિયત સ્થળે તમે પહોંચી જાવ છો. એની રાહ જુઓ છો. નિયત સમય કરતાં તમે પાંચ-સાત મિનિટ વહેલાં છો. પ્રિયજન કોઈ પણ સમયે આવી શકે,પણ તમે એને જોવાં-મળવાં-આશ્લેષમાં લેવાં એવાં આતુર છો કે પેલી પાંચ-સાત મિનિટ કેમે કરી ખૂટતી નથી. ..તમને એના આગમનનો સમય એવો લાંબો લાગે છે કે એને આવતાં ભવના ભવ ખૂટી જશે મિલનની આતુરતા- અધીરાઈ એની પરાકાષ્ઠાએ પહોંચે છે અને તમારી માશુકા આખરે આવે છે. એ માત્ર બે-પાંચ મિનિટ જ મોડી પડી છે, છતાં તમને લાગે છે જાણે યુગ વીતી ગયો. ખેર, એના આગમન પછી હવે સમયની પરિભાષા કેવી પલટાય છે એ જુઓ

પ્રિયજન- પ્રેયસીને તમે મળ્યાં- ઢગલાબંધ વાતો થઈ મન મૂકીને- પેટ ભરીને અને આખરે છુટ્ટા પડવાનો સમય આવ્યો. આ મિલનથી વિખૂટા પડી રહ્યા છો એ વચ્ચે ત્રણેક કલાક વીતી ગયા છે,પણ તમને બન્નેને થાય છે : ‘બસ? હજુ હમણાં તો મળ્યાં ?!’

તમને દેવ આનંદ જેવી પેલી ફિલિંગ - અનુભૂતિ થશેઃ ‘અભી ન જાવ છોડ કે દિલ અભી ભરા નહીં..!’

આ મેળાપ અને વિખૂટા પડવાની ક્રિયા-પ્રક્રિયા વચ્ચે સમયનો સાપેક્ષવાદ સમાય જઈને આવો ભ્રમ સર્જે છે. આવા આ સમય વિશે ટૂંકામાં ટૂંકા વાક્યથી લઈને થોથાંના થોથાં લખાયાં છે- ચર્ચાયા છે. અહીં જોઈએ-જાણીએ કેટલાંક ઉદાહરણ ,જેમાં જ્ઞાનના દરિયા જેવું ઊંડાણ છે- વ્યક્ત લાગે છતાં કશું અવ્યક્ત છે- રેશમી મોજાંમાં વીંટાળીને વીંઝવામાં આવેલો પોલાદી મુક્કો છે તેમ સાવ સામાન્ય લાગે એવી હળવાશભરી વાતોમાં વાસ્તવિક્તાનો મર્મ પણ છે,જેમ કે સમય અને સોનું પોતપોતાની વિશેષતા ધરાવે છે.એ બન્ને પોતાની આગવી રીતે મોંઘા છે. આમ છતાંય તમે એક ગ્રામ સોનાથી એક પળનોય સમય ખરીદી શકતા નથી. એ જ રીતે,એક કલાકનો સમય તમારી પાસે ફાજલ હોય તો તમે એની બદલે એક ગ્રામ સોનું પણ ન ખરીદી શકો સફળ થવા માટે ખરા સમયની રાહ જોઈને ન બેસી રહેવાય.સતત મહેનત કરતા રહો-ખરો સમય આપોઆપ આવી જશે.

તમે ટાઈમ મેનેજ કરી લો.ટાઈમ તમારી લાઈફ અચ્છી રીતે મેનેજ કરી આપશે.

સાચું અને સારું કામ કરવા માટે ક્યારેય કોઈ સમય ખોટો નથી હોતો.

કેટલાક લોકો કોઈ કાર્યમાં નિષ્ફળ નીવડે તો ‘મને સમય ઓછો મળ્યો’ એવી ફરિયાદ કરે ત્યારે આપણે સમજી લેવાનું કે એને સમય નહીં, કઈ દિશા પકડીને કામ પૂરું કરવાની સમજ જ ઓછી હતી.

સમય આપણને ક્યારેય બદલતો નથી. એ તો કાળક્રમે આપણાં બીજાં રૂપ - સ્વરૂપ પ્રગટ કરે છે.

તમારી ક્ષણ-પળની તમે બરાબર કાળજી રાખશો તો ખરે ટાંકણે ઉપરવાળો તમારા કલાક-સમય બરાબર સાચવી લેશે.

આવતા સમયને જે પારખી શકે એને સફળતા ક્યારેય થાપ આપી ન શકે.

સમય કોઈથી બાંધ્યો બંધાતો નથી તેમ કાળ કોઈને છોડતો પણ નથી-અને હવે એક હળવી છતાં માર્મિક વાત સાથે આપણે છૂટાં પડવાનો સમય આવી ગયો છે.

રોલેક્સ તથા ટાઈમેક્સ બ્રાન્ડની વોચ વચ્ચે થયેલો આ સંવાદ સાંભળવા જેવો છે :

ટાઈમેક્સ : યાર, આપણે બન્ને આદમીને ટાઈમ-સમય દર્શાવવાનું કામ કરીએ છીએ,છતાં તું આટ્લી બધી મોંઘી કેમ?

રોલેક્સ : (સ્મિત ફરકાવતાં) : તું માણસને માત્ર સમય દેખાડે છે,જ્યારે હું માણસનો સમય દર્શાવું છું! ■

# આપણું અપિરિયન્સ જ આપણી એસેટ છે...

## ...માટે આપણા બાહ્ય દેખાવમાં બેદરકાર રહેવું આપણને ન પાલવે !



મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback.ladki@bombaysamachar.com

પુરુષને માટે એની પર્સનાલિટી મહત્ત્વનું અંગ છે. એ શું જાણે છે કે એને શું આવડે છે એની ચર્ચા કે પ્રદર્શન તો એણે બહુ પાછળથી કરવાના આવશે. સૌથી પહેલાં આવે છે એનું અપિરિયન્સ! વળી,આ અપિરિયન્સ એટલે કે બાહ્ય દેખાવ પણ બે વાત પર આધાર રાખે છે. એક : એનો દેખાવ અને સુઘડતા. તો બે : એની બોડી લેંગ્વેજ અને એની બોલચાલ! અપિરિયન્સનો જે પહેલો મુદ્દો છે એમાં ય પાછી દેખાવવાળી વાત કુદરત પર આધાર રાખતી હોય છે એટલે એ વિશે આપણે ઝાઝી ચર્ચા કરવાની હોતી નથી, પરંતુ એ મુદ્દાની બીજી વાત સુઘડતા આપણા પર આધાર રાખે છે, કારણ કે કુદરતે ચહેરો સારો આપ્યો હોય કે ખરાબ, પરંતુ સુઘડતાનો અભાવ હોય તો દેખાવડો પુરુષ પણ શોભતો નથી. આમ જો પુરુષે એનું અપિરિયન્સ સુધારવું હોય તો સુઘડ રહેવું એ એની પ્રાથમિક જરૂરિયાત છે. આને લઈને એણે જે પણ કંઈ કરવું પડે એ કરવું જોઈએ. પછી નિયમિત દાઢી કરવાની હોય કે વધારેલી દાઢીને નિયમિત ટ્રિમ કરવાની હોય કે પછી કપડાં અને ફેશન સ્ટેટમેન્ટ સંદર્ભની વાત હોય, કારણ કે જે સુઘડ નથી એની સ્વાભાવિક રીતે ઓછી કે મોડી નોંધ લેવાતી હોય છે. જો કે મોટાભાગના પુરુષ સુઘડતાને લઈને સજાગ તો હોય છે. ક્યારેક જ એવું બને કે કામને કારણે કે સતત રહેતી દોડધામને કારણે એણે બાંધછોડ કરવી પડે, જે એની વધેલી દાઢીમાં કે ચોળાયેલાં વસ્ત્રોમાં જોવા મળે...

આ પછી મુદ્દો આવે છે બોડી લેંગ્વેજ અને બોલવા વિશેનો. આ મુદ્દે મોટાભાગના પુરુષ અત્યંત બેદરકાર હોય છે. એ એમ માનતા હોય છે કે દેખાવમાં સરસ થઈ ગયા પછી આપણે બોડી લેંગ્વેજ-(શરીરના હલનચલનથી ઉદભવતી ભાષા) કે બોલવા વિશે શું ધ્યાન આપવું? આ કારણે જ્યારે પણ એ બીજા સમક્ષ રજૂ થાય ત્યારે સામેવાળો પોતાની નોંધ કઈ રીતે લઈ રહ્યો છે એનું ધ્યાન રાખ્યા વિના ગમે એમ વર્તતો હોય છે. ક્યાં તો એના સરખા ઊભા રહેવાનાં ઠેકાણાં નથી હોતા અથવા તો એ સામેના માણસ સાથે આંખ મિલાવ્યા વિના બોલ્યે જતો હોય અથવા તો પછી એ સામેવાળાની કદર-પરવા કર્યા વિના મોંમાં પાનની ફાંકી કે માવો ખાઈ રહ્યો હોય!



આવા પુરુષને એમ હોય છે કે સામેના માણસ સામે વાત કરતી વખતે વળી આ બધી બાબતનું શું ધ્યાન રાખવું? પરંતુ પ્રોફેશનલ ફ્રન્ટ હોય કે સામાજિક ફિલ્ડ, ત્યાં પુરુષનું અપિરિયન્સ અત્યંત મહત્ત્વ ધરાવે છે. આખરે પુરુષ એની બોડી લેંગ્વેજ-શરીરના હલનચલનને આધારે જ જજ થતો હોય છે અને તે જજમેન્ટને આધારે સામેના માણસ એના માટે એક ચોક્ક્સ મંતવ્ય બાંધતા હોય છે. આવું જ મંતવ્ય સામેનો માણસ ત્યારે પણ બાંધે છે જ્યારે પુરુષ એમની સાથે વાતચીત કરતો હોય છે. બોલતી વખતે પણ મોટાભાગના પુરુષ બેદરકાર હોય છે. એ એમ માનતો હોય છે કે કોઈની પણ સાથે ગાળ દઈને નથી બોલ્યા એટલે આપણે સારું જ બોલ્યા કહેવાય!હકીકતમાં એવું નથી ભાઈ. ગાળો ન બોલવી કે અભદ્ર કહી શકાય એવા શબ્દપ્રયોગ ન કરવા એ તો ખરું જ, પરંતુ સાથોસાથ જે બોલીએ છીએ એમાં પણ આપણા શબ્દપ્રયોગ કેવા છે એના પર ઘણો આધાર રાખે છે. કેટલાક લોકો ગાળો ન બોલતા હોય તો ય જાણીજોઈને બિટવિન ધ લાઈન્સ ફાલતું વાતો કરતા હોય છે!

કેટલાકને તો એવીય આદત હોય છે કે એ ફાલતું વાતો ન કરતા હોય, પરંતુ શબ્દોની પસંદગી કે આરોહ - અવરોહ નકામા હોય છે. એ વાત કરવાને લઈને એટલા નિરસ હોય છે કે સામેનો માણસ એની જ વાતો પરથી એવું નક્કી કરી લે કે આ માણસ નકામો છે!

જો કે, એમ કંઈ માણસ નકામો નથી હોતો કે થઈ જતો.એ પોતાના અનુભવને લઈને બની શકે માણસ તરીકે પણ અત્યંત ઉત્તમ હોય, પરંતુ માણસનો સ્વભાવ છે કે સામેની વ્યક્તિને એના અપિરિયન્સ કે એની બોલચાલ પરથી પારખવાની આદત હોય છે, જેમાં એ થાપ ખાય છે કે નથી ખાતો એ આપણી ચિંતાનો વિષય નથી, પરંતુ સામેનો માણસ આપણને ઓળખવામાં થાપ ખાશે તો આપણા માટે નુકસાન છે એ વાત નક્કી! અને એટલે જ આપણે માટે આપણું અપિરિયન્સ-બાહ્ય દેખાવ અત્યંત મહત્ત્વનો છે તો એ પછી એને લઈને બેદરકાર રહેવાય ખરું? ■

સ્પોર્ટ્સમેન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# બેતાલીસમા વર્ષે પણ બેમિસાલઃ એમએસ ધોની

## નિવૃત્તિની લગોલગ પહોંચી ગયેલા આ ફ્લાઇંગ વિકેટકીપરે ઘૂંટણની સર્જરીને બે ઘડી ભૂલીને ચિત્તાની ઝડપે ડાઇવ મારી અને ગુજરાત ટાઇટન્સના વિજય શંકરને પૅવિલિયન ભેગો કરી દીધો






એક મહેન્દ્રસિંહ ધોનીની ઓળખ છે અનેક.

વિકેટકીપર, બૅટર, કૅપ્ટન-કૂલ, લેજન્ડ, મેન્ટર, લીડર, સાથીઓનો સલાહકાર અને યુવા વર્ગ માટે પ્રેરકબળ, ક્રિકેટિંગ ગૉડ, વગેરે.

માહીની આ કદાચ છેલ્લી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) છે અને એની શરૂઆતમાં જ તેણે ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)નું સુકાન ઋતુરાજ ગાયકવાડને સોંપી દીધું છે. તેણે કૅપ્ટન્સી છોડી દેતાં સીએસકે માટે તેનો યુગ પૂરો થઈને નવા યુગનો આરંભ થયો છે, પરંતુ ફીલ્ડિંગમાં હજી પણ એ જ અસ્સલ ધોની જોવા મળી રહ્યો છે.

૪૨ વર્ષનો ધોની ચેન્નઈના ક્રિકેટચાહકોમાં થાલા (લીડર) તરીકે લોકપ્રિય છે. ૨૦૨૩ની આઇપીએલમાં તેણે છેવટે મુંબઈ ઇન્ડિયન્સ જેટલું પાંચમું ટાઇટલ જીતીને વિક્રમની બરાબરી કરી હતી અને આઇપીએલને ગુડબાય કરી દેવાની તૈયારી કરી લીધી હતી. અમદાવાદમાં ૨૮મી મેનો એ દિવસ બધાને ભાવુક કરી મૂકે એવો હતો, કારણકે ભારતીય ક્રિકેટના તેમ જ ક્રિકેટજગતની સૌથી પૉપ્યુલર લીગ ટૂર્નામેન્ટ આઇપીએલના લેજન્ડરી કૅપ્ટન અને પ્લેયરની નિવૃત્તિનો સમય નજીક આવી ગયો હતો. જોકે મિત્રોને, વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમમાં ઉપસ્થિત હજારો પ્રેક્ષકોને અને સાથી ખેલાડીઓની લાગણીઓને પારખીને ધોનીએ એ અભૂતપૂર્વ માહોલમાં જાણે નક્કી કરી લીધું કે પોતે વધુ એક આઇપીએલ રમશે જ.

ધોનીએ ત્યારે રિટાયરમેન્ટની જાહેરાત ટાળી, બીજા અઠવાડિયે મુંબઈમાં કોકિલાબેન હૉસ્પિટલમાં ડૉ. દિનશા પારડીવાલા પાસે ઘૂંટણની સર્જરી કરાવી અને રાંચી પાછા ગયા બાદ થોડા દિવસમાં સંકેતો આવ્યા કે ધોની હમણાં નિવૃત્ત નહીં થાય અને સાજા થયા બાદ પ્રૅક્ટિસ શરૂ કરીને વધુ એક આઇપીએલ રમશે.

અહીં મૂળ વાત એ કરવાની કે ધોની બેતાલીસમા વર્ષે પણ બાવીસ વર્ષના યુવા ફીલ્ડરને પણ શરમાવે એવી ચપળ ફીલ્ડિંગ કરી જાણે છે. હજી ગયા વર્ષે તેણે જમણા ઘૂંટણમાં ઑપરેશન કરાવ્યું હતું અને હવે આઇપીએલના આરંભકાળમાં જ હંમેશની માફક ફીલ્ડિંગ શરૂ કરી દીધી. તેણે ચેન્નઈમાં મંગળવારે ગુજરાત ટાઇટન્સ સામેની મૅચમાં ડેરિલ મિચલના ફુલ લેન્ગ્થ બૉલમાં વિજય શંકરના બૅટની એજ વાગતાં બૉલ પોતાની તરફ આવતાં જ ધોનીએ ચિત્તાની ઝડપે ડાઇવ મારીને (એ જ ઘૂંટણ પર વજન આવ્યું હોવા છતાં) બન્ને હાથે શાનદાર કૅચ પકડી લીધો હતો. સાથીઓ તેને અભિનંદન આપવા તેની પાસે દોડી આવ્યા હતા, ચેન્નઈના કૅમ્પમાં હર્ષોલ્લાસ છવાઈ ગયો હતો, હરીફોની છાવણીમાં સન્નાટો છવાઈ ગયો હતો, પરંતુ આખા સ્ટેડિયમમાં ધોનીની આ કરામત જોઈને ખુશીની લહેર ફેલાઈ ગઈ હતી. ચેન્નઈના તો ઠીક, ગુજરાત-તરફી પ્રેક્ષકો પણ ધોનીની આ કરામત જોઈને વાહ-વાહ પોકારી ગયા હતા.

વિજય શંકરે તો મિચલના બૉલમાં કંઈ જ ફૂટવર્કની તસ્દી નહોતી લીધી, પરંતુ ધોનીની મૂવમેન્ટે બધાને ચોંકાવી દીધા હતા.

ધોનીએ વધુ એક વાર સાબિત કર્યું છે કે ક્રિકેટના મેદાન પર ક્યારેય ઉંમર કોઈ પણ રીતે બાધારૂપ નથી હોતી. વિજય શંકરનો કૅચ પકડતી વખતે તેણે પોતાને જેટલા ખેંચીને ડાઇવ મારી હતી એમાં ટોટલ સ્ટ્રેચ ૨.૨૭ મીટર રેકૉર્ડ થયો હતો.

જાણે ધોનીના આ ડાઇવિંગ કૅચ પરથી થોડી જ વારમાં સીએસકેના અજિંક્ય રહાણેએ પ્રેરણા લીધી હતી. તેણે ગુજરાતને વિજયની દિશામાં લઈ જઈ રહેલા ડેવિડ મિલરનો અફલાતૂન કૅચ પકડ્યો હતો. મિલર ૨૧ રન પર હતો ત્યારે તુષાર દેશપાંડેના બૉલમાં તેણે ફ્લિકની કરામતથી બૉલને મિડવિકેટ તરફ મોકલ્યો હતો. રહાણે આક્રમક મૂડમાં દોડી આવ્યો અને આગળની દિશામાં ડાઇવ મારીને નીચો કૅચ આબાદ ઝડપી લીધો હતો.

સાતમી જુલાઈએ જિંદગીના ૪૩ વર્ષ પૂરા

(જુઓ પાનું ૬) ▸▸




# દુબે અને રાચિને ચેન્નઈને પોઈન્ટ્સ ટેબલમાં મોખરે પહોંચાડ્યું

ચેન્નાઈ: આઈપીએલની ૧૭મી સીઝનમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સે મંગળવારે ગુજરાત ટાઇટન્સને ૬૩ રનથી હરાવીને નવા કેપ્ટન ઋતુરાજ ગાયકવાડના નેતૃત્વમાં સતત બીજો વિજય માણ્યો હતો. ચેન્નઈએ ચાર પોઇન્ટ સાથે પોઈન્ટ્સ-ટેબલમાં મોખરાનું સ્થાન લીધું છે. રાજસ્થાન બીજા સ્થાને અને કોલકાતા ત્રીજા નંબરે છે.

રવિવારે હોમ ગ્રાઉન્ડ અમદાવાદમાં મુંબઈને આંચકો આપનાર ગુજરાતની ટીમે ચેન્નઇ સામે મંગળવારે ચેપોકમાં ૬૩ રનના તોતિંગ માર્જિનથી હાર સ્વીકારવી પડી હતી.

ચેન્નઇએ બેટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. શિવમ દુબે (૫૧ રન, ૨૩ બોલ, પાંચ સિક્સર, બે ફોર) અને રાચિન રવીન્દ્ર (૪૬ રન, ૨૦ બોલ, ત્રણ સિક્સર, છ ફોર)ના સૌથી મોટા યોગદાન હતા. ખુદ કેપ્ટન ગાયકવાડે પણ ૪૬ રન બનાવ્યા હતા.



ગુજરાતની ટીમ જવાબમાં ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૪૩ રન બનાવી શકી હતી. ચેન્નઇની બોલિંગ ઉપરાંત ફિલ્ડીંગ પણ અસરદાર હતી. રહાણેએ મિલરનો અફલાતૂન કેચ પકડ્યો હતો. રાચિન રવીન્દ્રએ ત્રણ કેચ પકડ્યા હતા.

ગુજરાતનો એકેય બેટર ૪૦ રન પણ નહોતો બનાવી શક્યો. રવિવારે મુંબઈ સામે ગુજરાત વતી સૌથી વધુ ૪૫ રન બનાવનાર ઇમ્પેક્ટ પ્લેયર સાંઈ સુદર્શન ફરી એક વખત ૩૭ રન સાથે ટીમનો ટોપ સ્કોરર હતો અને કેપ્ટન ગિલ (૮), મિલર (૨૧) તથા તેવટિયા (૬) અને રાશીદ ખાન (૧) સહિત તમામ બેટર્સ ફ્લોપ રહ્યા હતા.

ત્રીજી જ ઓવરથી દીપક ચાહર ત્રાટક્યો હતો અને ગિલ તેમ જ સાહા (૨૧)ને પેવિલિયન ભેગા કર્યા હતા.

ચાહર ઉપરાંત બેન્ગલૂરુ સામેની પ્રથમ જીતના હીરો મુસ્તફિઝૂર અને તુષાર દેશપાંડેએ બે-બે વિકેટ લેવા ઉપરાંત ગુજરાતના બેટર્સને કાબૂમાં પણ રાખ્યા હતા. ડેરિલ મિચલ અને પથિરાનાને એક-એક વિકેટ મળી હતી.

ચેન્નઈએ દુબેની જગ્યાએ પથિરાનાને અને ગુજરાતે મોહિત શર્માના સ્થાને સુદર્શનને ઇમ્પેક્ટ પ્લેયર તરીકે રમવા બોલાવ્યો હતો. દુબેને મેન ઑફ ધ મેચનો અવૉર્ડ અપાયો હતો. ■

# ગિલને 'દાઝ્યા પર ડામ': હાર્યા બાદ ૧૨ લાખ રૂપિયા દંડ ભરવો પડ્યો

ચેન્નઈ: મંગળવારે ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) સામેની રોમાંચક મૅચ જીતવા મળેલો ૨૦૭ રનનો મોટો લક્ષ્યાંક મેળવવાનું ગુજરાત ટાઇટન્સ (જીટી)નું કોઈ ગજું તો નહોતું, પણ પરાજય સહન કરવાની સાથે એના કૅપ્ટન શુભમન ગિલે આર્થિક નુકસાન પણ વેઠવું પડ્યું હતું. જો કોઈ ટીમ સ્લો ઓવર-રેટની કસૂર કરે એટલે કે એ ટીમ નિર્ધારિત સમયમાં ઓવર પૂરી ન કરે તો એના કૅપ્ટનની મૅચ-ફીમાંથી અમુક રકમ કપાઈ જાય છે. ચેન્નઈની મૅચમાં જીટીની ટીમે સ્લો ઓવર-રેટ સંબંધિત આચારસંહિતાનો ભંગ કર્યો એટલે એના સુકાની ગિલની મૅચ-ફીમાંથી ૧૨ લાખ રૂપિયા કાપી લેવામાં આવ્યા હતા. જીટીના બોલર પાસે નક્કી થયેલા સમયની અંદર ઓવરો પૂરી ન કરાવી શકવા બદલ કૅપ્ટન ગિલને આ પેનલ્ટી થઈ છે. જીટીની ટીમનો આ સીઝનનો આ પહેલો 'ક્રિકેટ સંબંધિત ગુનો' હતો એટલે ગિલને ઓછો દંડ થયો છે. ■



ચેન્નઈનો કૅપ્ટન ગાયકવાડ અને ગુજરાતનો ગિલ.


## ચેન્નઈનો ચમકારો



મંગળવારે ચેન્નઈમાં ગાયકવાડની સીએસકે ટીમ જીતી રહી હતી ત્યારે ઉદાસ ગુજરાત ટાઇટન્સ તરફી ક્રિકેટપ્રેમી (ડાબે). ચેન્નઈના બૅટર્સે છગ્ગા-ચોગ્ગાનો વરસાદ વરસાવ્યો ત્યારે ચિયરગર્લ્સે વારંવાર ડાન્સ માટે સ્ટેજ પર આવવું પડ્યું હતું. (iplt20.com)

# હૈદરાબાદનો હાહાકાર: ૨૭૭ રનનો નવો રેકૉર્ડ

## ૨૬૩/૫નો આરસીબીનો વિક્રમ તૂટ્યો: મુંબઈ માટે હેડ, અભિષેક, ક્લાસેન અને માર્કરમ બની ગયા હેડેક



અભિષેક શર્માએ સાત સિક્સરની મદદથી ૬૩ રન અને ક્લાસેને સાત છગ્ગાની મદદથી અણનમ ૮૦ રન બનાવ્યા હતા. (iplt20.com)

હૈદરાબાદ: અહીંના રાજીવ ગાંધી ઇન્ટરનૅશનલ સ્ટેડિયમમાં ભૂતપૂર્વ ચૅમ્પિયન મુંબઈ ઇન્ડિયન્સની ટીમે સનરાઇઝર્સ હૈદરાબાદના ખેલાડીઓની અંધાધૂંધ બૅટિંગનો ભોગ બનવું પડ્યું હતું. હાર્દિક પંડ્યાએ ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી કે પહેલી ઓવરથી જ હૈદરાબાદના બૅટર્સે આડેધડ ફટકાબાજી કરી હતી. ત્રણ બૅટર્સે હાફ સેન્ચુરી ફટકારી હતી. હૈદરાબાદે ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૭૭ રન બનાવ્યા હતા. એ સાથે, આઇપીએલના ઇતિહાસમાં બૅન્ગલોરનો ૨૦૧૩ની સાલનો પુણે વૉરિયર્સ સામે ૨૬૩/૫નો જે વિક્રમ હતો એ તૂટી ગયો હતો.

ઇન્ટરનૅશનલ ટી-૨૦માં નેપાળનો મોંગોલિયા સામેનો ૩૧૪/૩નો વિશ્વવિક્રમ છે, પરંતુ મોટા દેશો વચ્ચેની ટી-૨૦માં ઇંગ્લૅન્ડનો વેસ્ટ ઇન્ડિઝ સામે ૨૬૭/૩નો રેકૉર્ડ છે જે આઇપીએલની હૈદરાબાદની ટીમે પાર કર્યો હતો.

ખાસ કરીને ઑસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડ અને પંજાબ રાજ્યના અભિષેક શર્મા અને સાઉથ આફ્રિકાના એઇડન માર્કરમ તથા હિન્રિચ ક્લાસેનની ફટકાબાજીના શિકાર બનવું પડ્યું હતું.

ટ્રેવિસ હેડે મેદાન પર ઊતરતા જ ફટકાબાજી શરૂ કરી દીધી હતી. તેણે ૧૮ બૉલની તૂફાની બૅટિંગમાં ૫૦ રન પૂરા કર્યા હતા અને કુલ ૨૪ બૉલમાં ૬૨ રન બનાવ્યા પછી કૉએટ્ઝીના બૉલમાં વિકેટ ગુમાવી બેઠો હતો. હેડે ત્રણ સિક્સર અને નવ ફોર ફટકારી હતી.

અભિષેક શર્મા (૬૩ રન, ૨૩ બૉલ, સાત સિક્સર, ત્રણ ફોર) તો હેડથી પણ ચડિયાતો નીકળ્યો. તેણે ૧૬ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી. બન્ને વચ્ચે ૬૮ રનની ભાગીદારી થઈ હતી. ૧૭ ઓવરમાં હૈદરાબાદે ત્રણ વિકેટે ૨૩૮ રન બનાવીને પોતાનો ૨૦૧૯ની સીઝનનો ૨૩૧/૨નો હાઈએસ્ટ સ્કોરનો વિક્રમ તોડ્યો હતો.

હેડ અને અભિષેક બાદ ૧૧૬ રનની અતૂટ ભાગીદારી ક્લાસેન (૮૦ અણનમ, ૩૪ બૉલ, સાત સિક્સર, ચાર ફોર) અને માર્કરમ (૪૨ અણનમ, ૨૮ બૉલ, એક સિક્સર, બે ફોર)ની જોડી વચ્ચે થઈ હતી. તેમણે હૈદરાબાદની ટીમને ૨૭૭/૩ના નવા વિક્રમ સુધી પહોંચાડ્યું હતું. ક્લાસેને ૨૩ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી. રોહિત શર્માના સ્થાને કૅપ્ટન બનેલા હાર્દિક પંડ્યાએ ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી અને એનો ફાયદો હૈદરાબાદના બૅટર્સે લીધો હતો. ■

# હર્ષિત રાણાના ફ્લાઇંગ-કિસના અટકચાળાને રોહિતે રી-ક્રીએટ કર્યો

હૈદરાબાદ: આઇપીએલ કંઈ ઇન્ટરનૅશનલ ક્રિકેટની જેમ સિરિયસ ક્રિકેટ નથી. એમાં પ્રત્યેક સીઝનમાં એકથી વધુ હટકે (નૉન-ક્રિકેટિંગ) ઘટના બનતી જ હોય છે. ૨૦૦૮ની પ્રથમ સીઝનમાં હરભજન સિંહે મજાક ઉડાવતા શ્રીસાન્તને સણસણતો તમાચો ચોડી દીધો હતો ત્યાર પછી બીજા ઘણા નાના-મોટા બનાવ બની ગયા. હા, આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અગાઉ જેમ ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડના ખેલાડીઓ સ્લેજિંગ કરતા હતા એવું આઇપીએલમાં નથી થતું. આ ટૂર્નામેન્ટમાં શિસ્તનું પાલન કરવાનો આગ્રહ પણ રખાવવામાં આવે છે. જોકે હૈદરાબાદમાં મુંબઈ ઇન્ડિયન્સની સનરાઇઝર્સ હૈદરાબાદ સામે જે મૅચ રમાઈ એ પહેલાં મંગળવારની પ્રૅક્ટિસ દરમ્યાન રોહિત શર્મા અને મયંક અગરવાલ વચ્ચે થોડી મસ્તીમજાક થઈ ગઈ હતી.

ગયા અઠવાડિયે ઈડન ગાર્ડન્સમાં કોલકાતા નાઇટ રાઇડર્સની પ્રથમ મૅચ હૈદરાબાદ સામે હતી. કોલકાતાના પેસ બોલર હર્ષિત રાણાએ પાવરપ્લેની છેલ્લી ઓવરમાં હૈદરાબાદના મયંક અગરવાલને આઉટ કર્યા પછી ફ્લાઇંગ-કિસની ઍક્શન સાથે તેને સેન્ડ-ઑફ આપ્યું હતું. તેની એ ઍક્શનને મયંક થોડો ગુસ્સામાં જોતા જોતાં પાછો ગયો હતો. મંગળવારે હૈદરાબાદમાં મુંબઈ અને હૈદરાબાદના ખેલાડીઓ એક જ સમયે મેદાન પર પ્રૅક્ટિસ કરી રહ્યા હતા ત્યારે એક તબક્કે મુંબઈ ઇન્ડિયન્સના ભૂતપૂર્વ કૅપ્ટન રોહિત શર્માએ મયંક સામે મજાકમાં ફ્લાઇંગ-કિસની ઍક્શન કરીને હર્ષિત રાણાની ઍક્શનને રી-ક્રીએટ કરી હતી. રોહિતની એ ઍક્શન જોઈને ખુદ મયંક તેમ જ આસપાસના બધા ખેલાડીઓ હસી પડ્યા હતા.



હૈદરાબાદના ફ્રૅન્ચાઇઝીએ એ પોસ્ટ ડીલીટ કરી નાખી હતી. એ પોસ્ટ સાથે કૅપ્શનમાં લખાયું હતું, 'ફ્લાઇંગ કિસ અને મૈત્રીભરી હરીફાઈ.' કેકેઆરના હર્ષિત રાણાએ જ્યારે મયંકને આઉટ કર્યા બાદ ફ્લાઇંગ-કિસની જે ઍક્શન કરી હતી એ બદલ લેજન્ડરી ક્રિકેટર અને કૉમેન્ટેટર સુનીલ ગાવસકર ગુસ્સે થયા હતા. તેઓ બોલ્યા હતા, 'હર્ષિતે એવું નહોતું કરવું જોઈતું. મયંકે જ્યારે છગ્ગો અને ચોક્કા ફટકારેલા ત્યારે તેણે (મયંકે) આવું કર્યું હતું? ક્રિકેટ આવા બધા અટકચાળા વગર રમાવી જોઈએ. આ ટેલિવિઝનનો યુગ છે. ખેલાડીએ પોતાના સાથીઓ સાથે સેલિબ્રેશન કરવું જોઈએ, પણ હરીફ ખેલાડી સામે આવા ચેનચાળા કરવાની કોઈ જરૂર નથી.'

હર્ષિત રાણાએ એ અટકચાળાની કિંમત પણ ચૂકવવી પડી હતી. બીસીસીઆઇએ તેને આચારસંહિતાનો ભંગ કર્યો એ બદલ (કુલ બે પ્રકારની સંહિતાનો ભંગ કરવા બદલ) તેની ૧૦ ટકા અને ૫૦ ટકા મૅચ ફી કાપી હતી. ■

# મનોજ તિવારી કહે છે, 'મુંબઈમાં પણ હાર્દિકે થોડું હૂટિંગ સહન કરવું જ પડશે'

## એમઆઇનું સુકાન રોહિત પાસેથી લઈને હાર્દિકને સોંપાયું એ બદલ થોડી નારાજગી સોમવારે વાનખેડેના પ્રેક્ષકોમાં જોવા મળી શકે

હૈદરાબાદ/મુંબઈ: ગુજરાત ટાઇટન્સ (જીટી)ને ડેબ્યૂના વર્ષ (૨૦૨૨)માં જ આઇપીએલનું ટાઇટલ અપાવનાર અને બીજા જ વર્ષે (૨૦૨૩) રનર-અપની ટ્રોફી અપાવનાર હાર્દિક પંડ્યાએ થોડા મહિના પહેલાં અચાનક જ જીટીની ટીમ છોડીને મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)માં પાછા જવાનું નક્કી કરી લીધું ત્યારે તેના અસંખ્ય ચાહકો નિરાશ થયા હશે. થોડા દિવસ પછી સમાચાર આવ્યા કે એમઆઇનું સુકાન હવે પછી રોહિત શર્મા નહીં, પણ હાર્દિક પંડ્યા સંભાળશે. એ નિર્ણયથી રોહિતના અનેક પ્રશંસકો નિરાશ થયા હશે અને સાથોસાથ હાર્દિક વિશે તેમના મનમાં અણગમો થઈ ગયો હશે.

હાર્દિક પ્રત્યેની આ 'નફરત' રવિવારે અમદાવાદના સ્ટેડિયમમાં જાણવા મળી હતી. ત્યારે જીટી સામે રમી રહેલા એમઆઇના કૅપ્ટનનો કેટલાક પ્રેક્ષકોએ હુરિયો બોલાવ્યો હતો. આવું થવું તો ન જોઈએ, પણ ક્રિકેટની રમત હોય અને એમાં પણ આઇપીએલ જેવી અત્યંત રોમાંચક લીગ રમાતી હોય ત્યારે ઘણાના ઇમોશન્સ બહાર આવી જ જતા હોય છે. લોકોની લાગણીઓને ક્યારેય રોકી શકાતી નથી. એટલે જ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મનોજ તિવારીએ મંતવ્ય આપતા કહ્યું છે કે 'પહેલી એપ્રિલે વાનખેડેમાં એમઆઇની હોમ ગ્રાઉન્ડ પરની પ્રથમ મૅચ રમાવાની છે અને ત્યારે હાર્દિકનું થોડા હૂટિંગથી સ્વાગત થયા વિના નહીં રહે. તેણે કદાચ પ્રેક્ષકોના થોડા હૂટિંગનો સામનો કરવો જ પડશે.'



જોકે તિવારીનું એવું પણ માનવું છે કે આવી સ્થિતિનો સામનો કરવા માટે જરૂરી ધૈર્ય અને સહનશીલતા હાર્દિકમાં છે જ.

પહેલી એપ્રિલે (સોમવારે) સાંજે ૭.૩૦ વાગ્યાથી મુંબઈ ઇન્ડિયન્સની મૅચ રાજસ્થાન રૉયલ્સ સામે રમાવાની છે.

મનોજ તિવારી વધુમાં કહે છે, 'રોહિતે એમઆઇને પાંચ ટ્રોફી અપાવી છે એમ છતાં તેણે કૅપ્ટન્સી ગુમાવવી પડી. શું કારણ હતું એ તો હું નથી જાણતો, પણ મને લાગે છે કે રોહિતના પ્રશંસકોને આ નથી ગમ્યું એટલે હાર્દિક જ્યારે સોમવારે વાનખેડેના મેદાન પર ઊતરશે ત્યારે લોકો થોડી પ્રતિક્રિયા તો બતાવશે જ.'

પશ્ચિમ બંગાળના પ્રધાન મનોજ તિવારીએ એવું પણ કહ્યું છે કે 'હાર્દિકે પોતાની ગેમ પર જ ફૉકસ રાખવું જોઈશે કે જેથી તે જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝમાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટે પોતાને ફિટ ઍન્ડ ફાઇન રાખી શકે.'

૩૮ વર્ષના મનોજ તિવારીએ તાજેતરમાં જ ક્રિકેટમાંથી સંન્યાસ લીધો હતો. તે ૨૦૦૮થી ૨૦૧૫ દરમ્યાન ભારત વતી ૧૨ વન-ડે અને ત્રણ ટી-૨૦ રમ્યો હતો. તેણે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૧૪૮ મૅચમાં ૪૭.૮૬ની સરેરાશે ૧૦,૧૯૫ રન બનાવ્યા હતા જેમાં ૩૦ સેન્ચુરી અને ૪૫ હાફ સેન્ચુરી સામેલ હતી. ■

# ડૉગી દોડી આવતાં હાર્દિક પ્રેક્ષકોનો 'શિકાર' થયો

અમદાવાદ: રવિવારે હાર્દિક પંડ્યાને અમદાવાદમાં મુંબઈ ઇન્ડિયન્સ સામેની મૅચ દરમ્યાન પોતાની ભૂતપૂર્વ ટીમ ગુજરાત ટાઇટન્સને સપોર્ટ કરતા કેટલાક પ્રેક્ષકો તરફથી કડવો અનુભવ થયો હતો.

મૅચ ચાલી રહી હતી ત્યારે અચાનક જ મેદાન પર એક કૂતરું દોડી આવ્યું હતું. આ ડૉગીએ રોમાંચક રમત અટકાવી ત્યાં એક સ્ટૅન્ડમાંના અમુક પ્રેક્ષકોએ મોકો જોઈને મુંબઈના કૅપ્ટન હાર્દિકની ફીરકી ઉતારવાનું શરૂ કરી દીધું હતું.

જબરો ડૉગી મહિલા પોલીસ અને સલામતી રક્ષકને થાપ આપીને દોડતો રહ્યો હતો. એક તબક્કે ખુદ હાર્દિકે પણ ડૉગીને રોકવા ઘણી કોશિશ કરી હતી, પણ ડૉગી બીજી દિશામાં ભાગ્યો હતો.

ગુજરાતનો ડેવિડ મિલર ત્યારે બૅટિંગમાં હતો અને હાર્દિક તેને પણ કન્ટ્રોલમાં રાખવાનો હતો ત્યાં ડૉગીએ હાર્દિકની રફતારને બ્રેક મારી હતી.



ડૉગી જ્યારે ગુજરાતના ભૂતપૂર્વ સુકાની હાર્દિકની નજીકથી દોડ્યો ત્યારે એક સ્ટૅન્ડમાંથી પ્રેક્ષકોએ 'હાર્દિક...હાર્દિક...' બૂમો પાડી હતી જેનો વીડિયો વાયરલ થયો છે.

ક્રિકેટપ્રેમીએ પોસ્ટ કરેલા વીડિયોના ટાઇટલમાં લખ્યું...'આ ડૉગીની અંદર રહેલો મેસી બહાર આવી ગયો લાગે છે!' બીજા એક ક્રિકેટપ્રેમીએ પ્રત્યાઘાતમાં લખ્યું, 'આ ડૉગીને પ્લેયર ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવો જોઈએ. ■

# જુલાઈમાં ભારત-પાકિસ્તાનની મહિલા ક્રિકેટરો વચ્ચે ટી-૨૦માં બે ટક્કર થઈ શકે

દામ્બુલા: આગામી જુલાઈ મહિનામાં ભારત અને પાકિસ્તાનની મહિલા ક્રિકેટરો વચ્ચે એશિયા કપ ટી-૨૦માં એક મુકાબલો તો થવાનો જ છે, ફાઇનલમાં બીજી ટક્કર પણ શક્ય છે. ૧૯થી ૨૮ જુલાઈ દરમ્યાન શ્રીલંકાના દામ્બુલામાં વિમેન્સ એશિયા કપ ટૂર્નામેન્ટ રમાશે. આ ટી-૨૦ સ્પર્ધામાં કુલ આઠ ટીમ ભાગ લેશે. ભારત અને પાકિસ્તાન એક જ ગ્રૂપમાં હોવાથી બન્ને ટીમ વચ્ચે (૨૧મી જુલાઈએ) ગ્રૂપ-સ્ટેજની એક ટક્કર તો પાકી છે જ, આ બેઉ ટીમ પોતાના ગ્રૂપમાંથી સેમિ ફાઇનલમાં જશે અને જો પોતપોતાની સેમિ ફાઇનલ જીતી જશે તો ફરી આ જ બે દેશ વચ્ચે (૨૮મી જુલાઈએ) જંગ થશે.

ગ્રૂપ-એમાં ભારત અને પાકિસ્તાનની સાથે યુએઇ અને નેપાળ પણ છે. ગ્રૂપ-બીમાં શ્રીલંકા, બાંગ્લાદેશ, થાઈલૅન્ડ અને મલેશિયા છે. બન્ને ગ્રૂપમાંથી ટોચની બે-બે ટીમ સેમિ ફાઇનલમાં જશે. બે સેમિ ફાઇનલ મુકાબલા ૨૬મી જુલાઈએ થશે અને એમાં જીતનારી ટીમ વચ્ચે ૨૮મી જુલાઈએ ફાઇનલ રમાશે. એ જ અરસામાં (જુલાઈ, ૨૦૨૪માં) ઇંગ્લૅન્ડમાં વિમેન્સ 'ધ હન્ડ્રેડ' નામની ૧૦૦ બૉલની સ્પર્ધા પણ યોજાવાની છે. એ બ્રિટિશ સ્પર્ધા ૨૩મી જુલાઈએ શરૂ થશે અને ૧૮મી ઑગસ્ટ સુધી ચાલશે, જ્યારે એશિયા કપ એના ચાર દિવસ પહેલાં શરૂ થઈ ગઈ હશે. ભારતની ટોચની બે મહિલા પ્લેયર સ્મૃતિ મંધાના 'ધ હન્ડ્રેડ'ની સધર્ન બ્રેવ ટીમમાં અને રિચા ઘોષ બર્મિંગહૅમ ફિનિક્સ ટીમમાં છે. મંધાના અને રિચાનો એશિયા કપ માટેની ટીમમાં સમાવેશ અચૂક થશે જ એટલે 'ધ હન્ડ્રેડ'માં તેમની ટીમને તેમની ખોટ જરૂર વર્તાશે.



ઇંગ્લૅન્ડની 'ધ હન્ડ્રેડ' સ્પર્ધાને મંધાના અને રિચાની ખોટ વર્તાશે

### વિમેન્સ એશિયા કપ ૨૦૨૪નું શેડ્યૂલ

★ ૧૯ જુલાઈ: ભારત વિરુદ્ધ યુએઇ, પાકિસ્તાન વિરુદ્ધ નેપાળ ★ ૨૦ જુલાઈ: મલેશિયા વિરુદ્ધ થાઇલૅન્ડ, શ્રીલંકા વિરુદ્ધ બાંગ્લાદેશ ★ ૨૧ જુલાઈ: ભારત વિરુદ્ધ પાકિસ્તાન, નેપાળ વિરુદ્ધ યુએઇ ★ ૨૨ જુલાઈ: શ્રીલંકા વિરુદ્ધ મલેશિયા, બાંગ્લાદેશ વિરુદ્ધ થાઇલૅન્ડ ★ ૨૩ જુલાઈ: ભારત વિરુદ્ધ નેપાળ, પાકિસ્તાન વિરુદ્ધ યુએઇ ★ ૨૪ જુલાઈ: બાંગ્લાદેશ વિરુદ્ધ મલેશિયા, શ્રીલંકા વિરુદ્ધ થાઇલૅન્ડ ★ ૨૬ જુલાઈ: બન્ને સેમિ ફાઇનલ
★ ૨૮ જુલાઈ: ફાઇનલ

# આજે પંતનો પાવર કે સૅમસનનો સપાટો?

જયપુર: દિલ્હી કૅપિટલ્સનો કૅપ્ટન રિષભ પંત સાડાચારસોથી પણ વધુ દિવસ બાદ પાછો રમવા આવ્યો છે, પણ ગયા અઠવાડિયે મુલ્લાનપુરમાં પંજાબ કિંગ્સ સામે સારી વિકેટકીપિંગ બાદ તે સારી બૅટિંગ નહોતો કરી શક્યો એટલે એ અધૂરી ઇચ્છા તે ગુરુવારે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) રાજસ્થાન રૉયલ્સ સામે પૂરી કરવા જરૂર કોશિશ કરશે.

પંતે પોતે જ કહ્યું હતું કે દોઢ વર્ષે પાછો રમવા આવ્યો એટલે પંજાબ સામેની મૅચ વખતે થોડો નર્વસ હતો. તેણે રાજસ્થાનના બોલર્સમાં ખાસ કરીને ટ્રેન્ટ બૉલ્ટ, અશ્વિન, ચહલના આક્રમણ સામે બચવું પડશે.

એક તરફ પંતે હજી ફૉર્મમાં આવવાનું છે, જ્યારે તેનો ગુરુવારનો હરીફ કૅપ્ટન સંજુ સૅમસન લખનઊ સામે અણનમ ૮૨ રન ફટકારીને ફૉર્મમાં આવી ગયો છે. યશસ્વી જયસ્વાલની ફટકાબાજી પણ દિલ્હી માટે માથાનો દુખાવો બની શકે. ■

## બિઝનેસ બિટ્સ

### એનએસઇ ઇમર્જ પર નવું એસએમઇ ભરણું

મુંબઇઃ ભારતની પ્રોજેક્ટ એન્જિનિયરિંગ, પાવર એન્જિનિયરિંગ અને ઇપીસી કંપની, કે-૨ ઈન્ફ્રાજેન લિમિટેડ ગુરુવાર, ૨૮ માર્ચે પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. કંપની રૂ. ૪૦.૫૪ કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય ધરાવે છે. કંપનીના શેર એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થશે. માર્કેટ લોટ સાઈઝ - ૧,૨૦૦ ઈક્વિટી શેરની છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૧૧થી રૂ. ૧૧૯ છે.

### બિગબ્લોકને ₹ ૨૭.૧૪કરોડની સબ્સિડી

મુંબઇઃ મહારાષ્ટ્ર સરકારની પેકેજ સ્કીમ ઓફ ઇન્સેન્ટિવ્સ-૨૦૧૯ હેઠળ, બિગબ્લોક બિલ્ડિંગ એલિમેન્ટ્સને વાડા પ્લાન્ટના ફેઝ ૧ માટે રૂ. ૨૭.૧૪ કરોડની સબસિડી માટે પાત્રતાનું પ્રમાણપત્ર મળ્યું છે. આ સબસિડી પહેલી મે, ૨૦૨૩ની અસરથી ૧૦ વર્ષના ગાળા માટે અમલી ગણાશે, જેની અંતર્ગત ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી ચૂકવવામાંથી મુક્તિ, પાવર ટેરિફ સબસિડી (૩ વર્ષ) પર ૧૦૦ ટકા એસજીએસટી મુક્તિનો સમાવેશ છે.

### સ્ટરલાઇટ પાવર, જીઆઇસીનું સંયુક્ત સાહસ

મુંબઇઃ સ્ટર્લાઇટ પાવર અને ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ કંપની જીઆઇસી ભારતમાં પાવર ટ્રાન્સમિશનના વિકાસ અને સંચાલન માટે સંયુક્ત સાહસ સાધશે. આ જોઇન્ટ વેન્ચરમાં સ્ટર્લાઇટનો હિસ્સો ૫૧ ટકા અને જીઆઇસીનો હિસ્સો ૪૯ ટકા રહેશે.

### ટાટા-એચપીસીએલના ૫૦૦૦ ચાર્જિંગ સ્ટેશન

મુંબઇઃ ટાટા મોટર્સની ટાટા પેસેન્જર ઇલેક્ટ્રિક મોબિલિટીએ દેશભરમાં ૨૦૨૪ના અંત સુધીમાં ૫૦૦૦ પબ્લિક ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા માટે હિંદુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ સાથે સહયોગ સાધ્યો છે. આ યુતિ દ્વલારા એચપીસીએલના દેશભરમાં સ્થાપિત ફ્યુઅલ સ્ટેશન અને ટાટાના ૧.૨ લાખ ઇલેક્ટ્રિક વ્હીકલ માટે સવલત સ્થપાશે.

### જે ડબલ્યુ એલ દ્વારા બોન્ટ્રાન્સ એક્વિઝિશન

મુંબઇઃ જ્યુપીટર વેગન લિમિટેડ દ્વારા બોન્ટ્રાન્સ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડનું રૂ. ૨૭૧ કરોડમાં એક્વિઝિશન થયું છે. કોકા કોલાના ભારત અને દક્ષિણ-પશ્ચિમ એશિયાના સોથી મોટા બોટલર એસએલએમજીએ કોસ્ટીન મેન્દ્રની સીઇઓ તરીકે વરણી કરી છે. વ્યક્તિગત શેરોમાં, ઝી એન્ટરટેઈનમેન્ટ, ટાટા કેમિકલ્સ અને બાયોકોનમાં વોલ્યુમમાં ૨૦૦ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો.

# ઓટો શેરોની લેવાલીના ટેકાએ સેન્સેક્સ ૫૨૬ પોઇન્ટ ઊછળ્યો, નિફ્ટી ૨૨,૧૦૦ની ઉપર પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વબજારના મિશ્ર વલણ અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડાના અહેવાલ વચ્ચે સ્થાનિક સ્તરે ચાલુ ખાતાની ખાધમાં ઘટાડો થવાની ચર્ચાએ ખાસ કરીને ઓટો, રિયલ્ટી, પાવર અને કેપિટલ ગુડ્સ સેક્ટરના હેવીવેઇટ્સ શેરોમાં લેવાલીનો ટેકો મળતા બજારે અગાઉના સત્રના નુકસાનને ભૂંસી પોઝિટીવ ઝોનમાં આગળ વધ્યું હતું. સત્રને અંતે બીએસઇનો બેન્ચમાર્ક સેન્સેક્સ ૫૨૬.૦૧ પોઈન્ટ્સ અથવા ૦.૭૩ ટકા વધીને ૭૨,૯૯૬.૩૧ પોઇન્ટની સપાટી પર અને એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૧૧૯ પોઈન્ટ્સ અથવા ૦.૫૪ ટકા વધીને ૨૨,૧૨૩.૭૦ પોઇન્ટના સ્તરે સ્થિર થયો હતો.

મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે બજાર સકારાત્મક નોંધ પર ખુલ્યું હતું અને ત્રીજા ક્વાર્ટરમાં કરંટ એકાઉન્ટ ડેફિસિટ (સીએડી - ચાલુ ખાતાની ખાધ) ઘટીને ૧૦.૫ અબજ ડોલરના સ્તરે પહોંચી હોવાના અહેવાલ વચ્ચે સેન્ટિમેન્ટમાં સુધારો આવ્યો હતો અને ઇન્ડેક્સ હેવીવેઇટ્સ શેરોમાં લેવાલી વધવા સાથે પોઝિટીવ ઝોનમાં આગળ વધ્યું હતું.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, મારુતિ સુઝુકી, બજાજ ઓટો, બજાજ ફાઇનાન્સ અને ટાઇટન કંપનીનો નિફ્ટીમાં સૌથી વધુ નફો નોંધાવનાર શેરોમાં સમાવેશ રહ્યો છે, જ્યારે ટોચની ગબડનારી કંપનીઓમાં હીરો મોટોકોર્પ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, એપોલો હોસ્પિટલ્સ, ડો. રેડ્ડીઝ લેબ્સ અને વિપ્રોનો સમાવેશ રહ્યો હતો. સેક્ટરમાં ઓટો, બેન્ક, કેપિટલ ગુડ્સ, પાવર, રિયલ્ટી, ટેલિકોમ ઇન્ડેક્સમાં અડધાથી એક ટકા જેટલો સુધારો રહ્યો હતો, જ્યારે મેટલ, આઈટી, મીડિયા ઇન્ડેક્સમાં ૦.૩-૦.૫ ટકા ડાઉન છે.પીછેહઠ જોવા મળી હતી. મિડકેપ ઇન્ડેક્સ ફ્લેટ નોટ પર બંધ થયો અને સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૭ ટકા વધ્યો હતો.

પ્રોફેશનલ ઈ-વેસ્ટ મેનેજમેન્ટ કંપની ઈકો રિસાયક્લિંગ લિમિટેડે ૧૮મી માર્ચે, વૈશ્વિક રિસાયક્લિંગ દિવસે વિદ્યુત અને ઈલેક્ટ્રોનિક કચરાના સરળ એકત્રીકરણની સુવિધા માટે ખાસ ડિઝાઇન કરેલા વાહનોથી સજ્જ પાંચ ટીમોને કામે લગાડીને આશરે ૧૦૦૦ ઔદ્યોગિક એકમો, દુકાનો, રેસ્ટોરન્ટ્સ અને અન્ય સંસ્થાઓ સાથે જોડાઈને ઈ-વેસ્ટનું સ્વૈચ્છિક યોગદાન મેળવ્યું હતું.

ભારતની અગ્રણી ઇકો રિસ્પોન્સિબલ લક્ઝરી રિસોર્ટ કંપની પ્રવેગ લિમિટેડે ઇકો લક્ઝરી હોસ્પિટાલિટી સેગમેન્ટ અંતર્ગત ગુજરાતમાં સફારી વેળાવદર રિટ્રીટ રિસોર્ટના પ્રારંભની જાહેરાત કરી છે. આ રિસોર્ટ આગામી છ મહિનામાં કમર્શિઅલ ધોરણે કામકાજ શરૂ કરશે. કંપની તેના ઓપરેશનલ પોર્ટફોલિયોને ૧૧ પ્રોપર્ટીમાં વિસ્તારવા સાથે ૧૫ વધુ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહી છે.

વ્યક્તિગત શેરોમાં, ઝી એન્ટરટેઈનમેન્ટ, ટાટા કેમિકલ્સ અને બાયોકોનમાં વોલ્યુમમાં ૨૦૦ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો.

એબીબી ઇન્ડિયા, ઇન્ફો એજ અને મેટ્રોપોલિસ હેલ્થકેરમાં લોંગ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો, જ્યારે આરઇસી, કોલગેટ પામોલિવ અને પિરામલ એન્ટરપ્રાઇઝિસમાં શોર્ટ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો.

એબીબી ઈન્ડિયા, અરવિંદ સ્માર્ટ, બજાજ ઓટો, ભારત બિજલી, સીજી પાવર, કમિન્સ ઈન્ડિયા, ડિક્સન ટેક્નોલોજીસ, ઈન્ફો એજ, લક્ષ્મી મશીન વર્ક્સ, મેનકાઇન્ડ ફાર્મા, મારુતિ સુઝુકી, ઓરેકલ ફાઈનાન્સિયલ સર્વિસિસ, રિકો ઓટો, સંઘવી મૂવર્સ, સિમેન્સ, સ્ટાર સિમેન્ટ, થર્મેક્સ , ટાઈમ ટેક્નોપ્લાસ્ટ, ટોરેન્ટ પાવર, વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ અન્ય શેરોમાં બીએસઈ પર બાવન સપ્તાહની ઊંચી સપાટી નોંધાવી હતી.

બજારના જાણીતા વિશ્લેષકે કહ્યું હતું કે, વિશ્વના અન્ય શેરબજારોથી અલગ ટ્રેન્ડ અંતર્ગત ભારતીય બજારોએ મજબૂત ટોન સાથે સત્રની શરૂઆત કરી હતી અને પસંદગીના હેવીવેઈટ્સ શેરોના નેતૃત્વ હેઠળ આગેકૂચ પણ નોંધાવી હતી. જો કે, દિવસના અંતે, સુધારો સહેજ પચાવાઇ ગયો હતો અને નિફ્ટી ૧૧૮.૯૫ પોઇન્ટના વધારા સાથે દિવસ ૨૨,૧૨૩.૬૫ પર સેટલ થયો હતો.

રિયલ્ટી અને એનર્જી સેક્ટર ટોચના પરફોર્મર હતા જ્યારે પીએસયુ બેન્કો અને આઇટી સેક્ટર પાછળ રહ્યાં હતા. વ્યાપક બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું જ્યાં મિડકેપ્સે નબળો દેખાવ કર્યો હતો, જ્યારે સ્મોલકેપ ૦.૯૦ ટકાથી વધુ વધ્યો હતો અને નિફ્ટી-૫૦ને પાછળ છોડી દીધો હતો.

ઈન્ડેક્સે ઈન્વર્ટેડ હેડ એન્ડ શોલ્ડર ફોર્મેશન બનાવ્યું છે અને હવે ૨૨,૬૪૦ના લક્ષ્ય માટે બ્રેકઆઉટની રાહ જોઈ રહ્યું છે જ્યારે નીચલી બાજુએ, ૨૧,૯૦૦ મજબૂત સપોર્ટ તરીકે કામ કરવાનું ચાલુ રાખશે.

અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા ડોવિશ સ્ટાન્સના સંકેત બાદ શેરબજારમાં પાછલા સપ્તાહના અંતિમ સતત ત્રણ સત્રમાં તેજીવાળાઓ હાવી રહ્યાં હતા, જોકે આ માત્ર ત્રણ સત્રના સપ્તાહમાં માસિક એક્સપાઇરી પણ આવતી હોવાથી અફડાતફડી અને ઊથલપાથલ ચાલુ રહી છે. આ જ સાથે બજારની નજર ખાસ કરીને વિદેશી ફંડો પર મંડાયેલી છે. પીઢ અભ્યાસુઓ માને છે કે ફેડરલના બદલાયેલા વલણ સાથે એફઆઇઆઇનું વલણ પણ બદલાયું છે અને જો આ વર્ગની લેવાલી ચાલુ રહેશે તો નિફ્ટીને આગેકૂચ કરવામાં સરળતા રહેશે. ફેડરલ રિઝર્વે આ વર્ષે ત્રણ દરમાં કાપના સંકેત આપ્યા બાદ યુએસ બજારોમાં રેકોર્ડ રેલીને પગલે એશિયન અને સ્થાનિક બજારમાં સુધારાનો સળવળાટ શરૂ થયો છે. અમેરિકાની કેન્દ્રીય બેન્ક, ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં કપાતને લગતા વલણના અકંબધ રાખવાના સંકેત સાથે ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટને મળેલા અમેરિકન કરંટને કારણે વૈશ્વિક ઇક્વિટી બજારમાં મજબૂતી જોવા મળી છે.

વૈશ્વિક શેરબજારોમાં મજબૂત તેજીનો પવન ફૂંકાવાથી પણ સ્થાનિક બજારના સેન્ટિમેન્ટને ટેકો મળી રહ્યો છે. એક તરફ સેબીની ચેતવણી અને ફંડોની સ્ટ્રેસ ટેસ્ટ બાદ રિડેમ્પશનના દબાણને કારણે નાના શેરોમાં વેચવાલી વધતી રહેવાની શક્યતા વચ્ચે મિડ અને સ્મોલકેપ શેરઆંકો પર દબાણ રહેવાની સંભાવનાની ચર્ચા વચ્ચે પાછલા સપ્તાહ દરમિયાન કેટલાક સત્રમાં મિડકેપ અને સ્મોલકેપ બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. બુધવારના સત્રમાં મિડકેપ ઇન્ડેક્સમાં પીછેહઠ અને સ્મોલ કેપ ઇન્ડેક્સમાં મામૂલી સુધારો જોવા મળ્યો હતો.

આજે ગુરુવારે ચાલુ મહિનાના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટના માસિક વલણની સમાપ્તિ વચ્ચે મુખ્ય ઇક્વિટી બેન્ચમાર્કમાં અસ્થિરતા રહેવાની સંભાવના છે.

આ સપ્તાહે બજારોમાં માત્ર ત્રણ ટ્રેડિંગ સેશન હતા, જેમાં સોમવારે હોળી નિમિત્તે બજાર બંધ રહ્યું હતું અને શુક્રવારે ગુડ ફ્રાઈડે નિમિત્તે ઈક્વિટી બજારો બંધ રહેશે. હવે માત્ર આજનું ગુરુવારનું સત્ર બાકી છે.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચરમાં કુલ રૂ. ૪૯.૧૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૫૦૨ સોદામાં ૬૬૮ કોન્ટ્રેક્ટનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર અને ઈક્વિટી ફ્યુચર મળીને કુલ ૮૪,૫૦,૫૦૯ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા.

# યુએસ ડોલર સામે રૂપિયો ૭ પૈસા ઘટીને ૮૩.૩૬ની સપાટીએ પહોંચ્યો

મુંબઈઃ મોટાભાગના વૈશ્વિક ચલણો સામે મજબૂત રહેલા અમેરિકન ચલણને ટ્રેક કરતા બુધવારે રૂપિયો યુએસ ડોલર સામે સાત પૈસા ઘટીને ૮૩.૩૬ની કામચલાઉ સપાટી પર બંધ થયો હતો. જો કે, સ્થાનિક શેર બજારોમાં ઉછાળો અને ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા ઘટાડાથી ઘટાડાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ચલણને થોડો ટેકો મળી રહ્યો હતો, એમ ફોરેક્સ ટ્રેડર્સે જણાવ્યું હતું.

આંતરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં, સ્થાનિક યુનિટ ૮૩.૩૩ પર ખુલ્યું હતું અને ગ્રીનબેક સામે ૮૩.૪૫ના ઇન્ટ્રાડે નીચા સ્તરે પહોંચ્યું હતું. સ્થાનિક યુનિટ છેલ્લે ડોલર સામે ૮૩.૩૬ (પ્રોવિઝનલ) પર સેટલ થયું હતું, જે તેના અગાઉના બંધ કરતાં ૭ પૈસાની ખોટ દર્શાવે છે.

મંગળવારે, રૂપિયો સર્વકાલીન નીચા સ્તરેથી સુધર્યો હતો અને યુએસ ડોલર સામે ૩૨ પૈસા સુધરીને ૮૩.૨૯ પર બંધ થયો હતો. કરન્સી માર્કેટના વિશ્લેષક અનુસાર, બુધવારે મજબૂત યુએસ ડોલર અને આયાતકારોની યુએસ ડોલરની માગને કારણે ભારતીય રૂપિયો નબળો પડ્યો હતો. નબળી એશિયન કરન્સીનું પણ રૂપિયા પર દબાણ જોવા મળ્યું હતું.

દરમિયાન, ડોલર ઇન્ડેક્સ, જે છ કરન્સીની બાસ્કેટ સામે ગ્રીનબેકની મજબૂતાઈનું મૂલ્યાંકન કરે છે, તે ૦.૦૩ ટકા ઘટીને ૧૦૪.૨૬ પર ટ્રેડ કરી રહ્યો હતો. કરન્સી ટ્રેડરે કહ્યું હતું કે, અમે અપેક્ષા રાખીએ છીએ કે રૂપિયો યુએસ ડોલર અને નબળી એશિયન કરન્સીમાં મજબૂતાઈ પર સહેજ નકારાત્મક પૂર્વગ્રહ સાથે ટ્રેડ કરશે. મહિનાના અંતમાં આયાતકારો તરફથી ડોલરની માગનું પણ પિયા પર દબાણ આવી શકે છે.

જો કે, સકારાત્મક સ્થાનિક બજારો નીચા સ્તરે રૂપિયાને ટેકો આપી શકે છે. રોકાણકારો શુક્રવારે યુએસના કોર પીસીઇ ડિફ્લેટર ઇન્ડેક્સ ડેટા પર ધ્યાન આપી શકે છે. અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયાની સ્પોટ પ્રાઇસ રૂ. ૮૩.૧૦થી રૂ. ૮૩.૬૦ની રેન્જમાં ટ્રેડ થવાની ધારણા છે.

વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ ૦.૯૦ ટકા ઘટીને ૮૫.૪૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. સ્થાનિક ઈક્વિટી માર્કેટ મોરચે સેન્સેક્સ ૫૨૬.૦૧ પોઈન્ટ અથવા ૦.૭૩ ટકા વધીને ૭૨,૯૯૬.૩૧ પોઈન્ટ પર સેટલ થયો હતો. નિફ્ટી ૧૧૮.૯૫ પોઈન્ટ અથવા ૦.૫૪ ટકા વધીને ૨૨,૧૨૩.૬૫ પોઈન્ટ પર બંધ થયો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) મંગળવારે મૂડીબજારમાં ચોખ્ખા ખરીદદાર હતા કારણ કે તેઓએ રૂ. ૧૦.૧૩ કરોડના શેરની ખરીદી કરી હતી, એમ એક્સચેન્જ ડેટામાં જણાવાયું હતું. મેક્રો ઈકોનોમિક મોરચે ભારતની ચાલુ ખાતાની ખાધ ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં ઘટીને ૧૦.૫ અબજ ડોલર અથવા જીડીપીના ૧.૨ ટકા થઈ ગઈ છે, જે સપ્ટેમ્બરમાં પૂરા થતા પહેલાના ત્રણ મહિનામાં ૧૧.૪ અબજ ડોલર અથવા ૧.૩ ટકા હતી.

## વીમા નિયામક ઈરડાએ પૉલિસી સરન્ડર વેલ્યુને લગતા નિયમમાં ફેરફાર કર્યો

મુંબઇઃ વીમા ક્ષેત્રની નિયામક ઈરડાએ ૧૯ માર્ચે એક બેઠક યોજી હતી. જેમાં વીમા નિયામકે આ મહિને વિવિધ નિયમોને મર્જ કરવાની મંજૂરી આપી હતી. ઈરડાએ એક નિવેદનમાં નવા નિયમોને સૂચિત કરવા વિશે માહિતી આપતા કહ્યું હતું કે ઈરડા (ઇન્શ્યોરન્સ પ્રોડક્ટ્સ) રેગ્યુલેશન્સ ૨૦૨૪માં છ રેગ્યુલેશન્સને એકીકૃત ફ્રેમવર્કમાં મર્જ કરવામાં આવ્યા છે. વીમા નિયમનકારનું કહેવું છે કે વિવિધ નિયમોને મર્જ કરવાનો હેતુ વીમા કંપનીઓને બજારની ઝડપથી બદલાતી માંગને પહોંચી વળવા, વેપાર કરવાનું સરળ બનાવવા અને વીમાની પહોંચને વિસ્તૃત કરવા સક્ષમ બનાવવાનો છે. ફેરફારો નવા નાણાકીય વર્ષથી લાગુ થશે. વીમા નિયમનકાર દ્વારા કરવામાં આવેલા આ ફેરફારો પહેલી એપ્રિલ, ૨૦૨૪ એટલે કે નવા નાણાકીય વર્ષથી લાગુ થશે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪, ૩૧મી માર્ચે સમાપ્ત થઈ રહ્યું છે. ઈરડા અનુસાર, નવા નિયમોનો અમલ એ સુનિશ્ચિત કરશે કે વીમા કંપનીઓ શ્રેષ્ઠ મેનેજમેન્ટ પ્રેક્ટિસનું પાલન કરે છે. વીમા કંપનીઓને લાભ થશે અને સરન્ડર વેલ્યુમાં વધારો થશે. ઈરડાના નવા નિયમોમાં એક મોટો ફેરફાર પોલિસી સરન્ડર પરના ચાર્જને લગતો છે. જો કોઈ વીમા ધારક તેની વીમા પોલિસી પાકતી તારીખ પહેલાં બંધ કરે છે, તો વીમા કંપનીઓ તેના માટે કેટલાક ચાર્જ વસૂલે છે, જેને પોલિસી સરન્ડર ચાર્જ કહેવાય છે. ઈરડા અનુસાર, હવે જો કોઈ વીમાધારક ચોથાથી સાતમા વર્ષમાં પોલિસી સરન્ડર કરે છે.

## બજારનો અંડરટોન મક્કમ, માર્કેટ કૅપ ₹ ૩૮૩.૬૭ લાખ કરોડની સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં આ સત્રમાં તેજી જોવા મળી હતી. મક્કમ અંડરટોન વચ્ચે બીએસઈ સેન્સેક્સની ૧૮ કંપનીઓ વધી અને ૧૨ કંપનીઓ ઘટી હતી. બુધવારે માર્કેટ કેપ રૂ.૩૮૩.૬૭ લાખ કરોડ રહ્યું હતું. સેક્ટરલ ઈન્ડાયસીસમાં કેપિટલ ગુડ્સ અને સર્વિસીસ સર્વાધિક વધ્યા હતા. બીએસઈ સેન્સેક્સ બુધવારે ગઈ કાલના ૭૨,૪૭૦.૩૦ના બંધથી ૫૨૬.૦૧ પોઈન્ટ્સ (૦.૭૩ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૭૨,૬૯૨.૧૬ ખૂલી, ઉપરમાં ૭૩,૧૩૮.૭૩ સુધી, નીચામાં ૭૨,૬૦૦.૭૩ સુધી જઈ અંતે ૭૨,૯૯૬.૩૧ પર બંધ રહ્યો હતો. બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૨૦ ટકા વધ્યો હતો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૪૭ ટકા ઘટ્યો હતો.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૫૫ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૪૬ ટકા, બીએસઈ મીડ કેપ ૦.૦૧ ટકા, બીએસઈ સ્મોલ કેપ ૦.૭૦ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૩૭ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૪૧ ટકા, બીએસઈ ઓલ કેપ ૦.૪૨ ટકા અને બીએસઈ લાર્જ કેપ ૦.૪૫ ટકા વધ્યા હતા.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૩.૬૦ ટકા, મારુતી સુઝુકી ઈન્ડિયા ૨.૪૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૬૩ ટકા, ટાઈટન કંપની ૧.૫૨ ટકા અને કોટક મહિન્દ્રા બેન્ક ૧.૧૪ ટકા વધ્યા હતા, જ્યારે વિપ્રો ૧.૫૭ ટકા, એચસીએલ ટેક્નોલોજીસ ૧.૦૨ ટકા, ટીસીએસ ૧.૦૨ ટકા, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ૦.૮૧ ટકા અને નેસલે ઈન્ડિયા ૦.૭૯ ટકા ઘટ્યા હતા. બી ગ્રુપની ૧ કંપનીને ઉપલી સર્કીટ સહિત બધા ગ્રુપની કુલ ૨૫ કંપનીઓમાંથી ૨૨ કંપનીઓને ઉપલી અને ત્રણ કંપનીઓને નીચલી સર્કીટ લાગી હતી.

## સોનાની ચમક સહેજ વધી, ચાંદીએ ૭૪,૦૦૦ની સપાટી ગુમાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બુલિયન માર્કેટમાં બુધવારના સત્રમાં સામસામા રાહ જોવા મળ્યાં હતાં. સોનાની ચમકમાં સહેજ વધારો થયો હતો, જ્યારે ચાંદીની ચમક ઝાંખી પડી હતી. ચાંદીએ વેચવાલીના દબાણ વચ્ચે ૭૪,૦૦૦ની સપાટી ગુમાવી હતી.

સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાનો ભાવ રૂ. ૬૬,૭૧૬ પ્રતિ દસ ગ્રામના પાછલા બંધ સામે રૂ. ૬૬,૪૨૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્રને અંતે રૂ. ૧૧૮ના સુધારા સાથે રૂ. ૬૬,૮૩૪ની સપાટીએ સ્થિર થયો હતો.

એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાનો ભાવ રૂ. ૬૬,૪૪૯ પ્રતિ દસ ગ્રામના પાછલા બંધ સામે રૂ. ૬૬,૧૫૪ની નીચી સપાટીએ ખૂલ્યા બાદ, નવેસરની લેવાલીનો ટેકો મળતા સત્રને અંતે રૂ. ૧૧૭ના સુધારા સાથે રૂ. ૬૬,૫૬૬ની સપાટીએ સ્થિર થયો હતો.

આ સત્રમાં ચાંદીમાં ઓદ્યોગિક માગ અને સટ્ટાકીય લેવાલીનો અભાવ જોવા મળ્યો હતો. આઇબીજેએના ડેટા અનુસાર મુંબઇમાં .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૭૪,૨૭૯ પ્રતિ કિલો ગ્રામના પાછલા બંધ સામે રૂ. ૭૩,૦૦૦ની સપાટી તોડીને રૂ. ૭૩,૮૦૧ની સપાટીએ ખૂલ્યા બાદ નીચા મથાળાથી સહેજ સુધારા છતાં સત્રને અંતે રૂ. ૨૮૨ના ઘટાડા સાથે રૂ. ૭૩,૯૯૭ની નીચી સપાટીએ સ્થિર થઇ હતી.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગના સંબંધમાં વિવિધ કામ**

**ટેન્ડર નોટીસ નં. S&T/BRC/23-24/42/SIG તા.22-03-2024**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્યરત સિની. ડીએસટીઈ/વડોદરા ટેન્ડર નં. SandT_BRC_23-24_42_SIG. સામે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડર્સ બિડ બંધ થવાની તારીખ અને સમય સુધી તેમની અસલ/સુધારેલી જમા કરાવવા સમર્થ રહેશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર્સ માન્ય ગણાશે નહીં અને આવી કોઈપણ પ્રાપ્ત થયેલ મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (1) **કામનું નામ તેના સ્થળ સહિતઃ** (1) મિયાગામ-લાકોદ્રા અને મિયાગામ-કાશીપુરા વચ્ચે ઓટો સ્થળો ખાતે ઇલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (EI) ની જોગવાઈ. (2) વડોદરા ડિવિઝન : EI સિસ્ટમના અત્યંત જૂના જડિત PC અને VDU નું બદલીકરણ (એમાં EI ના જડિત PC અને VDU ની આપૂર્તિ અને સંસ્થાપન સમાવિષ્ટ છે) ના કામના સંબંધમાં ઇલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગની આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ, કમીશનીંગ અને પ્રોગ્રામીંગ કરવાનું કામ. (2) **કામની અંદાજીત પડતરઃ** ₹ 3,71,84,284.56 (3) **જમા કરાવવાની અર્નેસ્ટ મનીઃ** ₹ 3,35,900.00 (4) **ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તા.**29-04-2024 ના 15:00 કલાકે અને **તા.**29-04-2024 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. (5) **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વગેરેઃ** http://www.ireps.gov.in સિનીયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલીકોમ્યુનિકેશન એન્જીનીયર, બીજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, ડીઆરએમ ઓફીસ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004. BRC-361

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly


## ઈક્વિટી માર્કેટમાં નબળાઈને કારણે પ્રાઈમરી બજારમાં રોકાણકારોની ભાગીદારી પર દબાણ આવવાની શક્યતા

મુંબઇઃ મિડ-સ્મોલકેપ્સ શેરોની નબળાઈને કારણે આઈપીઓ ક્ષેત્રે ઉદભવેલું સુસ્ત વલણ ઉદભવ્યું છે. ઈક્વિટી માર્કેટમાં નબળાઈને કારણે પ્રાઈમરી બજારમાં રોકાણકારોની ભાગીદારી પર દબાણ આવવાની શક્યતા જોવાઈ રહી છે. બજારના અભ્યાસુઓ માને છે કે, આ અસર આઈપીઓ માર્કેટમાં જોવા મળશે. પાછલા કેટલાક દિવસોમાં નવા ભરણાં માટેની અરજીનું સ્તર ઘટ્યું છે અને પાછલા ચાર કે પાંચ આઈપીઓએ નબળું પ્રદર્શન કર્યું છે. એસએમઈ ઈશ્યુમાં પણ ગ્રે માર્કેટ પ્રીમિયમ હવે પહેલા જેવું રહ્યું નથી. જોકે, બજારના સાધનો માને છે કે બજાર નિયામક સેબી આપેલી ચેતવણીને કારણે પણ હવે સાવચેતીનું માનસ સર્જાયું છે.

એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૭ ભારતીય કંપનીઓએ ગયા વર્ષે આઈપીઓ દ્વારા રૂ. ૪૯,૪૩૪ કરોડ એકત્ર કર્યા હતા, જે ૨૦૨૨માં આવા ૪૦ મુદ્દાઓ દ્વારા એકત્ર કરાયેલ રૂ. ૫૯,૩૦૨ કરોડની રકમ કરતાં ૧૭ ટકા ઓછા છે.

જો કે, જો આપણે ૨૦૨૨માં એલઆઈસીના આઈપીઓને બાકાત રાખીએ તો એકત્ર કરાયેલી રકમ ગયા વર્ષ કરતાં ૨૮ ટકા વધુ હતી. કેલેન્ડર વર્ષ ૨૦૨૪ની શરૂઆત સુધીમાં રૂ. ૨૮,૫૦૦ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવતી ૨૭ જેટલી કંપનીઓએ આઈપીઓ માટે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) પાસેથી મંજૂરી મેળવી હતી.

જોકે આ કંપનીઓ હવે આ દિશામાં આગળ વધી રહી નથી. કુલ રૂ. ૪૦,૫૦૦ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવતી અન્ય ૩૬ કંપનીઓ સેબીની મંજૂરીની રાહ જોઈ રહી હતી. ઉક્ત અહેવાલના અભ્યાસકાળ દરમિયાન બીએસઈ સ્મોલકેપ અને મિડકેપ ઇન્ડેક્સ છ ટ્રેડિંગ સેશનમાં પ્રત્યેક પાંચ ટકા ઘટ્યા હતા કારણ કે સેબીએ આ બે સેગમેન્ટમાં ભાવમાં મેનીપ્યુલેશન અને બબલ જેવી સ્થિતિની આશંકા વ્યક્ત કરી હતી.

બીએસઈ બંને સૂચકાંકો ફેબ્રુઆરીમાં તેમની ઊંચી સપાટીથી લગભગ ૧૧ ટકા નીચે છે. વિશ્લેષકોનું કહેવું છે કે નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ પર આરબીઆઈની તાજેતરની કાર્યવાહી પ્રાયમરી બજારમાં રોકડ પ્રવાહ પર દબાણ લાવી શકે છે.

મુખ્ય બજારોમાં મંદી વચ્ચે આઈપીઓનું આકર્ષણ નબળું પડ્યું છે. તેથી, પ્રાથમિક બજાર દ્વારા મૂડી એકત્ર કરવા માગતી કંપનીઓ તેમની યોજનાઓ મુલતવી રાખી શકે છે.

## પીએલઆઇ સ્કીમઃ ૧૪માંથી મોટાભાગના ક્ષેત્રોમાં રોકાણનું પ્રમાણ લક્ષ્યાંકથી ઘણું ઓછું

મુંબઈઃ દેશમાં ઈન્વેસ્ટમેન્ટસને પ્રોત્સાહન આપી રોજગાર ઊભા કરવાની સરકારની પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) સ્કીમનું અપેક્ષિત પરિણામ જોવા મળતું નહીં જણાય છે. ઉપલબ્ધ આંકડા પર નજર નાખતા જણાય છે કે બે વર્ષમાં પીએલઆઈ હેઠળ અપેક્ષિત રોકાણ તથા રોજગાર પ્રાપ્ત થયા નથી.

ડિસેમ્બર, ૨૦૨૩ના સમાપ્ત થયેલા બે વર્ષમાં ભારતની કંપનીઓએ પીએલઆઈ હેઠળ રૂપિયા ૧.૦૭ ટ્રિલિયનનું ઈન્વેસ્ટમેન્ટ કર્યું હતું. ૧૪ ક્ષેત્રો માટેની પીએલઆઈ હેઠળ બે વર્ષમાં રૂપિયા ત્રણ ટ્રિલિયનના ઈન્વેસ્ટમેન્ટસની બાંયધરી મળી હતી. આમ અપેક્ષા કરતા ૩૫ ટકા જેટલું જ ઈન્વેસ્ટમેન્ટસ હાંસલ થયું છે.

સોલાર પીવી મોડ્યૂલ્સ, ટેકસટાઈલ્સ, ઓટોમોબાઈલ જેવા ક્ષેત્રોમાં અપેક્ષા કરતા ઓછું ઈન્વેસ્ટમેન્ટસ પ્રાપ્ત થયાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. માત્ર ઈન્વેસ્ટમેન્ટસ જ નહીં પરંતુ સ્કીમ હેઠળ જે રોજગાર ઊભા થવાના હતા તેનું ચિત્ર પણ ખાસ પ્રોત્સાહક જણાતું નથી.

સ્કીમ હેઠળ ૧૧.૫૦ લાખ રોજગાર નિર્માણની અપેક્ષા સામે માત્ર ૪.૯૦ લાખ રોજગાર ઊભા થઈ શકયા છે. ઉત્પાદનમાં રૂપિયા ૪૦ ટ્રિલિયનનો વધારો થવાની ધારણાં સામે માત્ર ૧૭ ટકાનો જ વધારો જોવા મળ્યો છે. મહત્તમ લાભો મેળવવા પીએલઆઈ પાત્ર કંપનીઓ દ્વારા પ્રારંભિક ચાર મહિનામાં ઈન્વેસ્ટમેન્ટસ કરવાના રહે છે. કુલ ૧૪ ક્ષેત્રો માટેની મોટાભાગની સ્કીમ્સ ૨૦૨૧-૨૨માં જાહેર થઈ છે. આત્મનિર્ભર ભારત બનાવવા અને ભારતની ઉત્પાદન ક્ષમતા તથા નિકાસ વધારવા નાણાં વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં પીએલઆઈ સ્કીમ્સ માટે અંદાજે રૂપિયા બે ટ્રિલિયનની યોજના જાહેર કરવામાં આવી હતી.

મોટાભાગની સ્કીમ્સ ૨૦૨૧માં જાહેર થઈ હતી પરંતુ તેનો અમલ મોડો થયો હતો. ફાર્મા ક્ષેત્રમાં ટાર્ગેટ કરતા વધુ ઈન્વેસ્ટમેન્ટસ જોવા મળ્યું છે જ્યારે સોલાર પીવી મોડયૂલ્સ, ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિકસ, ટેક્સટાઈલ્સ જેવા ક્ષેત્રોમાં ટાર્ગેટ કરતા ઓછું રોકાણ જોવા મળી રહ્યું છે.

ફાર્માસ્યૂટિકલ દવાઓના ઉત્પાદન ક્ષેત્રમાં પંચાવન કંપનીઓ દ્વારા રૂપિયા ૧૭૨૭૫ કરોડના ટાર્ગેટ સામે ઈન્વેસ્ટમેન્ટસ રૂપિયા ૨૫૮૧૩ રહ્યું છે. સોલાર મોડયૂલ ભારત માટે એક નવું ક્ષેત્ર હોવાથી અહીં મોડયૂલ્સનું ઉત્પાદન ખર્ચાળ બની રહ્યું છે જેને કારણે રોકાણકારો ખાસ આકર્ષાતા નથી, એમ સરકારી સુત્રોએ વધુમાં જણાવ્યું હતું.

દરેક પીએલઆઈ સ્કીમ્સ હેઠળ ગયા નાણાં વર્ષમાં રૂપિયા ૨૯૦૦ કરોડના લાભ છૂટા કરાયા હોવાનું પણ પ્રાપ્ત આંકડા જણાવે છે. વર્તમાન નાણાં વર્ષમાં પણ આટલી જ રકમ છૂટી થવાની અપેક્ષા છે. વિવિધ શરતોને લઈને સ્કીમ્સ હેઠળ લાભો મેળવવા માટે કંપનીઓએ પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.


**મધ્ય રેલવે**

**એપ્રિલ-૨૦૨૪ના મહિના માટે ઈ-ઓક્શન કાર્યક્રમ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી પ્રિન્સિપાલ ચીફ મટિરિઅલ મેનેજર નીચે મુજબ સ્ક્રેપના વેચાણ માટે એપ્રિલ ૨૦૨૪ના મહિના દરમિયાન ઈ-ઓક્શન યોજશે. નોંધઃ- ભવિષ્યમાં અખબારોમાં ઈ-ઓક્શન પ્રોગ્રામનું પ્રકાશન બંધ કરવામાં આવશે અને ખરીદદારોને મધ્ય રેલવે IREPS વેબસાઈટ સરનામું www.ireps.gov.in સાથે લિંક કરવું.

| ઓક્શન હાથ ધરતા અધિકારીઓ | ઓક્શન તારીખ અને દિવસો | | | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| Sr.DMM/Nagpur | 03.04.2024 બુધવાર | 10.04.2024 બુધવાર | 22.04.2024 સોમવાર | 7219612750 |
| SR.DMM/Bhusawal With Manmad depot. | 04.04.2024 ગુરુવાર | 15.04.2024 સોમવાર | 23.04.2024 મંગળવાર | 7219611751 |
| Sr.DMM/Pune | 08.04.2024 સોમવાર | 16.04.2024 મંગળવાર | 24.04.2024 બુધવાર | 7219613750 |
| Sr.DMM/Mumbai | 10.04.2024 બુધવાર | 18.04.2024 ગુરુવાર | 25.04.2024 ગુરુવાર | 8828119750 |
| Sr.DMM/Solapur | 12.04.2024 શુક્રવાર | 22.04.2024 સોમવાર | 30.04.2024 મંગળવાર | 7219614750 |
| DY.CMM [Tr.) HQ For SMM(G)Currey Road | 03.04.2024 બુધવાર | 10.04.2024 બુધવાર | 22.04.2024 સોમવાર | 8828110761 |
| DY.CMM(M) Parel | 08.04.2024 સોમવાર | 16.04.2024 મંગળવાર | 24.04.2024 બુધવાર | 8828119755 |
| DY.CMM(CWE) Matunga | 04.04.2024 ગુરુવાર | 15.04.2024 સોમવાર | 23.04.2024 મંગળવાર | 8828119770 |
| DY.CMM[Tr.]HQ For AMM/Hajibunder | 03.04.2024 બુધવાર | 10.04.2024 બુધવાર | 22.04.2024 સોમવાર | 8828110761 |
| DY.CMM [ACL] Bhusawal | 10.04.2024 બુધવાર | 18.04.2024 ગુરુવાર | 25.04.2024 ગુરુવાર | 7219611750 |

નોંધઃ- જો જરૂરી હોય તો લાયક લોટસ માટે ઓક્શનની અસલ તારીખ અને સમયથી કામકાજના બીજા દિવસે પૂરક ઓક્શન હાથ ધરવામાં આવશે. રેલવે પ્રશાસન તેની પોતાની મુનસફીએ કોઈપણ પૂરક ઓક્શન રદ કરવાનો અધિકાર અનામત રાખે છે.
નોંધઃ એ) રેલવે ઈ-ઓક્શનમાંથી કોઈપણ લોટ પાછો ખેંચવાનો અધિકાર અનામત રાખે છે. રેલવે કોઈપણ ડેપો/ડિવિઝનના કોઈપણ લોટને કોઈપણ અનુગામી ઓક્શનમાં કોઈપણ યોગ્ય રીતે ઓક્શન કરવાનો અધિકાર પણ અનામત રાખે છે. મધ્ય રેલવેના અન્ય ડેપો/ડિવિઝનના અનુગામી ઓક્શનમાં કોઈપણ ડેપો/ડિવિઝનની ન વેચાયેલી ઘણી બધી વસ્તુઓ વેચવામાં આવશે. બી) સરકારી નીતિ મુજબ, જ્યાં સ્ક્રેપ મટેરિઅલના રિસાયકલિંગમાં પર્યાવરણ અને પ્રદૂષણની સમસ્યાઓનો સમાવેશ થાય છે, આવા લોટ માત્ર કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)/ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (SPCB) દ્વારા જારી કરાયેલ માન્ય લાયસન્સ ધરાવતા અધિકૃત બિડર્સને જ વેચવામાં આવશે. સી) ઈ-ઓક્શન કેટલોગ વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ રહેશે. ડી) જો ઈ-ઓક્શન, ડિજિટલ હસ્તાક્ષર, નોંધણી પ્રક્રિયા અને સહભાગિતા વગેરે સંબંધિત કોઈપણ સહાયની જરૂર હોય, તો કૃપા કરીને ઉપરોક્ત સંબંધિત ઓક્શન આયોજક અધિકારીઓને અથવા Dy.CMM/Sales/HQ, મો. નં. ૮૮૨૮૧૧૦૭૬૧, ઈમેલ સરનામું- dycmm.s.cstm@gmail.com અથવા dycmms@cr.railnet.gov.in સંપર્ક કરવો.

ટિકિટો માટે UTS એપ ડાઉનલોડ કરો 1011

# સાયન બ્રિજ તોડવાનું કામ સતત ત્રીજીવાર મોકૂફ

## હવે ચોમાસા બાદ જ મળશે મુહૂર્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાયન સ્ટેશન પાસેના રોડ ઓવર બ્રિજને તોડી પાડવાનું કામ ફરી એક વખત અનિશ્ચિત મુદત માટે આગળ ઢકેલવામાં આવ્યું છે. તેથી ૨૮ માર્ચ, ૨૦૨૪થી બંધ કરવામાં આવનારો આ પુલ વાહનવ્યવહાર માટે ખુલ્લો રહેવાનો હોવાથી ફરી એક વખત મુંબઈગરાને રાહત મળવાની છે. રેલવે દ્વારા પુલને તોડી પાડવાનું કામ ત્રીજી વખત મોકુફ રાખવામાં આવ્યું છે, તે પાછળના કારણ બાબતે મધ્ય રેલવેએ મૌન રાખવાનું પસંદ કર્યું હતું. જોકે અંદરખાને ચાલી રહેલી ચર્ચા મુજબ આગામી દિવસમાં લોકસભાની ચૂંટણી હોવાથી મુંબઈગરાની નારાજગી પરવડે નહીં એ કારણથી પુલને તોડવાનું મોકુફ રાખવામાં આવ્યું છે. એક અંદાજ મુજબ જૂનમાં ચૂંટણીના રિઝલ્ટ આવશે આ

(જુઓ પાનું ૪) ▶▶

### નવી તારીખ પછી જાહેર કરીશુંઃ રેલવે

સાયન પુલ જોખમી હાલતમાં હોઈ તેનું કામ જલદી ચાલુ કરવાનું આવશ્યક છે ત્યારે ફરી એક વખત પુલને તોડી પાડવાનું કામ આગળ ઢકેલવા બાબતે ચોક્કસ કારણ જણાવવાનો મધ્ય રેલવેના ચીફ પબ્લિક રીલેશન ઓફિસર ડૉ. સ્વપ્નિલ નિલાએ ઈનકાર કરતા 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે પુલને તોડવાનું કામ ફરી એક વખત મોકુફ રાખવામાં આવ્યું છે. નવી તારીખ પછીથી જાહેર કરવામાં આવશે.

### વાહનવ્યવહાર માટે ખુલ્લો રહેશે

માટુંગા ટ્રાફિક પોલીસના સિનિયર પોલીસ ઈન્સ્પેકટર આનંદરાવ હાકેએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે સાયન પુલને તોડવાનું ફરી એક વખત મોકુફ રાખવામાં આવ્યું છે, તે પાછળનું કારણ રેલવેએ અમને જણાવ્યું નથી. અમારા તરફથી પુલને તોડી પાડવાને લગતી તમામ મંજૂરીઓ આપી દેવામાં આવી છે. પુલને તોડવાનું હાલ પૂરતું મોકુફ રાખવામાં આવ્યું છે, તેથી વાહનવ્યવહાર માટે પુલ ખુલ્લો જ રહેશે.

### પાલિકાએ હાથ ઉપર કર્યા

પુલ જોખમી હોવા છતા તેને તોડી પાડવાનું ફરી એક વખત મોકુફ રાખવા બાબતે પાલિકાએ હાથ ઉપર કરી દીધા હતા. પાલિકાના ઉચ્ચ અધિકારીએ નામ નહીં આપવાની શરતે કહ્યું હતું કે સાયન પુલનું મોટાભાગનું કામ રેલવે દ્વારા કરવામાં આવવાનું છે. રસ્તાને લાગીને આવેલા ભાગનું કામ પાલિકા કરવાની છે. તેથી પુલને તોડી પાડવાનું કામ મોકુફ રાખવાનું કારણ રેલવે જ જણાવી શકે છે.

# વિદર્ભ ભઠ્ઠીમાં શેકાયુંઃ અકોલામાં પારો ૪૨.૮ ડિગ્રી

# મુંબઈ કરતા મહાબળેશ્વર ગરમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આ વર્ષે ઉનાળો આકરો જવાનો છે. હજી માર્ચ મહિનો ચાલી રહ્યો છે અને રાજ્યના મોટાભાગના જિલ્લામાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની ઉપર જતો રહ્યો છે. રાજ્યના હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં તો મુંબઈ કરતા પણ તાપમાન વધુ નોંધાયું હતું. મહાબળેશ્વમાં બુધવારે મહત્તમ તાપમાનનો પારો ૩૨.૧ ડિગ્રી નોંધાયો હતો. તો સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન વિદર્ભના અકોલામાં મહત્તમ તાપમાનનો પારો ૪૨.૮ ડિગ્રી જેટલો નોંધાયો હતો.

મુંબઈમાં સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૨.૦ ડિગ્રી તો કોલાબામાં ૩૧.૪ ડિગ્રી જેટલું નોંધાયું તો હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં સતત બીજા દિવસે મુંબઈ કરતા પણ વધુ તાપમાન નોંધાયું હતું. દિવસ દરમિયાન અહીં મહત્તમ તાપમાન ૩૨.૧ ડિગ્રી નોંધાયુ હતું. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગરમ ભઠ્ઠીમાં શેકાઈ રહ્યા છે. વિદર્ભના અકોલામાં ૪૨.૮ ડિગ્રી, અમરાવતીમાં ૪૧.૨ ડિગ્રી, બુલઢાણા અને યવતમાળમાં ૪૧.૦ ડિગ્રી, વર્ધામાં ૪૦.૫ ડિગ્રી, બ્રહ્મપુરીમાં ૪૦.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજ્યના મરાઠવાડ રિજનમાં પરભણીમાં તાપમાનનો પારો ૪૧.૨ ડિગ્રી, બીડમાં ૪૦.૧ ડિગ્રી, નાંદેડમાં ૪૦.૨ ડિગ્રી, ઔરંગાબાદમાં ૩૯.૫ ડિગ્રી, ઉસ્મનાબાદમાં ૩૯.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મધ્ય મહારાષ્ટ્રના માલેગાંવમાં ૪૨.૦ ડિગ્રી, જળગાંવ ૪૧.૮ ડિગ્રી, સોલાપુરમાં ૪૧.૩ ડિગ્રી, જેરુર ૪૦.૦ ડિગ્રી, નાશિકમાં ૩૯.૪ ડિગ્રી, સતારા ૩૯.૧ ડિગ્રી, સાંગલીમાં ૩૮.૫ ડિગ્રી, હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં ૩૨.૧ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું. ■

# મોદી, યોગી અને શાહ ગજાવશે મહારાષ્ટ્ર

## ભાજપના દિગ્ગજ ચહેરા ઊતરશે ચૂંટણીપ્રચારના મેદાનમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણીની જાહેરાત થઇ ત્યારબાદ મહારાષ્ટ્રમાં ભાજપના બે દિગ્ગજ નેતઆઓએ પોતાની ઉમેદવારી નોંધાવી છે અને તેની સાથે સાથે જ આગામી સમયમાં પ્રચાર માટેની તૈયારીઓ અને રણનીતિ પણ તૈયાર થઇ ચૂકી છે. લોકસભા બેઠકોની દૃષ્ટીએ ઉત્તર પ્રદેશ બાદ મહારાષ્ટ્ર સૌથી મહત્ત્વનું રાજ્ય છે અને ચૂંટણીમાં 'સેકન્ડ ઇન કમાન્ડ' તરીકેની ભૂમિકા ભજવશે. તેટલે જ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર માટે પણ કોઇપણ પ્રકારની ઉણપ નહીં આવવા દેવાય તેની ખાતરી ભાજપ દ્વારા કરવામાં આવી છે અને એ માટે ભાજપના દિગ્ગજ નેતાઓ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર માટે ઝંપલાવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ જેવા મોટા ગજાના નેતાઓ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચારની બાગડોર સંભાળશે.

આ ચૂંટણીમાં ભાજપે 'અબ કી બાર ૪૦૦ પાર'નું સૂત્ર અપનાવ્યું છે ત્યારે મહારાષ્ટ્રમાં ૪૮માંથી ૪૫ બેઠકો પોતાના નામે કરવાનું ભાજપ અને સાથી પક્ષોનું લક્ષ્ય છે. દેશમાં ૪૦૦ બેઠકો મેળવવા માટે મહારાષ્ટ્રમાં વધુમાં વધુ બેઠકો ઉપર જીત હાંસલ કરવી ભાજપ અને સાથી

(જુઓ પાનું ૪) ▶▶

# ફડણવીસઃ મહારાષ્ટ્રમાં ફરી થશે મોટો રાજકીય ભૂકંપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના ભાજપ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળેએ મહાવિકાસ આઘાડીના બાવીસ જિલ્લા પ્રમુખ ભાજપમાં પ્રવેશ કરવાના હોવાનું કહી મોટો બોમ્બ ફોડ્યો છે તેવામાં નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ એક મોટી આગાહી કરી છે, જેના કારણે મહારાષ્ટ્રમાં રાજકીય ભૂકંપ આવી શકે તેવી શક્યતા છે.

ટૂંક સમયમાં મહાવિકાસ આઘાડીના મોટા નેતાઓ મહાવિકાસ આઘાડીમાંથી બહાર પડવાના હોવાનું ફડણવીસે જણાવ્યું છે.

ફડણવીસે જણાવ્યું હતું કે મહાવિકાસ આઘાડીમાં બધા જ એકબીજાના પાલામાં પગ નાંખી રહ્યા છે અને એકબીજાની બેઠકો ઉપર પોતપોતાના ઉમેદવારો જાહેર કરી રહ્યા છે. આવી પરિસ્થિતિ મહાવિકાસ આઘાડીમાં ઊભી થઇ છે. થોડા જ સમયમાં અનેક લોકો મહાવિકાસ આઘાડીમાંથી બહાર પડશે. વંચિત

(જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્ર રેન્ટ કન્ટ્રોલ એક્ટ રદ થવાનો ભય

# પાઘડી ભાડૂતોનો કોર્ટમાં બચાવ કરવામાં રાજ્ય સરકાર નિષ્ફળ

મુંબઈઃ એપ્રિલના મધ્યમાં સુપ્રીમ કોર્ટની નવ ન્યાયાધીશોની બંધારણીય ખંડપીઠ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવનાર પ્રોપર્ટી ઓનર્સ એસોસિએશન સામેના નિર્ણાયક કેસમાં રાજ્ય સરકારની નિષ્ક્રિયતાને કારણે લાખો પાઘડી ભાડૂતો તેમના ભાડુઆતના અધિકારો વિશે ચિંતિત છે. દરમિયાનગીરી કરવામાં સરકારની નિષ્ફળતાને લીધે, મહારાષ્ટ્ર રેન્ટ કંટ્રોલ એક્ટને રદબાતલ કરવાનો ભય વધી રહ્યો છે, જે સંભવિત રીતે મકાનમાલિકોને બજાર દર લાદવાની અથવા પાઘડી ભાડૂતોને બહાર કાઢવાની મંજૂરી આપે છે. રાજ્ય સરકારની કાર્યવાહી કરવાની કથિત અનિચ્છા અને રાજ્યવ્યાપી પાઘડી ભાડૂતો માટે તેના સંભવિત પરિણામોની ચિંતાઓને દૂર કરવા માટે, મંગળવારે પઘડી ટેનન્ટ્સ એક્શન કમિટીએ મહારાષ્ટ્ર વિધાન સભાના સ્પીકર રાહુલ નાર્વેકર સાથે ચર્ચા કરી હતી. નાર્વેકરે કહ્યું કે, ''તેમની તાત્કાલિક ચિંતા સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસ વિશે હતી, જેમાં રાજ્ય સરકાર પક્ષકાર છે. અમે તેમને ખાતરી આપી

(જુઓ પાનું ૪) ▶▶

## ખીચડી કૌભાંડ

# ઉદ્ધવ જૂથના અમોલ કીર્તિકરને ઇડીનું તેડું

મુંબઈઃ લોકસભાની ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેના દ્વારા ગજાનન કીર્તિકરના પુત્ર અમોલ કીર્તિકરને ઉમેદવારી આપવામાં આવી છે. જોકે, ચૂંટણી પહેલા જ તે મુશ્કેલીમાં મુકાયા હોવાનું જણાય છે. ૧૩૨ કરોડ રૂપિયાના ખીચડી કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી) દ્વારા બુધવારે કીર્તિકરને સમન્સ પાઠવવામાં આવ્યા છે.

ઇડી કોરોનાકાળ દરમિયાન આચરવામાં આવેલા ૧૩૨ કરોડ રૂપિયાના ખીચડી કૌભાંડની તપાસ કરી રહી છે. આ કૌભાંડની અમુક રકમ કીર્તિકરના એકાઉન્ટમાં

(જુઓ પાનું ૪) ▶▶

# શિવાજી પાર્કમાં પ્રચાર માટે રાજકીય પક્ષોમાં પડાપડી

મુંબઈઃ દાદરના ઐતિહાસિક શિવાજી પાર્કમાં તમામ મુખ્ય રાજકીય પક્ષોએ લોકસભા ચૂંટણી માટે પ્રચાર સભા યોજવા માટે મુંબઈ મહાનગરપાલિકાને અરજી કરી છે. શિવસેના શિંદે જૂથ, રાષ્ટ્રવાદી પક્ષ (અજિત પવાર જૂથ), ભાજપ, મનસે, શિવસેના (ઠાકરે જૂથ) એ વિવિધ તારીખો પર મેદાન આપવા વિનંતી કરી છે.

શિવાજી પાર્ક અને રાજકીય પ્રચાર સભાનો જુનો સંબંધ છે. તેમાં પણ શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરે અને શિવસેના સાથે મેદાનનો સંબંધ વધુ મજબૂત છે. શિવસેનામાં વિભાજન બાદ આ પ્રથમ ચૂંટણી યોજાવાની હોવાથી બંને પક્ષો શિવાજી પાર્ક જીતવા આતુર છે. આ બે પક્ષો ઉપરાંત વધુ ત્રણ પક્ષોએ ગ્રાઉન્ડ પર સભા

(જુઓ પાનું ૪) ▶▶


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

પ્રીમીયમ પેકેજ
ચારધામ
લેહ-લદાખ
કાશ્મીર
ગુજરાતી, કાઠીયાવાડી, પંજાબી, મુંબઈ ફાસ્ટ ફુડ, પ્યોર વેજ. રસોડું.
Hazel Tours
khar (w), Since 2003
PANKAJ CHHEDA
9869559938

Summer Holidays
પ્યોર જૈન - વેજ ટુર
બધા સમાવેશ સાથે
યુરોપ - ૧૯ દિવસ, ૧૪ દિવસ
અમેરિકા- ૨૧ દિવસ
દક્ષિણ આફ્રિકા સાથે મોરેશિયસ - ૧૪ દિવસ
ઓસ્ટ્રેલિયા- ૧૩ દિવસ
કેનેડા સાથે અલાસ્કા ક્રૂઝ - ૧૧ દિવસ, ૧૮ દિવસ,
વિયેતનામ - ૮ દિવસ
ફાર ઈસ્ટ સાથે ક્રૂઝ - ૧૫ દિવસ
રવિવારે ચાલુ રહેશે
વધુ વિગતો માટે સંપર્ક કરો
Guideline™ making travel an art !
HEAD OFFICE: 4062 2222 / 4062 2205
GHATKOPAR: 9820089928 KANDIVALI: 9619251138
E: sales@guidelinetravels.com


# ચા ₹૨૦, કૉફી ₹૩૦, વડાપાંઉ ₹૨૫

# ઉમેદવારોએ માર્ગદર્શિકા પ્રમાણે કરવો પડશે ખર્ચ

મુંબઈઃ લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવ્યા પછી હવે તમામ પાર્ટીના ઉમેદવારો પોતાના મતદારોને રિઝવવા માટે તૈયારીઓ શરૂ કરી છે, પરંતુ ચૂંટણી પંચે એ ખર્ચ માટે પણ નિયત માર્ગદર્શિકા જાહેર કરી છે. લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારોના ખર્ચ પર ભારતીય ચૂંટણી પંચની નજર રહેશે.

ચૂંટણીના પ્રચારમાં જેમની પાછળ ખર્ચ કરવામાં આવે છે તેવી તમામ વસ્તુઓના ભાવ નક્કી કરવામાં આવ્યા છે. ઉમેદવાર જો પોતાના કાર્યકર્તાઓ માટે ચા, પાણી અને નાસ્તા/ખાવાપીવાની વ્યવસ્થા કરે છે તો તેનો હિસાબ ચૂંટણી પંચે નક્કી કરેલા રેટના પ્રમાણે આપવાનો રહેશે. જો કોઈ ઉમેદવાર કોઈને ચા પીવડાવે તો વ્યક્તિદીઠ ૨૦ રૂપિયા, કોફી માટે ૩૦ અને વડાપાંઉ માટે ૨૫ રૂપિયા સુધી ખર્ચ કરી શકે છે. આ ઉપરાંત, પક્ષના ધ્વજથી લઈને ખુરશી સુધીનો ભાવ નક્કી કરવામાં આવ્યો છે.

ચૂંટણી પંચના અધિકારીના જણાવ્યા મુજબ પંચ તરફથી દરેક બાબતનું ખૂબ બારીકાઈથી ધ્યાન રાખવામાં આવી રહ્યું છે, જેથી નિયમો પ્રમાણે જ ચૂંટણી સંપન્ન થાય. પાર્ટિયો તરફથી ઉમેદવારોના નામની જાહેરાત થયા બાદ ડોર-ટુ-ડોર પ્રચાર કરવામાં આવે છે.

આ ઉપરાંત રેલી, સભા અને લાઉડ સ્પીકર

(જુઓ પાનું ૪) ▶▶

# દંડવસૂલી બાંધકામ નિયમિત કરવા અમાન્યઃ હાઈ કોર્ટ

મુંબઈઃ કોઈ પણ પરવાનગી લીધા વિના બાંધકામ કરો અને પાલિકાએ નોટિસ આપ્યા બાદ બાંધકામને નિયમિત કરવા માટે અરજી કરો, એ વાત હવે નિત્ય બની ગઈ છે. તગડો દંડ કે પછી ફી વસૂલીને આખા ગેરકાયદે બાંધકામને નિયમિત કરો, એ વાતને હવે માન્ય કરવા જેવી નથી. નિયમિત કરવાની પરવાનગી આપતા વિશેષાધિકારને કારણે કાયદાને તોડવાની પરવાનગી મળતી નથી, એવું કહીને હાઈ કોર્ટે સિડકોની માલિકીની જમીન પર ઊભી કરવામાં આવેલી બિલ્ડિંગને તોડી પાડવાનો આદેશ આપ્યો છે.

સરકારી સંસ્થાની જમીન જપ્ત કરવા

(જુઓ પાનું ૪) ▶▶


Vietnam
SA PA - HA LONG BAY CRUISE - HANOI - DANANG - HOI AN - HO CHI MINH



11 DAYS

| DEP DATES | 13th APR | 27th APR | 04th MAY | 07th MAY | 11th MAY | 14th MAY | 21st MAY | 25th MAY | 28th MAY | 08th JUN | 20th JUN |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

PACKAGE INCLUSIONS
- Glass Bridge, Fansipan Mountain, Fanicular Ride, VinWonders, Basket Boat Bana Hill, Cu Chi Tunnel અને Golden Bridge નો અદભુત અનુભવ.
- Halong Bay Cruise પર રાત્રી મુકામ નો અવિસ્મરણીય અનુભવ.
- રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74


# એપ્રિલ મહારાષ્ટ્રના રાજકારણ માટે 'હિટ'

## સુપ્રીમ કોર્ટમાં ચાર પ્રમુખ અરજી પર થશે સુનાવણી

મુંબઈઃ મહારાષ્ટ્રની નજર જેના પર છે એ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ ચાર મહત્ત્વનાં પ્રકરણ માટે એપ્રિલ મહિનો મહત્ત્વનો રહેશે. હોળીની રજા બાદ કોર્ટનાં કામકાજ ૧લી એપ્રિલથી શરૂઆત થવાનાં છે. સાંસદ નવનીત રાણા પ્રકરણ સહિત શિવસેનાના વિધાનસભ્યની અપાત્રતાના પ્રકરણે વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે આપેલા નિર્ણયને પડકારનારા ઠાકરે જૂથની અરજી પર સુપ્રીમ કોર્ટમાં પાંચમી એપ્રિલના રોજ સુનાવણી થવાની છે. આનો અર્થ એ થયો કે સંભવિત તારીખ હોઇ તેમાં ફેરફાર કરવાની શક્યતાને નકારી શકાય નહીં.

વિધાનસભ્ય અપાત્રતા (સુનીલ પ્રભુ વિરુદ્ધ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે) પ્રકરણની ચીફ જસ્ટિસ ધનંજય ચંદ્રચૂડની અધ્યક્ષતા હેઠળ ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને ન્યાયાધીશ મનોજ મિશ્રાની ખંડપીઠ સમક્ષ ૭મી માર્ચના રોજ સુનાવણી

(જુઓ પાનું ૪) ▶▶

## નાણાકીય વર્ષ પૂરું થવાને ચાર દિવસ બાકી

# માત્ર ૫૦ ટકા પ્રોપર્ટી ટેક્સ વસૂલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ પૂરું થવાને માંડ ચાર દિવસ બાકી રહ્યા છે ત્યારે મુંબઈ મહાનગપાલિકા પોતાના લક્ષ્યાંકના માત્ર ૫૦ ટકા પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરી શકી છે. પાલિકાની તિજોરીમાં ૨૭ માર્ચ, ૨૦૨૪ સુધીમાં ૨,૨૧૩ હજાર કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ જમા થયો હતો ત્યારે ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં પ્રોપર્ટી ટેક્સ ભરી નાખવાની અપીલ બાદ નાગરિકો બિલ ભરવા માટે લાંબી લાઈનો લગાવી રહ્યા હોવાનો દાવો પાલિકા પ્રશાસને કર્યો હતો.

સુધરાઈ દ્વારા ડિસેમ્બર, ૨૦૨૩માં ૨૦ ટકા વધારા સાથેના પ્રોપર્ટી ટેક્સના કામચલાઉ બિલો પાછા ખેંચી લેવામાં આવ્યા હતા. તેથી ચાલુ નાણાકીય વર્ષ માટે પ્રોપટી ટેક્સ માટે અગાઉ ૬,૦૦૦ કરોડ રૂપિયા વસૂલીના લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો, તેમાં સુધારો કરીને ૪,૫૦૦ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. જોકે મુંબઈગરાને પ્રોપર્ટી ટેક્સ ભરવા માટે ફક્ત એક મહિનાનો જ સમય મળ્યો હતો,

(જુઓ પાનું ૪) ▶▶

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.